શ્રીભર્તૃહરિકૃત

શતકચતુષ્ટય

સંગ્રહ

૧ નીતિ, ૨ શૃંગાર, ૩ વૈરાગ્ય ને ૪ વિજ્ઞાન

"ગુજરાતી" પ્રકાશન

*

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
ફોર્ટ, મુંબઈ ૧

કિં. રૂ. ૩-૦-૦

અમર યોગીન્દ્ર શ્રી ભર્તૃહરિ વિરચિત

શતક ચતુષ્ટય સંગ્રહ

(મૂળ સહિત ગુજરાતી ભાષાંતર)

"ગુજરાતી" પ્રકાશન"

દશમ આવૃત્તિ

: પ્રકાશક :
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
રીઝર્વ બેંકની પાછળ,
કોટ, મુંબઈ ૧.

સંવત ૨૦૦૭] રૂ. ૩-૦ [સન ૧૯૫૧

પુસ્તક મળવાનું ઠેકાણું :
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, રીઝર્વ બૅન્કની પાછળ, કોટ, મુંબઇ-૧
અને
ભારતભરના અન્ય પ્રતિષ્ઠિત પુસ્તકવિક્રેતાઓ

મુદ્રક :
નટવરલાલ ઇચ્છારામ દેસાઈ
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ.
રીઝર્વ બૅંકની પાછળ, મુંબઇ ૧.

અમરયોગીન્દ્ર ભર્તૃહરિ વિરચિત

નીતિશતક

(મૂળ સહિત ગુજરાતી)

સંશોધકો

શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય પુરંદરે

શાસ્ત્રી શંકરલાલ જાદવજી જોશી

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, મુંબઈ

સંવત ૨૦૦૭ ૭૪ આના સને ૧૯૫૧

ગુજરાતી પ્રેસનાં પુસ્તક મળવાનાં ઠેકાણાં:—

(૧) 'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ, રીઝર્વ બેંકની પાછળ, બજારગેટ સ્ટ્રીટ, સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧
(૨) એન. એમ. ત્રિપાઠી, લીમીટેડ, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨
(૩) આર.આર.શેઠની કુo, કેશવબાગ,પ્રિન્સેસસ્ટ્રીટ,મુંબઇ ૨
(૪) એન.એમ.ઠક્કરની કુo, ૧૪૦ પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઇ, ૨
(૫) નારાયણ મૂળજી પુસ્તકાલય, ઝવેરબાગ, કાલબાદેવી, મુંબઇ
(૬) મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે ત્રણ દરવાજા,ભદ્રકાળી,અમદાવાદ.
(૭) ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ.

ભર્તૃહરિશતક ચતુષ્ટય સંગ્રહ રૂ. ૨ાા
નીતિશતક રૂ. ૦ાા=; શૃંગારશતક રૂ. ૦ાા=
વૈરાગ્યશતક રૂ. ૦ાા=; વિજ્ઞાનશતક રૂ. ૦ાા=

દશમી આવૃત્તિ સને ૧૯૫૧

(કાયદાપૂર્વક સર્વ હક્ક પ્રકાશકોએ સ્વાધીન રાખ્યા છે)

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસમાં નટવરલાલ ઇચ્છારામ દેસાઇએ છાપ્યું, અને પ્રકટ કર્યું, સાસુન બિલ્ડીંગ્સ, એલ્ફીન્સ્ટન સર્કલ,કોટ, મુંબઈ

બે બોલ

(દશમી આવૃત્તિ)

ભર્તૃહરિએ ત્રણ શતકો રચ્યાં કે ચાર શતકો રચ્યાં, તે પ્રશ્નનો નિવેડો આવ્યો જ નથી. તેમ શતકો રચવામાં કોઇ ક્રમ રાખ્યો છે કે કેમ, તે પણ કહેવું મુશ્કેલ છે. છતાં શ્લોક પછી શ્લોકની સંગતિથી તેમાં પ્રકરણો પડ્યાનો ભાસ થાય છે. વિદ્વાનોએ તે ગોઠવવા પ્રયત્નો કર્યા છે. તેમાં વળી ભર્તૃહરિ રાજાને નામે પણ ઘણા ક્ષેપક શ્લોકો ચઢી ગયા છે, છતાં તે ક્ષેપક શ્લોકો પણ સુંદર ભાવ–મર્મ-વાળા છે, એની કોઈથી ના નહીં કહી શકાય. નીતિશતક તો શાળા પાઠશાળામાં ચાલે જ છે. વૈરાગ્ય શતક પણ તેટલો જ સુંદર સંગ્રહ છે. શૃંગારશતક ઘેર બેસી વાંચી શકાય તેમ છે, તેમાં અનૌચિત્ય જેવું કશું નથી. પણ ગૃહસ્થાશ્રમમાં દાંપત્યભાવથી કેમ રહેવું, તેનું જ્ઞાન તો જરૂર પ્રાપ્ત થાય.

વિજ્ઞાન શતક ભર્તૃહરિ રાજાના નામે છે. તેમાં પણ ઘણા ઉત્તમ શ્લોકો છે. શ્રીમદ્‌ભગવદ્‌ગીતા પાઠશાળા, માધવબાગ, મુંબઇમાં વે. શા. સં. વૈજનાથ લક્ષ્મણ આઠ-વલે શાસ્ત્રીજીએ અને તેમના વિદ્વાન સત્પુત્ર વે. શા. સં. પાંડુરંગ વૈજનાથ આઠવલે શાસ્ત્રીજીએ નીતિશતક અને વૈરાગ્યશતક સવારના વર્ગમાં અભ્યાસ ક્રમ માટે લીધાં હતાં. તેમના વર્ગમાં શ્રવણ પથ પર આવેલી કેટલીક હકીકત પણ આ આવૃત્તિમાં યોગ્ય લાગતાં ઘટતે સ્થળે લીધી છે.

આબાલવૃદ્ધ સર્વને માટે આ શતક ચતુષ્ટય અત્યંત ઉપકારક લાગશે, એવી અમને આશા છે.

સંવત ૨૦૦૭
ફાગણ સુદ ૫
તા૦ ૫–૩–૫૧

બાબુભાઈ ઇચ્છારામ દેસાઇ

નવમી આવૃત્તિનો પ્રવેશ

ગુજરાતી ભાષામાં અમર યોગીન્દ્ર ભરથરીકૃત મુખ્ય ત્રણ શતકો (નીતિ, શૃંગાર, વૈરાગ્ય) અને પાછળથી મળેલા ચોથા વિજ્ઞાનશતકનુ ભાષાંતર "ગુજરાતી" પ્રેસ દ્વારા ઘણાં વર્ષોથી છપાય છે; અને તે લોકાદરને પાત્ર થયું છે, તે તેની આવૃત્તિની સંખ્યા દર્શાવે છે. પ્રાચીન ગુજરાતી ભાષામાં પણ મુખ્ય ત્રણ શતકોનાં ભાષાંતરો થયાં છે, અને એક કાળે એ શતકો ગુજરાતની પ્રાચીન શાળા પાઠશાળામાં શિખવાતાં પણ હશે, એમ જુની હાથપ્રતોનાં લખાણોથી સમજાય છે. શામળભટ્ટ કવિએ આ શતકોના ઘણા શ્લોકોનો ભાવાર્થ પોતાની રચેલી રસીલી વાર્તાઓમાં છપ્પા, દોહા, ચોપાઈમાં ગુંથ્યો માલમ પડે છે, અને કેટલાક ઉપરથી તો તેણે પૃથક્ કાવ્યકથાઓ પણ રચી છે. તેનો પ્રસિદ્ધ દાખલો "ઉદ્યમ કર્મસંવાદ"ની કલા છે. આમ આ શતકો અને અન્ય સુભાષિત સાહિત્ય ગુજરાતી પ્રજામાં ઘણા કાળથી પ્રિય છે.

અર્વાચીન ગુજરાતી ભાષામાં પણ તેના ઘણા સમશ્લોકી અને સાદા અનુવાદો થયા છે, અને શાળા પાઠશાળાઓમાં શિખવાય છે. આ અનુવાદ શબ્દે-શબ્દને પકડીને અવિકલ કરાયલો નથી, પણ છૂટથી ટીકાનો આશય લઈને કરાયલો છે. છતાં કોઈ પણ શબ્દનો

મકી દેવાયો નથી. મૂળ ભાષાંતરકર્તા સ્વ. [illegible] હરિહર શાસ્ત્રી હતા. આ આવૃત્તિમાં શ્લોકો [illegible]નુ અનુકૂળ થઇ પડે તેટલા માટે અકારાદિ શ્લો[illegible] આપી છે અને પ્રત્યેક શ્લોકમાં કયો નીતિ[illegible] [illegible]માં આવ્યો છે તે જાણવા માટે વિષયાનુક્રમણિકા જુદી આપી છે. આ બે પ્રકારો વિદ્યાર્થીઓને તેમ જ અભ્યાસીઓને અને સામાન્ય નીતિબોધવાંચ્છુ લોકોને ઉપયોગી થઇ પડશે. આશા છે કે આ નવી આવૃત્તિ પૂર્વની માફક લોકપ્રિય થઇ પડશે. श्रीकृष्णार्पणमस्तु.

મુંબઈ સં. ૧૯૯૯
માઘ વદી પંચમી
તા૦ ૨૫-૨-૧૯૪૩

નટવરલાલ ઇચ્છારામ દેસાઇ

ગુજરાતી પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

પુરૂષોત્તમમાસ માહાત્મ્ય ગુજરાતી બુક ...	૨– ૦–૦
પુરૂષોત્તમમાસ માહાત્મ્ય મુગ્ધા સાથે બુક ...	૨– ૪–૦
ભગવદ્ગીતા મૂળ સાથે ભાષાંતર	૧– ૦–૦
પંચરત્નગીતા	૨– ૦–૦
ભગવદ્ગીતા કર્તવ્યોપદેશ	૧– ૦–૦
ભગવદ્ગીતા પ્રવાસ સંપૂર્ણ	૩– ૦–૦
સ્થિતપ્રજ્ઞ–ભક્ત–ગુણાતીત	૧– ૦–૦
ગીતા સપ્તરત્ન સપ્તાહ	૧– ૦–૦
ગીતા આદર્શ	૨– ૦–૦

'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ
એલ્ફીન્સ્ટન સર્કલ કોટ, મુંબઇ, નં. ૧

અમરફળનો અમર આદર્શ
અથવા
વિપ્રની તપશ્ચર્યાનું ફળ

દરિદ્રાવસ્થાનો વિનાશ કરવા માટે તપશ્ચર્યા કરનારા કોઇક બ્રાહ્મણ પર પ્રસન્ન થયેલા ઇષ્ટ દેવે તેને અમરફળ અર્પણ કર્યું. તે અમર ફળ તેણે ધનપ્રાપ્તિ માટે ઉજજયિની નગરીના ભર્તૃહરિ રાજાને અર્પણ કર્યું. રાજાએ પોતાની પ્રિય રાણીને આપ્યું. રાણીએ પોતાના પ્રિય જનને આપ્યું. પ્રિય જને પોતાની પ્રિય નાયિકાને આપ્યું અને તે નાયિકાએ તે અમરફળ પુનરપિ ભર્તૃહરિ રાજાને આપ્યું. આવી રીતે પોતે પ્રિય રાણીને અર્પણ કરેલાં અમરફળની પ્રાપ્તિનો અસંભવ હોવા છતાં પુનરપિ તે અમરફળને પોતા પાસે આવેલું જોઇને કામીજનોની વિષયલંપટતાનો વિચાર કરતા ભર્તૃહરિ રાજાએ પોતાના ભાઇ વિક્રમાદિત્ય રાજાને રાજસિંહાસન સોંપી દીધું અને પોતે વિરક્ત થઇ વૈરાગ્ય દીક્ષા લીધી. વિરક્ત થયા પછી તેમણે નીતિમૂલક, શૃંગારમૂલક, વૈરાગ્યમૂલક અને વિજ્ઞાનમૂલક જે શતકો રચવાનો આરંભ કર્યો તે પરથી તે પછી તેઓ અમર યોગીંદ્ર બન્યા. આ પરથી અનુમાન થાય છે કે, આ શતકો તે અમરફળનાં અમર પરિણામનો જ ઉચ્ચ અમર આદર્શ છે.

અમરયોગીંદ્ર ભર્તૃહરિ રાજા તે પછીના સમયમાં સારા ગ્રન્થકર્તા બની જવાથી કવિ તરીકે વિશ્વવિખ્યાત

થયા. તેઓ વ્યાકરણમાં પારંગત હતા. તેમણે સંસ્કૃત વ્યાકરણ પણ પદ્યબદ્ધ રચ્યું કહેવાય છે. વૈષયિક અનુચિત વ્યવહારથી વિરક્ત થઇ એમણે રચેલાં નીતિશતક, શૃંગાર-શતક, વૈરાગ્યશતક અને વિજ્ઞાનશતક આ ચાર શતકો આબાલવૃદ્ધ બુધજનમાન્ય છે. કપટકલાકુશલ કામી જનોના વિષયમૂલક કુત્સિત અસદાચરણનો પરિચય થવાથી લૌકિક વ્યવહારથી અલિપ્ત રહેવા માટે એમણે પોતાના ગૃહસ્થાશ્રમનો અને રાજવૈભવનો પણ ત્યાગ કર્યો હતો. વૈરાગ્યાવસ્થામાં એમણે આદરેલી ઉગ્ર તપશ્ચર્યાથી પ્રાપ્ત થયેલી વાક્સિદ્ધિનાં દ્યોતક આ શતકો અપૂર્વ છે. નીતિશતકના આરંભ પરથી જણાય છે કે, સંસારમાંના નૈતિક માર્ગની ચીલમાં ચાલતાં અનુભવમાં આવેલા ઉચિત અનુચિત આચરણના પરિણામના અનુમાન પરથી નિપજાવેલા સિદ્ધાન્તોનો એમનો આ સંગ્રહ ઉપદેશામૃતબિંદુઓથી પરિપૂર્ણ હોવાથી મુખપાન પાત્રથી પીવા લાયક સુમધુર પેયસમાન છે. આવા સુપ્રસિદ્ધ કવિરાજની પ્રશંસનીય આ કૃતિ અનુકરણીય અને આદરણીય છે. એમની આ કૃતિની આકૃતિ જ આકૃતિજન્ય ગુણોને દર્શાવે છે, એમ કહીએ તો અસ્થાને ન જ ગણાય. વિશેષમાં આ શતકોના સારાંશનું નિરૂપણ કરવાનો સુયોગ શ્રીયુત શ્રેષ્ઠિવર્ય–નટવરલાલ ઇચ્છારામ દેસાઇ, બી. એ. તથા બાબુભાઇ ઇચ્છારામ દેસાઈ, બી. એ. એમની અનુજ્ઞાથી મને પ્રાપ્ત થયો તે બદ્દલ હું તેમનો આભારી છું. ભ્રમપ્રમાદાદિવશાત્ આમાં કાંઇ ભૂલ ચૂક થઈ હોય તે સુધારી લેવા સુજ્ઞ વાચકોને મારી નમ્ર વિનંતિ છે. અસ્તુ.

શતકાંતરોનો ઉલ્લેખ

ભિન્ન ભિન્ન કવિઓએ ભિન્ન ભિન્ન સમયમાં રચેલાં ભિન્ન ભિન્ન શતકો પણ ઘણાં છે. નિર્ણયસાગર મુદ્રણાલયમાં છપાયલી કાવ્યમાલાના તેર ગુચ્છોમાં ભિન્ન ભિન્ન વિષયોનાં શતકો નજરે પડે છે. તેમનાં નામો નીચે મુજબ છે.

ભિન્ન ભિન્ન શતકો

૧	ઉપદેશ	શતક	૧૦	સુદર્શન	શતક
૨	શિવ	શતક	૧૧	રોમાવલિ	શતક
૩	ચંડી	શતક	૧૨	દેવી	શતક
૪	ભાવ	શતક	૧૩	ઈશ્વર	શતક
૫	ભલ્લટ	શતક	૧૪	અન્યોપદેશ	શતક
૬	સભારંજન	શતક	૧૫	સુંદરી	શતક
૭	કાવ્યભૂષણ	શતક	૧૬	ગીતિ	શતક
૮	અન્યાપદેશ	શતક	૧૭	ખર્ડુ	શતક
૯	જિન	શતક			

કાવ્યમાલા ગુચ્છ

ભર્તૃહરિ રાજાના શતક ચતુષ્ટયનો ભાસ કરાવતાં તે તે નામોનાં બીજાં શતકો પણ નીચેના ગુચ્છોમાં છાપેલાં છે.

ગુચ્છ	કવિ	શતકનું નામ
૧૩	ધનદરાજ કવિ	શૃંગાર ધનદ
		નીતિ ધનદ
		વૈરાગ્ય ધનદ
૧	અપ્પય દીક્ષિત	વૈરાગ્ય શતક
૭	પદ્માનંદ કવિ	વૈરાગ્ય શતક
૧૩	ગોસ્વામિ શ્રી જનાર્દન ભટ્ટ	વૈરાગ્ય શતક
૧૧	ગોસ્વામિ શ્રી જનાર્દન ભટ્ટ	શૃંગાર શતક
૧૨	કવિવર નરહરિ	શૃંગાર શતક

આ સિવાય શ્રીમદાદ્યશંકરાચાર્ય પ્રણીત વેદાંત પર શતશ્લોકી સર્વમાન્ય છે. કાવ્યમાલાના બીજા ગુચ્છમાં કવિવર્ય ક્ષેમેંદ્ર વિરચિત ચારુચર્યા નામનું શતક છપાયલું છે. આ ચારુચર્યા અથવા શુભ આચારનામક શતકનું ગુજરાતી ભાષાંતર શ્રીયુત શ્રેષ્ઠિવર્ય મુરબ્બી સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ એમણે કરેલું છે તે 'ગુજરાતી' પ્રિંટિંગ પ્રેસમાં છાપેલું છે. આધુનિક કવિ સ્વ. શ્રી. વલ્લભદાસ ભગવાનજી ગણાત્રા વિરચિત દષ્ટાંત કલિકાશતક પણ ગુજરાતી ભાષાંતર સહિત 'ગુ.' પ્રિં. પ્રેસમાં જ છપાયલું છે. ઉપર દર્શાવેલાં સર્વ શતકોનો સાર્થ સંગ્રહ છાપવા જેવો છે. જો વિશ્વનિયંતા ભગવાનની ઈચ્છા હશે તો આવો સુયોગ નજરે પડશે. ઈતિ શમ્. सुज्ञेषु किं बहुना ।

સં. ૨૦૦૭
ચૈત્ર સુદ ૫
બુધવાર

વિદ્વત્કૃપાભિલાષી
બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય-પુરંદરે

એકાદશી માહાત્મ્ય ૨૬ ચિત્રો સાથે	૧- ૮-૦
કર્મ માર્ગ-શિવગણપતિનું અધ્યાત્મ સ્વરૂપ ...	૨- ૦-૦
ગજેન્દ્રમોક્ષ મૂળ સહિત ગુજરાતી ભાષાંતર ...	૦- ૪-૦
ગણેશ પૂજનવિધિ (ધાર્મિક)	૦- ૬-૦
ગણેશ સહસ્રનામાવલિ ગુ. લિપિમાં (ધાર્મિક) ...	૦- ૪-૦
ગણપતિ એકાક્ષરમંત્ર કવચ (ધાર્મિક) ...	૦- ૪-૦
જ્યોતિર્લિંગ સોમનાથ	૦- ૮-૦
પિંગલા ભર્તૃહરિની સતી રાણી	૦- ૪-૦

'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ
સાસૂન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ
એલ્ફીન્સ્ટન સર્કલ કોટ, મુંબઈ, નં. ૧

श्लोकानामकाराद्यनुक्रमणिका

नीतिशतक

श्लो.		पृष्ठ
	अ	
४१	अकरुणत्वमकारण ...	२७
१३	अधिगतपरमार्थान् ...	१०
क्षे.	अप्रियवचनदरिद्रैः ...	६५
१४	अम्भोजिनीवन ...	११
८७	अयममृतनिधानं ...	५६
२	अज्ञः सुखमाराध्यः ...	२
	आ	
३९	आज्ञा कीर्तिः पालनं ...	२६
४९	आरंभगुर्वी क्षयिणी ...	३२
क्षे.	आलस्यं हि मनुष्याणां	५३
	इ	
६७	इतः स्वपिति केशवः ...	४२
	उ	
४८	उद्भासिताखिलखलस्य	३२
	ए	
६४	एके सत्पुरुषाः परार्थ ...	४०
क्षे.	एकेनापि हि शूरेण ...	४८
	ऐ	
८०	ऐश्वर्यस्य विभूषणं ...	५०
	क	
७६	कदर्थितस्यापि ...	४८
५३	करे श्लाघ्यस्त्यागः ...	३४
क्षे.	कर्मायत्तं फलं पुंसां ...	६२
७५	कान्ताकटाक्षविशिखा ...	४७
क्षे.	किं तेन हेमगिरिणा ...	४४
२५	कुसुमस्तबकस्येव ...	१८
८	कृमिकुलचितं लाला ...	६
१५	केयूरा न विभूषयंति ...	११
क्षे.	को लाभो गुणिसङ्गमः	६४
७३	क्वचिद्भूमौ शय्या ...	४६
१७	क्षान्तिश्चेद्वचनेन किं ...	१३
६६	क्षीरेणात्मगतोदकाय ...	४२
२१	क्षुत्क्षामोऽपि जरा ...	१५
	ख	
८४	खल्वाटो दिवसेश्वरस्य	५४
	ग	
९५	गुणवदगुणवद्वा ...	६०
	छ	
७९	छिन्नोऽपि रोहति तरुः	५०

श्लो.		पृष्ठ
	ज	
२०	जयन्ति ते सुकृतिनो ...	१५
१९	जाड्यं धियो हरति ...	१४
६८	जातः कूर्मः स एकः ...	४३
३३	जाड्यं ह्रीमति गण्यते	२९
३१	जातिर्यातु रसातलं ...	२१
	त	
क्षे.	तानीन्द्रियाणि ...	२२
६९	तृष्णां छिन्धि भज क्षमां	४३
क्षे.	त्वमेव चातकाधारो ...	२७
	द	
९०	दैवेन प्रभुणा स्वयं ...	५८
१८	दाक्षिण्यं स्वजने दया	१३
३४	दानं भोगो नाशस्तिस्रो	२३
	दिक्कालाद्यनवच्छिन्ना०	१
४२	दुर्जनः परिहर्तव्यो ...	२८
३३	दौर्मन्त्र्यान्नृपतिर्विनश्यति	२२
	न	
४६	न कश्चिच्चण्डकोपाना ...	३१
९१	नमस्यामो देवान्नु ...	५८
६०	नम्रत्वेनोन्नमंतः ...	३८
७४	निन्दन्तु नीतिनिपुणा	४७
८१	नेता यस्य बृहस्पतिः ...	५१
९७	नैवाकृतिः फलति ...	६१
	प	
क्षे.	पत्रं नैव यदा ...	५५
६३	पद्माकरं दिनकरो ...	४०
३६	परिक्षीणः कश्चित् ...	२४
२४	परिवर्तिनि संसारे ...	१७
क्षे.	पतितोऽपि कराघातै ...	९३
६९	पापान्निवारयति योज...	४१
६७	प्रदानं प्रच्छन्नं ...	३७
३	प्रसह्य मणिमुद्धरेत् ...	३
५४	प्राणाघातान्निवृत्तिः ...	३५
७२	प्रारभ्यते न खलु ...	४६
८८	प्रियसख विप० ...	५७
५६	प्रिया न्याय्या वृत्तिः ...	३६
	ब	
१	बोद्धारो मत्सरग्रस्ताः ...	२
९२	ब्रह्मा येन कुलालवत् ...	५९
	भ	
८२	भग्नाशस्य करण्डपीडित	५२
१०१	भर्तृहरिभूमिपतिना ...	६५
६१	भवन्ति नम्रास्तरवः ...	३९
१००	भीमं वनं भवति ...	६३
	म	
९८	मज्जत्वंभसि यातु मेरु ...	६२
३९	मणिः शाणोल्लीढः ...	२४
७०	मनसि वचसि काये ...	४४
५०	मृगमीनसज्जनानां ...	३३
४७	मौनान्मूकः प्रवचनपटुः	३१
	य	
५९	यः प्रीणयेत्सुचरितैः ...	३८
८३	यथा कन्दुकपातेन ...	५४

श्लो.		पृष्ठ
२९	यदचेतनोऽपि पादैः ...	२०
७	यदा किंचिज्ज्ञोऽहं ...	५
४०	यद्धात्रा निजभालपट्ट ...	२६
३२	यस्यास्ति वित्तं स ...	२२
९३	या साधूंश्च खलान् ...	५९
२	यां चिन्तयामि सततं...	२
क्षे.	येषां न विद्या न तपो.	८
	र	
७१	रत्नैर्महार्हैस्तुतुषुर्न ...	४५
३७	राजन्दुधुक्षसि यदि. ...	२५
क्षे.	रे रे चातक सावधानमनसा	२८
	ल	
क्षे.	लज्जागुणौघजननीं ...	४९
४	लभेत सिकतासु तैल ...	३
२३	लाङ्गूलचालनमध ...	१७
४४	लोभश्चेदगुणेन किं ...	२९
	व	
९९	वने रणे शत्रुजला ...	६३
क्षे.	वरं पर्वतदुर्गेषु ...	९
२८	वरं पक्षच्छेदः ...	२०
७७	वरं तुङ्गाच्छृङ्गाद्गुरुशिखरिणः	४८
२७	वहति भुवनश्रेणीं ...	१९
७८	वह्निस्तस्य जलायते ...	४९
५१	वाञ्छा सज्जनसंगमे ...	३३
१६	विद्या नाम नरस्य ...	१२

श्लो.		पृष्ठ
५२	विपदि धैर्यमथा ...	३४
८९	विरम विरमामुष्मात् ...	५७
५	व्यालं बालमृणाल ...	४
	श	
१०	शक्यो वारयितुं जलेन	७
८५	शशिदिवाकरयोर्ग्रह ...	५५
४५	शशी दिवसधूसरो ...	३०
११	शास्त्रोपस्कृतशब्द ...	९
९	शिरः शार्वं स्वर्गात् ...	६
९४	शुभ्रं सद्म सविभ्रमा ...	६०
६२	श्रोत्रं श्रुतेनैव न ...	४०
	स	
३८	सत्याऽनृता च परुषा ...	२५
५८	सन्तप्तायसि संस्थितस्य	३७
२६	सन्त्यन्येऽपि बृहस्पति	१८
५५	संपत्सु महतां चित्तं ...	३६
३०	सिंहः शिशुरपि निपतति	२१
क्षे.	सूनुः सच्चरितः सती ...	१५
८६	सृजति तावदशेषगुणा...	५५
क्षे.	साहित्यसङ्गीतकला० ...	८
२२	स्वल्पं स्नायुवसावशेष	१६
९६	स्थाल्यां वैदूर्यमय्यां पचति	६१
६	स्वायत्तमेकान्तगुणं ...	५
	ह	
१२	हर्तुर्याति न गोचरं ...	१०

વિષયાનુક્રમણિકા

વિષય ... શ્લોક

મંગળાચરણ ૧
કામીપણાની નિંદા ૨

મૂર્ખપ્રકરણ ૧–૧૦

વિરાગનું કારણ ૧
અધૂરા જ્ઞાનીની નિન્દા ... ૨
મૂર્ખની નિન્દા ૩–૪
ખલોને સુધારવાની અશક્યતા ૫
અજ્ઞાન છુપાવવાનો ઉપાય ... ૬
જ્ઞાનનો પ્રભાવ ૭
વિષયી–તુચ્છ માણસ... ... ૮
વિવેકભ્રષ્ટની દશા ૯
મૂર્ખાઇનું ઓસડ નથી ... ૧૦
નરપશુ કોણ? ... ક્ષે. ૨
મૂર્ખનો સંગ ત્યાજ્ય છે ... ક્ષે.

વિદ્વત્પ્રશંસાપ્રકરણ ૧૧–૨૦

વિદ્વાનોની પ્રશંસા ૧૧
વિદ્યારૂપી ગુપ્ત ધન ૧૨
પંડિતો કોઇના તાબેદાર નથી ૧૩
સ્વાભાવિક ગુણની સ્થિરતા ૧૪
વાણીરૂપ ઘરેણું ૧૫
વિદ્યા વિનાનો નર પશુ ... ૧૬
કેટલાક ગુણ–અવગુણોનું મહત્ત્વ ૧૭
લોકપ્રિયતાનું કારણ ૧૮
સત્સંગનું ફળ ૧૯
સુકવિની અમરતા ૨૦
ભગવત્કૃપા ... ... ક્ષે.

માનશૌર્યપ્રશંસાપ્રકરણ ૨૧–૩૦

માનશૌર્યપ્રશંસા ૨૧
ઉત્તમ સિંહ અને અધમ કુત્રા વચ્ચેનો ભેદ ... ૨૨–૨૩
કુલોદ્ધારક પુરુષ ૨૪
ઉત્તમ પુરુષની ગતિ ૨૫
દુર્જનની પીડા... ... ... ૨૬
મોટાઓનાં અદ્ભુત કર્મો ... ૨૭
આપત્તિમાં કસોટી ૨૮
તેજસ્વી પુરુષનો ધર્મ ૨૯–૩૦

અર્થપ્રધાનપ્રકરણ ૩૧–૪૦

દ્રવ્યની પ્રશંસા ... ૩૧–૩૨
ધનમાં જ બધું છે ૩૨
વિનાશકારક દુર્ગુણોનો નિર્દેશ ૩૩
ધનની ત્રણ ગતિઓ ૩૪
કૃશ છતાં શોભતી વસ્તુઓ ... ૩૫
અવસ્થાનાં પરિણામો... ... ૩૬
રાજનીતિ ૩૭
અનેક પ્રકારની રાજનીતિ ... ૩૮
રાજાશ્રયને યોગ્ય ગુણો ... ૩૯
પ્રારબ્ધાધીન પ્રાપ્તિ ૪૦
નિઃસ્વાર્થ ઉદારતા ... ... ક્ષે
બધા પાસે દીનતા કહેવી નહિ ક્ષે.

દુર્જનનિંદાપ્રકરણ ૪૧–૫૦

દુર્જનનિંદા ૪૧
વિદ્વાન્ દુર્જન પણ ત્યાજ્ય ... ૪૨
દુર્જનોના ગુણમાં દોષદૃષ્ટિ ... ૪૩
ગ્રાહ્યાગ્રાહ્ય ગુણદોષો ૪૪
શૂળ જેવા પદાર્થો ૪૫
રાજકોપની અસહ્યતા ... ૪૬
અતિકઠિન સેવા ધર્મ ... ૪૭
નીચ સેવાનો નિષેધ ... ૪૮
ખલ સજ્જનોની મૈત્રી ... ૪૯
નિષ્કારણ વેરીઓ ૫૦

વિષય	શ્લોક
સજ્જનપ્રશંસાપ્રકરણ	**૫૧–૬૦**
સુજન પ્રશંસા	૫૧
મહાત્માઓના સ્વાભાવિક ગુણો	૫૨
ભૂષણરૂપ ગુણો	૫૩
કલ્યાણનો માર્ગ	૫૪
મહાપુરુષોનું ચિત્ત	૫૫
સત્પુરુષોનુ અસિધાર વ્રત	૫૬–૫૭
સંસર્ગનું પરિણામ	૫૮
પુણ્યશાળીને થતી પ્રાપ્તિ ...	૫૯
સત્પુરુષોની વન્દ્યતા	૬૦
પરોપકારપદ્ધતિપ્રકરણ	**૬૧–૭૦**
પરોપકારીઓનો સ્વભાવ ...	૬૧
શરીરની શોભા શેમાં ...	૬૨
સત્પુરુષોની પરોપકારશીલતા	૬૩
મનુષ્યોના ચાર પ્રકાર ...	૬૪
સારા મિત્રનાં લક્ષણો ...	૬૫
અવિનાશી સજ્જનમૈત્રી ...	૬૬
મહાત્માનું ઔદાર્ય	૬૭
લોકોત્તર વ્યક્તિઓનું જન્મસાફલ્ય	૬૮
સજ્જનતાજનક ગુણો ...	૬૯
સત્પુરુષોની વિરલતા... ...	૭૦
સજ્જનના આશ્રયની મહત્તા	ક્ષે.
ધૈર્યપ્રકરણ	**૭૧–૮૦**
ધીરજની પ્રશંસા	૭૧
વિજયનું મૂળ	૭૨
મનસ્વી પુરુષની સહનશીલતા	૭૩
ધીર પુરુષનું શીલ	૭૪
વિવેકીનો વિજય	૭૫
શૂરનું સામર્થ્ય	ક્ષે.
ધૈર્યગુણનું સામર્થ્ય	૭૬
શીલત્યાગનો નિષેધ ...	૭૭
શીલનો પ્રભાવ...	૭૮
સત્પુરુષો સંતાપ કરતા નથી	૭૦
શીલનું ફળ	૮૦
દૈવપ્રશંસાપ્રકરણ	**૮૧–૯૦**
દૈવની પ્રશંસા	૮૧
સુવિચારની આવશ્યકતા ...	ક્ષે.
દૈવનું સામર્થ્ય	૮૨
સાધુ પુરુષોપર વિપત્તિની અસર	ક્ષે.
આલસ્યમાં અને ઉદ્યોગમાં તફાવત	ક્ષે.
આર્ય અને અનાર્ય	૮૩
ભાગ્યહીનની દશા	૮૪
પ્રારબ્ધનું પ્રાબલ્ય	૮૫
બ્રહ્માનું અજ્ઞાન	૮૬
લલાટ લેખની અનિવાર્યતા ...	ક્ષે.
અનુલ્લંઘનીય દૈવપરિપાક ...	૮૭
વિધિનો અકળ ઉદ્દેશ ...	૮૮
મહાપુરુષોની અટળ ધીરજ	૮૯
દૈવાધીન પ્રાપ્તિ	૯૦
કર્મપ્રકરણ	**૯૧–૧૦૦**
કર્મની પ્રબળતા ...	૯૧ ૯૨
સત્કર્મનું આચરણ	૯૩
વૃદ્ધિહાનિનું કારણ	૯૪
વિચાર વિનાનાં કર્મનું ફળ ...	૯૫
કર્મભૂમિમાં તપની આવશ્યકતા	૯૬
પ્રાપ્તકાલે ફલપ્રાપ્તિ	૯૭
ભાવિની પ્રબલતા	૯૮
પુણ્યથી જ સ્વરક્ષણ	૯૯
પુણ્યનું ફળ	૧૦૦
ગ્રાહ્યાગ્રાહ્ય વિચાર	ક્ષે.
પૃથ્વીનું ભૂષણ	ક્ષે.
શૂરનું સામર્થ્ય	ક્ષે.
પ્રતિજ્ઞાપાલનની આવશ્યકતા	ક્ષે.
નીતિના જ્ઞાનનું ફળ ...	૧૦૧

ॐ

अमरयोगीन्द्रश्रीभर्तृहरिकृत

नीतिशतक

मूळ सहित गुजराती भाषांतर

મંગળાચરણ

अनुष्टुब्वृत्त

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय(मानाय)नमः शान्ताय तेजसे ॥

દિશા અને કાળ વગેરેથી જેની મૂર્તિ અવ્યાપ્ત છે, એટલા જ માટે જે અનંત અને ચૈતન્યરૂપ છે, જે એક જ આત્મજ્ઞાનના સારરૂપ છે, જે શાંત છે અને પ્રકાશરૂપ છે, તે પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું.

કામીપણાની નિન્દા

બીજ—જરાનાશક, વ્યાધિહર તથા આયુષ્યવર્ધક અમર ફળ કોઇ એક બ્રાહ્મણે લાવીને ભર્તૃહરિ રાજાને આપ્યું, રાજાએ પોતાની પ્રિય પત્નીને આપ્યું, રાણીએ તે પોતાના વલ્લભ અશ્વપાલને આપ્યું, અશ્વપાલે પોતે રાખેલી ગણિકાને તે આપ્યું અને ગણિકાએ પાછું તે ફલ રાજાને અર્પણ કર્યું, તેથી ચકિત થયેલો મહારાજા ભર્તૃહરિ પોતાની સ્ત્રીના વ્યભિચારથી પરમ વૈરાગ્ય પામ્યો; અને તેથી જ તે પોતાની, રાણીની અને કામની નિંદા કરતો બોલ્યો.

वसन्ततिलकावृत्त

यां चिन्तयामि सततं मयि सा विरक्ता
साप्यन्यमिच्छति जनं स जनोऽन्यसक्तः ।
अस्मत्कृते च परितुष्यति काचिदन्या
धिक् तां च तं च मदनं च इमां च मां च ॥

હું જે સ્ત્રીનું હૃદયમાં નિરંતર ચિંતન કરું છું તે મારી સ્ત્રી (રાણી) મારાથી વિરક્ત છે, એટલું જ નહીં, પરંતુ પર-પુરુષ ઉપર આસક્ત છે; તે પુરુષ વળી બીજી સ્ત્રી (ગણિકા) ઉપર આસક્ત છે; અને તે સ્ત્રી પાછી મારા ઉપર પ્રસન્ન રહે છે, એટલે મારા ઉપર આસક્ત છે. માટે જે સ્ત્રી મારા ઉપર આસક્ત છે તેને, તેની ઉપર જે પુરુષ આસક્ત છે તેને, તે પુરુષ ઉપર જે મારી સ્ત્રી આસક્ત છે તેને, મને અને આ સઘળી આસક્તિ જેનાથી પેદા થયેલી છે તે કામદેવને ધિક્કાર છે.

૧. મૂર્ખપ્રકરણ ૧–૧૦

बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमङ्गे सुभाषितम् ॥ १ ॥

વિરાગનું કારણ—જ્ઞાતાઓ મત્સરથી ગ્રસ્ત થયેલા છે, રાજાઓ ગર્વથી દૂષિત થયેલા છે અને આ બન્ને સિવાયના અન્ય જનો અજ્ઞાનથી નષ્ટ—આત્મજ્ઞાન વિનાના થયેલા છે. તેથી સુભાષિત અંતરંગમાં છુપાઇ ગયું. ૧

અધૂરા જ્ઞાનીની નિન્દા

आर्या

अज्ञः सुखमाराध्यः सुखतरमाराध्यते विशेषज्ञः ।
ज्ञानलवदुर्विदग्धं ब्रह्मापि तं नरं न रञ्जयति ॥ २ ॥

[આ લોકમાં અજ્ઞ (કાંઇ પણ ન જાણનાર), સુજ્ઞ (સારી રીતે જાણનાર), અને અલ્પજ્ઞ (થોડું જાણનાર), એ રીતે

ત્રણ પ્રકારના મનુષ્યો છે. તેમાં] અજ્ઞ મનુષ્ય સહેલાઇથી વશ થાય છે, સુજ્ઞ મનુષ્ય બિલકુલ પ્રયાસ વિના વશ થાય છે, પરંતુ અલ્પજ્ઞને તો ચાર મુખવાળા બ્રહ્મા પણ વશ કરી શકતા નથી! (ત્યારે બીજા તો કેમ જ વશ કરી શકે? અર્થાત્ વશ ન જ કરી શકે. કારણ કે, અલ્પજ્ઞ થોડું જાણવા છતાં પણ હું વિદ્વાન છું, એમ પોતાના મનમાં સમજે છે.) ૨.

મૂર્ખની નિન્દા

મૂર્ખ માણસનું ચિત્ત પ્રસન્ન કરવું દુર્ઘટ છે, એ વાત ઘણાં દૃષ્ટાંતો આપી બે શ્લોકોથી સ્પષ્ટ કરે છે.

पृथ्वीवृत्त

प्रसह्य मणिमुद्धरेन्मकरवक्त्रदंष्ट्राङ्कुरात्
समुद्रमपि संतरेत्प्रचलदूर्मिमालाकुलम् ।
भुजङ्गमपि कोपितं शिरसि पुष्पवद्धारये-
न्न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥ ३ ॥

મગરના મુખની દાઢોની અણીમાં પડેલા મણિને બળાત્કારથી કોઇ પણ પુરુષ કાઢી શકે, ઉછળતા મોજાથી ભરેલા સમુદ્રને કોઇ પણ પુરુષ તરી શકે, કોપેલા સર્પને કોઇ પણ પુરુષ હાથે ઉપાડી પુષ્પની પેઠે માથે ધારણ કરી શકે, પણ સદ્વસ્તુમાં વા અસદ્વસ્તુમાં ચોંટેલાં દુરાગ્રહી મૂર્ખ માણસનાં ચિત્તને કોઇ પણ પુરુષ સાધી શકે નહીં, એટલે તેને ચલાયમાન કરી શકે નહીં. ૩

पृथ्वीवृत्त

लभेत सिकतासु तैलमपि यत्नतः पीडय-
न्पिबेच्च मृगतृष्णिकासु सलिलं पिपासार्दितः ।

कदाचिदपि पर्यटञ्शशविषाणमासादये-
न्न तु प्रतिनिविष्टमूर्खजनचित्तमाराधयेत् ॥ ४ ॥

કોઇ પણ પુરુષ અતિ પ્રયાસથી વાલુકાને-રેતીને પીલે તો તેમાંથી તેલ કાઢી શકે, તૃષાથી પીડાતો કોઇ પુરુષ મૃગતૃષ્ણિકામાં-ઝાંઝવાના જળમાં પણ જળપાન કરી શકે, પૃથ્વીમાં ફરતો કોઇ પણ પુરુષ કોઇ પણ દિવસ બ્રહ્માએ ન સરજેલું એવું શશલાનું શિંગડું* પામે, પરંતુ હરકોઇ વિષયમાં પેઠેલાં દુરાગ્રહી મૂર્ખ માણસનાં મનને કોઇ પણ માણસ કોઇ પણ રીતે ચલાયમાન કરી શકે નહીં.

ખલોને સુધારવાની અશકયતા

ખલ પુરુષોને કોઇ પણ ઉપાયથી સન્માર્ગમાં પ્રવર્તાવવા અતિ મુશ્કેલ છે, એમ નીચલા શ્લોકમાં કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

व्यालं बालमृणालतन्तुभिरसौ रोद्धुं समुज्जृम्भते
छेत्तुं वज्रमणीञ्शिरीषकुसुमप्रान्तेन संनह्यते ।
माधुर्यं मधुबिन्दुना रचयितुं क्षाराम्बुधेरीहते
नेतुं वाञ्छति यःखलान्पथि सतां सूक्तैः सुधास्यन्दिभिः॥५॥

જે મનુષ્ય અમૃત જેવાં મધુર વચનોથી ખલ પુરુષોને સન્માર્ગે લઇ જવા ઇચ્છે છે, તેનો પ્રયાસ કોમળ કમળ-દંડનાં તંતુઓવડે સર્પને અથવા મદોન્મત્ત હાથીને બાંધવાને, સરસડાનાં પુષ્પોના છેડાથી હીરાઓને છેદવાને તથા મધના બિંદુથી ખારા સમુદ્રને મીઠો કરવાને ઇચ્છે, તેના જેવો છે.

---

* આ શબ્દ 'આકાશકુસુમ'ની માફક વપરાય છે. સસલાને જો કે શિંગડું હોતું જ નથી, તેમ છતાં પણ કદાપિ પ્રાપ્ત થાય, પણ દુરાગ્રહી મૂર્ખનું મન વશ ન થાય.

(અર્થાત્ જેમ કોમળ કમળતંતુ વગેરેથી મદોન્મત્ત હાથી વગેરેનું બંધન આદિ અતિ મુશ્કેલ છે, તેમ ખલ પુરુષોને કોઇ પણ પ્રકારે સન્માર્ગે પ્રવર્તાવવા અતિ મુશ્કેલ છે.) ૫

અજ્ઞાન છુપાવવાનો ઉપાય

અજ્ઞાની અથવા મૂર્ખ જનોનું અજ્ઞાન છૂપાવવાનો ઉપાય કહે છે.

इन्द्रवज्रावृत्त

स्वायत्तमेकान्तगुणं(हितं)विधात्रा विनिर्मितं छादनमज्ञतायाः।
विशेषतः सर्वविदां समाजे विभूषणं मौनमपण्डितानाम् ॥६॥

પોતાને સ્વાધીન અને જેમાં અનેક ગુણો છે એવું મૌન બ્રહ્માએ મૂર્ખપણાને છૂપાવવા માટે બનાવેલું છે. સર્વજ્ઞોની સભામાં અવિદ્વાનોને એ મૌન વિશેષ અલંકારરૂપ થઈ પડે છે, એટલે મૂર્ખની મૂર્ખતા છૂપાવવાનો મૌન સિવાય આ લોકમાં બીજો કોઈ પણ ઉપાય નથી. ૬

જ્ઞાનનો પ્રભાવ

થોડાં જ્ઞાનથી સર્વજ્ઞપણાનું અભિમાન થાય છે અને વિશેષ જ્ઞાનથી તો તેનો અભાવ થાય છે, એમ પોતાનાં દૃષ્ટાંતથી ભર્તૃહરિ કહે છે.

शिखरिणीवृत्त

यदा किंचिज्ज्ञोऽहं द्विप(गज)इव मदान्धः समभवं
तदा सर्वज्ञोऽस्मीत्यभवदवलिप्तं मम मनः।
यदा किंचित्किंचिद्बुधजनसकाशादवगतं
तदा मूर्खोऽस्मीति ज्वर इव मदो मे व्यपगतः ॥७॥

હું જ્યારે થોડું જાણતો હતો અને હાથીની પેઠે મદોન્મત્ત થઇ વિવેકશૂન્ય હતો, ત્યારે હું સર્વજ્ઞ છું એમ મારું મન ગર્વમાં ગરકાવ રહેતું હતું. પછી જ્યારે વિદ્વાનો પાસેથી

શાસ્ત્ર વગેરેમાં થોડો થોડો જાણીતો થયો, ત્યારે જ હું મૂર્ખ છું એવી રીતે મારો મદ જ્વરની પેઠે નષ્ટ થયો. ૭

વિષયી–તુચ્છ માણસ

તુચ્છ વિષયોમાં લલચાયેલા માણસને કુતરાનું દૃષ્ટાંત આપીને નિંદે છે.

हरिणीवृत्त

> कृमिकुलचितं लालाक्लिन्नं विगन्धि जुगुप्सितं
> निरुपमरसं प्रीत्या स्वाद(खाद)न्नरास्थि निरामिषम्।
> सुरपतिमपि श्वा पार्श्वस्थं विलोक्य न शङ्कते
> नहि गणयति क्षुद्रो जन्तुः परिग्रहफल्गुताम् ॥ ८ ॥

મનુષ્યનું હાડકું કે જેમાં કીડા પડેલા હોય, જે લાલાએ (લાળે)* કરીને ભીંજાયેલું હોય, જે દુર્ગંધવાળું હોય માટે નિંદવા લાયક હોય અને સુકાએલું હોય તો પણ તેને અત્યુત્તમ સ્વાદવાળાંની પેઠે પ્રીતિથી ખાતો કુતરો, પડખામાં ઉભેલા ઇંદ્રને જોઇને પણ લજવાતો નથી; કારણ કે નીચ પ્રાણી પરિગ્રહ(વિષય)ની તુચ્છતાને ગણકારતો નથી. ૮

વિવેકભ્રષ્ટની દશા

ઉત્તમ સ્થાનથી ભ્રષ્ટ થયેલો પુરુષ નીચે પડતો પડતો હલકા સ્થાનને પ્રાપ્ત થાય છે, પરંતુ ફરીથી ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થતો નથી, એમ ગંગાજીનું દૃષ્ટાંત આપીને કહે છે.

शिखरिणीवृत्त

> शिरः शार्वं स्वर्गात्पशुपतिशिरस्तः क्षितिधरं
> महीध्राटुत्तुङ्गादवनिमवनेश्चापि जलधिम्।

---

* મુખમાંથી નીકળતો ચીકણો ને વાસ મારતો પ્રવાહી પદાર્થ.

अधो' गङ्गा सेयं पदमुपगता स्तोकमथवा
विवेकभ्रष्टानां भवति विनिपातः शतमुखः ॥ ९ ॥

ઉત્તમ વિષ્ણુપદથી–સ્વર્ગથી નીકળેલી ગંગા પ્રથમ મહાદેવજીના મસ્તક ઉપર પડે છે, તે મસ્તકથી હિમાલય પર્વત ઉપર પડે છે, તે પર્વતથી પૃથ્વી ઉપર પડે છે અને પૃથ્વી ઉપરથી હજાર મુખોવડે સમુદ્રમાં પડે છે. આ પ્રકારે તે ગંગાજી નીચાં પદને પ્રાપ્ત થયેલાં છે. આમ જ થોડા પણ વિવેકથી ભ્રષ્ટ થયેલા પુરુષોની અનેક પ્રકારે હલકી સ્થિતિ થાય છે. ૯

ભાવ–જેમ ગંગા ઉત્તમ વિષ્ણુપદથી નીકળીને મહાદેવજીના મસ્તક વગેરે નીચાં નીચાં સ્થાનોને પ્રાપ્ત થયેલી છે, તેને ફરીથી ઉત્તમ પદ મળ્યું નહીં, તેમ વિવેક વગરના પુરુષો અનેક પ્રકારનાં હલકાં સ્થાનોને પ્રાપ્ત થાય છે, પણ ફરીથી તેઓ ઉત્તમ સ્થાનને પ્રાપ્ત થતા નથી.

મૂર્ખાઇનું ઓસડ નથી

સઘળા ઉપદ્રવોની નિવૃત્તિના ઉપાયો લોકમાં તથા શાસ્ત્રમાં જોવામાં આવે છે, પરંતુ મૂર્ખને બોધ કરવાનો ઉપાય કોઇ જગાએ પણ જોવામાં આવતો નથી.

शार्दूलविक्रीडितवृत्त

शक्यो वारयितुं जलेन हुतभुक् छत्रे(शूर्पे)ण सूर्यातपो
नागेन्द्रो निशिताङ्कुशेन समदो दण्डेन गोगर्दभौ ।
व्याधिर्भेषजसङ्ग्रहैश्च विविधैर्मन्त्रप्रयोगैर्विषं
सर्वस्यौषधमस्ति शास्त्रविहितं मूर्खस्य नास्त्यौषधं ॥१०॥

જલથી અગ્નિનું નિવારણ થઇ શકે છે, છત્રથી તડકાનું નિવારણ થઇ શકે છે, તીક્ષ્ણ અંકુશવડે મદોન્મત્ત

१ 'अधोऽधो गङ्गेयं' इति पाठान्तरम् ।

હાથીને નિયમમાં રાખી શકાય છે, દંડવડે ગાયનું અને ગધેડાનું નિવારણ થઇ શકે છે, ઔષધના સેવનથી રોગનું નિવારણ થઇ શકે છે અને નાના પ્રકારના મંત્રપ્રયોગોથી વિષનું નિવારણ થઈ શકે છે. એવી રીતે શાસ્ત્રોમાં સઘળાના ઔષધરૂપ ઉપાયો કહેલા છે, પરંતુ મૂર્ખપણાની નિવૃત્તિનો એકે ઔષધરૂપ ઉપાય કહેલો નથી.* ૧૦

---

*નરપશુ કોણ?

જે માણસ સાહિત્યશાસ્ત્ર વગેરેથી અજાણ્યો હોય, તે મનુષ્યના આકારમાં પશું જ છે.

उपजातिवृत्त

साहित्यसङ्गीतकलाविहीनःसाक्षात्पशुःपुच्छविषाणहीनः।
तृणं न खादन्नपि जीवमानस्तद्भागधेयं परमं पशूनाम् ॥

સાહિત્યને (કાવ્ય અલંકાર વગેરેને), સંગીતને (ગાન વગેરેને) અને કળાને ન જાણનાર પુરુષ, શિંગડાં તથા પૂછડાં વિનાનો સાક્ષાત્ પશુ જ છે. એ નરપશુ ઘાસ ખાધા વિના જીવે છે, એ તે પશુઓનું મોટું ભાગ્ય છે; (કારણ કે, જો નરપશુ ઘાસ ખાતો હોત તો ઘાસ વગેરે ન મળવાથી બીચારાં પશુઓ મરણ પામત.)

જેઓ વિદ્યા વગેરે કાંઇ પણ જાણતા નથી, તેઓ પશુઓ છે. એ પશુઓ મનુષ્યરૂપે પૃથ્વીપર ફરે છે, તે વિષે.

इंद्रवज्रावृत्त

येषां न विद्या न तपो न दानं ज्ञानं न शीलं न गुणो न धर्मः।
ते मर्त्यलोके भुवि भारभूता मनुष्यरूपेण मृगाश्चरन्ति ॥

જેઓને વિદ્યા, તપ, દાન, જ્ઞાન, સારો સ્વભાવ અથવા સદ્વર્તન, ગુણ કે ધર્મ કાંઇ પણ નથી, તેઓ પૃથ્વીને ભાર આપનાર મૃગપશુરૂપ છે, છતાં મર્ત્યલોકમાં મનુષ્યરૂપે ફરે છે. ☛

૨. વિદ્વત્પ્રશંસા પ્રકરણ ૧૧-૨૦

જે રાજાના દેશમાં કવિઓ નિર્ધન હોય છે, તે રાજાને દોષ છે, એમ મણિપરીક્ષક (ઝવેરી)ના દૃષ્ટાંતથી કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

शास्त्रोपस्कृतशब्दसुन्दरगिरः शिष्यप्रदेयागमा
विख्याताः कवयो वसन्ति विषये यस्य प्रभोर्निर्धनाः ।
तज्जाड्यं वसुधाधिपस्य कवयो(सुधियो)ह्यर्थं विनाधीश्वराः
कुत्स्याः स्युः कुपरीक्षका न मणयो यैरर्घतः पातिताः॥११॥

જેઓની વાણી વ્યાકરણ વગેરેથી અને સુશોભિત શબ્દોથી સુંદર હોય છે અને જેઓનાં શાસ્ત્રો શિષ્યોને ભણવા યોગ્ય છે એવા પ્રસિદ્ધ કવિઓ, જે રાજાના દેશમાં નિર્ધન રહે છે, તે રાજાની જ જડતા છે; કારણ કે, ધન વિના પણ કવિઓ સમર્થ છે. (તેપર દૃષ્ટાંત) જે ઝવેરીઓ ઘણી કિંમતવાળા મણિઓની થોડી કિંમત કરે છે, તે ઝવેરીઓ જ

☞ મૂર્ખનો સંગ ત્યાજ્ય છે

જંગલીઓની સાથે પર્વત આદિમાં ફરવું ઉત્તમ છે, પરંતુ સ્વર્ગમાં પણ મૂર્ખ માણસોનો સંગ ઉત્તમ નથી, એમ કહે છે.

अनुष्टुभ्वृत्त

वरं पर्वतदुर्गेषु भ्रान्तं वनचरैः सह ।
न मूर्खजनसंपर्कः सुरेन्द्रभवनेष्वपि ॥

પર્વતોપર અને ન જઈ શકાય તેવાં સ્થાનોમાં જંગલી જાનવરોની સાથે ભટકવું ઉત્તમ છે, પરંતુ સ્વર્ગમાં પણ મૂર્ખ માણસનો સંગ ઉત્તમ નથી. મતલબ કે, મૂર્ખ માણસનો સંગ સર્વથા તજવો જોઈએ.

---

१ 'कुपरीक्षकैर्न' इति पाठांतरम् ।

નિંદવા લાયક છે, પણ મણિઓની હલકાઇ થતી નથી. (મતલબ-જેમ મણિઓની યથાર્થ કિંમત ન જાણનાર ઝવેરીઓ નિંદવા લાયક છે, તેમ કવિઓનું યથાર્થ સ્વરૂપ ન જાણનાર રાજાઓ પણ નિંદવા લાયક છે.)૧૧

વિદ્યારૂપી ગુપ્ત ધન

હવે રાજાએ વિદ્વાનોનું સંમાન કરવું જોઇએ, પણ તેઓનો તિરસ્કાર કરવો ન જોઇએ, એમ નીતિવિદ્યાનાં વખાણ કરીને વૈભવસંપન્નોને અને રાજાને બોધ કરવા માટે બે શ્લોકો કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

हर्तुर्याति न गोचरं किमपि शं पुष्णाति यत्सर्वदा
ह्यर्थिभ्यः प्रतिपाद्यमानमनिशं प्राप्नोति वृद्धिं पराम् ।
कल्पान्तेष्वपि न प्रयाति निधनं विद्याख्यमन्तर्धनं
येषां तान् प्रति मानमुज्झत नृपाः कस्तैः सह स्पर्धते ॥१२॥

જે ધન, ચોર વગેરેના જોવામાં આવતું નથી, અત્યુત્તમ કલ્યાણ કરે છે, માગણ લોકોને નિરંતર આપવાથી હંમેશાં અતિ વૃદ્ધિને પામે છે અને પ્રલયકાળમાં પણ નષ્ટ થતું નથી, એવું વિદ્યારૂપી ગુપ્ત ધન, જે વિદ્વાનો પાસે છે, તેઓની કોણ સ્પર્ધા કરે? (અર્થાત્ કોઈ નહીં). માટે હે રાજાઓ! તે વિદ્વાનો પ્રત્યે "અમે શ્રીમંત રાજા છીએ અને આ વિદ્વાનો નિર્ધન અને તુચ્છ છે" એવો ગર્વ છોડી દો.૧૨

પંડિતો કોઇના તાબેદાર નથી

मालिनीवृत्त

अधिगतपरमार्थान्पण्डितान्मावमंस्था-
स्तृणमिव लघु लक्ष्मीर्नैव तान्संरुणद्धि ।
अभिनवमदले(रे)खाश्यामगण्डस्थलानां
न भवति बिसतन्तुर्वारणं वारणानाम् ॥१३॥

જેમ નૂતન મદલેખાથી શ્યામ થયેલા ગંડસ્થળવાળા મહોન્મત્ત હસ્તીઓને, કમળદંડતંતુથી વારી રખાતા નથી, તેમ

તૃણ જેવી તુચ્છ લક્ષ્મીથી જેમને રોકી રખાતા નથી એવા પરમાર્થને પામેલા પંડિતોની અવગણના કરવી નહિ.*૧૩

સ્વાભાવિક ગુણની સ્થિરતા

આનુષંગિક (ઉપાધિથી થયેલા) ગુણનું નિવારણ કરનારા જોવામાં આવે છે, પણ સ્વાભાવિક ગુણનું નિવારણ કરવા માટે કોઇ પણ સમર્થ નથી, તે પર હંસનું દૃષ્ટાંત–

वसन्ततिलकावृत्त

अम्भोजिनीवननिवास(विहार)विलासमेव
हंसस्य हन्ति नितरां कुपितो विधाता ।
न त्वस्य दुग्धजलभेदविधौ प्रसिद्धां
वैदग्ध्यकीर्तिमपहर्तुमसौ समर्थः ॥१४॥

હંસ ઉપર કોપેલા બ્રહ્મા, તે હંસનું કમળના વનમાં રહેવાનું સુખ અવશ્ય હણે છે, પરંતુ દૂધને અને જળને જુદાં પાડવામાં પ્રસિદ્ધ થયેલી હંસની કીર્તિને હણી શક્તા નથી, ત્યારે બીજાની તો વાત જ શી કરવી? ૧૪

વાણીરૂપ ઘરેણું

બાજુબંધ વગેરે ઘરેણાં કરતાં વાણીરૂપ ઘરેણું ઉત્તમ છે એટલા માટે વાણીરૂપ ઘરેણું અવશ્ય મેળવવું જોઇએ, એવા અભિપ્રાયથી કહે છે :–

शार्दूलविक्रीडितवृत्त

केयूरा न विभूषयन्ति पुरुषं हारा न चन्द्रोज्ज्वला
न स्नानं न विलेपनं न कुसुमं नालङ्कृता मूर्धजाः ।
वाण्येका समलङ्करोति पुरुषं या संस्कृता धार्यते
क्षीयन्ते खलु भूषणानि सततं वाग्भूषणं भूषणम् ॥१५॥

બાજુબંધ, ચંદ્ર જેવા ચળકતા હાર, સ્નાન, ચોપડેલું ચંદન, પુષ્પ કે સારી રીતે શોભાવેલા વાળ પુરુષને શોભા-

* કમળદંડતંતુથી જેમ હાથી બંધાતો નથી, તેમ પરમાર્થને પ્રાપ્ત થયેલા પંડિતો લક્ષ્મીને તૃણવત્ ગણીને તેની દરકાર રાખતા નથી.

વધા નથી, પણ જે સંસ્કારવાળી વાણીને વિદ્વાનો ધારણ કરે છે, તે વાણી જ કેવળ પુરુષને શોભાવે છે. બાજુબંધ વગેરે ઘરેણાંનો નાશ થાય છે, માટે વાણીરૂપ ઘરેણું તે જ અક્ષય ઘરેણું છે. ૧૫

વિદ્યા વિનાનો નર પશુ

પુરુષને વિદ્યા જ રૂપાદિ સર્વસ્વ છે, માટે વિદ્યા વિનાનો પુરુષ પશુ જ છે.

शार्दूलविक्रीडितवृत्त

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरुः ।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं[1] दैवतं
विद्या राजसु पू(ज्यते)जिता न तु धनं विद्याविहीनः पशुः ॥

વિદ્યા જ મનુષ્યનું મોટું રૂપ છે અને અતિ ગુપ્ત ધન છે. વિદ્યા ભોગ આપનારી છે, કીર્તિ અને સુખ આપનારી છે. વિદ્યા ગુરુઓની પણ ગુરુ
દેશમાં ભાઇની પેઠે હિત કરનારી છે. પરમ દૈવત પણ વિદ્યા જ છે. રાજાઓ પણ વિદ્યાની જ પૂજા કરે છે, પણ ધનની પૂજા કરતા નથી. માટે વિદ્યારહિત પુરુષ પશુ જ છે, એટલા માટે પશુપણું દૂર કરવા માટે વિદ્યા જ અવશ્ય મેળવવી જોઇએ. ૧૬

કેટલાક ગુણ-અવગુણોનું મહત્ત્વ

ક્ષમા વગેરે ગુણવાળા પુરુષને વચન વગેરેનું શું પ્રયોજન છે, એમ કહે છે.

---

૧ પરા दवता ' इति પાઠાંतरम् ।

शार्दूलविक्रीडितवृत्त

क्षान्तिश्चेद्वचनेन किं किमरिभिःक्रोधोऽस्ति चेद्देहिनां
ज्ञातिश्चेदनलेन किं यदि सुहृद्दिव्यौषधैः किं फलम् ।
किं सर्पैर्यदि दुर्जनाः किमु धनैर्विद्याऽनवद्या यदि
व्रीडा चेत्किमु भूषणैः सुकविता यद्यस्ति राज्येन किम् ॥१७॥

જો ક્ષમા હોય તો મધુર વચનનું શું પ્રયોજન છે? (કારણ કે ક્ષમાથી જ સઘળું જગત્ પ્રસન્ન થાય છે.) મનુષ્યોને જો ક્રોધ હોય તો શત્રુઓનું શું પ્રયોજન છે? (કારણ કે શત્રુઓનું સઘળું કામ ક્રોધ જ કરે છે.) જો સ્વજ્ઞાતિ હોય તો અગ્નિનું શું પ્રયોજન છે? (કારણ કે તાપ વગેરે અગ્નિનું કાર્ય સ્વજ્ઞાતિ જ કરે છે.) જો મિત્ર હોય તો ઉત્તમ ઔષધોનું શું પ્રયોજન છે? (કેમકે મિત્ર જ શરીરમાં સુખ કરે છે.) જો દુષ્ટ પુરુષો હોય તો સર્પોનું શું પ્રયોજન છે? (કારણ કે પ્રાણનાશ વગેરે કાર્ય દુષ્ટ પુરુષો જ કરે છે.) જો શુદ્ધ વિદ્યા હોય તો દ્રવ્યનું શું પ્રયોજન છે? (કારણકે વિદ્યાથી જ દ્રવ્યાદિ સુખ થાય છે.) જો લાજ હોય તો ઘરેણાંનું શું કામ છે? (કારણ કે લાજ જ મનુષ્યને શોભાવે છે.) જો સારી કવિતા કરવાની શક્તિ હોય તો રાજ્યનું શું કામ છે? (કારણ કે કવિતાથી જ રાજ્યનું સુખ મળે છે.) ૧૭

લોકપ્રિયતાનું કારણ

યોગ્ય કાર્ય કરનાર મનુષ્યમાં નીતિનો માર્ગ રહે છે.

शार्दूलविक्रीडितवृत्त

दाक्षिण्यं स्वजने दया परजने शाठ्यं सदा दुर्जने
प्रीतिः साधुजने नयो नृपजने विद्वज्जनेष्वार्जवम् ।

शौर्यं शत्रुजने क्षमा गुरुजने नारीजने[1] धूर्तता
ये चैवं पुरुषाः कलासु कुशलास्तेष्वेव लोकस्थितिः ॥१८॥

સ્ત્રી, પુત્ર આદિ પોતાનાં મનુષ્યમાં સરલપણું, બીજાં મનુષ્યો ઉપર દયા, દુર્જનની પાસે હંમેશાં શઠપણું, સજ્જન ઉપર પ્રીતિ, રાજા પાસે વિનય, વિદ્વાનો પાસે સરલપણું, શત્રુ પાસે શૂરપણું, ગુરુમાં ક્ષમા અને સ્ત્રી પાસે ધૂર્તપણું રાખવું, એ પ્રમાણે જે માણસો કળાઓમાં કુશળ હોય છે, તેઓમાં જ ન્યાયમાર્ગ રહે છે. ૧૮

સત્સંગનું ફળ

સત્પુરુષનો સમાગમ જડપણાંને હણવા વગેરે સઘળાં કાર્યો કરે છે.

वसन्ततिलकावृत्त

जाड्यं धियो हरति सिञ्चति वाचि सत्यं
मानोन्नतिं दिशति पापमपाकरोति ।
चेतः प्रसादयति दिक्षु तनोति कीर्तिं
सत्संगतिः कथय किं न करोति पुंसाम् ॥१९॥

સજ્જનોનો સમાગમ બુદ્ધિની જડતાને હરે છે, સત્ય બોલવાનું શીખવે છે, સંમાનની ઉત્તમતા બતાવે છે, પાપને દૂર કરે છે, ચિત્તને પ્રસન્ન કરે છે અને દિશાઓમાં કીર્તિનો ફેલાવો કરે છે. માટે કહો કે, સજ્જન સમાગમ માણસોનું કયું કાર્ય નથી કરતો ? (સઘળાં કાર્યો સિદ્ધ કરે છે.) ૧૯

સુકવિની અમરતા

મોટા મોટા કવિઓ સઘળાથી ઉત્તમ છે, તેનું વર્ણન.

---

१ 'कान्ताजने धृष्टता' इति पाठान्तरम् ।

अनुष्टुभ्वृत्त

जयन्ति ते सुकृतिनो रससिद्धाः कवीश्वराः ।
नास्ति येषां यशःकाये जरामरणजं भयम् ॥२०॥

શૃંગાર વગેરે રસોની સિદ્ધિવાળા અને પુણ્યવાન્ એવા મોટા મોટા કવિઓ સર્વથી ઉત્તમ છે, કે જેઓનાં કીર્તિરૂપી શરીરને જરા–ઘડપણનો કે મરણનો ભય નથી.૨૦

તાત્પર્ય–જેમ સિદ્ધ પુરુષોના રસૌષધના સેવનથી મનુષ્યદેહને ઘડપણનો તથા મરણનો ભય દૂર થાય છે અને તેનો નાશ થતો નથી, તેમ શૃંગાર વગેરે રસથી પૂર્ણ કાવ્યોથી ઉત્પન્ન થયેલી કવિઓની કીર્તિ કોઇ દિવસે પણ નષ્ટ થતી નથી.*

૩ માનશૌર્યપ્રશંસા પ્રકરણ ૨૧–૩૦

(ટેકીલા માનધન પુરુષો કોણ હોય છે ?) અત્યંત દુઃખ પામેલો માની પુરુષ, પોતાની મોટાઇથી વિરુદ્ધ એવું નીચ કર્મ કરતો નથી, તે પર સિંહની અન્યોક્તિ

शार्दूलविक्रीडितवृत्त

क्षुत्क्षामोऽपि जराकृशोऽपि शिथिलप्रायोऽपि कष्टां दशा-
मापन्नोऽपि विपन्नदीधितिरपि प्राणेषु नश्यत्स्वपि ।
मत्तेभेन्द्रविभिन्नकुम्भपिशितग्रासैकबद्धस्पृहः
किं जीर्णं तृणमत्ति मानमहतामग्रेसरः केसरी ॥२१

ભૂખથી દુર્બળ થઇ ગયેલો હોય તોપણ, ઘડપણથી કૃશ થયેલો હોય તોપણ, ક્ષીણ શક્તિવાળો થયેલો હોય

---

* ભગવત્કૃપા

ભગવાનની કૃપાથીજ સદાચરણી પુત્ર વગેરેથી યુક્ત થવાય છે, બીજે પ્રકારે થવાતું નથી.

शार्दूलविक्रीडितवृत्त

सूनुः सच्चरितः सती प्रियतमा स्वामी प्रसादोन्मुखः
स्निग्धं मित्रमवञ्चकः परिजनो निष्क्लेशलेशं मनः ।

તોપણ, અતિ કષ્ટ દશાને પામેલો હોય તોપણ અને તેજ વિનાનો થયેલો હોય તોપણ જેને મોટા મોટા મદોન્મત્ત હાથીઓનાં કુંભસ્થળો ફાડીને તેમાંથી જ કોળીઆ ભરવાની ઈચ્છા બંધાયલી છે ને જે માનીઓનો આગેવાન છે, તે સિંહ, પ્રાણાંત વખતે પણ શું સૂકું ઘાસ ખાય છે? અર્થાત્ ખાતો નથી. ૨૧

તાત્પર્ય—જેમ માની સિંહ પોતાના ભક્ષ્ય માંસને છોડીને પ્રાણાંત વખતે પણ રસરહિત ઘાસને ખાવારૂપ નીચ કર્મ કરતો નથી, તેમ માની પુરુષો પણ પ્રાણાંત સમયે નીચ કર્મ કરતા નથી.

ઉત્તમ સિંહ અને અધમ કુતરા વચ્ચેનો ભેદ

માની પુરુષને ઉપર કહેલે પ્રકારે આચરણ કરવા છતાં પણ પોતાના બળને યોગ્ય ફળ મળે છે, તે પર કુતરાનું અને સિંહનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

स्वल्पं स्नायुवसावशेष(षेक)मलिनं निर्मांसमप्यस्थि गोः
श्वा लब्ध्वा परितोषमेति न तु तत्तस्य क्षुधाशान्तये ।
सिंहो जम्बुकमङ्कमागतमपि त्यक्त्वा निहन्ति द्विपं
सर्वः कृच्छ्रगतोऽपि वाञ्छति जनः सत्त्वानुरूपं फलं ॥२२॥

આંતરડાંવાળું અને ચરબીવાળું હોવાથી મલિન અને માંસરહિત એવાં બળદનાં હાડકાંને પામીને, જો કે તે હાડકાંથી

☞ आकारो रुचिरः स्थिरश्च विभवो विद्यावदातं मुखं
तुष्टे विष्टपहारिणीष्टदहरौ संप्राप्यते देहिनाम् ॥

જો જગતનો ઉદ્ધાર કરનાર વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા હોય તો જ પુરુષોને સારાં આચરણવાળો પુત્ર, સતી સ્ત્રી, પ્રસન્ન સ્વામી (શેઠ વગેરે પોષણ કરનાર), સ્નેહવાળો મિત્ર, શુદ્ધ મનથી રહેનાર સેવકવર્ગ, ક્લેશના લેશ વિનાનું મન, સુંદર રૂપ, સ્થિર વૈભવ અને વિદ્યા વિશુદ્ધ મુખ પ્રાપ્ત થાય છે.

ભૂખની નિવૃત્તિ થાય તેમ નથી, તોપણ તેથી કુતરો પ્રસન્ન થાય છે, અને સિંહ પાસે આવેલા શિયાળને તજીને હાથીને જ મારે છે. એટલા માટે સઘળાં પ્રાણીઓ કષ્ટને પામેલા હોય તોપણ પોતાનાં બળને અનુકૂળ ફળની જ ઇચ્છા કરે છે. ૨૨

કુતરા અને હાથીના દૃષ્ટાંતથી ક્ષુદ્ર માણસનું તુચ્છપણું અને ઉત્તમ માણસનું ધીરપણું બતાવે છે.

वसन्ततिलकावृत्त

लाङ्गूलचालनमधश्चरणावपातं
भूमौ निपत्य वदनोदरदर्शनं च ।
श्वा पिण्डदस्य कुरुते गजपुङ्गवस्तु
धीरं विलोकयति चाटुशतैश्च भुंक्ते ॥२३॥

કુતરું ખાવા આપનારની આગળ પૂછડું હલાવે છે, પગ આગળ નીચે પડે છે અને પૃથ્વી ઉપર પડીને મુખ તથા પેટ બતાવે છે, પણ ઉત્તમ હાથી તો ગંભીરપણાથી જુવે છે અને મધુર વચનોવડે પ્રાર્થના કરવાથી ખાય છે. એ જ પ્રકારે ક્ષુદ્ર માણુસ કુતરાની પેઠે મુખ હલાવવું વગેરે ક્રિયા કરે છે ને ઉત્તમ માણુસ હાથીની પેઠે ગંભીરપણાથી જુવે છે અને અતિ આદરવાળાં પ્રિય વચનોવડે શ્લાઘા કરવાથી ભોજન કરે છે.

કુલોદ્ધારક પુરુષ

કુળની ઉન્નતિ કરનાર પુરુષ ઉત્તમ છે, બીજો નહિ.

अनुष्टुभूवृत्त

परिवर्तिनि संसारे मृतः को वा न जायते ।
स जातो येन जातेन याति वंशः समुन्नतिम् ॥२४॥

જેમાં ઉત્પત્તિ અને નાશ થાય છે એવા સંસારમાં કયો પુરુષ ઉત્પન્ન નથી થયો ને કયો પુરુષ મરણ નથી પામ્યો? (અર્થાત્ અનેક જન્મ્યા અને મરણ પામ્યા,) પરંતુ

ઉત્પન્ન થયો તો તે જ કહેવાય કે જેનાથી કુળની ઉન્નતિ થાય; (અર્થાત્ બીજા થાય છે ખરા, પણ નહિ થયા જેવા.) ૨૪

ઉત્તમ પુરુષની ગતિ

પુષ્પના ગુચ્છનું દૃષ્ટાંત આપી, ઉત્તમ પુરુષોની બે પ્રકારની વર્તણૂક બતાવે છે.

अनुष्टुब्वृत्त

कुसुमस्तबकस्येव द्वे गती स्तो मनस्विनाम् ।
मूर्ध्नि वा सर्वलोकस्य विशीर्येत वनेऽथवा ॥२५॥

પુષ્પના ગુચ્છની પેઠે ઉત્તમ પુરુષની પણ બે પ્રકારની સ્થિતિ છે: કાં તો સઘળા લોકના મસ્તક ઉપર રહેવું કે, વનમાં જ સૂકાઇ જવું. ૨૫

મતલબ—જેમ, જો કોઇ ગ્રાહક હોય તો પુષ્પોનો ગુચ્છ સર્વ લોકનાં મસ્તક ઉપર રહે છે, નહિ તો વનમાં જ સૂકાઇને ખરી જાય છે; તેમ જો કોઇ શ્રોતા હોય તો ઉત્તમ પુરુષો હિતોપદેશ કરવાથી પૂજાય છે, નહિ તો ચૂપાચૂપ બેસી રહે છે.

દુર્જનની પીડા

દુર્જન પોતાનું પરાક્રમ પ્રસિદ્ધ કરવા માટે અતિ તેજવાળા પુરુષને પીડે છે, પણ થોડા તેજવાળાને પીડતો નથી, તે ઉપર રાહુનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

सन्त्यन्येऽपि बृहस्पतिप्रभृतयः संभाविताः पंचषा-
स्तान्प्रत्येष विशेषविक्रमरुची राहुर्न वैरायते ।

---

१ 'मालतीस्तबकस्येव द्वयी वृत्तिर्मनस्विनः' इति पाठान्तरम् ।
२ 'शीर्यते वन एव वा' इति पाठांतरम् ।

द्वावेव ग्रसते दिनेश्वरनिशाप्राणेश्वरौ भासुरौ
भ्रातः ! पर्वणि पश्य दानवपतिः शीर्षावशेषीकृतः[2] ॥२६॥

હે ભાઈ ! તું જો કે, બૃહસ્પતિ વગેરે બીજા પણ પાંચ છ ગ્રહો માનવા લાયક છે, તથાપિ વિશેષ પરાક્રમની ઈચ્છાવાળો રાહુ તે ગ્રહોની સાથે વૈર રાખતો નથી; એટલા માટે ભટકતો રાહુ પોતાનું મસ્તક બાકી રહ્યા છતાં પણ અમાવાસ્યાને દિવસે મહા તેજસ્વી સૂર્યને અને પૂર્ણિમાને દિવસે અતિ પ્રકાશવાળા ચંદ્રને સારી રીતે પીડે છે. ૨૬

તાત્પર્ય–જેમ રાહુ બીજા ગ્રહોને છોડીને અતિ તેજસ્વી સૂર્ય અને ચંદ્ર એ બેનેજ પીડે છે, તેમ દુર્જન પણ સાધારણ મનુષ્યને છોડીને પોતાનું પરાક્રમ પ્રસિદ્ધ કરવા માટે તેજસ્વીને પીડે છે.

મોટાઓનાં અદ્ભુત કર્મો

મોટા પુરુષોનાં ચરિત્રોની અવધિ નથી.

हरिणीवृत्त

वहति भुवनश्रेणीं शेषः फणाफलकस्थितां
कमठपतिना मध्येपृष्ठं सदा स विधार्यते।
तमपि कुरुते क्रोधाधीनं पयोधिरनादरा-
दहह महतां निःसीमानश्चरित्रविभूतयः ॥२७॥

શેષનાગ પોતાની ફણારૂપી પાટીઆ ઉપર રહેલાં ભુવનોની પંક્તિને ધારણ કરે છે, તે શેષનાગને ભગવાન્ કાચબાનું રૂપ ધારણ કરીને સદા પીઠ ઉપર ધારણ કરે છે, તે કાચબાને સમુદ્ર પ્રયાસ વિના પોતાની વચમાં રાખે છે. આ કેવું આશ્ચર્ય છે કે, મોટા પુરુષોનાં ચરિત્રોની અવધિ જ નથી ! ૨૭

તાત્પર્ય–સર્વથા તૃષ્ણાનો ત્યાગ કરવો ઉચિત છે.

---

१ 'दिवाकर' इति पाठान्तरम्। २ 'शीर्षावशेषाकृतिः' इति पाठांतरम्।

આપત્તિમાં કસોટી

દુઃખમાં પડેલા પિતાને છોડીને બીજે ઠેકાણે જઈ, પોતાના પ્રાણુની રક્ષા કરવી, એ ઉચિત નથી.

शिखरिणीवृत्त

वरं पक्ष(प्राणो)च्छेदः समदमघवन्मुक्तकुलिश-
प्रहारैरुद्गच्छद्बहलदहनोद्गारगुरुभिः ।
तुषाराद्रेः सूनोरहह पितरि क्लेशविवशे
न चासौ संपातः पयसि पयसां पत्युरुचितः ॥२८॥

ઊંચી જનારી અગ્નિની શિખાથી મોટા થયેલા એવા મદવાળા ઇન્દ્રે છોડેલા વજ્રના પ્રહારોથી પોતાની પાંખો કપાવા દેવી, એ મૈનાક પર્વતને યોગ્ય હતું. પરન્તુ અરેરે! પોતાના પિતા હિમાલય પર્વતના કલેશથી પોતે પરવશ થયા છતાં પોતાને ઉદકોના સ્વામી સમુદ્રના જલમાં પડવું યોગ્ય નહોતું. ૨૮

તાત્પર્ય—આપત્તિ વખતે પણ આપત્તિમાં પડેલા પિતાને કે કોઈ સજ્જનને છોડી દેવા, એ સજ્જનને ઉચિત નથી.

તેજસ્વી પુરુષનો ધર્મ

ચૈતન્યવાળો તેજસ્વી પુરુષ બીજાએ કરેલા વિકારને સહન કરતો નથી, તે ઉપર સૂર્યકાંતમણિનું દૃષ્ટાંત.

आर्या

यदचेतनोऽपि पादैः स्पृष्टः प्रज्वलति सवितुरिनकान्तः ।
तत्तेजस्वी पुरुषः परकृतविकृतिं कथं सहते ।२९।

જ્યારે ચૈતન્ય વિનાનો સૂર્યકાંતમણિ પણ સૂર્યના કિરણોનો સ્પર્શ થવાથી તેજવાળો થાય છે, ત્યારે તેજસ્વી પુરુષ બીજાએ કરેલા વિકારને કેમ સહન કરે? (અર્થાત્ સહન ન જ કરે.) ૨૯

પરાક્રમને પ્રકટ કરનાર તેજનો હેતુ અવસ્થા નથી, પણ સ્વભાવ જ છે, તે પર સિંહનાં બચ્ચાંનું દૃષ્ટાંત.

आर्या

सिंहः शिशुरपि निपतति मदमलिनकपोलभित्तिषु गजेषु ।
प्रकृतिरियं सत्त्ववतां न खलु वयस्तेजसो हेतुः ॥३०

સિંહનું બચ્ચું પણ મદોન્મત્ત હાથીઓને મારવા જાય છે. આ બળવાનોનો સ્વભાવ જ છે. આથી તેજનો હેતુ અવસ્થા (ઉમર–વય) નથી, એ નિશ્ચય છે. ૩૦

૪. અર્થપ્રધાન પ્રકરણ ૩૧–૪૦

દ્રવ્યની પ્રશંસા

દ્રવ્ય વિના સઘળા ગુણો તૃણવત્ તુચ્છ છે.

शार्दूलविक्रीडितवृत्त

जातिर्यातु रसातलं गुणगणस्तस्याप्यधो गच्छतु
शीलं शैलतटात्पतत्वभिजनः संदह्यतां वह्निना ।
शौर्ये वैरिणि वज्रमाशु निपतत्वर्थोऽस्तु नः केवलं
येनैकेन विना गुणास्तृणलवप्रायाः समस्ता इमे ॥३१॥

બ્રાહ્મણ વગેરે સ્વજાતિ પાતાળમાં જાઓ, ગુણનો સમુદાય તેની પણ નીચે જાઓ, સદાચરણ પર્વતના તટ ઉપરથી પડો, વંશ અગ્નિથી બળી ભસ્મ થાઓ અને શૂરપણું કે જે શત્રુ છે, તેની ઉપર જલદી વજ્ર પડો, પણ અમારી પાસે તો કેવળ ધન રહો; કારણ કે ધન વિના ઉપર કહેલા સઘળા ગુણો ઘાસનાં તણખલાં જેવા અતિ તુચ્છ છે.* ૩૧

---

* ધનમાં જ બધું છે ☞
અન્વયથી† અને વ્યતિરેકથી સર્વ કરતાં ધનનું શ્રેષ્ઠપણું કહે છે.

---

† અન્વયવ્યતિરેક–જેના ભાવથી જેનો ભાવ હોય છે તે અન્વય તથા જેના અભાવથી જેનો અભાવ હોય તે વ્યતિરેક.

उपजातिवृत्त

यस्यास्ति वित्तं स नरः कुलीनः स पण्डितः स श्रुतवान्गुणज्ञः।
स एव वक्ता स च दर्शनीयः सर्वे गुणाः कांचनमाश्रयन्ति ॥३२

જે પુરુષની પાસે ધન છે, તે જ કુલીન, તે જ પંડિત, તે જ ગુણવાન, તે જ ગુણ જાણનાર, તે જ બોલનાર અને તે જ જોવાલાયક છે. કારણ કે, સઘળા ગુણો સુવર્ણ(ધન)નો આશ્રય કરી રહે છે. (ધન હોય ત્યારે જ સર્વ ગુણો પ્રકાશે છે.)૩૨

વિનાશકારક દુર્ગુણોનો નિર્દેશ

ખરાબ સલાહ વગેરેથી રાજા વગેરેનો નાશ થાય છે, એમ કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

दौर्मन्त्र्यान्नृपतिर्विनश्यति यतिः सङ्गात्सुतो लालना-
द्विप्रोऽनध्ययनात्कुलं कुतनयाच्छीलं खलोपासनात् ।

☞ वसन्ततिलकावृत्त

तानीन्द्रियाणि सकलानि तदेव कर्म
सा बुद्धिरप्रतिहता वचनं तदेव।
अर्थोष्मणा विरहितः पुरुषः स एव
त्वन्यः क्षणेन भवतीति विचित्रमेतत् ॥

જેની સઘળી ઇંદ્રિયો તે જ હોય, જેનું કર્મ તે જ હોય, જેની અકુંઠિત બુદ્ધિ તે જ હોય અને જેનું વચન તે જ હોય છતાં તે જ પુરુષ, જો ધનરહિત થાય તો ક્ષણ વારમાં બીજો બની જાય છે, એ આશ્ચર્ય છે.

તાત્પર્ય—એક ધન વિના ઇંદ્રિય વગેરે સઘળાં વ્યર્થ થાય છે, માટે ધન અવશ્ય મેળવવું જોઇએ.

ह्रीर्मद्यादनवेक्षणादपि कृषिः स्नेहः प्रवासाश्रया-
न्मैत्री चाप्रणयात्समृद्धिरनयात्त्यागात्प्रमादाद्धनम् ॥३३॥

ખરાબ સલાહથી રાજાનો નાશ થાય છે, સ્ત્રી વગેરેના સંગથી યતિનો નાશ થાય છે, લાડ લડાવવાથી પુત્ર નષ્ટ થાય છે–બગડે છે, ન ભણવાથી બ્રાહ્મણ નષ્ટ થાય છે, કુપુત્રથી કુળનો નાશ થાય છે, દુર્જનના સેવનથી સ્વભાવનો–સદ્વર્તનનો નાશ થાય છે, મદિરાથી લાજનો નાશ થાય છે, દેખરેખ–સંભાળ ન રાખવાથી ખેતીવાડીનો નાશ થાય છે, પરદેશમાં ફરવાથી સ્નેહનો નાશ થાય છે, પ્રેમના અભાવે મૈત્રીનો નાશ થાય છે, અનીતિથી સમૃદ્ધિનો નાશ થાય છે અને અપાત્રને દાન દેવાથી વા ગાફેલ રહેવાથી ધનનો નાશ થાય છે.૩૩

ધનની ત્રણ ગતિઓ

દાનરહિત અને ભોગરહિત ધનનો સર્વથા નાશ થાય છે.

आर्या

दानं भोगो नाशस्तिस्रो गतयो भवन्ति वित्तस्य।
यो न ददाति न भुंक्ते तस्य तृतीया गतिर्भवति ॥३४॥

દાન, ભોગ અને નાશ, એ ત્રણ ગતિઓ ધનની થાય છે. જે માણસ દાન દેતો નથી વા ઉપભોગ કરતો નથી, તેના ધનનો નાશ થાય છે.૩૪

એટલા માટે જો ધન હોય તો દાન પણ દેવું અને ઉપભોગ પણ કરવો.

કૃશ છતાં શોભતી વસ્તુઓ

માગણ લોકને પુષ્કળ ધન આપી નિર્ધન થયેલો પુરુષ શોભે છે તે ઉપર દૃષ્ટાંત.

शिखरिणीवृत्त

मणिः शाणोल्लीढः समरविजयी हेतिनिहतो
मदक्षीणो नागः शरदि सरितः श्यानपुलिनाः।
कलाशेषश्चन्द्रः सुरतमृदिता बालवनिता
तनिम्ना शोभन्ते गलितविभवाश्चार्थिषु जनाः ॥३५॥

સરાણે પાસા પાડેલો મણિ, ખડ્ગ વગેરેથી ઘાયલ થયેલો પણ યુદ્ધમાં જય મેળવનાર લડવૈયો, મદ ઝરવાથી ક્ષીણ થયેલો હાથી, શરદ્ ઋતુમાં સૂકાયલા કીનારાવાળી નદીઓ, બીજનો કલાશેષ ચંદ્ર, કામક્રીડામાં ચુંબન વગેરેથી મર્દન થયેલી બાળા સ્ત્રી અને જેઓએ માગણ લોકોને પોતાનો વૈભવ આપી દીધો છે એવા મનુષ્યો કૃશ હોવા છતાં શોભે છે. તાત્પર્ય—માણસે અવશ્ય દાન કરવું જોઇએ.૩૫

અવસ્થાનાં પરિણામો

વસ્તુની હલકાઇનું અને મોટાઇનું કારણ અવસ્થા જ છે, બીજું કંઇ નથી.

शिखरिणीवृत्त

परिक्षीणः कश्चित्स्पृहयति यवानां प्रसृतये
स पश्चात्संपूर्णः कलयति धरित्रीं तृणसमाम्।
अतश्चानैकान्त्याद्गुरुलघुतयाऽर्थेषु धनिना-
मवस्था वस्तूनि प्रथयति च सङ्कोचयति च ॥३६॥

દરિદ્રાવસ્થામાં હોય ત્યારે જે માણસ એક પોશ જવથી સંતુષ્ટ થાય છે, તેજ માણસ જ્યારે સંપત્તિવાન થાય છે ત્યારે પૃથ્વીને પણ તૃણસમાન ગણે છે; એટલા માટે અવસ્થા જ વસ્તુને મહત્તા અને લઘુતા આપે છે—સંકોચમાં લાવે છેઃ પરંતુ ધન કંઇ લઘુતા કે મહત્તા આપતું નથી; કારણ કે, ધનવંતોની હમ્મેશાં એક જ સ્થિતિ

રહેતી નથી. વખતે તે ધનાઢ્ય હોય છે ને વખતે નિર્ધન થઇ પડે છે. માટે અવસ્થા જ મહત્તાનું તથા લઘુતાનું કારણ છે. ૩૬

રાજનીતિ

રાજાઓને અને અધિકારીઓને પૃથ્વીના પાલનનો પ્રકાર જણાવે છે.

वसन्ततिलकावृत्त

राजन् ! दुधुक्षसि यदि क्षितिधेनुमेतां
तेनाद्य वत्समिव लोकममुं पुषाण।
तस्मिंश्च सम्यगनिशं परिपोष्यमाणे
नानाफलैः फलति कल्पलतेव भूमिः ॥३७॥

હે રાજન્! જો પૃથ્વીરૂપી ગાયને દોહવાની ઇચ્છા હોય તો વાછડાની પેઠે લોકનું પોષણ કરો. હમ્મેશાં સારી રીતે લોકનું પોષણ થવાથી પૃથ્વી કલ્પલતાની પેઠે નાના પ્રકારનાં ફળો આપે છે. ૩૭

અનેક પ્રકારની રાજનીતિ

રાજનીતિ એક પ્રકારની નથી, પરંતુ અનેક પ્રકારની છે, તે ઉપર વેશ્યાનું દૃષ્ટાંત.

वसन्ततिलकावृत्त

सत्याऽनृता च परुषा प्रियवादिनी च
हिंस्रा दयालुरपि चार्थपरा वदान्या।
नित्यव्यया प्रचुरनित्यधनागमा च
वाराङ्गनेव नृपनीतिरनेकरूपा ॥३८॥

જેમ વેશ્યા કોઇ વખતે સત્ય બોલનારી, કોઇ વખત અસત્ય બોલનારી, કોઇ વખતે કઠોર બોલનારી, કોઇ વખતે પ્રિય બોલનારી, કોઇ વખતે હિંસા કરનારી, કોઇ

વખતે ક્યાવાળી, કોઇ વખતે ધન લેનારી, કોઇ વખતે ધન આપનારી, કોઇ વખતે અતિ વ્યય કરનારી અને કોઇ વખતે પુષ્કળ ધન મેળવનારી, એ રીતે અનેક પ્રકારની હોય છે, તેમ રાજનીતિ પણ અનેક પ્રકારની હોય છે. ૩૮

રાજાશ્રયને યોગ્ય ગુણો

આજ્ઞા વગેરે છ ગુણો રાજપુરુષમાં હોવા જોઇએ, તે જો ન હોય તો તે રાજાનો આશ્રય વ્યર્થ છે.

शालिनीवृत्त

आज्ञा कीर्तिः पालनं ब्राह्मणानां दानं भोगो मित्रसंरक्षणं च ।
येषामेते षड्गुणा न प्रवृत्ताः कोऽर्थस्तेषां पार्थिवोपाश्रयेण ॥ ३९

અપ્રતિહત આજ્ઞા, સર્વ દિશાઓમાં કીર્તિ, બ્રાહ્મણોનું પાલન, સત્પાત્રને દાન, વૈભવોનો ઉપભોગ અને મિત્રોનું રક્ષણ એ છ ગુણો જે પુરુષોમાં નથી, તેઓને રાજાના આશ્રયનું શું ફળ ? અર્થાત્ કાંઇ પણ નહીં. ૩૯

પ્રારબ્ધાધીન પ્રાપ્તિ

પુરુષને પોતાનાં પ્રારબ્ધ પ્રમાણે ધન મળે છે, પણ અધિક મળતું નથી. તે પર ઘડાનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

यद्धात्रा निजभालपट्टलिखितं स्तोकं महद्वा धनं
तत्प्राप्नोति मरुस्थलेऽपि नितरां मेरौ ततो नाधिकम् ।
तद्धीरो भव वित्तवत्सु कृपणां वृत्तिं वृथा मा कृथाः
कूपे पश्य पयोनिधावपि घटो गृह्णाति तुल्यं जलम् ॥४०॥

બ્રહ્માએ પોતાના ભાલમાં-કપાળમાં થોડું અથવા અધિક જે ધન લખેલું હોય, તે ધન નિર્જલ દેશમાં પણ મળે છે, પણ તેથી અધિક મેરુપર્વતમાં પણ મળતું નથી; માટે ધીરજ રાખ અને ધનવાનની પાસે વ્યર્થ લાચારી ન દર્શાવ. વિચારી

એ, કે કૂવામાંથી ભરીએ વા સમુદ્રમાંથી ભરીએ પણ ઘડામાં તો જેટલું જળ માતું હોય તેટલું જ માય. ૪૦

તાત્પર્ય—લાભ થવો પ્રારબ્ધાધીન છે, માટે ધનની ઇચ્છાવાળા પુરુષે ધનવાનની પાસે લાચારી કરવી નહીં.*

૫ દુર્જનનિંદા પ્રકરણ ૪૧–૫૦

દુર્જનનું સ્વાભાવિક લક્ષણ કહે છે.

द्रुतविलंबितवृत्त

अकरुणत्वमकारणविग्रहः परधने परयोषिति च स्पृहा ।
स्वजनबन्धुजनेष्वसहिष्णुता प्रकृतिसिद्धमिदं हि दुरात्मनाम्४१

સર્વ પ્રાણીઓ ઉપર નિર્દયપણું, કારણ વિના કજીઓ, પરધનની તથા પરસ્ત્રીની ઇચ્છા અને પોતાના સંબંધીઓનું

---

*નિઃસ્વાર્થ ઉદારતા

મારો આશ્રિત માણસ માગે તો જ આપું, એવી પ્રતિજ્ઞા ન કરવી, એ પર મેઘાન્યોક્તિ.

अनुष्टुभ्वृत्त

त्वमेव चातकाधारोऽसीति केषां न गोचरः ।
किमम्भोदवराऽस्माकं कार्पण्योक्तिं प्रतीक्षसे ॥

હે શ્રેષ્ઠ મેઘ! ગરીબાઇનાં અમારાં વચનની શા માટે રાહ જુવે છે? કારણ કે તું જ ચાતકનો-બપૈયાનો આધાર છે, એમ કોણ નથી જાણતું? અર્થાત્ સર્વ જાણે છે.

તાત્પર્ય—પોતાના આશ્રિત માણસની ગરીબાઇનાં વચનની રાહ જોવી ઉચિત નથી.

બધા પાસે દીનતા કહેવી નહિ

પુરુષે કોઇની પાસે ગરીબાઇનું વચન કહેવું નહીં, એ પર ચાતકની અન્યોક્તિ. ☞

અને બંધુજનોનું રૂડું સહન ન કરવું, એ ચાર દોષો ખલ પુરુષોમાં સ્વાભાવિક હોય છે. (સરખાવો ૫૨ મો શ્લોક)૪૧

વિદ્વાન્ દુર્જન પણ ત્યાજ્ય

દુર્જન વિદ્વાન્ હોય, તો પણ તેનો સંગ કરવો નહીં, એમ સર્પના દૃષ્ટાંતથી કહે છે.

अनुष्टुभ्वृत्त

दुर्जनः परिहर्तव्यो विद्यया[1] भूषितोऽपि सन् ।
मणिनालंकृतः[2] सर्पः किमसौ न भयंकरः ॥ ४२ ॥

વિદ્યાથી સુશોભિત થયેલો દુર્જન વિદ્વાન્ હોય તો પણ તેનો સંગ કરવો નહીં. તે પર દૃષ્ટાંત–મણિથી શોભતો સર્પ શું ભયંકર નથી ? અર્થાત્ ભયંકર છે જ ૪૨

☞ शार्दूलविक्रीडितवृत्त

रे रे चातक ! सावधानमनसा ! मित्र ! क्षणं श्रूयता-
मम्भोदा बहवो हि सन्ति गगने सर्वेऽपि नैतादृशाः ।
केचिद्वृष्टिभिरार्द्रयन्ति वसुधां गर्जन्ति केचिद्वृथा
यं यं पश्यसि तस्य तस्य पुरतो मा ब्रूहि दीनं वचः ॥

હે ચાતક ! હે મિત્ર ! ક્ષણવાર સાવધાન મનથી સાંભળ કે, આકાશમાં ઘણા મેઘો છે, પરંતુ સઘળા જ દયાળુ નથી. કેમ કે, કેટલાક મેઘો વૃષ્ટિથી પૃથ્વીને ભીંજવી દે છે અને કેટલાક ફોકટના ગાજે છે. જેને જેને તું જોય છે તેની આગળ દીનતાનું વચન કહેતો નહીં.

અર્થાત્ જે દાતા હોય તેની પાસે માગણી કરવી, બીજાની પાસે માગણી કરવી નહીં.

---

१ 'विद्ययालङ्कृतोऽपि' इति पाठान्तरम् । २ 'भूषितः' इति पाठान्तरम् ।

તાત્પર્ય—જેમ મણિથી શોભતો સર્પ ભયંકર છે, તેમ દુર્જન વિદ્વાન્ હોય તો પણ તે ભયંકર છે, માટે સર્વથા તેનો સંગ તજવો.

દુર્જનોની ગુણમાં દોષદૃષ્ટિ

દુર્જનો ગુણવાન્ પુરુષોના સર્વ ગુણોને દોષરૂપ ગણે છે, એમ કહે છે અર્થાત્ ગુણમાં દોષ આરોપવાનો પ્રકાર કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

जाड्यं ह्रीमति गण्यते व्रतरुचौ दम्भः शुचौ कैतवं
शूरे निर्घृणता मुनौ विमतिता दैन्यं प्रियालापिनि ।
तेजस्विन्यवलिप्तता मुखरता वक्तर्यशक्तिः स्थिरे
तत्को नाम गुणो भवेत्स गुणिनां यो दुर्जनैर्नाङ्कितः ॥४३॥

દુર્જનો લાજવાળા પુરુષને જડ કહે છે, વ્રત કરનારને દંભી કહે છે, પવિત્ર પુરુષને ધૂર્ત કહે છે, શૂર પુરુષને નિર્દય કહે છે, સરલ પુરુષને બુદ્ધિહીન કહે છે, પ્રિય બોલનારને દીન કહે છે, તેજસ્વીને ગર્વિષ્ઠ કહે છે, બોલવામાં ચતુરને બહુ બોલો કહે છે અને સ્થિર (ઠરેલા)-ને અશક્ત કહે છે, ત્યારે ગુણવાન પુરુષનો એવો કયો ગુણ છે કે, જેમાં દુર્જનોએ દોષ ન મૂક્યો હોય? ૪૩

ગ્રાહ્યાગ્રાહ્ય ગુણદોષો

ત્યાગ કરવા યોગ્ય દોષનાં અને ગ્રહણ કરવા યોગ્ય ગુણનાં લક્ષણો.

शार्दूलविक्रीडितवृत्त

लोभश्चेदगुणेन किं पिशुनता यद्यस्ति किं पातकैः
सत्यं चेत्तपसा च किं शुचि मनो यद्यस्ति तीर्थेन किम् ।

सौजन्यं यदि किं गुणैःस्व(बलेन)महिमा यद्यस्ति किं मण्डनैः
सद्विद्या यदि किं धनैरपयशो यद्यस्ति किं मृत्युना ॥४४॥

જો લોભ (ધન મળ્યા છતાં પણ અધિક મળવાની ઇચ્છા) હોય તો નિર્ગુણપણાંની શી જરુર છે! (કારણ કે જો લોભ હોય તો સર્વ ગુણ વ્યર્થ થાય છે.) જો ચાડીઆપણું હોય તો પાપનું શું કામ છે.! (કેમકે ચાડીઆપણામાં જ સર્વ પાપ સમાય છે.) જો સત્ય હોય તો તપનું શું પ્રયોજન છે? (સત્ય બોલવાથી જ તપનું ફળ મળે છે.) જો શુદ્ધ મન હોય તો તીર્થનું શું પ્રયોજન છે? (તીર્થમાં સ્નાન કર્યાનું ફળ શુદ્ધ મનથી જ પ્રાપ્ત થાય છે.) જો સુજનપણું હોય તો ગુણનું શું પ્રયોજન છે? (કારણ કે સુજનતાથી સર્વે ગુણો આવે છે.) જો પોતાનો સારો મહિમા હોય તો ઘરેણાંનું શું પ્રયોજન છે? (કારણ કે મહિમા જ શોભા આપે છે.) જો સદ્વિદ્યા હોય તો ધનનું શું પ્રયોજન છે? (કારણ કે સર્વ ધન કરતાં વિદ્યારૂપી ધન ઉત્તમ છે.) જો અપયશ હોય તો મૃત્યુનું શું પ્રયોજન છે? (કેમકે અપયશ જ મરણનું કાર્ય કરે છે. ૪૪

શૂળ જેવા પદાર્થો

અપરિહાર્ય માનસિક દુઃખોની ગણના કરે છે.

पृथ्वीवृत्त

शशी दिवसधूसरो गलितयौवना कामिनी
सरो विगतवारिजं मुखमनक्षरं स्वाकृतेः।
प्रभुर्धनपरायणः सततदुर्गतः सज्जनो
नृपाङ्गणगतः खलो मनसि सप्त शल्यानि मे ॥४५॥

દિવસમાં કાંતિહીન થયેલો ચંદ્ર, જેનું યૌવન ચાલ્યું ગયું છે એવી સ્ત્રી, કમળ વિનાનું સરોવર, સારી આકૃતિવા-

ળાનું અક્ષર વિનાનું મુખ, ધનમાં તત્પર એવો માલિક, નિરંતર દારિદ્રચવાળો સજ્જન અને રાજાના આંગણામાં ગયેલો ખળ, એ સાત મારા મનમાં શલ્ય (કાંટા જેવા) છે. ૪૫

રાજકોપની અસહ્યતા

અત્યંત કોપેલા રાજાઓને કોઇ પણ પોતાનો નથી, એમ અગ્નિના દૃષ્ટાંતથી કહે છે.

अनुष्टुभ्वृत्त

न कश्चिच्चण्डकोपानामात्मीयो नाम भूभुजाम् ।
होतारमपि जुह्वानं स्पृष्टो दहति पावकः ॥४६॥

અત્યંત કોપવાળા રાજાઓને કોઇપણ પોતાનો નથી. (તે પર દૃષ્ટાંત) અગ્નિ સ્પર્શ થવાથી હોમનારને પણ બાળે છે. ૪૬

અર્થાત્—જેમ અગ્નિ સ્પર્શ થવાથી હોમનારને પણ બાળે છે, તેમ અત્યંત કોપવાળા રાજાઓ અપરાધ થવાથી પોતાના સંબંધી વગેરેને પણ છોડતા નથી.

અતિ કઠિન સેવાધર્મ

मन्दाक्रान्तावृत्त

मौनान्मूकः प्रवचनपटु(र्वाचको)श्चाटुलो जल्पको वा
धृष्टः पार्श्वे वस(भव)ति च तदा दूरतश्चाप्रगल्भः ।
क्षान्त्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥४७॥

ચાકરી કરનાર જો મૌન ધારણ કરે તો મૂંગો છે એમ ગણાય, જો વિશેષ બોલે તો વાચાળ અથવા વાયુના રોગવાળો ગણાય, જો માલિકની પાસે જ રહે તો નિર્લજ્જ ગણાય, જો માલિકથી દૂર દૂર ફરતો રહે તો અપ્રૌઢ ગણાય, જો ક્ષાંતિ રાખે તો બીકણ કહેવાય અને સહન ન કરે તો મૂર્ખ

અથવા નીચ કુળનો કહેવાય. માટે સેવાધર્મ અત્યંત કઠિન છે અને તેને યોગીઓ પણ જાણી શકતા નથી. ૪૭

નીચ સેવાનો નિષેધ

નીચની સેવા કરનારને સુખ મળતું નથી.

वसन्ततिलकावृत्त

उद्भासिताखिलखलस्य विशृङ्खलस्य
प्राग्जातविस्तृतनिजाधमकर्मवृत्तेः ।
दैवादवाप्तविभवस्य गुणद्विषोऽस्य
नीचस्य गोचरगतैः सुखमास्यते कैः ॥४८॥

જેણે સઘળા ખળ પુરુષોનો પ્રકાશ કરેલો છે, જે મર્યાદારહિત છે, પૂર્વ જન્મમાં થયેલાં અને આ જન્મમાં ફેલાયલાં પોતાનાં નીચ કર્મમાં જે વર્તે છે, જેને દૈવયોગે ઐશ્વર્ય મળેલું છે અને જે ગુણનો દ્વેષ કરે છે તેવા નીચ પુરુષની નજરે પડેલા કયા પુરુષને સુખ મળે છે? કોઇને નહીં. ૪૮

ખલ સજ્જનોની મૈત્રી

દિવસના પ્રથમ પહોર અને પાછલા પહોરની છાયાની પેઠે ખળની અને સજ્જનની મૈત્રી ચઢતી અને ઉતરતી જાય છે.

उपजातिवृत्त

आरम्भगुर्वी क्षयिणी क्रमेण लघ्वी पुरा वृद्धिमती च पश्चात् ।
दिनस्य पूर्वार्धपरार्धभिन्ना छायेव मैत्री खलसज्जनानाम् ॥

દિવસના પૂર્વાર્ધની છાયાની પેઠે ખળ પુરુષની મૈત્રી આરંભમાં મોટી અને પછી ક્રમે કરી ક્ષય પામનારી છે. દિવસના ઉત્તરાર્ધની છાયાની પેઠે સજ્જનની મૈત્રી પ્રથમ થોડી હોય છે અને પછી ક્રમે કરી વધે છે. ૪૯

તાત્પર્ય—જેમ દિવસના પ્રથમ પહોરના આરંભમાં સૂર્ય તરફ મોઢું રાખી ઊભા હોઇએ છીએ ત્યારે આપણી છાયા મોટી

હોય છે ને પછી જેમ જેમ દિવસ ચડતો જાય છે તેમ તેમ ઓછી (નાની) થતી જાય છે; તેમ ખલ પુરુષની મૈત્રી આરંભમાં મોટી ને પછી ઘટી જાય છે અને જેમ દિવસના પાછલા પહોરમાં પ્રથમ છાયા થોડી હોય છે, પણ જેમ જેમ દિવસ ઉતરતો જાય, તેમ તેમ છાયા વધતી જાય છે; તેમ સજ્જનની મૈત્રી આરંભમાં થોડી ને પછી ક્રમે ક્રમે વધતી જાય છે.

નિષ્કારણ વૈરીઓ

જગતમાં દુર્જનો વિનાકારણ વૈરી થાય છે, તે વિષે પારધિનું, મચ્છી મારનું અને દુર્જનનું દૃષ્ટાંત.

गीति

मृगमीनसज्जनानां तृणजलसंतोषविहितवृत्तीनाम् ।
लुब्धकधीवरपिशुना निष्कारणमेव वैरिणो जगति ॥५०॥

જગતમાં પારધિઓ તૃણ ખાઈ જીવનાર મૃગના વિનાકારણ વૈરી થાય છે, ઢીમરો જલથી જીવનારા માછલાના વિનાકારણ વૈરી થાય છે અને દુર્જનો સંતોષી સજ્જનોના વિનાકારણ વૈરી થાય છે. ૫૦

અર્થાત્—જેમ પારધિ અને ઢીમર મૃગ અને માછલાના વિનાકારણ વૈરી થાય છે તેમ દુર્જન સજ્જનોના વિનાકારણ વૈરી થાય છે.

૬. સજ્જનપ્રશંસા પ્રકરણ ૫૧–૬૦

સજ્જનસમાગમની વાઞ્છા વગેરે ગુણવાળા પુરુષો અત્યંત પૂજ્ય થાય છે.

शार्दूलविक्रीडितवृत्त

वाञ्छा सज्जनसङ्गमे परगुणे प्रीतिर्गुरौ नम्रता
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद्भयम् ।

भक्तिः शूलिनि शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले-
ष्वेते येषु वसन्ति निर्मलगुणास्तेभ्यो महद्भ्यो[1] नमः ॥५१॥

સજ્જનના સમાગમમાં વાગ્છા (ઇચ્છા), બીજાના ગુણમાં પ્રીતિ, ગુરુમાં નમ્રપણું, વિદ્યાનું વ્યસન, પોતાની સ્ત્રી ઉપર રતિ, લોકમાં નિંદાનો ભય, મહાદેવજી ઉપર ભક્તિ, મનને વશ રાખવામાં શક્તિ અને ખળના સહવાસનો ત્યાગ એટલા નિર્મળ ગુણો જે પુરુષોમાં હોય છે, તે મહાપુરુષો પૂજ્ય છે. ૫૧

મહાત્માઓના સ્વાભાવિક ગુણો

द्रुतविलंबितवृत्त

विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचि(रति)र्व्यसनं श्रुतौ
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥५२॥

વિપત્તિ વખતે ધૈર્ય, ઉન્નતિ વખતે ક્ષમા, સભામાં વાણીનું ચાતુર્ય, યુદ્ધમાં પરાક્રમ, યશમાં પ્રીતિ અને વેદાદિ ઉપર આસક્તિ, એટલા ગુણો મહાત્માઓમાં સ્વાભાવિક છે. (સરખાવો ૪૧ મો શ્લોક) ૫૨

ભૂષણરૂપ ગુણો

સત્પાત્રને દાન આદિ આપવાં, એ જ ભૂષણ છે, પણ બીજું કંઇ ભૂષણ નથી.

शिखरिणीवृत्त

करे श्लाघ्यस्त्यागः शिरसि गुरुपादप्रणयिता
मुखे सत्या वाणी विजयिभुजयोर्वीर्यमतुलम् ।

---

१ ' महद्भयो ' इति पाठान्तरम् ।

हृदि स्वस्था वृत्तिः श्रुतमधिगतं च श्रवणयो-
र्विनाप्यैश्वर्येण प्रकृतिमहतां मण्डनमिदम् ॥५३॥

સત્પાત્રને દાન આપવું એ હાથનું વખાણવા લાયક ઘરેણું છે, ગુરુના ચરણો પર નમસ્કાર કરવા એ મસ્તકનું ઘરેણું છે, સત્ય બોલવું એ મુખનું ઘરેણું છે, જય મેળવે તેવું અતુલનીય વીર્ય એ ભુજોનો અલંકાર છે, સ્વચ્છ વર્તણૂક એ હૃદયનું ઘરેણું છે અને શાસ્ત્રશ્રવણથી ઇશ્વરનું જ્ઞાન થવું એ કર્ણોનું ઘરેણું છે. લૌકિક ઐશ્વર્ય વિનાના હોવા છતાં જેઓ સ્વભાવથી જ મહાત્માઓ છે, તેમનાં ઉપર કહેલાં ઘરેણાં છે. ૫૩

કલ્યાણનો માર્ગ

પ્રાણીની હિંસા વગેરે ન કરવી, એજ કલ્યાણનો માર્ગ છે.

स्रग्धरावृत्त

प्राणाघातान्निवृत्तिः परधनहरणे संयमः सत्यवाक्यं
काले शक्त्या प्रदानं युवतिजनकथामूकभावः परेषाम् ।
तृष्णास्रोतोविभङ्गो गुरुषु च विनयः सर्वभूतानुकम्पा
सामान्यः सर्वशास्त्रेष्वनुपहतविधिः श्रेयसामेष पन्थाः ॥५४॥

પ્રાણના નાશથી નિવૃત્તિ થવી, પરાયાં ધન હરવામાં ચિત્તને નિયમમાં રાખવું, સત્ય બોલવું, સમય પ્રમાણે યથાશક્તિ દાન આપવું,, પરસ્ત્રીની કથાઓમાં મૂંગું રહેવું, આશાને વધવા ન દેવી, ગુરુઓ પાસે વિનય રાખવો અને સર્વ પ્રાણીઓ ઉપર દયા રાખવી, એ પ્રમાણે સર્વ શાસ્ત્રોમાં નિષેધ ન કરાયલો અને સર્વ લોકોને સાધારણ એવો આ કલ્યાણનો માર્ગ છે. ૫૪

મહાપુરુષોનું ચિત્ત

સંપત્તિ અને વિપત્તિ વખતની મહાત્માઓના મનની સ્થિતિ આવી હોય છે.

अनुष्टुभ्वृत्त

संपत्सु महतां चित्तं भवत्युत्पलकोमलम् ।
आपत्सु च महाशैलशिलासंघातकर्कशम् ॥५५॥

મહાત્માઓનું ચિત્ત સંપત્તિ વખતે કમળ જેવું કોમળ થાય છે અને આપત્તિમાં મોટા પર્વતની શિલાના સમુદાય જેવું અત્યંત કઠિન થાય છે. (અર્થાત્ મહાત્માઓનું ચિત્ત સંપત્તિમાં ગર્વરહિત રહે છે અને વિપત્તિમાં ધીરજવાળું રહે છે.) ૫૫

સત્પુરુષોનું અસિધારાવ્રત

સજ્જનની પેઠે વર્તવું, પણ ખળ પુરુષની પેઠે વર્તવું નહિ એમ જણાવવા માટે સત્પુરુષનાં આચરણનાં વખાણ કરે છે.

शिखरिणीवृत्त

प्रिया न्याय्या वृत्तिर्मलिनमसुभङ्गेऽप्यसुकरं
त्वसन्तो नाभ्यर्थ्याः सुहृदपि न याच्यः कृशधनः ।
विपद्युच्चैः स्थेयं पदमनुविधेयं च महतां
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥५६॥

ન્યાયથી આજીવિકા ચલાવવી, પ્રિય પ્રાણના નાશની વખતે પણ નિંદિત કર્મ ન કરવું, દુર્જનની આગળ યાચના કરવી નહિ, જેનું ધન ક્ષીણ થયું હોય તેવા મિત્ર પાસે પણ માગવું નહિ, વિપત્તિમાં પણ મોટાઇમાં રહેવું અને મહાત્માઓના માર્ગને અનુસરવું, એ પ્રકારે અતિ કઠણ એવું આ અસિધારાવ્રત (તરવારની ધાર જેવું તીક્ષ્ણ વ્રત) સત્પુરુષોને કોણે બતાવ્યું? અર્થાત્ કોઇએ બતાવેલું નથી, પણ તેમનું તે વ્રત સ્વભાવસિદ્ધ છે. ૫૬

સત્પુરુષોની મોટાઇનો બીજો પ્રકાર.

शिखरिणीवृत्त

प्रदानं प्रच्छन्नं गृहमुपगते संभ्रमविधिः
प्रियं कृत्वा मौनं सदसि कथनं नाप्युपकृतेः ।
अनुत्सेको लक्ष्म्यां निरभिभवसाराः परकथाः
सतां केनोद्दिष्टं विषममसिधाराव्रतमिदम् ॥५७॥

બ્રાહ્મણોને ગુપ્ત દાન દેવું, ઘેર આવેલાની આગતા-સ્વાગતા કરવી, હિત કરીને પણ મૌન રાખવું, પોતે કરેલા ઉપકારને પ્રકટ કરવો નહીં, સમૃદ્ધિ છતાં પણ ગર્વ રાખવો નહીં અને ખોટા પડવાની બીક વગરની બીજાઓની વાતો કરવી—એવી રીતે તલવારની ધાર જેવું (ઉપર કહેલું) તીક્ષ્ણ વ્રત સત્પુરુષોને કોણે બતાવ્યું? અર્થાત્ કોઈએ બતાવ્યું નથી, પણ એ સ્વાભાવિક છે. ૫૭

સંસર્ગનું પરિણામ

સંબંધથી જ ગુણનું વિચિત્રપણું થાય છે, તે પર જળનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

संतप्तायसि संस्थितस्य पयसो नामाऽपि न ज्ञा(श्रू)यते
मुक्ताकारतया तदेव नलिनीपत्रस्थितं राज(दृश्य)ते ।
स्वात्यां सागरशुक्तिमध्यपतितं तन्मौक्तिकं जायते
प्रायेणाधममध्यमोत्तमजुषामेवंविधा वृत्तयः ॥५८॥

તપેલાં લોખંડ ઉપર પડેલાં જળનું નામ પણ જણાતું નથી અર્થાત્ તત્કાલ નાશ પામે છે. એ જ જળ જો કમલનાં પત્ર ઉપર પડયું હોય તો મોતીના દાણા જેવું શોભે છે; અને એ જ જળ જો સ્વાતિ નક્ષત્રમાં સમુદ્રની છીપની વચમાં પડયું હોય તો મોતી થાય છે; માટે અધમ, મધ્યમ અને ઉત્તમોનો આશ્રય કરનારાઓના આવા વ્યાપાર હોય છે. ૫૮

१ 'गुणः संसर्गतो जायते' इति पाठान्तरम् ।

તાત્પર્ય—જેમ તપેલા તવા વગેરેના સંબંધથી એક જ જળનું પરિણામ જૂદું જૂદું થાય છે, તેમ અધમ, મધ્યમ અને ઉત્તમ જનના સહવાસથી જૂદા જૂદા ગુણની પ્રાપ્તિ થાય છે.

પુણ્યશાળીને થતી પ્રાપ્તિ

આચરણથી પુત્ર વગેરેનું લક્ષણ કહે છે.

वसन्ततिलकावृत्त

यः प्रीणयेत्सुचरितैः पितरं स पुत्रो
यद्भर्तुरेव हितमिच्छति तत्कलत्रम् ।
तन्मित्रमापदि सुखे च समक्रियं य-
देतत्त्रयं जगति पुण्यकृतो लभन्ते ॥५९॥

જે સારી વર્તણૂકથી પિતાને પ્રસન્ન કરે તે જ પુત્ર; જે પતિનું હિત ઈચ્છે તે જ સ્ત્રી અને આપત્તિમાં તથા સુખમાં જેની વર્તણૂક સમાન જ રહે તે જ મિત્ર સમજવો. પુણ્ય કૃત્યો કરેલાં હોય એવા પુરુષોને જ ઉપર કહેલી ત્રણ વસ્તુઓ મળે છે. ૫૯

સત્પુરુષોની વન્દ્યતા

સત્પુરુષો નમ્રતા વગેરે ગુણોથી જગતમાં પૂજ્ય થાય છે.

स्रग्धरावृत्त

नम्रत्वेनोन्नमन्तः परगुणकथनैः स्वान्गुणान्ख्यापयंतः
स्वार्थान्संपादयन्तो विततपृथुतरारम्भयत्नाः परार्थे ।
क्षान्त्यैवाऽऽक्षेपरूक्षाक्षरमुखरमुखान् दुर्मुखान्दूषयन्तः[1]
सन्तः साश्चर्यचर्या जगति बहुमताः कस्य नाभ्यर्चनीयाः ६०

સત્પુરુષો નમ્રપણાથી ઉન્નતિને પ્રાપ્ત થાય છે. (નમવાથી કોઈ પણ ઊંચું થાય નહીં ને સત્પુરુષો તો નમવાથી ઊંચા થાય છે—શ્રેષ્ઠ ગણાય છે) એ જ તેઓનું આશ્ચર્યકારક

---

१ 'दुर्जनान्दुःखयन्तः' इति पाठान्तम् ।

ચરિત્ર છે; સત્પુરુષો બીજાના ગુણના વર્ણનથી પોતાના ગુણને પ્રસિદ્ધ કરે છે (પરોપકાર માટે મોટા પ્રયાસથી આરંભ કરે છે, અને પોતાનું કાર્ય સિદ્ધ કરે છે) અને તિરસ્કારથી કઠોર અક્ષરવાળાં જેઓનાં મુખ છે એવા દુર્જનોને ક્ષમાથી જ દોષયુક્ત કરે છે. આશ્ચર્યકારક આચરણવાળા અને અતિ માનવાલાયક એવા સત્પુરુષો કોને પૂજ્ય નથી? સર્વને પૂજ્ય છે. ૬૦

૭. પરોપકારપદ્ધતિ પ્રકરણ ૬૧–૭૦

વૃક્ષ વગેરેનું દૃષ્ટાંત આપી પરોપકારીઓના સ્વભાવને વર્ણવે છે.

वंशस्थवृत्त

भवन्ति नम्रास्तरवः फलोद्गमै-
र्नवाम्बुभिर्भूरिविलम्बिनो घनाः ।
अनुद्धताः सत्पुरुषाः समृद्धिभिः
स्वभाव एवैष परोपकारिणाम् ॥६१॥ *

ફળ આવવાથી વૃક્ષો નમી જાય છે, નવા જળથી મેઘ નમી જાય છે, તેમ સમૃદ્ધિથી સત્પુરુષો નમે છે. પરોપકારીઓનો એ સ્વભાવ જ છે. ૬૧

અર્થાત્ જેમ ફળ આવવાથી વૃક્ષ વગેરે નમ્ર થાય છે તેમ ઐશ્વર્ય મળતાં પણ સત્પુરુષો અનુદ્ધત–નમ્ર બને છે.

શરીરની શોભા શેમાં?

શ્રવણ આદિ ગુણથી જ કાન વગેરે ઉત્તમ છે.

---

* આ શ્લોક અભિજ્ઞાન શાકુંતલ નાટકના પાંચમા અંકમાંનો બારમો છે.

उपजातिवृत्त

श्रोत्रं श्रुतेनैव न कुण्डलेन दानेन पाणिर्न तु कङ्कणेन।
विभाति कायः करुणा[1]पराणां परोपकारैर्न तु चन्दनेन ॥६२॥

શાસ્ત્રનાં શ્રવણુથી જ કાન શોભે છે, પણુ કુંડળથી શોભતા નથી; દાન કરવાથી હાથ શોભે છે, પણુ કંકણુથી શોભતા નથી; અને દયાળુ માણુસોનું શરીર પરોપકારથી શોભે છે, પરંતુ ચંદનથી શોભતું નથી; એટલા માટે પુરુષોએ અવશ્ય શાસ્ત્ર-શ્રવણુ આદિ કરવું જોઇએ. ૬૨

સત્પુરુષોની પરોપકારશીલતા

સત્પુરુષો કોઇની પણુ પ્રાર્થના વિના જ બીજાનાં કલ્યાણુ માટે ઉદ્યોગ કરે છે, એ પર સૂર્ય વગેરેનાં દૃષ્ટાંત.

वसन्ततिलकावृत्त

पद्माकरं दिनकरो विकचीकरोति
चन्द्रो विकासयति कैरवचक्रवालम्।
नाभ्यर्थितो जलधरोऽपि जलं ददाति
सन्तः स्वयं परहितेषु कृताभियोगाः ॥६३॥

સૂર્ય પ્રાર્થના વિના જ કમળોના સમુદાયને પ્રફુલ્લિત કરે છે, ચંદ્ર કોઇની પણુ પ્રાર્થના વિના પોયણી (કુમુદિની) ને પ્રફુલ્લિત કરે છે અને મેઘ પણુ કોઇની પ્રાર્થના વિના જળ આપે છે; તેમ જ સત્પુરુષો પણુ જાતે જ બીજાના કલ્યાણુ માટે ઉત્સાહથી પ્રયાસ કરે છે. ૬૩

મનુષ્યોના ચાર પ્રકાર

ક્રિયાના ભેદથી મનુષ્યોના ચાર ભેદ છે.

शार्दूलविक्रीडितवृत्त

एके सत्पुरुषाः परार्थघटकाः स्वार्थं परित्यज्य ये
सामान्यास्तु परार्थमुद्यमभृतः स्वार्थाविरोधेन ये।

---

१ 'करुणाकुलानां' इति पाठान्तरम्।

तेऽमी मानुषराक्षसाः परहितं स्वार्थाय निघ्नन्ति ये
ये निघ्नन्ति निरर्थकं परहितं ते के न जानीमहे ॥६४॥

જેઓ સ્વાર્થ છોડીને પરોપકાર કરે છે તેઓ સત્પુરુષો કહેવાય છે, જેઓ સ્વાર્થને ધક્કો ન લાગે તેવી રીતે પરોપકાર કરે છે તેઓ મધ્યમ પુરુષો કહેવાય છે, જે સ્વાર્થ માટે પરનાં હિતનો નાશ કરે છે તેઓ મનુષ્યમાં રાક્ષસ કહેવાય છે અને જેઓ વૃથા બીજાનાં કલ્યાણનો નાશ કરે છે, તેઓ કોણ છે? એ અમે જાણતા નથી, અર્થાત્ તેઓ અતિ નિંદ્ય છે. ૬૪

સારા મિત્રનાં લક્ષણો

वसन्ततिलकावृत्त

पापान्निवारयति योजयते हिताय
गुह्यं च गूहति गुणान्प्रकटीकरोति ।
आपद्गतं च न जहाति ददाति काले
सन्मित्रलक्षणमिदं प्रवदन्ति सन्तः ॥६५॥

પાપથી નિવારણ કરે છે, કલ્યાણકારક આચરણમાં લગાડે છે, ગુપ્ત વાતને છૂપાવે છે, ગુણને પ્રસિદ્ધ કરે છે, આપત્તિ વખતે પણ છોડતો નથી અને સમયે ધન વગેરે પણ આપે છે, એ પ્રકારનું સારા મિત્રોનું લક્ષણ છે, એમ સત્પુરુષો કહે છે. ૬૫

અવિનાશી સજ્જન મૈત્રી

સજ્જનની મૈત્રી, સંતાપ થાય તો પણ નાશ પામતી નથી, એ સંબંધે જળ તથા દૂધનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

क्षीरेणात्मगतोदकाय हि गुणा दत्ताः पुरा तेऽखिलाः
क्षीरे तापमवेक्ष्य तेन पयसा ह्या(स्वा)त्मा कृशानौ हुतः

गन्तुं पावकमुन्मनस्तदभवद्दृष्ट्वा तु मित्रापदं
युक्तं तेन जलेन शाम्यति सतां मैत्री पुनस्त्वीदृशी ॥६६॥

પ્રથમ પોતા પાસે આવેલાં જળને દૂધ પોતાની મધુરતા વગેરે સર્વ ગુણો આપી દે છે-બન્ને એકરૂપ થઈ જાય છે; પછી અગ્નિનો સંયોગ થવાથી દૂધને તાપ થતો જોઈ, જળ પોતાનાં શરીરને અગ્નિમાં હોમે છે-પ્રથમ જળ બળી જાય છે. પછી મિત્ર જે જળ તેની આપત્તિ જોઈ, દૂધ પણ અગ્નિમાં પડવા માટે તૈયાર થાય છે, એટલે તે ઉભરાવા લાગે છે, પછી તેમાં જળ છાંટવાથી તે ઉભરો પાછો બેસી જાય છે. સત્પુરુષોની મૈત્રી તો દૂધ અને જળના જેવી હોય છે. ૬૬

મહાત્માનું ઔદાર્ય

મહાત્માઓ ઘણાને આશ્રય આપે છે, તેપર સમુદ્રની અન્યોક્તિ.

पृथ्वीवृत्त

इतः स्वपिति केशवः कुलमितस्तदीयद्विषा-
मितश्च शरणार्थिनां शिखरिणां गणाः शेरते ।
इतोऽपि वडवानलः सह समस्तसंवर्तकै-
रहो विततमूर्जितं भरसहं च सिन्धोर्वपुः ॥६७॥

સમુદ્રમાં એક ઠેકાણે નારાયણ સૂવે છે, એક ઠેકાણે નારાયણના શત્રુ દૈત્યોનો સમુદાય રહે છે, એક ઠેકાણે શરણે આવેલા પર્વતોના સમુદાયો સૂવે છે અને એક ઠેકાણે સઘળા પ્રલયો સાથે વડવાનલ (સમુદ્રમાં રહેનાર અગ્નિ) રહે છે. અહો! એવી રીતે સમુદ્રનું શરીર આશ્ચર્યકારક વિસ્તારવાળું, બળવાળું અને ભારને સહન કરનારું છે. મહાત્માઓ સમુદ્રની પેઠે ઉપકાર કરનાર અને ઉપકાર નહીં કરનાર સઘળાને આશ્રય આપે છે. ૬૭

લોકોત્તર વ્યક્તિઓનું જન્મસાફલ્ય

स्रग्धरावृत्त

जातः कूर्मः स एकः पृथुभुवनभरायार्पितं येन पृष्ठं
श्लाघ्यं जन्म ध्रुवस्य भ्रमति नियमितं यत्र तेजस्विचक्रम् ।
सञ्जातव्यर्थपक्षाः परहितकरणे नोपरिष्टान्न चाधो
ब्रह्माण्डोदुम्बरान्तर्मशकवदपरे जन्तवो जातनष्टाः ॥૬૮

જેમણે પોતાની પીઠ પર ચૌદ ભુવનોનો વિપુલ ભાર ધારણ કર્યો તે કૂર્માવતારી ભગવાન એક જ થયા હતા. જેના પર તેજસ્વી ગ્રહનક્ષત્રાદિનું ચક્ર અર્થાત્ શિશુમારનામક ગ્રહનક્ષત્રમંડલ નિયમિત ભમે છે તે ધ્રુવનો જન્મ પ્રશંસનીય છે. પરોપકાર કરવાની બાબતમાં અસમર્થ બની ગયેલા પક્ષવાળા અન્ય પ્રાણીઓ ધ્રુવની પેઠે ઉપલા ભાગમાં અને કૂર્મની પેઠે નીચલા ભાગમાં પણ રહી શકતા નથી. પણ તેઓ બ્રહ્માંડરૂપ ઉદુંબર વૃક્ષપરનાં ફળોની અંદરનાં મગતરાંઓની પેઠે જાતનષ્ટ હોય છે. ૬૮

સજ્જનતાજનક ગુણો

તૃષ્ણા વગેરે તજવાથી સજ્જનપણું આવે છે, એ સંબંધે મનુષ્યો પ્રતિ ઉપદેશ.

शार्दूलविक्रीडितवृत्त

तृष्णां छिन्धि भज क्षमां जहि मदं पापे रतिं मा कृथाः
सत्यं ब्रूह्यनुयाहि साधुपदवीं सेवस्व विद्वज्जनम् ।
मान्यान्मानय विद्विषोऽप्यनुनय प्रच्छादय स्वान्गुणान्
कीर्तिं पालय दुःखिते कुरु दयामेतत्सतां चेष्टितम् ॥૬૯॥

તૃષ્ણાને છેદો, ક્ષમાનું સેવન કરો, મદને તજો, પાપમાં પ્રીતિ ન રાખો, સત્ય બોલો, સજ્જનના માર્ગને અનુસરો,

---

१'प्रख्यापय प्रश्रयं' इति पाठान्तरम् । २ 'लक्षणम्' इति पाठान्तरम्

વિદ્વાનોની સેવા કરો, માનવા યોગ્ય જનોને માનો, શત્રુઓને પણ મનાવો, પોતાના ગુણોને ઢાંકો, કીર્તિની રક્ષા કરો અને દુઃખિયા ઉપર દયા રાખો; કારણ કે, ઉપર કહેલાં લક્ષણો સજ્જનોનાં છે. ૬૯

સત્પુરુષોની વિરલતા

બીજે પ્રકારે પણ સત્પુરુષોનું લક્ષણ અને તેનું દુર્લભપણું કહે છે.

માલિનીવૃત્ત

> मनसि वचसि काये पुण्यपीयूषपूर्णा-
> स्त्रिभुवनमुपकारश्रेणिभिः प्रीणयन्तः ।
> परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं
> निजहृदि विकसन्तः सन्ति सन्तः कियन्तः ॥७०॥

જેમનાં મન, વચન અને કાયા પુણ્યરૂપ અમૃતથી ભરેલાં છે, (મન, વચન અને શરીરથી જેઓ પુણ્ય કરે છે, પણ પાપ કરતા નથી), જેઓ ઉપકારોથી ત્રણે જગતને પ્રસન્ન કરે છે અને બીજાના થોડા ગુણને પર્વત જેવડા મોટા કરી નિત્ય પોતાના મનમાં પ્રસન્ન થાય છે, એવા સત્પુરુષો વિરલ છે ! ૭૦*

---

* સજ્જનના આશ્રયની મહત્તા

સત્પુરુષો પોતાના ગુણો બીજાને આપે છે, તે સંબંધે મલયપર્વતની અન્યોક્તિ.

વસન્તતિલકાવૃત્ત

> किं तेन हेमगिरिणा रजताद्रिणा वा
> यत्राश्रिताश्च तरवस्तरवस्त एव ।

૮. ધૈર્ય પ્રકરણ ૭૧-૮૦

ધીર પુરુષો મેળવવા ધારેલી વસ્તુને મેળવવા માટે યત્ન કરતાં વચમાં વિઘ્ન આવે તો પણ ધારેલી વસ્તુની પ્રાપ્તિ વિના વિરામ પામતા નથી. એ સંબંધે સમુદ્રમંથન કરતા દેવતાઓનું દૃષ્ટાંત આપી સિદ્ધ કરે છે.

उपेन्द्रवज्रावृत्त

रत्नैर्महार्हैस्तुतुषुर्न देवा न भेजिरे भीमविषेण भीतिम्।
सुधां विना न प्रययुर्विरामं न निश्चितार्थाद्विरमन्ति धीराः॥७१॥

દેવતાઓ અમૂલ્ય રત્નોથી પ્રસન્ન થયા નહીં, ભયંકર વિષથી ડર્યા નહીં અને (કારણ કે, તેઓ અમૃત માટે સમુદ્રનું મંથન કરતા હતા, માટે) અમૃત નીકળ્યા પહેલાં વિરામ પામ્યા નહીં. ધીર પુરુષો ધારેલી વસ્તુ મળ્યા સિવાય વિરામ પામતા નથી, એટલે ધારેલી વસ્તુ મળે ત્યાંસુધી ઉદ્યોગ કર્યા કરે છે. ૭૧

વિજયનું મૂળ

નીચ, મધ્યમ અને ઉત્તમ પુરુષોનું, ક્રિયા આરંભવામાં વિચિત્રપણું કહે છે.

☞ **मन्यामहे मलयमेव यदाश्रयेण**
कङ्कोलनिम्बकुटजान्यपि चन्दनानि ॥

જેમાં રહેલાં વૃક્ષો જેવાં હોય તેવાં ને તેવાં જ રહે છે, એવા સોનાના મેરુ પર્વતથી અથવા રૂપાના કૈલાસ પર્વતથી શું પ્રયોજન છે? અર્થાત્ કાંઇ પણ નહીં. અમે તો મલયાચળને જ મોટો માનીએ છીએ. કારણ કે, જે પર્વતના આશ્રયથી કંકોળ, લિમ્બડા અને ઇન્દ્રજવનાં વૃક્ષો પણ ચંદન થઇ જાય છે.

वसन्ततिलकावृत्त

प्रारभ्यते न खलु विघ्नभयेन नीचैः
प्रारभ्य विघ्नविहता विरमन्ति मध्याः ।
विघ्नैः पुनः पुनरपि प्रतिहन्यमानाः
प्रारभ्य चोत्तमजना न परित्यजन्ति ॥७२॥

નીચ પુરુષો વિઘ્નના ભયથી કાર્યનો આરંભ કરતા નથી, મધ્યમ પુરુષો કાર્યનો આરંભ કરે છે પણ તેમાં વિઘ્ન આવવાથી કાર્ય છોડી દે છે અને ઉત્તમ પુરુષો તો કાર્યનો આરંભ કરીને તેમાં વારંવાર વિઘ્નો પડવાથી પણ કાર્યને છોડતા નથી એટલે વખતો વખત વિઘ્ન આવે ત્યારે તેની નિવૃત્તિનો ઉપાય કરે છે. ૭૨

તત્ત્વનિષ્ઠ પુરુષની સહનશીલતા

પોતાનાં કાર્યમાં પૂર્ણ રીતે ઉતરેલો વિવેકી પુરુષ, વચમાં આવેલાં સુખને વા દુઃખને ગણકારતો નથી, એ પર બોધ વચન.

शिखरिणीवृत्त

क्वचिद्भूमौ शायी क्वचिदपि च पर्यङ्कशयनः
क्वचिच्छाकाहा(रः)री क्वचिदपि च शाल्योदनरुचिः ।
क्वचित्कन्थाधारी क्वचिदपि च दिव्याम्बरधरो
मनस्वी कार्यार्थी न गणयति दुःखं न च सुखम् ॥७३॥

કોઇ વખતે પૃથ્વી ઉપર સુવે છે અને કોઇ વખતે પલંગ ઉપર પોઢે છે, કોઈ વખત શાક ખાઇ રહે છે અને કોઈ વખત ભાત આદિનું સુંદર ભોજન કરે છે, કોઈ વખત કન્થા-ફાટેલી તૂટેલી ગોદડી ઓઢે છે અને કોઈ વખત મનોહર વસ્ત્ર પહેરે છે, એમ કાર્ય કરવાની ઇચ્છાવાળો વિવેકી પુરુષ સુખને કે દુઃખને ગણતો નથી. ૭૩

ધીર પુરુષનું શીલ

ધીર પુરુષો નિંદા વગેરે થવા છતાં પણ ન્યાય્ય માર્ગથી ચલાયમાન થતા નથી.

वसन्ततिलकावृत्त

निंदन्तु नीतिनिपुणा यदि वा स्तुवन्तु
लक्ष्मीः समाविशतु गच्छतु वा यथेष्टम् ।
अद्यैव वा मरणमस्तु युगान्तरे वा
न्याय्यात्पथः प्रविचलन्ति पदं न धीराः ॥७४॥

વ્યાવહારિક નીતિમાં કુશળ પુરુષો નિંદા કરો અથવા તો સ્તુતિ કરો, લક્ષ્મી યથેચ્છ આવો વા જાઓ, આજે જ મરણ થાઓ વા યુગાન્તરે થાઓ, પરંતુ ધીર પુરુષો ન્યાય્ય માર્ગથી એક પગલું પણ ચલાયમાન થતા નથી. ૭૪

તાત્પર્ય- નિંદા વગેરે થાય, તો પણ ન્યાય્ય માર્ગ છોડવો નહીં.

વિવેકીનો વિજય

ધીર પુરુષ સઘળાં જગતને વશ કરે છે,

वसन्ततिलकावृत्त

कान्ताकटाक्षविशिखा न लु(ख)नन्ति यस्य
चित्तं न निर्दहति कोपकृशानुतापः ।
कर्षन्ति भूरिविषयाश्च न लोभपाशै-
र्लोकत्रयं जयति कृत्स्नमिदं स धीरः ॥७५॥

સ્ત્રીનાં કટાક્ષરૂપી બાણો જેનાં ચિત્તને ભેદતાં નથી, કોપરૂપી અગ્નિનો તાપ જેનાં ચિત્તને બાળતો નથી અને ઘણા વિષયો લોભરૂપી પાશોથી જેનાં ચિત્તને ખેંચતા નથી, તે ધીર પુરુષ આ ત્રણેય લોકને જીતે છે.* ૭૫

શૂરનું સામર્થ્ય

* એક જ શૂર પુરુષ સઘળા જગતને જીતે છે, એ પર સૂર્યનું દૃષ્ટાંત છે. ☞

ધૈર્યગુણનું સામર્થ્ય

ધીર પુરુષના ધૈર્યનો નાશ કરવાને કોઇ પણ સમર્થ નથી-એ પર અગ્નિનું દૃષ્ટાંત.

उपजातिवृत्त

कदर्थितस्यापि हि धैर्यवृत्तेर्न शक्यते धैर्यगुणः प्रमार्ष्टुम्।
अधोमुखस्यापि कृतस्य वह्नेर्नाधः शिखा याति कदाचिदेव॥७६॥

જેમ અગ્નિનું (મશાલનું) મુખ નીચું કરીએ તો પણ તેની જ્વાળા કોઇ દિવસે નીચે જતી નથી, પરંતુ ઉપર જ જાય છે. તેવી રીતે ધીર પુરુષ દુ:ખી છતાં પણ ધૈર્ય છોડતો નથી. ૭૬

શીલત્યાગનો નિષેધ

शिखरिणीवृत्त

वरं तुङ्गाच्छृङ्गाद्गुरुशिखरिणः क्वापि पुलिने
पतित्वायं कायः कठिनदृषदन्तर्विदलितः।
वरं न्यस्तो हस्तः फणिपतिमुखे तीव्रदशने
वरं वह्नौ पातस्तदपि न कृतः शीलविलयः॥७७॥

આ કાયા કોઈ મોટા પર્વતના ઊંચા શિખરપરથી રેતીવાળા પ્રદેશમાં પડીને, કઠણ પથ્થરોના આઘાતથી ચૂરેચૂરા થઇ જાય તે સારી, આ હાથને તીક્ષ્ણ દાંતવાળા

☞ अनुष्टुभ्वृत्त

एकेनापि हि शूरेण पादाक्रान्तं महीतलम्।
क्रियते भास्करेणेव स्फारस्फुरिततेजसा॥

જેમ અતિ દેદીપ્યમાન તેજવાળો એક સૂર્ય પોતાના કિરણોથી આખાં ભૂમંડળને વ્યાપ્ત કરે છે, તેમ એક જ શૂર પુરુષ પોતાના પગથી આખા ભૂમંડળને વ્યાપ્ત કરે છે-એટલે પોતાને વશ કરે છે.

મોટા સર્પના મુખમાં ઘાલવો તે પણ સારું અને અગ્નિમાં ઝંપલાવવું તે પણ સારું, પણ સદાચરણનો નાશ કરવો તે ખોટો છે. ૭૭

શીલનો પ્રભાવ

લોકને પ્રિય લાગે તેવા સ્વભાવવાળા પુરુષને સઘળા અનુકૂલ થાય છે.

શાર્દૂલવિક્રીડિવૃત્ત

वह्निस्तस्य जलायते जलनिधिः कुल्यायते तत्क्षणा-
न्मेरुः स्वल्पशिलायते मृगपतिः सद्यः कुरङ्गायते ।
व्यालो माल्यगुणायते विषरसः पीयूषवर्षायते
यस्याङ्गेऽखिललोकवल्लभतमं शीलं समुन्मीलति ॥७८॥

સર્વ લોકને પ્રસન્ન કરે તેવો સ્વભાવ જે પુરુષના શરીરમાં શોભે છે તે પુરુષની પાસે (ઉગ્ર) અગ્નિ જળ જેવો શીતલ થાય છે, (વિશાળ) સમુદ્ર નાની સરખી નદીના જેવો થાય છે, (એટલે ન તરાય તેવો પણ સમુદ્ર સુખથી તરાય છે), (મોટો) મેરુ પર્વત તત્કાળ નાની સરખી શિલા જેવો થાય છે, (વિકરાળ) સિંહ તત્કાળ હરિણ જેવો (નરમ) થાય છે. (ભયંકર) સર્પ પુષ્પ-માળાના જેવો થાય છે અને ઝેર અમૃત વૃષ્ટિ જેવું થાય છે. (એટલે પોતાનો મારવાનો ગુણ છોડી દે છે.)* ૭૮

---

* પ્રતિજ્ઞાપાલનની આવશ્યકતા

તેજસ્વી પુરુષો પ્રતિજ્ઞાને છોડતા નથી, તેપર પોતાની માતાનું દૃષ્ટાંત.

વસન્તતિલકાવૃત્ત

लज्जागुणौघजननीं जननीमिव स्वा-
मत्यन्तशुद्धहृदयामनुवर्तमानाम् ।

સત્પુરુષો સંતાપ કરતા નથી

વૃક્ષ વગેરેની પેઠે આપત્તિ આવે છે અને નષ્ટ થાય છે માટે સત્પુરુષો મનમાં દુઃખ ધરતા નથી.

गीति

छिन्नोऽपि रोहति तरुः क्षीणोऽप्युपचीयते पुनश्चन्द्रः ।
इति विमृशन्तः सन्तः सन्तप्यन्ते न विप्लुता लोके ॥७९॥

છેદેલું વૃક્ષ પણ ફરીથી ઉગે છે અને ક્ષીણ થયેલો ચંદ્ર પણ ફરીથી વધે છે; એવી રીતે વિચારતાં સત્પુરુષો જગતમાં આપત્તિમાં આવવાથી સંતાપ કરતા નથી. ૭૯

શીલનું ફળ

સુજનપણા વગેરે સર્વ અલંકાર કરતાં સ્વભાવ જ ઉત્તમ અલંકાર છે.

शार्दूलविक्रीडितवृत्त

ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः ।

☞ तेजस्विनः सुखमसूनपि संत्यजन्ति
सत्यव्रतव्यसनिनो न पुनः प्रतिज्ञाम् ॥

સત્યવાદી તેજસ્વી પુરુષો પોતાના પ્રાણોનો આનંદથી ત્યાગ કરે છે, પણ જે લજ્જારૂપ ગુણસમુદાયને ઉત્પન્ન કરવાવાળી છે, જે હૃદયને અત્યંત શુદ્ધ રાખવાવાળી છે અને જે અત્યંત શુદ્ધ હૃદયની અને અનુકૂળ માતા જેવી છે, એવી પ્રતિજ્ઞાનો કદી પણ ત્યાગ કરતા નથી.

તાત્પર્ય—સત્યવાદી પુરુષ પ્રાણ તજે છે, પરંતુ પોતાની પ્રતિજ્ઞા તજતા નથી.

अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता
सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम्॥८०॥

સૌજન્ય મોટાઇને શોભાવે છે. (સુજનતા વિના મોટાઈ શોભતી નથી); વાક્‌સંયમ (વાણી નિયમમાં રાખવી) એ શૌર્યને શોભાવનાર છે. (વાણીથી પોતાનાં પરાક્રમનાં વખાણ કરવાં નહીં); જ્ઞાનનું ભૂષણ શાંતિ છે (તત્ત્વજ્ઞાન થાય ત્યારે શાંતિ અવશ્ય રાખવી જોઈએ); નમ્રતા શાસ્ત્રનાં શ્રવણને શોભાવે છે. (શાસ્ત્રશ્રવણથી નમ્રતા અવશ્ય મેળવવી જોઈએ); સત્પાત્રને દાન આપવું એ ધનને શોભાવે છે. (જો ધન હોય તો અવશ્ય સત્પાત્રને દાન આપવું); ક્રોધ ન કરવો એ તપને શોભાવે છે. (તપ કરનારે ક્રોધ ન કરવો જોઈએ); ક્ષમા સમર્થ પુરુષને શોભાવે છે. (સમર્થ પુરુષે ક્ષમા રાખવી જોઈએ); નિષ્કપટપણું ધર્મને શોભાવે છે. (દંભથી ધર્માચરણ કરવું નહીં); સુજનતા વગેરે સર્વ ગુણોનું કારણ શીલ* એ જ પરમ ભૂષણ છે. ૮૦

૯ દૈવ પ્રશંસા પ્રકરણ ૮૧-૯૦

પ્રારબ્ધ પ્રતિકૂલ હોય તો પરાક્રમ વ્યર્થ થાય છે એપર ઇંદ્રનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

नेता यस्य बृहस्पतिः प्रहरणं वज्रं सुराः सैनिकाः
स्वर्गो दुर्गमनुग्रहः किल हरेरैरावतो वारणः।

---

* ૧ બ્રહ્મણ્યતા, ૨ દેવપિતૃભક્તતા, ૩ સૌમ્યતા, ૪ અપરોપતાપિતા, ૫ અનસૂયુતા, ૬ મૃદુતા, ૭ અપારુષ્ય, ૮ મૈત્રતા, ૯ પ્રિયવાદિત્વ, ૧૦ કૃતજ્ઞતા, ૧૧ શરણ્યતા, ૧૨ કારુણ્યતા અને ૧૩ પ્રશાંતિ આ પ્રમાણે ધર્મશાસ્ત્રમાં તેર પ્રકારનું શીલ કહેલું છે.

इत्यैश्वर्यबलान्वितोऽपि बलभिद्भग्नः परैः संगरे
तद्व्यक्तं वरदैवमेव शरणं धिग्धिग् वृथा पौरुषम् ॥८१॥

જેના મુખ્ય કારભારી બૃહસ્પતિ છે, જેનું શસ્ત્ર વજ્ર છે, જેના સૈનિકો દેવતા છે, જેનો સ્વર્ગ જેવો કિલ્લો છે, જેની ઉપર વિષ્ણુ ભગવાનનો અનુગ્રહ છે અને જેને ઐરાવત હાથી છે, એ રીતે ઐશ્વર્યવાળા અને બળવાળા ઇંદ્રને પણ યુદ્ધમાં શત્રુએ જીતી લીધો, તો પ્રારબ્ધ જ શરણે જવા યોગ્ય છે એ પ્રસિદ્ધ છે. પ્રારબ્ધ વગરના પુરુષાર્થને ધિક્કાર છે. (નસીબ ન હોય તો માણસોનો ઉદ્યોગ નિષ્ફળ થાય છે.) ૮૧*

દૈવનું સામર્થ્ય

મનુષ્યની વૃદ્ધિનું અને ક્ષયનું કારણ પ્રારબ્ધ જ છે, એપર સર્પનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

भग्नाशस्य करण्डपीडिततनोर्म्लानेन्द्रियस्य क्षुधा
कृत्वाऽऽखुर्विवरं स्वयं निपतितो नक्तं मुखे भोगिनः ।

---

*સુવિચારની આવશ્યકતા

સઘળાં કાર્ય કર્માધીન છે તોપણ વિદ્વાન્ માણસે જે કરવું તે વિચારીને કરવું, એપર બોધવચન.

अनुष्टुभ्वृत्त

कर्मायत्तं फलं पुंसां बुद्धिः कर्मानुसारिणी ।
तथाऽपि सुधिया भाव्यं सुविचार्यैव कुर्वता ॥

પુરુષને ફળ મળવું તે કર્મને આધીન છે અને બુદ્ધિ કર્માનુસારી છે, તથાપિ વિદ્વાન્ માણસે સારી રીતે વિચારીને જ કર્મ કરવું જોઈએ.

तृप्तस्तत्पिशितेन सत्वरमसौ तेनैव यातः पथा
लोकाः! पश्यत दैवमेव हि नृणां वृद्धौ क्षये कारणम् ॥८२

કોઇ એક વાદીએ એક સર્પને કરંડીઆમાં પૂર્યો તેથી તેનું શરીર બહુ પીડાવા લાગ્યું, તેની સર્વ આશાનો ભંગ થઇ ગયો અને ક્ષુધાવડે તેની ઇંદ્રિયો પણ મ્લાન થઇ ગઇ; એવામાં રાત્રિને વખતે એક ઉંદર ખોરાકની આશાથી તે કરંડીઆમાં કાણું પાડીને પોતે જ તે સર્પના મુખમાં જઇ પડ્યો, એટલે સર્પ તેના માંસથી તૃપ્ત થઇને ઉંદરે પાડેલાં તે બાકાંમાંથી જ તુરત બહાર નીકળી ગયો. માટે હે મનુષ્યો! તમે નિશ્ચયે સમજજો કે, મનુષ્યોના ઉદયાસ્તનું કારણ દૈવ જ છે ૮૨*

---

*સાધુ પુરુષો પર વિપત્તિની અસર

अनुष्टुभ्वृत्त

पातितोपि कराघातैरुत्पतत्येव कन्दुकः।
प्रायेण साधुवृत्तानामस्थायिन्यो विपत्तयः ॥

હાથવડે વારંવાર પાડવા છતાં પણ દડો જેમ ફરી-ફરીને ઉછળે છે, તેમ સાધુવૃત્તિવાળા પુરુષો ઉપર આવેલી વિપત્તિઓ પણ ઘણું કરીને સ્થિર રહેતી નથી.

આલસ્ય અને ઉદ્યોગ

આલસ્યને દૂર કરી ઉદ્યોગી પુરુષ લોકમાં સુખ પામે છે; એમ કહે છે.

अनुष्टुभ्वृत्त

आलस्यं हि मनुष्याणां शरीरस्थो महान्रिपुः।
नास्त्युद्यमसमो बन्धुः कृत्वायं नावसीदति ॥

આલસ્ય જ મનુષ્યોના શરીરમાં રહેલો મોટો શત્રુ છે; ઉદ્યોગ જેવો કોઇ પણ બંધુ નથી; કારણ કે ઉદ્યોગ કરનાર પુરુષ દુઃખી થતો નથી.

આર્ય અને અનાર્ય

अनुष्टुभवृत्त

यथा कन्दुकपातेनोत्पतत्यार्यः पतन्नपि।
तथा त्वनार्यः पतति मृत्पिण्डपतनं यथा ॥८३॥

આર્ય પુરુષ કોઈ પણ કારણવશાત્ નીચ અવસ્થાને પામવા છતાં કંદુકપાતની પેઠે અર્થાત્ દડો પડતાંની વારમાં જેમ ઉપર ઉછળે છે તેમ ઉન્નત અવસ્થાને પામે છે, પણ અનાર્ય પુરુષ માટીના પિંડની પેઠે પતનને પામે છે, ૮૩

ભાગ્યહીનની દશા.

ભાગ્ય વગરનો પુરુષ જ્યાં જાય ત્યાં દુઃખ પામે છે, એપર ટાલ પડેલાનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

खल्वाटो दिवसेश्वरस्य किरणैः सन्तापितो मस्तके
वाञ्छन्देशमनातपं विधिवशात्तालस्य मूलं गतः।
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायो गच्छति यत्र भाग्यरहितस्तत्रैव यान्त्यापदः ॥८४॥

એક માણસને માથે ટાલ પડેલો હતો તે સૂર્યના કિરણોથી માથું તપ્યું ત્યારે છાયાવાળાં સ્થળની ઇચ્છાથી નસીબયોગે તાડનાં મૂળ આગળ ગયો, તો ત્યાં પણ તાડનું મોટું ફળ પડવાથી તડાકાબંધ તેનું માથું ફૂટયું. ભાગ્યરહિત પુરુષ જ્યાં જાય છે ત્યાં જ પ્રાયઃ આપત્તિઓ આવી પડે છે. ૮૪

તાત્પર્ય—એક અરણ્યમાં તડકાથી તપેલો ટાલીઓ તાડના ઝાડની છાયાવાળી જગોએ ગયો, તો ત્યાં પણ ઉપરથી તાડનું મોટું ફળ પડવાથી તેનું માથું ફૂટી ગયું. તેમ ભાગ્યરહિત પુરુષ જ્યાં જાય છે ત્યાં દુઃખ જ પામે છે.

પ્રારબ્ધનું પ્રાબલ્ય

સર્વત્ર પ્રારબ્ધ જ બળવાન્ છે, એ પર દૃષ્ટાંત.

द्रुतविलंबितवृत्त

शशिदिवाकरयोर्ग्रहपीडनं गजभुजंगमयोरपि बन्धनम्।
मतिमतां च विलोक्य दरिद्रतां विधिरहो बलवानितिमे मतिः८५

સૂર્યને અને ચંદ્રને પણ રાહુથી પીડા થાય છે, હાથી અને સર્પ પણ બંધાય છે અને બુદ્ધિમાનો દરિદ્ર હોય છે. તે જોઈને મારું મત તો એવું છે કે, પ્રારબ્ધ જ બળવાન્ છે. ૮૫

બ્રહ્માનું અજ્ઞાન

પુરુષો ઉત્તમ છતાં અલ્પાયુષી હોય છે તે જોઇ, તેઓને બનાવનારા બ્રહ્મા વિચાર વગરના છે, એમ લોકમત છે.

द्रुतविलंबितवृत्त

सृजति तावदशेषगुणाकरं पुरुषरत्नमलङ्करणं भुवः।
तदपि तत्क्षणभङ्गि करोति चेदहह कष्टमपण्डितता विधेः ॥८६॥

બ્રહ્મા પ્રથમ સર્વ ગુણની ખાણ અને પૃથ્વીના અલંકારરૂપ ઉત્તમ પુરુષરત્નને સરજે છે. તથાપિ તે પુરુષરત્નને જો એ ક્ષણ માત્રમાં વિનાશ પામનારું અર્થાત્ અલ્પ આયુષ્યવાળું કરે છે, તો અહોહો! એ કેવી ખેદની વાત છે કે, બ્રહ્મા બાળ અજ્ઞાની છે. ૮૬*

---

*લલાટલેખની અનિવાર્યતા

જન્મ વખતે બ્રહ્માએ લલાટમાં લખેલા લેખને કોઇ પણ ફેરવી શકતું નથી; એ પર કરીર (કેરડા)નું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

पत्रं नैव यदा करीरविटपे दोषो वसन्तस्य किम्
नोलूकोऽप्यवलोकते यदि दिवा सूर्यस्य किं दूषणम्।

અનુલ્લંઘનીય દૈવ પરિપાક

वसन्ततिलकावृत्त

अयममृतनिधानं नायकोऽप्योषधीनां
शतभिषगनुयातः शम्भुमूर्धावतंसः।
विरहयति न चैनं राजयक्ष्मा शशाङ्कं
हतविधिपरिपाकः केन वा लङ्घनीयः ॥८७॥

આ ચંદ્ર પોતે અમૃતનું નિધાન છે, ઔષધિઓનો પણ નાયક છે, શતભિષક્ નક્ષત્રથી અને સો વૈદ્યોથી અનુગત છે અને શંકરના મસ્તકનો તાજ છે, છતાં આ ચંદ્રમાને રાજયક્ષ્મા-ક્ષયરોગ મુક્ત કરતો નથી. કોઈથી ન ફીટાડી શકાય તેવો વિધિનો પરિપાક બળવાન છે. ૮૭

☞ धारा नैव पतन्ति चातकमुखे मेघस्य किं दूषणं
यत्पूर्वं विधिना ललाटलिखितं तन्मार्जितुं कः क्षमः॥१२

કરીર (કેરડાં)ના વૃક્ષમાં પાંદડાં થતાં નથી, એમાં વસંતઋતુનો શો દોષ? દિવસમાં ઘૂવડ જોઈ શકતું નથી, તેમાં સૂર્યનો શો દોષ? ચાતક(બપૈયા)ના મુખમાં જળની ધારા પડતી નથી, તેમાં મેઘનો શો દોષ? માટે બ્રહ્માએ પ્રથમ લલાટમાં જે લખેલું હોય, તેને ફેરવવા માટે કોણ સમર્થ છે? ૧૨

અર્થાત્ જો કે વસંતઋતુ હોય ત્યારે સર્વ વૃક્ષોને પાંદડાં આવે છે, માત્ર કેરડાંના વૃક્ષને પાંદડાં આવતાં નથી; દિવસમાં સઘળા દેખે છે, પણ ઘૂવડ દેખી શકતું નથી અને મેઘની ધારા સર્વત્ર પડે છે પણ ચાતકના મુખમાં પડતી નથી, તેમાં પ્રારબ્ધ વિના બીજું કાંઈ પણ કારણ નથી; માટે સર્વત્ર પ્રારબ્ધ બળવાન છે.

વિધિનો અકળ ઉદ્દેશ

हरिणीवृत्त

प्रियसख ! विपद्दण्डाघातप्रतापपरंपरा-
परिचयचले चिन्ताचक्रे निधाय विधिः खलः।
मृदमिव बलात्पिण्डीकृत्य प्रगल्भकुलालव-
द्भ्रमयति मनो नो जानीमः किमत्र विधास्यति ॥८८॥

હે પ્રિય મિત્ર ! કુશળ કુંભાર જેમ માટીને બળાત્કારથી પિંડરૂપ કરીને દંડના પ્રહારપરંપરાના પરિચયથી ચાલતા ચાકડા ઉપર ચઢાવે છે, તેમ જ ખળ એવો વિધિ પણ વિપત્તિરૂપી દંડના મારની પરંપરાના પરિચયથી ચાલનારા એવા ચિંતારૂપી ચાકડા ઉપર બળાત્કારથી મૃત્તિકાની પેઠે અમારો પિંડ કરી તેના ઉપર અમને ચઢાવીને અમારા મનને ભમાવે છે. આમાંથી તે શું કરશે, તે અમે જાણતાં નથી. ૮૮

મહાપુરુષોની અટળ ધીરજ

हरिणीवृत्त

विरम विरमामुष्मान्नूनं दुरध्यवसायतो
विपदि महतां धैर्यध्वंसं यदीक्षितुमीहसे।
अपि जडमते ! कल्पापाये व्यपेतनिजक्रमाः
कुलशिखरिणः क्षुद्रा नैते न वा जलराशयः ॥८९॥

ઓ જડ મતિના ! આપત્તિમાં આવી પડેલા મોટા પુરુષોની ધીરજનો નાશ થતો જોવાની તું ઇચ્છા રાખે છે, પરંતુ આ દુષ્ટ નિશ્ચયથી ખરેખર તું વિરામ પામ. કારણ દુનિયાનો લય થાય તો પણ મોટા પર્વતોનું પરાક્રમ ઓછું થતું નથી, તેમ જ સમુદ્રો પણ ક્ષુદ્ર બની જતા નથી. ૮૯

દૈવાધીન પ્રાપ્તિ

शार्दूलविक्रीडितवृत्त

दैवेन प्रभुणा स्वयं जगति यद्यस्य प्रमाणीकृतं
तत्तस्योपनमेन्मनागपि महान्नैवाश्रयः कारणम् ।
सर्वाशापरिपूरके जलधरे वर्षत्यपि प्रत्यहं
सूक्ष्मा एव पतन्ति चातकमुखे द्वित्राः पयोबिन्दवः ॥९०॥

દૈવવડે જેટલું જેના નસીબમાં નિર્માણ કીધેલું હોય છે તેટલું તેને વહેલું મોડું મળે છે, વધતો વા ઓછો આશ્રય એ કંઇ કારણભૂત નથી. સર્વ પ્રાણી માત્રની આશા પૂર્ણ કરવાને વાદળાં હંમેશાં વરસ્યા કરે છે, તે છતાં પણ ચાતકના મોઢાં વિષે તો ઝીણાં જ બે અથવા ત્રણ પાણીનાં ટીપાં જાય છે. ૯૦

૧૦ કર્મ પ્રકરણ

કર્મની પ્રબળતા ૯૧–૧૦૦

કર્મની પ્રશંસાના બે શ્લોકો.

शिखरिणीवृत्त

नमस्यामो देवान्ननु हतविधेस्तेऽपि वशगा
विधिर्वन्द्यः सोऽपि प्रतिनियतकर्मैकफलदः ।
फलं कर्मायत्तं किममरगणैः किं च विधिना
नमस्तत्कर्मभ्यो विधिरपि न येभ्यः प्रभवति ॥९१॥

દેવોને નમસ્કાર કરીએ છીએ, પરંતુ તે તો બ્રહ્માને વશ છે; તે બ્રહ્મા વંદન કરવા યોગ્ય છે, (પરંતુ) તે પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે જ કર્મનું ફળ આપે છે. તે ફળ કર્મના વશમાં છે: માટે દેવોને તથા બ્રહ્માને વંદવાનું શું પ્રયોજન છે? માટે બ્રહ્મા પણ જેને ફેરવી શકતા નથી, એવાં કર્મને જ નમસ્કાર કરીએ છીએ. ૯૧

તાત્પર્ય—સર્વ કરતાં કર્મ જ પ્રબળ છે.

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

ब्रह्मा येन कुलालवन्नियमितो ब्रह्माण्डभाण्डोदरे
विष्णुर्येन दशावतारगहने क्षिप्तो महासंकटे।
रुद्रो येन कपालपाणिपुटके भिक्षाटनं कारितः
सूर्यो भ्राम्यति नित्यमेव गगने तस्मै नमः कर्मणे ॥९२॥

જે કર્મ બ્રહ્માને બ્રહ્માંડરૂપ ભાંડોની વચમાં કુંભારનું કામ સોંપે છે, જે કર્મ વિષ્ણુને દશ અવતારોના મોટા સંકટમાં નાંખે છે, જે કર્મ મહાદેવજીની પાસે ખોપરીમાં ભીખ મંગાવે છે અને સૂર્યને નિરંતર આકાશમાં ભમાવે છે, તે કર્મને નમસ્કાર કરું છું. ૯૨

સત્કર્મનું આચરણ

માણસે સત્ક્રિયાજ કરવી, એમ તેનાં કારણો બતાવીને કહે છે.

शार्दूलविक्रीतवृत्त

या साधूंश्च खलान्करोति विदुषो मूर्खान्हितान्द्वेषिणः
प्रत्यक्षं कुरुते परोक्षममृतं हालाहलं तत्क्षणात्।
तामाराधय सत्क्रियां भगवतीं भोक्तुं फलं वांछितं
हे साधो! व्यसनैर्गुणेषु विपुलेष्वास्थां वृथा मा कृथाः ॥९३

હે સજ્જન! જો વાંછિત ફળ ભોગવવાની ઇચ્છા હોય તો સત્ક્રિયા કે જે ખલ પુરુષને પણ સજ્જન કરે છે, મૂર્ખોને વિદ્વાન્ કરે છે, શત્રુઓને મિત્ર કરે છે, પરોક્ષને પ્રત્યક્ષ કરે છે અને ઝેરને તત્કાળ અમૃત કરે છે, તે ભગવતી સત્ક્રિયા (સત્કર્મ)ની સેવા કર અને અન્ય પુષ્કળ ગુણોમાં આસક્તિથી ફોકટ પ્રયાસ મા કર. ૯૩

વૃદ્ધિ હાનિનું કારણ

शार्दूलविक्रीडितवृत्त

शुभ्रं सद्म सविभ्रमा युवतयः श्वेतातपत्रोज्ज्वला
लक्ष्मीरित्यनुभूयते चिरमनुस्यूते शुभे कर्मणि।
विच्छिन्ने नितरामनङ्गकलहक्रीडात्रुटत्तन्तुकं
मुक्ताजालमिव प्रयाति झटिति भ्रश्यद्दिशो दृश्यताम् ॥९४॥

(ચિર કાળથી પ્રાપ્ત થયેલું શુભ કર્મ હોય તો સુધા-ધવલ ગૃહ, વિલાસવતી યુવતિઓ અને શ્વેત છત્રથી ઉજ્જવલ રાજ્ય લક્ષ્મી ભોગવવાને મળે છે. શુભ કર્મ નષ્ટ થતાં અતિશય રતિકલહ રૂપ ક્રીડાને લીધે તુટી ગયેલા તંતુવાળા મોતીઓની સેરોની પેઠે તે સર્વ સત્વર ભ્રષ્ટ થઇ દશે દિશાઓમાં નીકળી જાય છે. ૯૪

વિચારવિનાના કર્મનું ફળ

બુદ્ધિમાન્ માણસે જે કાર્ય કરવું, તે છેવટ સુધીનો વિચાર કરીને કરવું.

मालिनीवृत्त

गुणवद्गुणवद्वा कुर्वता कार्यमादौ
परिणतिरवधार्या यत्नतः पण्डितेन।
अतिरभसकृतानां कर्मणामाविपत्ते-
र्भवति हृदयदाही शल्यतुल्यो विपाकः ॥९५॥

ગુણવાળું વા ગુણ વગરનું કાર્ય કરનારા પંડિતે પ્રથમથી જ યત્નથી પરિણામનો વિચાર કરવો જોઇએ. (એટલે આ કાર્યનું પરિણામ સુખદાયક થશે વા દુઃખદાયક તે વિચારવું જોઇએ, તેમ ન કરે તો દુઃખ થાય.) અતિ ઉતાવળથી કરેલાં કર્મોનું પરિણામ શલ્ય (બાણનાં ફળાં) પેઠે મરણ પર્યંત હૃદયમાં દાહ કરનારું થઇ પડે છે. ૯૫

કર્મભૂમિમાં તપની આવશ્યકતા

આ કર્મભૂમિમાં જન્મીને માણસે તપ જ કરવું જોઇએ પણ બીજું કાંઇ નહીં, એ અભિપ્રાયથી કહે છે.

स्रग्धरावृत्त

स्थाल्यां वैदूर्यमय्यां पचति तिलकणाँश्चांदनैरिंधनाद्यैः
सौवर्णैर्लाङ्गलाग्रैर्विलिखति वसुधामर्कमूलस्य हेतोः।
छित्त्वाकर्पूरखण्डान्वृतिमिह कुरुते कोद्रवाणां समन्ता-
त्प्राप्येमां कर्मभूमिं न चरति मनुजो यस्तपो मन्दभाग्यः॥९६॥

જે માણસ આ કર્મભૂમિમાં જન્મીને તપ કરતો નથી તે મન્દભાગ્ય માણસ વૈદૂર્યમણિના પાત્રમાં ચંદનનાં ઇંધણાથી તલના કણોને (લસણને) પકાવે છે, આકડાનાં મૂળ માટે સોનાના હળના અગ્ર ભાગથી પૃથ્વીને ખેડે છે અને કપૂરનાં ઝાડને કાપી (તેથી) કોદરાનાં ઝાડને વાડ કરે છે. ૯૬

તાત્પર્ય–જેમ તલ (લસણ) પકાવવા માટે વૈદૂર્યનું પાત્ર અને ચંદનનાં ઇંધણાં વ્યર્થ છે, જેમ આકડાનાં મૂળ કાઢવા માટે સોનાના હળના અગ્રભાગથી પૃથ્વી ખેડવી વ્યર્થ છે અને જેમ કોદરાની રક્ષા માટે કપૂરની વાડ વ્યર્થ છે, તેમ આ કર્મભૂમિમાં તપ સિવાય બીજાં કર્મો કરવાં વ્યર્થ છે.

પ્રાપ્તકાલે ફલપ્રાપ્તિ

સર્વ જગોએ વખત આવતાં ભાગ્ય જ ફળે છે, પરંતુ આકૃતિ વગેરે ફળતાં નથી, એપર વૃક્ષનું દૃષ્ટાંત.

वसन्ततिलकावृत्त

नैवाकृतिः फलति नैव कुलं न शीलं
विद्याऽपि नैव न च यत्नकृतापि सेवा।

१ 'च लशुन चां०' इति पाठान्तरम्।

भाग्यानि पूर्वतपसा खलु संचितानि
काले फलन्ति पुरुषस्य यथैव वृक्षाः ॥९७॥

આકૃતિ, કુલ, સ્વભાવ, વિદ્યા અને યત્નથી કરેલી સેવા કોઇ પણ પુરુષને ફલ આપતું નથી, માત્ર પ્રથમ કરેલાં તપથી મેળવેલાં ભાગ્યો, વૃક્ષોની પેઠે, પુરુષને વખતો વખત ફળ આપે છે. ૯૭

તાત્પર્ય–જેમ વૃક્ષ સમય આવે ફળ આપે છે, પણ વખત વિના ફળ આપતાં નથી, તેમ ભાગ્ય પણ વખતે ફળ આપે છે. માટે ભાગ્યજ ફળ આપનાર છે, પણ બીજું કોઇ નથી.

ભાવિની પ્રબલતા

સઘળું કર્માધીન છે, માટે મોટો યત્ન કરવાથી પણ જે અવશ્ય થવાનું હોય, તે થાય જ છે.

शार्दूलविक्रीडितवृत्त

मज्जत्वम्भसि यातु मेरुशिखरं शत्रूञ्जयत्वाहवे
वाणिज्यं कृषिसेवनादि सकला विद्याः कलाः शिक्षतु ।
आकाशं विपुलं प्रयातु खगवत्कृत्वा प्रयत्नं परं
नाभाव्यं भवतीह भाग्यवशतो भाव्यस्य नाशः कुतः ॥९८॥

(મોટો પુરુષ) જળમાં બૂડે, મેરુ પર્વતનાં શિખર ઉપર જાય, યુદ્ધમાં શત્રુઓને જીતે, વેપાર, ખેડ, સેવા કરે અને સઘળી વિદ્યાઓ ને કળાઓ શીખે અને પક્ષીની પેઠે પરમ પ્રયત્ન કરીને મોટા આકાશમાં જાય તો પણ જે ન થવાનું હોય તે થાય નહીં, ને જે થવાનું હોય તેનો નાશ ક્યાંથી? અર્થાત્ નાશ થતો નથી. ૯૮

---

१ 'कर्म' इति पाठान्तरम् ।

પુણ્યથી જ સ્વરક્ષણ

પૂર્વે મેળવેલાં પુણ્યો માણસની સર્વત્ર રક્ષા કરે છે, એમ કહે છે.

उपेन्द्रवज्रावृत्त

वने रणे शत्रुजलाग्निमध्ये महार्णवे पर्वतमस्तके वा ।
सुप्तं प्रमत्तं विषमस्थितं वा रक्षन्ति पुण्यानि पुरा कृतानि॥९९

વનમાં, રણમાં, શત્રુમાં, જલ અથવા અગ્નિની વચમાં, મહાસમુદ્રમાં અને પર્વત ઉપર, નિદ્રામાં પડેલા, મદ્ય વગેરેથી ભાન વગરના થયેલા અને જોખમ ભરેલા સ્થળમાં સ્થિત થયેલા હોઇએ ત્યારે પૂર્વે કરેલાં પુણ્યો, પુરુષની રક્ષા કરે છે એટલા માટે માણસોએ સર્વદા પુણ્ય જ કરવું જોઇએ. ૯૯

પુણ્યનું ફળ

ન ઘટે તેવાં પણ સઘળાં કાર્યો પૂર્વજન્મનાં કર્મથી સિદ્ધ થાય છે.

वसन्ततिलकावृत्त

भीमं वनं भवति तस्य पुरं प्रधानं
सर्वो जनः सुजनतामुपयाति तस्य ।
कृत्स्ना च भूर्भवति सन्निधिरत्नपूर्णा
यस्यास्ति पूर्वसुकृतं विपुलं नरस्य ॥१००॥

જે માણસે પૂર્વ જન્મમાં પુષ્કળ પુણ્ય કર્યાં હોય તે માણસ માટે ભયંકર વન પણ મોટું મુખ્ય નગર થાય છે, સઘળા મનુષ્યો સજ્જન થાય છે અને આખી પૃથ્વી ઉત્તમ ભંડાર તથા રત્નથી પૂર્ણ થાય છે, એટલા માટે માણસે પુણ્ય જ કરવું જોઇએ. ૧૦૦.*

☞ *ગ્રાહ્યાગ્રાહ્ય વિચાર

પ્રશ્નથી અને ઉત્તરથી પુરુષને કરવા લાયક અને ન કરવા લાયક શું છે? તે કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

को लाभो गुणिसंगमः किमसुखं प्राज्ञेतरैः संगतिः
का हानिः समयच्युतिर्निपुणता का धर्मतत्त्वे रतिः।
कः शूरो विजितेन्द्रियः प्रियतमा काऽनुव्रता किं धनं
विद्या किं सुखमप्रवासगमनं राज्यं किमाज्ञाफलम्॥

પ્ર-લાભ કયો? ઉ-ગુણવાનનો સમાગમ જ લાભ છે.

પ્ર-દુઃખ કયું? ઉ-મૂર્ખોનો સમાગમ એજ દુઃખ છે.

પ્ર-હાનિ કઈ? ઉ-સમય ભૂલી જવો એજ હાનિ છે. (એટલે માણસે વખતો વખત સાવધાનીથી રહેવું જોઇએ).

પ્ર-ચતુરાઇ કઇ? ઉ-ધર્મમાં પ્રીતિ રાખવી એજ ચતુરાઈ છે.

પ્ર-શૂર કયો? ઉ-જે જિતેંદ્રિય હોય તે શૂર કહેવાય છે.

પ્ર-અતિ પ્રિય સ્ત્રી કઇ? ઉ-જે પતિને અનુસરે તે અતિ પ્રિય સ્ત્રી સમજવી.

પ્ર-ધન કયું? ઉ-વિદ્યા જ ધન છે.

પ્ર-સુખ શું? ઉ-પરદેશ ન જવું એજ સુખ છે.

પ્ર-રાજ્ય કયું? ઉ-જેમાં આજ્ઞાનો અમલ થાય તે રાજ્ય કહેવાય. એટલે જે રાજ્યથી આજ્ઞા સફળ થાય, તેવું રાજ્ય કરવું. ૧૦૧ ☞

Library of ...

નીતિના જ્ઞાનનું ફળ.

आर्या

भर्तृहरिभूमिपतिना रचितमिदं नीतिरीतिविज्ञेन।
ज्ञाते यत्र न मुह्यति धीरो धीरः प्रमाणं स्यात् ॥ ॥

॥ इति श्रीमद्राजर्षिप्रवरामरयोगीन्द्रभर्तृहरिकृतं नीतिशतकं संपूर्णम् ॥

આ નીતિશતક નીતિશાસ્ત્રની રીતિને જાણનારા ભર્તૃહરિ રાજાએ રચેલું છે. આ નીતિશતકનો બોધ થતાં વિદ્વાન્ પુરુષ નીતિશાસ્ત્રમાં મોહ પામતો નથી—મુંઝાતો નથી. માટે વિદ્વાન્ પુરુષ નીતિશાસ્ત્રમાં પ્રમાણ તરીકે ગણાય છે.

ગુજરાતી ભાષાંતર સહિત રાજર્ષિપ્રવર–અમરયોગીન્દ્ર–ભર્તૃહરિ વિરચિત નીતિશતક સમાપ્ત.

☞ પૃથ્વીનું ભૂષણ

પૃથ્વી ઉપર સજ્જનની સ્થિતિ દુર્લભ.

आर्या

अप्रियवचनदरिद्रैः प्रियवचनाढ्यैः स्वदारपरितुष्टैः ।
परपरिवादनिवृत्तैः क्वचित्क्वचिन्मण्डिता वसुधा ॥

જેઓ અપ્રિય વચનના દરિદ્ર છે, જેઓ પ્રિય વચનોથી ભરેલા છે, જેઓ પોતાની સ્ત્રીથી સંતુષ્ટ રહે છે અને જેઓ બીજાની નિન્દાથી અળગા રહે છે, તેવા સત્પુરુષોથી પૃથ્વી કોઇ કોઇ જગે શોભી રહી છે. અર્થાત્ તેવા પુરુષો અતિ દુર્લભ છે.

નીતિશતકના ૧૦ પ્રકરણો

આંક	વિષય-પ્રકરણ	શ્લોક સંખ્યા
૧	મૂર્ખ પ્રકરણ	૧ થી ૧૦
૨	વિદ્વત્પ્રશંસા પ્રકરણ	૧૧ થી ૨૦
૩	માનશૌર્ય પ્રશંસા પ્રકરણ ...	૨૧ થી ૩૦
૪	અર્થ પ્રધાન પ્રકરણ	૩૧ થી ૪૦
૫	દુર્જન નિંદા પ્રકરણ	૪૧ થી ૫૦
૬	સજ્જન પ્રશંસા પ્રકરણ ...	૫૧ થી ૬૦
૭	પરોપકાર પ્રકરણ	૬૧ થી ૭૦
૮	ધૈર્ય પ્રકરણ	૭૧ થી ૮૦
૯	દૈવ પ્રશંસા પ્રકરણ	૮૧ થી ૯૦
૧૦	કર્મ પ્રકરણ	૯૧ થી ૧૦૦
	જ્ઞાનનું ફળ	૧૦૧

સૂચના

સ્વર્ગસ્થ તેલંગની 'નીતિશતક'ની 'યુનિવર્સીટી'વાળી પ્રતમાં શુભ્ર૦ થી આરંભાતો શ્લોક 'શૃંગારશતક'માં હોવા છતાં નિર્ણયસાગરની પ્રતમાં ભિન્ન ભિન્ન વિષયોના દશ દશ શ્લોકોનું વર્ગીકરણ કરી બતાવેલા શ્લોકોમાં ૯૪ મો આવતો હોવાથી આ વખતે અમે નીતિશતકમાં ૯૪ ને ઠેકાણેજ દાખલ કર્યો છે.

વિશેષમાં આ વખતે અમે વિષયોનું વર્ગીકરણ દર્શાવવા માટે નિર્ણયસાગરનો ક્રમ સ્વીકાર્યો છે ખરો, પરંતુ પૂર્વક્રમ સાચવવા માટે પૂર્વ ક્રમાનુસાર આવતા શ્લોકો તે તે શ્લોકોની નીચે * ચિહ્ન મૂકીને અને પૃષ્ઠાંતર દર્શાવવા માટે ☞ ચિહ્ન મૂકીને રૂલની નીચે લીધેલા છે. પૂર્વ ક્રમના કેટલાક શ્લોકો આગળ પાછળ કરવા પડયા છે. ૧ લો શ્લોક, ૬૮ મો શ્લોક, ૮૩ મો શ્લોક અને ૯૪ મો શ્લોક નિર્ણયસાગરની પ્રતપરથી નવા ઉમેર્યા છે અને ૭૭ મો શ્લોક તથા ૮૭ થી ૯૦ સુધીના ૪ શ્લોકો ક્ષેપક શ્લોકોમાંથી દાખલ કર્યા છે. છેલ્લો શ્લોક "ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસના સંગ્રહમાંની હસ્તલિખિત પ્રતપરનો છે.

"ગુજરાતી" પ્રેસની

શ્રીમદ્ ભગવદ્ ગીતા

કિં. રૂ. ૧ (રજીસ્ટર ટપાલખર્ચ ૦–૬–૦)

પંચરત્ન ગીતા

કિં. રૂ. ૨ (રજીસ્ટર ટપાલ ખર્ચ રૂ. ૦–૮–૦)

અનુગીતા

મહાભારતની લડાઇ પત્યા પછી આ ગીતા પણ શ્રીકૃષ્ણે પોતાના પ્રિય શિષ્ય અર્જુનને કહી સંભળાવેલી છે અને તે અવશ્ય વાંચવા જેવી છે. એમાં હઠયોગની સમજુતી ઉત્તમ પ્રકારે આપેલી છે. ગીતાની પૂર્તિમાં આ ગ્રન્થ ભગવાને કહેલો છે. મૂળ સાથે સરળ ભાષાંતર. કિં. રૂ. ૧ ટ. ખ. ૪ આના

રામગીતા

મૂળ સંસ્કૃત શ્લોક અને સુંદર સરળ ગુજરાતી ભાષાંતર અને સમજુતી સાથે નાના કદમાં મજબુત પુઠામાં બાંધેલ છે. કિં. રૂ. ૦–૪–૦

'ગુજરાતી' પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ, બજારગેટ સ્ટ્રીટ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ–૧

અધ્યાત્મ રામાયણ

રામાયણનો આધ્યાત્મિક અર્થ સમજવા માટે, પરમાત્મા શ્રીરામનું અદ્‌ભુત ચરિત્ર સમજવા માટે કૂંચીરૂપ આ ગ્રન્થ છે. સાતે કાણ્ડોનું સુંદર સરળ ગુજરાતી ભાષાંતર, શ્લોકના આંકડા અને ઉત્તમ ચિત્રો સાથે. કિં. રૂ. ૩–૦–૦ ટ. ખ. ૦–૮–૦

ચિદ્‌ઘનાનંદી

શ્રીમદ્ ભગવદ્ ગીતા

ગૂઢાર્થદીપિકા સહિત

આ ગ્રંથમાં વેદાન્તશાસ્ત્રમાં નિષ્ણાત થઇ ગયેલા ચિદ્‌ઘનાનંદસ્વામીએ શ્રીશંકરાચાર્ય, મધુસૂદનાચાર્ય, શંકરાનંદ વગેરેએ રચેલી મુખ્ય સંસ્કૃત ટીકાનો સાર ઘણી જ ઉત્તમ રીતે દર્શાવેલો છે. તેમાં મધુસૂદનાચાર્યની ટીકાનો મોટો ભાગ છે. ભાષા સરળ સુબોધ છે. જ્ઞાનવિષયમાં આ ગીતા સર્વોત્તમ છે.

કિંમત રૂ. ૮. ટ. ખ. ૦–૧૪–૦

શ્રીમદ્‌ભાગવત ભાષાંતર

૭૦ ચિત્રોવાળું

દરેક સ્કંધના આરંભે શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણાર્થ અને છેડે પુરૂષોત્તમ સહસ્રનામાવલી મૂળસહિત અને ગ્રન્થાન્તે અધ્યાયાર્થ ગુજરાતી આપવામાં આવ્યાં છે.

કિંમત રૂા. ૨૦) રજીસ્ટર ટપાલ ખ. રૂા. ૧ાા

ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ,
સાસુન બિલ્ડિંગ, રીઝર્વ બેંકની પાછળ
એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ ૧

ગુજરાતી પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

મતરાજ ગુજરાતી	૧[illegible]
મતરાજ મૂળ સહિત ગુજરાતી	૨૦- ૦
એકાદશી માહાત્મ્ય-૨૬ ચિત્રો સાથે	૧- ૮
ધર્મ વિચાર કવિ નર્મદાશંકર	૨- ૦
વેદોક્ત ધર્મ પ્રકાશ	૨- ૦
ગીતાજીનું સિંહાવલોકન	છપાય છે
ગીતા કર્તવ્યોપદેશ. બાપુભાઇ દેસાઈ	૧- ૦
ગીતા પ્રવાસ દરેક અધ્યાય ,, ,,	૦- ૪
ગીતા પ્રવાસ ૧૮ અધ્યાય સંપૂર્ણ ,,	૩- ૦
સ્થિતપ્રજ્ઞ-ભક્ત-ગુણાતીત	૧- ૦
ગીતા સપ્તરત્ન સપ્તાહ	૧- ૦
ગીતા આદર્શ	૨- ૦
ગીતા નવનીત	૦- ૪
ભર્તુહરિ શતકચતુષ્ટય	૩- ૦
પિંગલા-ભર્તૃહરિની સતી રાણી	૦- ૪
મુગ્ધાની કથા પુસ્તક	૦- ૪
મુગ્ધાની કથા મૂળ સહિત ગુજ. પાનીઆ	૦- ૮
પુરૂષોત્તમ માહાત્મ્ય બુક	૨- ૦
ચંદ્રકાંત ભા. ૧ લો	૧૦- ૦
ચંદ્રકાંત ભા. ૨ જો	૧૦- ૦
ચંદ્રકાંત ભા. ૩ જો	૧૦- ૦
શ્રીમદ્ભગવદ્ ગીતા	૧- ૦
ગીતા પંચરત્ન	૨- ૦
પંચદશી ચંદ્રકાંત વિવરણ સાથે	૧૨- ૦
હરિવંશ	૧૨- ૦
બોધવચન રામકૃષ્ણનાં	૧- ૦
અનુગીતા	૧- ૦
ભાગવત	૨૦- ૦

ગુજરાતી પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

યોગવાસિષ્ઠ (પ્રથમ પાંચ પ્રકરણો) ૮– ૦
શનિ માહાત્મ્ય (ચિત્રો સાથે) ૧– ૪
સત્યનારાયણ પૂજા કથા મૂળસહિત પાનીઆ ૧– ૦
એકાદશી માહાત્મ્ય ૨૬ ચિત્રો સાથે ૧– ૮
કર્મ માર્ગ–શિવગણપતિનું અધ્યાત્મ સ્વરૂપ ૨– ૦
ગજેન્દ્રમોક્ષ મૂળ સહિત ગુજરાતી ભાષાંતર ૦– ૪
ગણેશ પૂજનવિધિ (ધાર્મિક) ૦– ૪
ગણેશ સહસ્રનામાવલિ ગુ. લિપિમાં (ધાર્મિક) ૦– ૪
ગણપતિ એકાક્ષરમંત્ર કવચ (ધાર્મિક) ૦– ૪
જ્યોતિર્લિંગ સોમનાથ ૦– ૮
પિંગલા ભર્તૃહરિની સતી રાણી ૦– ૪

(ટપાલ ખર્ચ રૂપીએ ચાર આના અલગ)

શ્રીમદ્‌ભાગવતનો એકાદશસ્કંધ

મૂળ સહિત ગુજરાતી ભાષાંતર

શ્રીભગવદ્‌ગીતા જેવો જ આ ગ્રંથ છે. શ્રી કૃષ્ણે ભક્ત ઉદ્ધવને ઉપદેશેલો આત્મબોધ છે. ગીતાના અને એકાદશસ્કંધના શ્લોકો સરખાવવા જેવા છે.

કિં. રૂ. ૧. ટ. ખ. રૂ. ૦।.

યોગવાસિષ્ઠ મહારામાયણ

(પ્રથમ પાંચ પ્રકરણો) રૂ. ૮

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ

અમરયોગીન્દ્ર ભર્તૃહરિ વિરચિત

શૃંગારશતક

(મૂળ સહિત ગુજરાતી)

સંશોધકો

શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય પુરંદરે
શાસ્ત્રી શંકરલાલ જાદવજી જોષી લહેરુ

પ્રકાશક

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
કોટ, મુંબઇ ૧

કિં. રૂ. ૧

વિ. સં. ૨૦૧૦] [ઇ. સ. ૧૯૫૪

મુખ્ય પ્રાપ્તિસ્થાન :—

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
રીઝર્વ બેંકની પાછળ
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ—૧
અને
ગુજરાત ને સૌરાષ્ટ્રભરના અન્ય પ્રતિષ્ઠિત પુસ્તકવિક્રેતાઓ

(સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન)

મુદ્રક :
નટવરલાલ ઇચ્છારામ દેસાઇ
બી. એ.

મુદ્રણસ્થાન :
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,
રીઝર્વ બેંકની પાછળ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ,
એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ ૧

સંક્ષિપ્ત નિવેદન

નીતિશતકમાં ૧૦-૧૦ શ્લોકોનું વર્ગીકરણ કરી એકંદર દશ પ્રકરણો દર્શાવ્યાં છે, તેમ આ શૃંગારશતકમાં પણ ૨૦-૨૦ શ્લોકોનું વર્ગીકરણ કરી એકંદર પાંચ પ્રકરણો દર્શાવ્યાં છે. પૂર્વ ક્રમ બદલતાં તેમાંના કેટલાક શ્લોકો આ નવીન ક્રમમાં ન હોવાથી તેમનો ક્રમાંક કાઢી નાંખી તે જે જે શ્લોકોની નીચે હતા તે તે શ્લોકોની નીચે તેમને કાયમ રહેવા દીધા છે. તેથી પૂર્વ ક્રમ અને નવીન ક્રમ બન્ને સચવાય અને પ્રકરણોનાં વર્ગીકરણ સાથે વધારાના શ્લોકોનાં વાચનનો પણ લાભ સુજ્ઞ વાચકોને મળે એવી ગોઠવણ કરવામાં આવવાથી, આ સંગ્રહ સર્વને પ્રિય થઈ પડશે, એવી આશા છે. આમાં ૪૯, ૫૫, ૬૨, ૬૩, ૬૪, ૬૭, ૬૮ અને ૬૯ આ આઠ શ્લોકો નિર્ણયસાગરના પુસ્તકના ક્રમ પ્રમાણે નવા ઉમેરવામાં આવેલા છે, તેના અમે ઋણી છીએ. સંશોધકોએ કાળજી પૂર્વક તપાસવા છતાં આમાં કાંઈ ન્યૂનતા નજરે પડે તો તે દૂર કરી હંસનીરક્ષીરન્યાયથી સુજ્ઞ વાચકો આનો સ્વીકાર કરશે, એવી આશા છે.

મુંબઈ – ૧
તા. ૧–૧–૧૯૫૪.

"ગુજરાતી" પ્રિ. પ્રેસ

श्रृङ्गारशतकश्लोकानुक्रमणिका

श्लो.	अ	पृष्ठ
८७	अच्छार्द्रचन्दनरसार्द्रकरा	५३
क्षे.	अजितात्मसु संबद्धः	४९
२२	अदर्शने दर्शनमात्रकामा	१६
क्षे.	अनाघ्रातं पुष्पं ...	२९
५१	अपसर सखे दूरादहमात्	३३
९६	अर्धं नीत्वा निशायाः	५७
३५	असाराः सन्त्येते	२४
९४	असुचीसंचारे ...	५६
२	क्षे. अस्थिरात्मासमुन्नद्धः	६२
	आ	
२६	आमीलितनयनानां	१८
४५	आवर्तः संशयानां ...	३०
८३	आश्वासः किल किंचि०	५१
३८	आवासः क्रियतां गांगे	२६
९१	आसारेण न हर्म्यतः	५७
	इ	
९३	इतो विद्युद्वल्ली विल०	५६
२७	इदमनुचितमक्रमश्च	१९
१९	इमे तारुण्यश्रीनव०	१४
	उ	
१५	उद्वृत्तः स्तनभार एष	१२
७५	उन्मत्तप्रेमसंरम्भा ...	४५
४९	उन्मीलत्त्रिवली ...	३३

श्लो.		पृष्ठ
९२	उपरि घनं घनपटलं	५५
२९	उरसि निपतितानां	१८
	ए	
३	क्षे. एकैव काचिन्महता०	६२
क्षे.	एको रागिषु राजते	११
क्षे.	एतत्कामफलं लोके.	३७
८	एताश्चलद्वलयसंहति०	७
	क	
५९	कश्चुम्बति कुलपुरुषो	३८
४१	कान्तेत्युत्पललोचनेति	२८
५३	कामिनीकायकान्तारे	३४
३९	किमिह बहुभिरुक्तैर्युक्ति०	२६
६६	किं गतेन यदि सा	४१
९	कुंकुमपङ्ककलंकितदेहा	७
७८	कृशः काणः खञ्जः	४७
१००	केशानाकलयन् दृशौ	६०
१२	केशाः संयमिनः श्रुते०	९
४	क्वचित्सुभ्रूभङ्गैः क्वचि०	४
	ग	
१७	गुरुणा स्तनभारेण ...	१३
	च	
९९	चुम्बन्तो गण्डभित्ती०	५९
८०	जल्पन्ति सार्धमन्येन	५३
५५	जात्यन्धाय च दुर्मु०	३६

श्लो.	त	पृष्ठ
९०	तरुणीवेषादीपितकामा	५४
७०	तावदेवकृतिनांहृदिस्फु०	४३
७६	तावन्महत्त्वं पाण्डित्यं	४६
४३	तावदेवामृतमयी ...	३०
	द	
क्षे.	दिक्कालाद्यनव० ...	१
३४	दिश वनहरिणीभ्यो	२४
७	द्रष्टव्येषुकिमुत्तमंमृगदृशः	६
क्षे.	दृष्टा दृष्टिमधो ददाति	९
	ध	
६१	धन्यास्तएवचपलायत०	३९
१	क्षे. धिक्तस्यमन्दमनसः	६१
४	क्षे. धन्यास्ते वीतरागा	६३
	न	
५६	नगम्योमंत्राणांनच ...	३६
४४	नामृतंनविषंकिंचि०	३०
१०	नूनं हि ते कविवरा	८
११	नूनमाज्ञाकरस्तस्याः	८
	प	
८१	परिमलभृतो वाताः	५०
८५	प्रथितःप्रणयवतीनां	५२
८४	पान्थस्त्रीविरहानलाहुति	५२
२०	प्रणयमधुराःप्रेमोद्गाढा	१५
२४	प्राप्नामेतिमनागमानितगुणं	१७

श्लो.		पृष्ठ
क्षे.	प्रियपुरतो युवतीनां	१०
९८	प्रोद्यत्प्रौढप्रियङ्गुद्युतिभृति	५८
	ब	
क्षे.	बोद्धारो मत्सर० ...	१
६२	बाले लीलामुकुलित	३९
	भ	
७१	भवतिबचसिसङ्गत्याग	४३
क्षे.	भवन्तो वेदान्तप्रणि०	२३
३	भ्रूचातुर्यात्कुंचिताक्षाः	४
	म	
७३	मत्तेभकुंभदलने भुवि	४४
क्षे.	मत्तेभकुंभपरिणाहिनि	२७
६०	मधु तिष्ठति वाचि	३८
८२	मधुरयं मधुरैरपि ...	५०
३६	मात्सर्यमुत्सार्य ...	२५
२३	मालती शिरसि ...	१६
१६	मुखेन चन्द्रकान्तेन	१३
१३	मुग्धे धानुष्कता केय०	१०
	य	
६९	यदासीदज्ञानं ...	४३
४८	यदेतत्पूर्णेन्दुद्युतिहर०	३२
१८	यस्याःस्तनौयदिघनौ	१४
	र	
२९	रागस्यागारमेकं	२०
२८	राजंस्तृष्णाम्बुराशेर्न	१९
	ल	
४७	लीलावतीनां सहजा	३२

श्लो.	व	पृष्ठ
५	वक्त्रं चन्द्रविडम्बि०	५
९१	वियदुपचितमेवं ...	५५
६५	विरहोऽपि सङ्गमः खलु	४१
२१	विश्रम्य विश्रम्य ...	१५
८०	विश्वामित्रपराशर०	४९
५२	विस्तारितं मकरकेतन०	३४
५८	वेश्याऽसौ मदनज्वाला	३७
५	क्षे. वैराग्यं संश्रयत्येको	६४
५४	व्यादीर्घेण चलेन ...	३५
	श	
१	शंभुस्वयंभुहरयो हरिणे०	२
७७	शास्त्रज्ञोऽपि प्रथित०	४६
क्षे.	शुभ्रं सद्म सविभ्रमा	३
३०	शृङ्गारद्रुमनीरदे ...	२०
	स	
१४	सति प्रदीपे सत्यग्नौ.	१२
४६	सत्यत्वे न शशाङ्क एष	३१
४०	सत्यं जना वच्मि न	२७
६८	सदा योगाभ्यास०	४२
७४	सन्मार्गे तावदास्ते ...	४५
३७	संसारेऽस्मिन्नसारे परि०	२५
३१	संसारेऽस्मिन्नसारे कु०	२१
३३	संसारोदधिनिस्तार०	२३
८६	सहकारकुसुमकेसर०	५२
३२	सिद्धाध्यासितकन्दरे.	१२
क्षे.	सुधामयोऽपि क्षय०	६९
८९	सुधाशुभ्रं धाम स्फुरद०	५४
८८	स्रजोहृद्यामोदाव्यजन०	५३
७९	स्त्रीमुद्रां झषकेतनस्य.	४८
२	स्मितेन भावेन च	३
६	स्मितं किञ्चिद्वक्त्रे	६
४२	स्मृता भवति पापा	२९
७२	स्वपरप्रतारकोऽसौ ..	४४
	ह	
९७	हेमन्ते दधिदुग्धसर्पि०	५८

શૃંગારશતકનાં ૫ પ્રકરણો

અંક	વિષય–પ્રકરણ	શ્લોકસંખ્યા
૧	સ્ત્રીપ્રશંસા પ્રકરણ	૧ થી ૨૦
૨	સંભોગવર્ણન પ્રકરણ	૨૧ થી ૪૦
૩	સ્ત્રીનિંદા પ્રકરણ	૪૧ થી ૬૦
૪	સુવિરક્ત દુર્વિરક્તપદ્ધતિ પ્રકરણ ...	૬૧ થી ૮૦
૫	ઋતુવર્ણન પ્રકરણ	૮૧ થી ૧૦૦

શૃંગારશતકના વિષયોની અનુક્રમણિકા

વિષય	શ્લોક
મંગળાચરણ	૧
તૃષ્ણાનું દૂષણ	૨
૧ સ્ત્રીપ્રશંસાપ્રકરણ ૧–૨૦	
કામદેવની સ્તુતિ... ...	૧
પુણ્ય તપતું હોય ત્યાં સુધી સુખ	ક્ષે.
સ્ત્રીની જાળ	૨
અલંકાર અને શસ્ત્ર ...	૩
સ્ત્રીનું સૌન્દર્ય	૪
સ્ત્રીનું સ્વાભાવિક ભૂષણ	૫
હાવભાવ...	૬
સ્ત્રીની ચેષ્ટાઓ ઉત્તમ છે	૭
સ્ત્રી સર્વને વશ કરે છે ...	૮
સ્ત્રીનું સુખ	૯
સ્ત્રી અબળા નથી ...	૧૦
સ્ત્રીનો દાસ	૧૧
ની સ્વાભાવિક શોભા	૧૨
અજ્ઞાત મુગ્ધા	ક્ષે.
માની સ્ત્રી	ક્ષે.
અપૂર્વ ધનુષ્યધારિણી સ્ત્રી	૧૩
ભગવાન્ શંકરનું સ્વરૂપ	ક્ષે.
કામી પુરુષ	૧૪
સ્ત્રીરૂપી તાપ	૧૫
સ્ત્રીરૂપી રત્ન	૧૬
સ્ત્રીરૂપી ગ્રહ	૧૭
પુણ્યવડે સ્ત્રીની પ્રાપ્તિ...	૧૮
સ્ત્રીના વિલાસો ...	૧૯
સ્ત્રીની વાણી	૨૦
૨ સંભોગવર્ણનપ્રકરણ ૨૧–૪૦	
વિરહિણી સ્ત્રી	૨૧
અતૃપ્ત મન	૨૨
સ્વર્ગસુખ તુલ્ય ઉપભોગ ...	૨૩
કુલીન સ્ત્રીની કામક્રીડા...	૨૪
મુગ્ધા સુરતાંત... ...	૨૫

વિષય	શ્લોક
કામ-પુરુષાર્થનો છેડો...	૨૬
સ્રી પુરુષની કામી સ્થિતિ	૨૭
અજીત તૃષ્ણા	૨૮
સઘળા અનર્થોનું મૂળ...	૨૯
અવિકારી પુરુષને ધન્ય	૩૦
પુરુષોનો આધાર ...	૩૧
સ્રીને લીધે સંસાર ...	૩૨
કમલનયના સ્રી... ...	ક્ષે.
સંસારસમુદ્ર તરવા બાબત	૩૩
વનનિવાસ કે સ્રીસેવન ?	૩૪
બાહ્ય વિષયોના મહિમાનું સ્ફુરણ	૩૫
સ્રીના નિતંબ	૩૬
કાળક્ષેપના બે પ્રકાર ...	૩૭
સ્રી કે ગંગાનદી ? ...	૩૮
સેવન કરવા લાયક યૌવન અને વન	૩૯
સુખદુઃખનું કારણ ...	૪૦
ભાગ્યશાળી પુરુષ ...	ક્ષે.
ભોક્તાનો ભાગ્યોદય	ક્ષે.

૩ સ્રીનિંદાપ્રકરણ ૪૧–૬૦

વિષય	શ્લોક
વિદ્વાન્ પણ મોહ પામે છે	૪૧
સ્રીની નિંદા	૪૨
અમૃત સમાન અને વિષ-સમાન સ્રી ...	૪૩–૪૪
સ્રીના દોષોનું નિરૂપણ ...	૪૫
મૂઢ પુરુષની સ્રી પર આસક્તિ ...	૪૬–૪૭
સ્રીનું મુખ ઝેર કોચલા જેવું	૪૮
સ્રીના ત્યાગની આવશ્યકતા	૪૯
ચંચળ વૃત્તિવાળી સ્રી...	૫૦
સ્રીરૂપી સર્પ	૫૧
કામદેવનો ગળ	૫૨
કામરૂપી ચોરનો નિવાસ	૫૩
સ્રીરૂપી સર્પનો અસાધ્ય દંશ	૫૪
પુરુષની છેતરપિંડી ...	૫૫
કામરૂપ અપસ્માર રોગ	૫૬
વેશ્યાનો અવિવેક	૫૭
સ્રીપુરુષનાંચિત્તોની એકતા	ક્ષે.
વેશ્યાસંગથી થતી હાનિ	૫૮
વેશ્યાના અધરોષ્ઠ ચુંબનનો નિષેધ	૫૯
અધર પાન અને હૃદય તાડન	૬૦

૪ સુવિરક્ત દુર્વિરક્ત-પદ્ધતિપ્રકરણ ૬૧–૮૦

વિષય	શ્લોક
અધિકારી પુરુષો... ...	૬૧
વિરક્તની આસ્થા ...	૬૨
વિરક્તની ઉક્તિ ...	૬૩–૬૪
સંયોગ વિયોગની વ્યાખ્યા	૬૫
પ્રવાસી અને વર્ષા ...	૬૬
સ્રીના ક્ષણભંગુર સંગસુખનો નિષેધ	૬૭
યોગાભ્યાસીને લૈકિક સુખાનંદની નિરપેક્ષતા	૬૮
બ્રહ્મમય દૃષ્ટિ	૬૯
સ્રીનાં કટાક્ષનો પ્રભાવ ...	૭૦
કહેવું સહેલ છે પણ કરવું દુસ્તર... ...	૭૧
સ્રી નિંદા અનુચિત છે	૭૨

વિષય	શ્લોક
કામ જીતનારા પુરુષોની વિરલતા	૭૩
પુરુષ ક્યાં સુધી સન્માર્ગે પ્રવર્તે?	૭૪
પ્રેમનો આવેગ	૭૫
અકામ પુરુષ	૭૬
ઘણાજ થોડા સદ્ગતિને પામે છે	૭૭
મરેલાને મારનાર કામદેવ	૭૮
કામદેવનો પ્રભાવ ...	૭૯
દુર્ઘટ ઇન્દ્રિયનિગ્રહ ...	૮૦
કટાક્ષની ખળતા... ...	ક્ષે.
૫ ઋતુવર્ણનપ્રકરણ ૮૧–૧૦૦	
વસંતઋતુ અને ઉદ્દીપન સામગ્રી–વસંત ઋતુમાં થતા ફેરફારો... ...	૮૧
વિપત્તિમાં અમૃત પણ વિષ	૮૨
ચૈત્ર માસ...	૮૩
વસંતનાં ચિહ્નો	૮૪
સ્ત્રીઓના અભિમાનનું વૈયર્થ્ય	૮૫
ઉત્કંઠાજનક વસંત ...	૮૬
ગ્રીષ્મ ઋતુનું વર્ણન	૮૭ થી ૮૯
વર્ષા ઋતુનું વર્ણન	૯૦ થી ૯૫
શરદ્ ઋતુનું વર્ણન ...	૯૬
હેમંત ઋતુનું વર્ણન ...	૯૭-૯૮
ચંદ્રસરખી નાકની વાળી	ક્ષે
શિશિર ઋતુનું વર્ણન	૯૯-૧૦૦

ક્ષેપક

વિષય	શ્લોક
સ્ત્રીના મુખમાં અને ચંદ્રમાં તફાવત	૧
સ્ત્રીના ભ્રૂકુટિપાતની ઉચ્છૃંખલતા	૨
મહાત્માઓનો જીવનવ્યાપાર	૩
ધન્યવાદને પાત્ર પુરુષો ...	૪
ત્રણ પ્રકારના શતકો વિષે રુચિની વિવિધતા ...	૫

"ગુજરાતી" પ્રિ. પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

અદ્વૈત મંજરી ૦–૪–૦   અમૃતાનુભવ ૨– ૦–૦
અનંતાનુભૂતિ ૨–૪–૦   અધ્યાત્મ રામાયણ ૩– ૦–૦
કથા સરિત્સાગર ભા. ૧. ... ... ૬– ૦–૦
કથા સરિત્સાગર ભા. ૨. ... ... ૮– ૦–૦
કર્મ માર્ગ ૨–૦–૦   ગણેશપૂજનવિધિ ૨– ૦–૦
ચંદ્રકાંત ભા. ૧ લો. ૧૦– ૦–૦
ચંદ્રકાંત ભા. ૨ જો ૧૦– ૦–૦
ચંદ્રકાંત ભાગ ૩ જો ૧૦– ૦–૦
દશ કુમાર ચરિત્ર ૨–૦–૦   ધર્મ વિચાર ૧– ૮–૦
ધર્મજ્ઞાનદૃષ્ટાંતમાળા ૧– ૦–૦
ભક્તરાજની પુષ્પમાળા ૧– ૦–૦
જ્ઞાન સૂર્યોદય ૨– ૦–૦
પાતંજલ યોગદર્શન પ્રકાશ ૩– ૦–૦
પુરૂષોત્તમ માહાત્મ્ય ૨–૦–૦   મુગ્ધાની કથા ૦– ૪–૦
પંચદશી-ચંદ્રકાંત વિવરણ ... ... નથી
બોધવચન ૧– ૦–૦
ભર્તુહરિશતકચતુષ્ટય ૩– ૦–૦
ચિદ્દ્ઘનાનંદી ગીતા ૮– ૦–૦
ભાગવત ૨૫–૦–૦   હરિવંશ ૧૨– ૦–૦
સંપૂર્ણ મહાભારત (૩ ભાગમાં) ૫૨– ૦–૦
માર્કણ્ડેય પુરાણ (કવિતા) ૪– ૦–૦
યોગવાસિષ્ઠ મહારામાયણ ૫ પ્રકરણ ... ૮– ૦–૦
વામન પુરાણ ૨– ૦–૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડીંગ રીઝર્વ બેંકની પાછળ,
એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ – ૧

"ગુજરાતી" પ્રિ. પ્રેસમાં વેચાતાં પુસ્તકો

	રૂ. આ.
પિંગલા–ભર્તૃહરિની સતી રાણી	૦– ૪
કૃષ્ણ–અર્જુન યુદ્ધ	૦– ૪
પુરૂષોત્તમ માસ માહાત્મ્ય	૨– ૦
મુગ્ધાની કથા	૦– ૪
પુરૂષોત્તમ માસ માહાત્મ્ય (પાનીઆ)	૪– ૦
મુગ્ધાની કથા (પાનીઆ)	૦– ૮
અધ્યાત્મ રામાયણ	૩– ૦
યોગવાસિષ્ઠ મહારામાયણ–૫ પ્રકરણ	૮– ૦
આદિત્યહૃદય	૦– ૪
કર્મમાર્ગ–શિવગણપતિનું અધ્યાત્મ સ્વરૂપ	૨– ૦
ગણેશ પૂજન વિધિ	૨– ૦
ગણપતિનું અધ્યાત્મજ્ઞાન	૦– ૨
ગણપતિ અથર્વશીર્ષ	૦– ૪
ગણપતિ એકાક્ષરમંત્ર	૦– ૪
ગિરિશૃંગે	૦– ૮
જ્યોતિર્લિંગ સોમનાથ	૦– ૮
ગોવિંદ દામોદર માધવ સ્તોત્ર	૦– ૪
ભીષ્મસ્તવરાજ	૦– ૪
અનુસ્મૃતિ	૦– ૪
ગજેન્દ્રમોક્ષ ૦–૪ કૃષ્ણોપનિષદ્	૦– ૪
કૃષ્ણકથામૃત ૦–૪ ચંદ્રોક્તિકા	૦– ૪
એકાદશસ્કંધ (મૂળ સહિત ગુજરાતી)	૧– ૮

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ.

આસુન બિલ્ડીંગ, રીઝર્વ બેંકની પાછળ

એલ્ફિન્સ્ટન સર્કલ કોટ, મુંબઈ – ૧

"ગુજરાતી" પ્રિ. પ્રેસમાં વેચાતા પુસ્તકો

	રૂ. આ.
ત્રિવિધ નામાવલી (મૂળ ને ગુજરાતી)	૦– ૬
વલ્લભનામ અને વલ્લભ નામાવલિ (મૂળ ને ગુજરાતી)	૦– ૬
विष्णुसहस्रनाम– (मूल)	૦– ૨
गणेशसहस्रनामावलिः	૦– ૪
शिवसहस्रनामावलिः	૦– ૪
पुरुषोत्तमसहस्रनाम (संस्कृत)	૦– ૪
पुरुषोत्तमसहस्रनामावलिः	૦– ૪
बृहत्स्तोत्र मुक्ताहार	નથી
बृहत्स्तोत्र रत्नहार	૬– ૦
शिवमहिम्नः स्तोत्रम्–(मूल)	૦– ૪
सत्यनारायण पूजा–कथा (मूल)	૦– ૪
सत्यनारायण पूजा कथा पानीया	૧–
वाल्मीकि रामायणम् । टीकात्रयोपेतम्	૩૬– ૦
દૃષ્ટાંતકલિકાશતક	૦– ૪
કોન્ફ્યુશસની શિખામણ	૦– ૮
ઉષસ્તિ ચાક્રાયણ	૦– ૪
ઇન્દ્ર વિરોચન	૦– ૪
પ્રાણોપાસના	૦– ૪
યક્ષ વાર્તા	૦– ૪
યાજ્ઞવલ્ક્ય મૈત્રેયી ગાર્ગી સંવાદ	૦– ૪

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
સાસુન બિલ્ડીંગ, રીઝર્વ બેંકની પાછળ,
એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ – ૧

ॐ

अमरयोगीन्द्रश्रीभर्तृहरिकृत

शृंगारशतक

मूळसहित गुजराती भाषांतर

મંગળાચરણ

अनुष्टुभ्वृत्त

विक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥

જેની મૂર્તિ, દિશા અને કાલ વગેરેથી અવ્યાપ્ત છે, એટલા જ માટે અનન્ત અને ચૈતન્યસ્વરૂપ છે, જે એક જ આત્મજ્ઞાનના સારરૂપ છે, જે શાંત છે અને પ્રકાશરૂપ છે, તે પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું.

સુભાષિત કોણ સાંભળે છે?

अनुष्टुभ्वृत्त

बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमङ्गे सुभाषितम् ॥

તૃષ્ણાનું દૂષણ—જ્ઞાનીઓ મત્સરથી વ્યાપ્ત છે, રાજાઓ પોતાના અભિમાનમાં જ ખેંચાયલા રહે છે અને બાકીના બધા અજ્ઞાનથી હણાયલા છે; તેથી સુભાષિત અમારા અંગમાં જીર્ણ થઇ ગયું.

અર્થાત્ સંસારમાં ત્રણ જાતના પુરુષો છે; એટલે જેઓ જ્ઞાની છે તેઓ ઇર્ષ્યાથી બીજા લોકને જ્ઞાન આપવાની પરવા જ રાખતા નથી; જેઓ મોટા માણસ છે, તેઓ તો 'હું જ ગુણી અને વિદ્વાન્ માણુસ છું' એવા અહંકારથી સહુની અવગણના જ કરે છે; અને જેઓ અજ્ઞાની છે, તેઓ તો બાપડા કંઈ સમજતા નથી; આમ હોવાથી સંસારમાં વિદ્વાનની અને વિદ્યાની બેયની તુલના જ નથી.

સૂચના—આ બન્ને શ્લોકો નીતિશતકના આરંભમાં આવી ગયા છે છતાં મંગળાચરણ માટે અહીં દાખલ કર્યા છે.

૧ સ્ત્રીપ્રશંસાપ્રકરણ ૧–૨૦

પ્રથમ નીતિ બતાવીને પછી શૃંગાર વર્ણવતાં રાજર્ષિપ્રવર ભર્તૃહરિ કામદેવની વંદનાત્મક સ્તુતિથી મંગળાચરણ કરે છે.

वसन्ततिलकावृत्त

शंभुस्वयंभुहरयो हरिणेक्षणानां
येनाक्रियंत सततं गृहकर्मदासाः[1]।
वाचामगोचरचरित्रविचित्रिताय[2]
तस्मै नमो भगवते कुसुमायुधाय[3] ॥ १ ॥

શંભુ, સ્વયંભુ અને હરિને પણ જેણે હરિણેક્ષણાઓનાં—સ્ત્રીઓનાં સતત ઘરનું કામ કરનારા—ગુલામ બનાવેલા છે એવા અને વાણીથી પણ અગમ્ય ચરિત્રોથી વિચિત્ર એવા ભગવાન કુસુમાયુધ—કામદેવને હું નમસ્કાર કરું છું. ૧*

---

*અવ૦—પુણ્ય તપતું હોય ત્યાંસુધી સુખ મળે છે અને પુણ્યનો અસ્ત થતાં સુખનો પણ અસ્ત જ થાય છે. ☞

---

१ 'गृहकुम्भदासाः' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठः।
२ 'पवित्रिताय' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।
३ 'मकरध्वजाय' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

અવ૦—સ્ત્રીઓનું શું શું બંધનકર્તા નથી?

वंशस्थवृत्त

स्मितेन भावेन च लज्जया भिया[1] पराङ्मुखैरर्धकटाक्षवीक्षणैः।
वचोभिरीर्ष्याकलहेन लीलया समस्तभावैः खलु बन्धनं स्त्रियः॥

મંદ હાસ્ય, હાવભાવ, લજ્જા, ભય, આડું જોવું, અર્ધ મીંચેલ આંખે જોવું, મધુર ભાષણ, ઇર્ષ્યા, કલહ–કલેશ અને લીલા વિલાસ, એ સ્ત્રીઓના સઘળા ભાવો પુરુષને બંધનરૂપ છે. ૨

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

शुभ्रं सद्म सविभ्रमा युवतयः श्वेतातपत्रोज्ज्वला
लक्ष्मीरित्यनुभूयते स्थिर[2]मिव स्फीते शुभे कर्मणि।
विच्छिन्ने नितरामनङ्गकलहक्रीडात्रुटत्तन्तुकं
मुक्ताजालमिव प्रयाति झटिति भ्रश्य[3]द्दृशोऽदृश्यताम्॥

જ્યાંસુધી શુભ કર્મ પહોંચતાં હોય ત્યાંસુધી ધવલ મંદિર, વિલાસવાળી યુવતીઓ અને શ્વેત છત્રથી ઉજ્જવલ રાજલક્ષ્મીનું સુખ સ્થિર હોય, એમ અનુભવાય છે; પણ તે (કર્મનો) અંત આવી રહેતાં તો તે સર્વ કામક્રીડાના કલહમાં તૂટી ગયેલા દોરાવાળા મૌક્તિકોની જાળની પેઠે સપાટાબંધ હતબુદ્ધ પુરુષની દૃષ્ટિસમીપમાંથી અદૃશ્ય થઈ જાય છે. (આ શ્લોક નીતિશતકમાં ૯૪ મો છે.)

१ 'धिया' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।
२ 'चिरमनुस्यूते' इति नि. सा. पाठान्तरम्।
३ 'भ्रस्यद्दिशो द०' इति नि. सा. पाठान्तरम्।

અવ૦—સ્વાભાવિક કટાક્ષ વગેરે ભાવ સ્ત્રીઓને અલંકારની પેઠે શોભા આપે છે ને શસ્ત્રની પેઠે પુરુષોનાં હૃદયને ભેદે છે.

शालिनीवृत्त

भ्रूचातुर्यात्कुञ्चिताक्षाः कटाक्षाः
स्निग्धा वाचो लज्जितांताश्च हासाः।
लीलामन्दं[1] प्रस्थितं सस्मितं च
स्त्रीणामेतद्भूषणं चायुधं च ॥ ३ ॥

ભ્રુકુટીનાં ચાતુર્યથી સંકોચવાળાં નેત્રકટાક્ષો, પ્રેમવાળાં વચનો, લજ્જાવાળાં હાસ્યો, લટકાથી મંદ મંદ ચાલવું અને મંદ મંદ હાસ્ય, આ સઘળાં સ્ત્રીઓનાં અલંકાર અને શસ્ત્ર છે. ૩

અવ૦—નીચેના બે શ્લોકોથી શૃંગારના આલંબનરૂપ સ્ત્રીનું વર્ણન કરવામાં આવે છે.

शिखरिणीवृत्त

क्वचित्सुभ्रूभङ्गैः क्वचिदपि च लज्जापरिगतैः
क्वचिद्भीतित्रस्तैः[2] क्वचिदपि च लीलाविलसितैः।
नवोढानामेतैर्वदनकमलैर्नेत्रलसितैः[3]
स्फुरन्नीलाब्जानां प्रकरपरिकीर्णा इव दिशः ॥ ४ ॥

કોઈ વેળા સુંદર ભ્રુકુટિભંગવાળાં, કોઈ વેળા લજ્જાથી કરેલા હાવભાવવાળાં, કોઈ વેળા ભયથી ચમકેલાં, કોઈ વેળા લીલાથી કરેલા હાવભાવવાળાં તેમ જ નેત્રોના વિલાસવાળાં

---

१ 'च स्थितं च' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
२ 'क्वचिद्भूरि०' इति नि. सा. पाठान्तरम् ।
३ 'कुमारीणामेतैर्व(र्म)दनसुभगैर्नेत्रवलितैः' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठान्तरम् ।

નવોઢાઓનાં મુખકમળોથી દિશાઓ જાણે ડોલતાં શ્યામ કમળોના સમુદાયથી છવાયલી હોય તેવી જણાય છે. ૪

તાત્પર્ય-સ્ત્રીઓ ઉપર અત્યંત આસક્ત પુરુષોને સ્ત્રીઓનાં મુખ વગેરેનું સ્મરણ થાય છે અને તેમના જેવી બીજી વસ્તુઓનું પણ સ્મરણ થાય છે.

સ્ત્રીઓનું સ્વાભાવિક ભૂષણ

शार्दूलविक्रीडितवृत्त

वक्त्रं चन्द्रविडम्बि पङ्कजपरीहासक्षमे लोचने
वर्णः स्वर्णमपाकरिष्णुरलिनीजिष्णुः कचानां चयः।
वक्षोजाविभकुम्भविभ्रमहरौ गुर्वी नितम्बस्थली
वाचोहारि च मार्दवं युवतिषु स्वाभाविकं मण्डनम् ॥ ५ ॥

ચંદ્રનો તિરસ્કાર કરે તેવું મુખ, કમળનો પરિહાસ કરવામાં સમર્થ એવાં નેત્ર, સોનાથી સરસ વર્ણ (અંગરંગ), ભ્રમરોને જીતે એવો શ્યામ કેશસમૂહ, હાથીના ગંડસ્થળની શોભાને હરી લે તેવાં (ભરાઉ) સ્તનો, ભારે નિતંબ અને વાણીનું મનોહર કોમળપણું, આ સ્ત્રીઓનું સ્વાભાવિક ભૂષણ છે. ૫

અવ૦–આવતી જુવાની વખતે સ્ત્રીઓના જે જે ભાવ થાય છે, તે સઘળા સુંદર હોય છે.

शिखरिणीवृत्त

स्मितं किंचिद्वक्त्रे सरलतरलो दृष्टिविभवः
परिस्पन्दो वाचामभिनवविलासोक्तिसरसः।
गतीनामारम्भः किसलयितलीलापरिकरः
स्पृशन्त्यास्तारुण्यं किमिह नहि रम्यं मृगदृशः ॥ ६ ॥

---

१ 'चन्द्रविकासि' इति नि. सा. पाठान्तरम्।

२ 'किंचिद्वक्त्रं' इति गु. प्रे. ह. लि. तथा च 'किंचिन्मुग्धं' इति नि. सा. पाठान्तरे।

३ 'गताना०' इति नि. सा. पाठान्तरम्।

મુખ ઉપર મંદ મંદ હાસ્ય, સરલ અને ચંચલ એવો દૃષ્ટિનો વૈભવ, નવીન શૃંગારમય વચનોથી સરસ એવો વાણીનો વ્યાપાર અને નવાંકુરવાળી લીલાઓના સમૂહવાળો ગમનનો આરંભ, આ સઘળા, જુવાનીને ઝીલતી મૃગસમાન લોચનવાળી સ્ત્રીના ગુણોમાં કયો ગુણ રમણીય-મનોહર નથી?-અર્થાત્ તેના સર્વે ગુણો મનોહર છે. ૬

અવ૦-જોવા લાયક અને સાંભળવા લાયકમાં શું ઉત્તમ છે? એ પ્રશ્નનો ઉત્તર.

शार्दूलविक्रीडितवृत्त

द्रष्टव्येषु किमुत्तमं मृगदृशः प्रेमप्रसन्नं मुखं
घ्रातव्येष्वपि किं तदास्यपवनः श्राव्येषु किं तद्वचः।
किं स्वाद्येषु तदोष्ठपल्लवरसः स्पर्शेषु किं तत्तनु-
र्ध्येयं किं नवयौवनं सुहृदयैः सर्वत्र तद्विभ्रमः ॥ ७ ॥

પ્રશ્ન-જોવા લાયક પદાર્થોમાં શું ઉત્તમ છે?

ઉત્તર-મૃગના જેવાં નેત્રવાળીનું પ્રેમપ્રસન્ન મુખ.

પ્રશ્ન-સુંઘવા લાયકમાં શું ઉત્તમ છે?

ઉત્તર-સ્ત્રીના મુખનો શ્વાસ.

પ્રશ્ન-સાંભળવા લાયકમાં શું ઉત્તમ છે?

ઉત્તર-સ્ત્રીનું વચન.

પ્રશ્ન-ચાખવા લાયકમાં શું ઉત્તમ છે?

ઉત્તર-સ્ત્રીના અધરોષ્ઠનો રસ.

પ્રશ્ન-સ્પર્શ કરવામાં શું ઉત્તમ છે? ઉત્તર-સ્ત્રીનું તન;

પ્રશ્ન-ધ્યાન કરવા લાયકમાં શું ઉત્તમ છે?

---

१ 'तद्वपु०' इति नि. सा. पाठांतरम्।

२ 'सहृदयैः' इति नि. सा. पाठान्तरम्।

ઉત્તર–સ્ત્રીનું નવીન યૌવન અર્થાત્ સ્ત્રીની ચેષ્ટા સર્વત્ર ઉત્તમ છે. ૭

અવ૦–સ્ત્રી કોને વશ કરતી નથી?

वसन्ततिलकावृत्त

एताश्चलद्वलयसंहतिमेखलोत्थ-
झङ्कारनूपुररवाहृतराजहंस्यः।
कुर्वन्ति कस्य न मनो विवशं तरुण्यो
वित्रस्तमुग्धहरिणीसदृशाक्षिपातैः ॥ ८ ॥

ઊંચા નીચા થવાથી ખણુખણાટ કરી રહેલાં વલયોના અને મેખલાના ઝમકારથી તથા નૂપુરના શબ્દથી રાજહંસીઓનું આકર્ષણ કરનારી સ્ત્રીઓ ત્રાસ પામેલી અર્થાત્ ભયચકિત થયેલી સુંદર હરણીના જેવાં નેત્રોના કટાક્ષથી કોના મનને વશ કરતી નથી? તાત્પર્ય–સ્ત્રીઓ સર્વથા પુરુષને વ્યાકુળ કરે છે. ૮

અવ૦–આ જગતમાં સ્ત્રી જ સર્વને વશ કરવામાં સમર્થ થાય છે.

दोधकवृत्त

कुङ्कुमपङ्ककलङ्कितदेहा गौरपयोधरकम्पितहारा
नूपुरहंसरणत्पदपद्मा कं न वशं कुरुते भुवि रामा ॥ ९ ॥

જેના શરીરપર કેસર ચર્ચેલું હોય છે, જેનો હાર શ્વેત સ્તનોથી કંપાયમાન હોય છે અને જેનાં ચરણકમળોમાં ઝાંઝરરૂપી હંસો ઝણઝણાટ કરતા હોય છે, તેવી રામા કોને વશ કરતી નથી અર્થાત્ સર્વને વશ કરે છે. ૯

---

१ 'सदृशैः कटाक्षैः' इति नि. सा. पाठान्तरम्।
२ 'वशीकुरुते' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठ०

અવ૦–સ્ત્રીઓને અબળા (બળરહિત) કહેવાનો વ્યવહાર ખોટો છે, પણ તેઓ 'બળવાળી છે' એ પર શ્લોકઃ—

वसन्ततिलकावृत्त

नूनं हि ते कविवरा विपरीतबोधा[1]
ये नित्यमाहुरबला इति कामिनीर्याः[2]।
याभिर्विलोलतरतारकदृष्टिपातैः
शक्रादयोऽपि विजितास्त्वबला[3]ः कथं ताः ॥१०॥

જે ઉત્તમ કવિવર્યો સ્ત્રીઓને નિરંતર અબલા (બળ વિનાની) કહે છે, તેઓ બેશક સ્ત્રીવિષયમાં અજ્ઞાત છે. કારણ કે જે સ્ત્રીઓએ ચંચળ કીકીવાળાં નેત્રોના કટાક્ષોથી ઇન્દ્ર વગેરેને પણ જીતી લીધા છે તેઓ અબળા કેમ કહેવાય? (તે અબળા નહીં, પણ સબળા છે.) ૧૦

અવ૦–આ કામદેવ સ્ત્રીનાં કટાક્ષ જેમ ફેરવે તેમ ફરે છે, માટે સ્ત્રીનો હુકમ ઉઠાવનાર છે, એમ કહે છે.

अनुष्टुभ्वृत्त

नूनमाज्ञाकरस्तस्याः सुभ्रुवो मकरध्वजः।
यतस्तन्नेत्र[4]संचारसूचितेषु[5] प्रवर्तते ॥११॥

આ તો નિઃસંશય છે કે મકરધ્વજ એટલે કામદેવ સ્ત્રીનો હુકમ ઉઠાવનાર નોકર છે. કારણ કે એ કામદેવ સ્ત્રીના કટાક્ષે સૂચવેલા પુરુષોમાં પ્રવર્તે છે. ૧૧

---

१ 'वाचो' इति नि. सा. पाठान्तरम्।
२ 'स्ताः' इति नि. सा. पाठान्तरम्।
३ 'अबलाः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।
४ 'यद्भ्रूनेत्र०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।
५ 'सूचितेऽपि' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

અલ૦-સ્ત્રીનું શરીર શાંત છતાં પણ શોભે છે, એ પર શ્લેષાલંકાર.

शार्दूलविक्रीडितवृत्त

केशाः संयमिनः[1] श्रुतेरपि परं पारं गते लोचने
चान्तर्वक्त्रमपि स्वभावशुचिभिः कीर्णं द्विजानां गणैः।
मुक्तानां सतताधिवासरुचिरं वक्षोजकुम्भद्वयं[2]
चेत्थं तन्वि वपुः प्रशान्तमपि ते क्षोभं[3] करोत्येव नः ॥१२॥

કેશ સંયમી (ગુંથેલા અને યોગી) છે, નેત્ર શ્રુતિ (વેદ તથા કાન)ના પણ પેલા પારને પહોંચેલાં છે, મુખ સ્વભાવથી શુચિ એવા દ્વિજો (દાંત તથા બ્રાહ્મણ)થી વ્યાપ્ત છે, સ્તનરૂપી બે કુંભો મુક્તો (જીવનમુક્ત અને મોતીના હાર)ના રહેવાથી શોભે છે, એવી રીતે હે સુંદરી! શાંત છતાં પણ તારું શરીર અમને વિકારથી ક્ષોભ અથવા અનુરાગ ઉત્પન્ન કરે છે. ૧૨*

---

*शार्दूलविक्रीडितवृत्त

दृष्टा दृष्टिमधो ददाति कुरुते नालापमाभाषिता
शय्यायां परिवृत्य तिष्ठति बलादालिंगिता वेपते।
निर्यान्तीषु सखीषु वासभवनान्निर्गन्तुमेवेहते
जाता वामतयैव संप्रति मम प्रीत्यै नवोढा प्रिया॥

સામું જોતાં નજર નીચી કરે છે, બોલાવતાં બોલતી નથી, શયનમાં પાસું ફેરવીને સુઇ જાય છે અને બળાત્કારે આલિંગન આપતાં કંપે છે, અંતઃપુરમાંથી સખીઓ બહાર નીકળી જવાને તૈયાર થતાં તેમની સાથે બહાર જવાની ☞

---

१ 'संयमिताः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।
२ 'रुचिरौ वक्षोजकुम्भाविमावित्थं' इति नि. सा. पाठान्तरम्।
३ 'रागं' इति नि. सा. पाठान्तरम्।

અવ૦—સ્ત્રી ધનુષધારીથી વિલક્ષણ છે.

अनुष्टुब्वृत्त

मुग्धे धानुष्कता केयमपूर्वा दृश्यते त्वयि।
यदाविध्यसि चेतांसि गुणैरेव न सायकैः ॥१३॥

હે સુંદરી! તું ગુણો (ધનુષ્યની દોરી)થી જ પુરુષોનાં ચિત્તને વિંધે છે, પણ બાણુથી વિંધતી નથી, માટે તારી પાસે આ અપૂર્વ ધનુષ્યધારીપણું કેવું? ૧૩

અભિપ્રાય–ધનુષ્યધારી પુરુષ બાણવડે પ્રત્યક્ષ લક્ષ્ય (નિશાન)ને વિંધે છે અને સ્ત્રી તો અપ્રત્યક્ષ મનુષ્યોનાં

☞ ઇચ્છા કરે છે, એવી રીતે નવી પરણી આણેલી પ્રિયા મને હમણાં તેના સ્ત્રીભાવથી પ્રીતિ ઉત્પન્ન કરે છે.*

અવ૦—કામને વધારનાર સામગ્રી પાસે હોય તો પણ સ્ત્રીઓના મનમાં માનનો ઉદય થતો નથી.

आर्या

प्रियपुरतो युवतीनां तावत्पदमातनोतु हृदि मानः।
भवति न यावच्चन्दनतरुसुरभिनिर्मलः पवनः ॥

પતિની પાસે સ્ત્રીઓના હૃદયમાં માન ત્યાંસૂધી ટકે છે કે, જ્યાંસૂધી ચંદન વૃક્ષની સુગંધવાળો નિર્મળ પવન વાતો નથી. (એટલે જેવો સુગંધી પવન વાય છે કે, તત્કાળ સ્ત્રીના માનનો નાશ થાય છે.)

---

१ पद्यमिदमधस्तनं च पद्यं निर्णयसागरीयपुस्तके न विद्येते।

* અહીંની સંસ્કૃત પ્રતમાં આ શ્લોક ફરીને આવેલો છે, માટે અમે તેની પુનરુક્તિ ન કરતાં કલકત્તાવાળી કાવ્યસંગ્રહની પ્રતમાંથી આ શ્લોક ઉમેર્યો છે.

---

१ 'तव दृश्यते' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

२ 'यया वि०' इति गु. प्रे. ह. लि. तथा च मि. सा. पाठा०

ચિત્તને બાણથી નહીં પણ ગુણથી વિંધે છે, એ જ સ્ત્રીમાં વિલક્ષણપણું છે.*

*અવ૦–વૈરાગ્યવાળા અને વૈરાગ્ય વગરના પુરુષોમાં માત્ર શિવ જ શ્રેષ્ઠ છે, પણ બીજા નથી.

शार्दूलविक्रीडितवृत्त

एको रागिषु राजते प्रियतमादेहार्धहारी हरो
नीरागेष्वपि[1] यो विमुक्तललनासंगो न यस्मात्परः।
दुर्वारस्मरबाणपन्नगविषज्वालावलीढो[2] जनः
शेषः कामविडम्बितो[3] हि विषयान्भोक्तुं न मोक्तुं क्षमः॥

રાગી (સંસારમાં આસક્ત) પુરુષોમાં એક શંકર જ રાજે છે; કારણ કે તેણે પોતાની પ્રિયાનું અર્ધું શરીર હરેલું છે અને વૈરાગ્યવાળાઓમાં પણ સ્ત્રીઓનો સંગ તજનારા શંકર જ રાજે છે; કારણ કે શંકરથી બીજો કોઈ કામી પુરુષથી નિવારણ થઈ ન શકે એવાં કામના બાણરૂપી સર્પની ઝેરી જ્વાળાથી વ્યાપ્ત થયો થકો વિષયને ભોગવવા માટે વા છોડવા માટે સમર્થ નથી, એટલે એક શંકર જ સમર્થ છે.

અભિપ્રાય–પાર્વતીની સાથે વિવાહ થયા પહેલાં મોહ કરવા આવેલા કામદેવને શંકરે બાળીને ભસ્મ કર્યો છે (અર્થાત્ જીત્યો છે), માટે શંકર વૈરાગ્યવાળામાં શોભે છે, ☞

१ 'नीरागेषु जनो' इति **गु. प्रे. ह. लि.** तथा च **नि. सा.** पाठान्तरम्।

२ 'व्यासक्तमूढो' इति **गु. प्रे. ह. लि.** तथा च **'व्याविद्धमुग्धो'** इति **नि. सा.** पाठान्तरे।

३ 'विडम्बितास्त्र' इति **नि. सा.** पाठान्तरम्।

અવ૦–સ્ત્રી ઉપર અતિ આસક્ત પુરુષ જગતનો કોઈ પણ વ્યવહાર જાણતો નથી.

अनुष्टुभूवृत्त

सति प्रदीपे सत्यग्नौ सत्सु तारारवीन्दुषु।
विना मे मृगशावाक्ष्या तमोभूतमिदं जगत् ॥१४॥

દીવો, અગ્નિ, નક્ષત્ર, સૂર્ય અને ચંદ્ર વિદ્યમાન છતાં પણ સ્ત્રી વિના આ જગત્ મને અંધકારમય જણાય છે. એટલે સ્ત્રીનાં કટાક્ષવડે વિંધાયલો હું 'શું કરવું અને શું ન કરવું' તે કાંઈ પણ જાણી શકતો નથી. ૧૪

અવ૦–સ્ત્રીનાં સ્તન વગેરે તાપ કરે છે, પરંતુ તે કરતાં અધિક તાપ મધ્યમાં રહેલી રોમાવલી પણ કરે છે.

शार्दूलविक्रीडितवृत्त

उद्वृत्तः स्तनभार एष तरले नेत्रे चले भ्रूलते
रागाधिष्ठितमोष्ठपल्लवमिदं कुर्वन्तु नाम व्यथाम्।
सौभाग्याक्षरपङ्क्तिकेव लिखिता पुष्पायुधेन स्वयं
मध्यस्थाऽपि करोति तापमधिकं रोमावली केन सा ॥१५॥

અત્યંત વર્તુળ એવો આ સ્તનભાર, ચંચળ નેત્રો, ચલાયમાન ભ્રુકુટી અને રંગવાળો આ અધરપલ્લવ, એ સઘળાં ભલે પીડા કરો, પરંતુ કામદેવે પોતે જાણે સૌભાગ્યના

☛ એટલે શ્રેષ્ઠ છે; અને વિવાહ થયા પછી વિયોગના ભયથી પાર્વતીને પોતાનાં અર્ધ શરીરમાં ધારણ કરે છે (અર્ધનારીશ્વર છે), માટે રાગી(સંસારી)માં પણ શંકર જ શોભે છે એટલે શ્રેષ્ઠ છે.

---

१ 'मणीन्दुषु' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०
२ 'मालिकेव' इति नि. सा. पाठान्तरम्।

અક્ષરોની પંક્તિ લખેલી હોય તેવી અને મધ્યમાં રહેલી એવી રોમાવલિ કયા હેતુથી અધિક તાપ કરતી હશે? ૧૫

અભિપ્રાય—જગતમાં પ્રસિદ્ધ છે કે, મધ્યસ્થ હોય તે તાપ કરતો નથી અને આ રોમાવલિ મધ્યસ્થ છતાં પણ તાપ કરે છે.

અવ૦—મોહ ઉપજાવનારી સ્ત્રીનું વર્ણન કરવામાં આવે છે.

अनुष्टुभ्वृत्त

मुखेन चन्द्रकान्तेन महानीलैः शिरोरुहैः।
पाणिभ्यां पद्मरागाभ्यां[1] रेजे रत्नमयीव सा ॥१६॥

ચંદ્રકાન્ત મણિ જેવા મુખે, મહાનીલમણિ જેવા કેશોએ અને પદ્મરાગમણિ જેવા હાથે કરીને સ્ત્રી રત્નમય હોય એવી શોભે છે.* ૧૬

अनुष्टुभ्वृत्त

गुरुणा स्तनभारेण मुखचन्द्रेण भास्वता।
शनैश्चराभ्यां पादाभ्यां रेजे ग्रहमयीव सा ॥१७॥

ગુરુ (એવા) સ્તનભારે, પ્રકાશિત ચંદ્ર જેવા મુખે અને શનૈશ્ચર (મંદ ગતિવાળા) પગે કરીને સ્ત્રી ગ્રહમય હોય એવી શોભે છે.† ૧૭

---

૧ 'कराभ्यां' इति नि. सा. पाठान्तरम्।

* ચન્દ્રકાન્ત, ધોળો મણિ; મહાનીલ, કાળો મણિ; પદ્મરાગ, લાલ મણિ; એ રીતે ત્રણ મણિ જેવી હોવાથી રત્નમયી.

† ગુરુ=સ્ત્રી પક્ષે ભારે સ્તન; ગ્રહપક્ષે બૃહસ્પતિ; ચંદ્ર=સ્ત્રી પક્ષે મુખચંદ્ર અને ગ્રહપક્ષે ચન્દ્રમા; શનૈશ્ચર=સ્ત્રી પક્ષે મંદગતિ અને ગ્રહપક્ષે શનિ નામનો ગ્રહ—એ રીતે ત્રણ પક્ષે ગ્રહને મળતી હોવાથી સ્ત્રી ગ્રહમય હોય, એવી લાગે છે.

અવ૦—પુણ્ય વિના સુંદર સ્ત્રી મળતી નથી, માટે ચિત્તને પુણ્ય કરવાની પ્રાર્થના રાજર્ષિ ભર્તૃહરિ કરે છે.

वसन्ततिलकावृत्त

यस्याः स्तनौ यदि घनौ जघनं विहारि
वक्त्रं च चारु तव चित्त किमाकुलत्वम् ।
पुण्यं कुरुष्व यदि तेषु तवास्ति वाञ्छा
पुण्यैर्विना नहि भवन्ति समीहितार्थाः ॥१८॥

હે ચિત્ત! તું વ્યાકુળ શા માટે થાય છે? જેનાં સ્તન મળેલાં હોય, જેના જઘન વિશેષ મનોહારી હોય અને મુખ સુંદર હોય તેવી સ્ત્રીનાં તેવાં સ્તન વગેરે પર તને ઇચ્છા હોય તો તું પુણ્ય કર; પુણ્યો વિના વાંછિત પદાર્થો મળતા નથી. ૧૮

અવ૦—સુંદર સ્ત્રીના વિલાસની મોટાઇનું વર્ણન.

शिखरिणीवृत्त

इमे तारुण्यश्रीनवपरिमलाः प्रौढसुरत-
प्रतापप्रारम्भाः स्मरविजयदानप्रतिभुवः ।
चिरं चेतश्चौरा अभिनवविलासैकगुरवो
विलासव्यापाराः किमपि विजयन्ते मृगदृशाम् ॥१९॥

મૃગનયનાઓના અનુપમ વિલાસના વ્યાપારો કે જેમાં તારુણ્યની શોભાનો નવીન સુંદર ગંધ હોય છે, પ્રૌઢ કામ-ક્રીડાના પ્રતાપનો આરંભ હોય છે, જે કામદેવને વિજય આપવામાં સમર્થ હોય છે, ચિરકાલ ચિત્તને ચોરનારા છે

१ 'तस्याः' इति नि. सा. पाठान्तरम् ।
२ 'च हारि' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
३ 'विकारैक०' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०
४ 'किमिव' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અને નવીન વિલાસના–વિકારના મુખ્ય શિક્ષક હોય છે, તે સર્વ કરતાં ઉત્તમતાથી–ઉત્કૃષ્ટતાથી વિજય પામે છે. ૧૯

અવ૦–સ્ત્રીઓ પોતામાં અત્યંત આસક્ત પુરુષનું સર્વસ્વ હરી લે છે.

हरिणीवृत्त

प्रणयमधुराः प्रेमोद्गाढा रसादलसास्तथा
भणितमधुरा मुग्धप्रायाः प्रकाशितसंमदाः।
प्रकृतिसुभगा विश्रम्भार्हाः स्मरोदयदायिनो
रहसि किमपि स्वैरालापा हरन्ति मृगीदृशाम् ॥२०॥

સ્ત્રીઓનાં એકાંતમાં પ્રણયથી મધુરાં, પ્રેમથી ભરપૂર, શૃંગારરસથી આળસવાળાં અને કામક્રીડા વખતે બોલવાથી મધુર અસ્ફુટ, પ્રકટ હર્ષવાળાં, સ્વભાવથી જ સુંદર, વિશ્વાસયોગ્ય અને કામને ઉત્પન્ન કરનારાં અલૌકિક યથેચ્છ ભાષણો મનને હરણ કરે છે. ૨૦

૨. સંભોગપ્રકરણ ૨૧–૪૦

ચંદ્રનાં કિરણોનું નિવારણ કરતી સ્ત્રીનું વનમાં ફરવું.

उपजातिवृत्त

विश्रम्य विश्रम्य वनद्रुमाणां छायासु तन्वी विचचार काचित्।
स्तनोत्तरीयेण करोद्धृतेन निवारयन्ती शशिनो मयूखान् ॥२१॥

---

१ 'प्रेमप्रौढाः प्रसादवशा०' इति गु. प्रे. ह. लि. तथा च 'प्रेमोद्गारा रसाश्रयतां गताः' इति नि. सा. पाठान्तरे।

२ 'फणिति०' इति नि. सा. पाठान्तरम्।

३ 'मन्मथाः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

४ 'स्वेच्छालापा' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

५ 'स्तनो०' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठान्तरम्

હાથમાં ધરેલાં સ્તનપરનાં ઝીણું ઉત્તરીય વસ્ત્રથી ચંદ્રનાં કિરણોનું નિવારણ કરતી વિયોગવાળી કોઈ એક કૃશાંગી સ્ત્રી વન વૃક્ષોની છાયામાં વારંવાર વિશ્રામ લઇ લઈને ફરતી હતી. ૨૧

અવ૦-મનમાં થયેલી અભિલાષા ઉત્તરોત્તર વધતી જાય છે, પણ તૃપ્ત થતી નથી.

उपजातिवृत्त

अदर्शने दर्शनमात्रकामा दृष्ट्वा परिष्वङ्गरसैकलोला ।
आलिङ्गितायां पुनरायताक्ष्यामाशास्महे विग्रहयोरभेदम् ॥२२॥

અમે જ્યાંસુધી સ્ત્રી જોવામાં ન આવી હોય ત્યાંસુધી તેને જોવાની ઇચ્છા કરીએ છીએ, જોયા પછી તેને આલિંગન કરવાના રસમાં-સુખમાં અતિ તૃષ્ણા કરીએ છીએ અને આલિંગન કર્યા પછી પુનઃ બન્નેનું શરીર એક થાય તેવી ઇચ્છા કરીએ છીએ. ૨૨

અભિપ્રાય-કોઇને નસીબ યોગે આલિંગનનો લાભ થાય, તો પણ તેથી સંતોષ ન માનીને વિયોગના ભયથી નાયક નાયિકાનું એક શરીર થાય તેવી ઇચ્છા કરે છે. એવી રીતે શૃંગારમાં નિમગ્ન પુરુષ તૃપ્ત થતો નથી.

અવ૦-માળા અને ચંદન વગેરે ધારણ કરી સ્ત્રીનો સમાગમ કરવો એ સ્વર્ગનું સુખ આપે છે.

रथोद्धतावृत्त

मालती शिरसि जृम्भणोन्मुखी चन्दनं वपुषि कुङ्कुमाविलम् ।
वक्षसि प्रियतमा मनोहरा स्वर्ग एष परिशिष्ट आगतः ॥२३॥

---

१ 'सुखैक०' इति नि. सा. पाठान्तरम् ।

२ 'जृम्भणं मुखे' इति नि. सा. पाठान्तरम् ।

३ 'मदालसा' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०

જો મસ્તક ઉપર ખીલતાં માલતીનાં પુષ્પોની માળા હોય, (મુખપર મદનમદજનિત સ્ફૂર્તિ હોય), શરીરપર કેસરી ચંદન ચોપડેલું હોય અને વક્ષઃસ્થલ પર મનોહર અથવા મદમાતી પ્રિયતમા હોય, તો ભોગવતાં શેષ રહેલું સ્વર્ગસુખ પૃથ્વી ઉપર આવેલું છે, એમ જાણવું. ૨૩

અવ૦ — કુલીન સ્ત્રીની સાથે કામક્રીડા કરવી, એ જ પરમાનંદરૂપ છે.

शार्दूलविक्रीडितवृत्त

प्राङ्मा मेति [1]मनागमानितगुणं जाताभिलाषं ततः
सव्रीडं तदनु [2]श्लथीकृततनु प्रत्यस्तधैर्यं पुनः ।
प्रेमार्द्रं स्पृहणीयनिर्भररहःक्रीडाप्रगल्भं ततो
[3]निःशङ्काङ्गविकर्षणाधिकसुखं रम्यं कुलस्त्रीरतम् ॥२४॥

પ્રથમ 'નહીં નહીં' એ પ્રકારે નિષેધથી જેમાં ગુણોનું થોડુંક અપમાન થાય છે તેવું, અથવા કિંચિત્ ન પામેલા રસવાળું, કિંવા કિંચિત્ મનોહરતાને પામેલા ગુણવાળું, પછી અભિલાષાવાળું, તે પછી લજ્જાસહિત, તે પછી જેમાં શરીર શિથિલ થાય છે એવું, તે પછી જેમાં ધૈર્યનો નાશ થાય છે એવું, તે પછી પ્રેમથી આર્દ્ર એવું અને તે પછી ઇચ્છા કરવા યોગ્ય અત્યંત એકાંત ક્રીડાથી પ્રગલ્ભ અને શંકારહિત શરીરનું મર્દન કરવાથી અધિક સુખ આપનારું એવું કુલીન સ્ત્રીની સાથેનું રત (કામક્રીડા) રમણીય છે. ૨૪

---

१ 'मनोरमागतगुणं' इति गु. प्रे. ह. लि. तथा च 'मनागनागतरसं' इति नि. सा. पाठान्तरे।

२ 'श्लथोद्यममथ प्रध्वस्त०' इति नि. सा. पाठान्तरम् ।

३ 'निःसङ्गाङ्ग०' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०

અભિપ્રાય-કુલીન સ્ત્રી પ્રથમ તો ઉપર ઉપરથી ના ના કહે છે, પછી ઇચ્છા કરી લજ્જાસહિત પોતાનું શરીર શિથિલ કરે છે અર્થાત્ પુરુષને અંગસ્પર્શ કરવા દે છે, છેલ્લે ધૈર્ય છોડી પ્રેમ બતાવે છે, માટે તેની સાથે 'યથેચ્છ શરીરનું મર્દન કરી' એકાંત સ્થળમાં કામક્રીડા કરવાથી અધિક સુખ મળે છે.

અવ૦-આ સંસારમાં અનુકૂળ સ્ત્રીઓનો ઉપભોગ કરનારા પુરુષો પુણ્યવાન્ છે, પણ બીજા પુણ્યવાન્ નથી.

मालिनीवृत्त

उरसि निपतितानां स्रस्तधम्मिल्लकानां
मुकुलितनयनानां किंचिदुन्मीलितानाम् ।
सुरतजनितखेदस्विन्नगण्डस्थला (ली)ना-
मधरमधु वधूनां भाग्यवन्तः पिबन्ति ॥२५॥

છાતી ઉપર પડેલી હોય, જેનો ચોટલો છૂટી ગયો હોય, જેનાં નેત્રો થોડાં વિંચેલાં હોય અને થોડાં ખુલ્લાં હોય અને કામક્રીડાના પરિશ્રમને લીધે જેના ગાલ ઉપર પસીનો આવી ગયો હોય, તેવી વધૂઓના અધરોષ્ઠના મધને ભાગ્યવાન્-પુણ્યવાન્ પુરુષો પીએ છે. ૨૫

અવ૦-સ્વીકારેલા કામરૂપી પુરુષાર્થનો પરમ છેડો શું છે?

गीति

आमीलितनयनानां यत्सुरतरसो नु संविदं कुरुते ।
मिथुनैर्मिथोऽवधारितमवितथमिदमेव कामनिर्वहणम् ॥२६॥

---

१ 'उपरिसुरत' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०
२ 'पुण्यवन्तः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
३ 'यत्सुरतरतो न' इति गु. प्रे. ह. लि. तथा च 'यः सुरतरसोऽनु' इति नि. सा. पाठान्तरे । ४ 'भाति' इति नि. सा. पाठान्तरम् ।
५ 'मर्चित०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અરધાં વિંચેલાં નેત્રવાળી સ્ત્રીઓની સાથે કરેલી કામક્રીડાનો રસ પરમ સુખકારક થઇ પડે છે, એમ સ્ત્રી પુરુષનાં જોડાંએ મળીને જે નિશ્ચય કર્યો છે, એ જ ખરેખર કામ પુરુષાર્થનો છેડો છે. ૨૬

અવ૦–સ્ત્રી અને પુરુષની સ્થિતિમાં અવસ્થાભેદથી ઉચિતપણું અને ક્રમથી વિરુધ્ધપણું છે.

पुष्पिताग्रावृत्त

इदमनुचितमक्रमश्च पुंसां यदिह जरास्वपि मान्मथा विकाराः।
यदपि च न कृतं नितम्बिनीनां स्तनपतनावधि जीवितं रतं वा॥

આ સંસારમાં વૃદ્ધાવસ્થામાં પણ પુરુષોને જે કામવિકાર થાય છે, તે અનુચિત ને ક્રમવિરુદ્ધ છે; વળી મોટા નિતંબવાળી સ્ત્રીઓનાં સ્તન પડી જાય ત્યાંસૂધી વિધિએ તેઓનું જીવન અથવા સુરત નિર્માણ ન કર્યું, એ પણ અનુચિત ને ક્રમવિરુદ્ધ છે. ૨૭

અર્થાત્–પુરુષોને વૃદ્ધાવસ્થામાં કામવિકાર ન થતા હોત તો સારું, કિંવા સ્ત્રીઓ જીવે ત્યાંસૂધી સંયમી રહેતી હોત તો સારું, પણ આ તો બેય એક બીજાથી વિરુદ્ધ, માટે અનુચિત.

અવ૦–તૃષ્ણા જિતાય એવી નથી.

स्रग्धरावृत्त

राजंस्तृष्णाम्बुराशेर्न हि जगति गतः कश्चिदेवावसानं
को वाऽर्थोऽर्थैः प्रभूतैः स्ववपुषि गलिते यौवने सानुरागः।
गच्छामः सद्म यावद्विकसितनयनेन्दीवरालोकिनीना-
माक्रम्याक्रम्य रूपं झटिति न जरया लुप्यते प्रेयसीनाम्॥२८॥

હે રાજન્! જગતમાં કોઈ પણ પુરુષ તૃષ્ણારૂપી સમુદ્રના પારને પહોંચ્યો નથી. પોતાનું શરીર શિથિલ

---

१ 'वाऽर्थैः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

થતાં, યૌવનની ઇચ્છા ધરાવનાર પુરુષને પુષ્કળ ધનનું શું પ્રયોજન છે? (અર્થાત્ કંઇ નહીં.) માટે ફૂલેલાં શ્યામ કમલ જેવાં નેત્રવાળી પ્યારી સ્ત્રીઓનાં રૂપને ઘડપણ જલદી બળાત્કારથી નાશ ન કરે, તેટલા વખતમાં અમે ઘેર જઇએ. ૨૮

અવ૦—સઘળા અનર્થોનું મૂળ યૌવન છે તે નીચલા શ્લોકથી જણાવે છે.

स्रग्धरावृत्त

रागस्यागारमेकं नरकशतमहादुःखसंप्राप्तिहेतु-
र्मोहस्योत्पत्तिबीजं जलधरपटलं ज्ञानताराधिपस्य ।
कन्दर्पस्यैकमित्रं प्रकटितविविधस्पष्टदोषप्रबन्धं
लोकेऽस्मिन्न ह्यनर्थव्रजकुसुमवनं यौवनादन्यदस्ति ॥२९॥

યૌવન એ રાગનું એક ઘર છે, સેંકડો નરકોમાંનું મહાદુઃખની પ્રાપ્તિનું કારણ છે, મોહની ઉત્પત્તિનું કારણ છે, જ્ઞાનરૂપી ચંદ્રને ઢાંકનાર મેઘનો સમુદાય છે (એટલે જ્ઞાનને ઢાંકનાર છે), કામદેવનો મુખ્ય મિત્ર છે અને નાના પ્રકારના દોષને પ્રકટ કરનાર છે, માટે આ લોકમાં અનર્થોના સમુદાયસરખું કુસુમવન યૌવન વિના બીજું એકે નથી. ૨૯

અવ૦—ઉપલા શ્લોકમાં સઘળા અનર્થોનું મૂળ યૌવન છે, એમ કહ્યા પછી તે યૌવન પામીને જેને વિકાર થયો નથી, તેને ધન્ય છે. તે સંબંધે દૃષ્ટાંતઃ—

शार्दूलविक्रीडितवृत्त

शृङ्गारद्रुमनीरदे विसृमरक्रीडारसस्रोतसि
प्रद्युम्नप्रियबान्धवे चतुरतामुक्ताफलोदन्वति ।
तन्वीनेत्रचकोरपार्वणविधौ सौभाग्यलक्ष्मीनिधौ
धन्यः कोऽपि न विक्रियां कलयति प्राप्ते नवे यौवने ॥३०॥

---

१ 'भृशार्णवशा०' इति गु. प्र. ह. लि. पाठान्तरम् ।
२ 'प्रसृमर०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
३ 'चतुरवाङ्मुक्ता०' इति नि. सा. पाठान्तरम् ।

જે શૃંગારવૃક્ષને મેઘરૂપ છે (એટલે જેમ મેઘ વૃક્ષનું પોષણ કરે છે, તેમ જે યૌવન શૃંગારનું પોષણ કરે છે), જે ફેલાતા ક્રીડારસનો પ્રવાહ છે (એટલે ક્રીડારસને ઉત્પન્ન કરે છે), જે કામદેવનો પ્રિય મિત્ર છે, જે ચતુરાઈરૂપી મુક્તાફળોના સમુદ્રરૂપ છે (એટલે તેમને ઉત્પન્ન કરનાર છે), જે સ્ત્રીનાં નેત્રરૂપી ચકોર પક્ષીને પૂર્ણિમાના ચંદ્રરૂપ છે (એટલે તેને આનંદ આપનાર છે) અને જે સૌભાગ્યની લક્ષ્મીનો ભંડાર છે, એવું નવયૌવન પ્રાપ્ત થતાં પણ જેને વિકાર થતો નથી, તે પુરુષને ધન્ય છે. ૩૦

અવ૦–હવે સંસારમાં દુષ્ટ રાજાના મહેલના દરવાજાની સેવા કરવાથી ખેદ પામેલા મનવાળા પુરુષો તરુણ સ્ત્રીઓના આધારથી સ્થિર ચિત્તવાળા થાય છે.

स्रग्धरावृत्त

संसारेऽस्मिन्नसारे कुनृपतिभवनद्वारसेवावलम्ब-
व्यासङ्गध्वस्तधैर्यं कथममलधियो मानसं संनिदध्युः।
यद्येताः प्रोद्यदिन्दुद्युतिनिचयभृतो न स्युरम्भोजनेत्राः
प्रेङ्खत्काञ्चीकलापाः स्तनभरविनमन्मध्यभागास्तरुण्यः ॥३१॥

આ અસાર સંસારમાં, જો ઉગતા ચંદ્રની કાંતિના સમુદાયને ધારણ કરવાવાળી, કમળ જેવાં નેત્રવાળી, ખણખણાટ કરતી કટિમેખલાવાળી અને સ્તનોના ભારથી જેના મધ્ય ભાગ નમતા હોય છે એવી તરુણ સ્ત્રીઓ ન હત તો, દુષ્ટ રાજાના મહેલના દરવાજાની સેવાના અવલંબનપર અત્યાસક્ત રાખવાથી અર્થાત્ સેવારૂપ કલંકના સંસર્ગથી જેમનું ધૈર્ય રહેતું નથી. એવા સ્વચ્છ બુદ્ધિવાળા પુરુષો,

---

१ 'कलङ्क०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम्।
२ 'भाज०' इति नि. सा. पाठान्तरम्।

પોતાનાં મનને કયે પ્રકારે સ્થિર રાખત? અર્થાત્ કોઇ પણ પ્રકારે સ્થિર રાખી શકત નહીં. ૩૧

સાર–દુષ્ટ રાજાની સેવાથી મનમાં ખેદ પામતા પુરુષોનું ચિત્ત ઉપર વર્ણુવેલી સ્ત્રીઓના સેવનથી સ્થિર થાય છે.

અવ૦–સ્ત્રી ઉપર આસક્તિ જ પ્રણામ વગેરેનું કારણ થાય છે.

शार्दूलविक्रीडितवृत्त

सिद्धाध्यासितकन्दरे हरवृषस्कन्धावगाढद्रुमे[1]
गङ्गाधौतशिलातले हिमवतः स्थाने स्थिते श्रेयसि[2] ।
कः कुर्वीत शिरः प्रणाममलिनं म्लानं मनस्वी जनो
यद्वित्रस्तकुरङ्गशावनयना न स्युः स्मरास्त्रं स्त्रियः ॥३२॥

જો ભયભીત થયેલા હરિણના બચ્ચાના જેવા નેત્રવાળી સ્ત્રીઓ કામદેવનું શસ્ત્ર ન હોત તો, જેની ગુફામાં સિદ્ધ પુરુષો વસે છે, જેનાં વૃક્ષોની સાથે શંકરનો પોઠીઓ કાંધ ઘસે છે અને જેના શિલાતળને ગંગાજી ધૂવે છે, એવા કલ્યાણકારક હિમાલય પર્વતનું નિર્જન સ્થાન વિદ્યમાન છતાં, કયો મનસ્વી મનુષ્ય મસ્તક પ્રણામથી મલિન અને ખેદવાળું કરત? અર્થાત્ કોઈ નહીં; (અર્થાત્ સ્ત્રી ઉપર આસક્તિ ન થાત તો સર્વે ઉપદ્રવરહિત હિમાલય પર્વતમાં જઇને વસત, પણ સ્ત્રીને પ્રણામ વગેરે કરત નહીં.) ૩૨ *

---

*અવ૦–આ સંસારમાં જેમ પરોપકારથી બીજું ઉત્તમ પુણ્ય નથી, તેમ કમલ સરખાં નેત્રવાળી સ્ત્રીઓ વિના બીજું કાંઇ પણ સુંદર નથી. ☞

---

१ 'स्कन्धावरुग्णद्रुमे' इति नि. सा. पाठान्तरम् ।

२ 'स्थितः स्थेयसि' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અવ૦—સંસારનાં સુખની ઇચ્છાવાળા પુરુષે સ્ત્રીનો સહવાસ અવશ્ય કરવો, પણ સંસારને તરવાની ઇચ્છાવાળા પુરુષે કરવો નહીં, તે પર દૃષ્ટાંત.

अनुष्टुभ्वृत्त

संसारोदधिनिस्तारपदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्युर्यदि रे मदिरेक्षणाः ॥३३॥

જો વચમાં દુસ્તર એવી મદિરેક્ષણા સ્ત્રીઓ ન હોય તો સંસારસમુદ્રને તરવાનો માર્ગ કાંઇ દૂર નથી. ૩૩

અભિપ્રાય—જો વૈરાગ્ય પામવો હોય તો સ્ત્રીનો સંગ તજવો ને જો ન પામવો હોય તો સંસારના સુખની ઇચ્છાવાળાએ સ્ત્રીનો સંગ કરવો.

शिखारणीवृत्त

भवन्तो वेदान्तप्रणिहितधियामाप्तगुरवो
विचित्रालापानां वयमपि कवीनामनुचराः ।
तथाप्येतद्ब्रूमो नहि परहितात्पुण्यमधिकं
न चास्मिन् संसारे कुवलयदृशो रम्यमपरम् ॥

તમે વેદાંતીઓના હિતકારક ગુરુ છો, તો અમે પણ વિચિત્ર ભાષણ કરનાર કવિઓને અનુસરનાર છીએ; તથાપિ અમે એટલું તો કહીએ છીએ કે, આ સંસારમાં પરોપકારથી બીજું અધિક પુણ્ય નથી અને કમલનયના સ્ત્રીઓથી બીજું (કંઇ) સુંદર નથી!

---

१ 'संसार तव पर्यन्त॰' इति नि. सा. पाठान्तरम् ।
२ 'ते' इति नि. सा. पाठांतरम् ।
३ 'मत्र' इति पाठान्तरम् ।
४ 'विदग्धा॰' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અન્વ૦—વનમાં જઇ વસવું અથવા સ્ત્રીઓની સાથે રહેવું, એ જ સુખદાયક છે.

मालिनीवृत्त

दिश वनहरिणीभ्यो वंशकाण्डच्छवीनां
कवलमुपलकोटिच्छिन्नमूलं कुशानाम्।
शुकयुवतिकपोलापाण्डुताम्बूलवल्ली-
दलमरुणनखाग्रैः पाटितं वा वधूभ्यः ॥३४॥

હે જન! વાંસના દંડ જેવી કાંતિવાળા દર્ભોનો, પથ્થરના અગ્રભાગથી છેદેલાં મૂળવાળો કોળીઓ વનની મૃગલીઓને આપ, અથવા તો લાલ નખોના અગ્રભાગોથી ચીરેલાં અને પોપટીઓના અથવા શક દેશમાંની સ્ત્રીઓના ગાલ જેવાં ધોળાં પીળાં નાગરવેલનાં પાન સ્ત્રીઓને આપ. ૩૪

અર્થાત્—કાં તો વનવાસ કરીને જીવન ગાળ અથવા તો ઉત્તમાંગનાઓનાં છળબળ નિરખીને આનંદમાં દિવસ ગુજાર.

બાહ્ય વિષયોના મહિમાનું સ્ફુરણ

शिखरिणीवृत्त

असाराः सन्त्येते विरतिविरसा बाह्यविषया
जुगुप्सन्तां यद्वा ननु सकलदोषास्पदमपि।
तथाप्यन्तस्तत्त्वप्रणिहितधियामप्यतिबल-
स्तदीयोऽनाख्येयः स्फुरति हृदये कोऽपि महिमा ॥३५॥

વિરક્તિના યોગે રસહીન થયેલા આ બાહ્ય વિષયો અસાર છે, અથવા સર્વ દોષોનું સ્થાન પણ છે. તેમને નિંદો, તથાપિ તેમનો વાણીથી વર્ણવી ન શકાય એવો કોઇક અતિ બલવાન્ મહિમા અંતસ્તત્ત્વમાં સમાધિલીન બુદ્ધિ ધરાવતા યોગીશ્વરોના હૃદયમાં સ્ફુરણ પામે છે. ૩૫

१ 'शक०' इति नि. सा. पाठान्तरम्।
२ 'सर्वे ते' इति नि. सा. पाठान्तरम्।

અવ૦—પર્વતના નિતંબ (તળેટી) અને સ્ત્રીના નિતંબ એ બન્ને સુખ આપનાર છે, પણ તેમાં કોણ વિશેષ સુખ આપે છે?

उपजातिवृत्त

मात्सर्यमुत्सार्य विचार्य कार्य-
मार्याः समर्यादमिदं वदन्तु ।
सेव्या नितम्बाः किमु भूधराणा-
मुत स्मरस्मेरनितम्बिनीनाम्[1] ॥३६॥

હે આર્ય પુરુષો! ઇર્ષ્યાને દૂર કરી (તથા) કાર્યનો વિચાર કરીને, શાસ્ત્રની મર્યાદા પ્રમાણે જ ઉત્તર આપો કે, શું પર્વતોના નિતંબોનું સેવન કરવું, કે કામદેવના મંદ હાસ્યવાળી સ્ત્રીઓના નિતંબોનું સેવન કરવું? ૩૬

તાત્પર્ય કે, અધિકાર પ્રમાણે પર્વતના નિતંબ અને સ્ત્રીઓના નિતંબ બન્ને સેવવાં.

અવ૦—આ સંસારમાં પંડિતોનો બે પ્રકારે કાળક્ષેપ થાય છે.

स्रग्धरावृत्त

संसारेऽस्मिन्नसारे[2] परिणतितरले द्वे गती पण्डितानां
तत्त्वज्ञानामृताम्भःप्लवललितधियां[3] यातु कालः कदाचित्[4] ।
नो चेन्मुग्धाङ्गनानां स्तनजघनघनाभोगसंसर्गिणीनां
स्थूलोपस्थस्थलीषु स्थगितकरतलस्पर्शलोलोद्यमानाम्[5] ॥३७॥

આ અસાર અને નાશવાળા સંસારમાં પંડિતોની બે પ્રકારની પ્રવૃત્તિ હોય છે. તેઓએ કદાચિત્ તત્ત્વજ્ઞાનરૂપી

---

१ 'विलासिनीनाम्' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

२ 'संसारे स्वप्नसारे' इति नि. सा. पाठान्तरम् ।

३ 'प्लुतललित०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

४ 'कथञ्चित्' इति नि. सा. पाठान्तरम् ।

५ 'लोलोद्यतानाम्' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અમૃતજળમાં બુદ્ધિને ગોથાં મરાવવામાં કાળ કાઢવો; પરંતુ જો પોતાને તત્ત્વજ્ઞાન ન હોય તો સ્થિરતાથી ભરાઉ સ્તન અને ભરાઉ જાંઘવાળી મુગ્ધાંગનાના મોટા ઉપસ્થસ્થળમાં તૃષ્ણાસહિત હસ્તતલથી સ્પર્શ કરવામાં ઉદ્યમી થઈ કાળક્ષેપ કરવો. ૩૭

તાત્પર્ય-તત્ત્વજ્ઞાન થયું હોય તો સર્વદા તત્ત્વવિચાર કરવો, નહીં તો સર્વદા સ્ત્રીસેવન કરવું.

અવ૦-આ લોકના તથા પરલોકના હિત માટે શું કરવું?

अनुष्टुभ्वृत्त

आवासः क्रियतां गाङ्गे पापहारिणि वारिणि ।
स्तनद्वये तरुण्या वा मनोहारिणि हारिणि ॥३८॥

પાપ હરનાર ગંગાના વહેતા જલના કિનારા ઉપર નિવાસ કરો અર્થાત્ પુણ્ય મેળવવાની ઇચ્છા હોય તો ગંગાના કિનારા ઉપર રહી તપ કરો અથવા તો મનોહર તરુણ સ્ત્રીના મોતીના હારવાળાં સ્તનોમાં વાસ કરો અર્થાત્ સંસારના સુખની ઈચ્છા હોય તો સ્ત્રીસંગે ક્રીડા કરો. ૩૮

मालिनीवृत्त

किमिह बहुभिरुक्तैर्युक्तिशून्यैः प्रलापै-
र्द्वयमपि पुरुषाणां सर्वदा सेवनीयम् ।
अभिनवमदलीलालालसं सुन्दरीणां
स्तनभरपरिखिन्नं यौवनं वा वनं वा ॥३९॥

આ જગતમાં યુક્તિ વગરના ઘણા વ્યર્થ બકવાદનું શું પ્રયોજન છે? પુરુષોએ નવીન મદની લીલાઓમાં લોલુપ અને સ્તનના ભારથી વ્યાપ્ત (મદવાળું) સ્ત્રીઓનું યૌવન અથવા વન, એ બન્ને સદા સેવવાં જોઈએ. ૩૯

---

१ 'मध्ये' इति गु. प्र. ह. लि. पाठान्तरम् ।
२ 'मिह' इति नि. सा. पाठान्तरम् ।

તાત્પર્ય–વૈરાગ્ય ન વ્યાપ્યો હોય તો જોબનવંતી સ્ત્રી સેવવી અને વૈરાગ્ય વ્યાપ્યો હોય તો વન સેવવું, કારણ કે અવસ્થા પ્રમાણે બંને સુખ આપે છે.*

અવ૦–સ્ત્રી જ સુખદુઃખનું કારણ છે.

इन्द्रवज्रावृत्त

सत्यं जना वच्मि न पक्षपाताल्लोकेषु सर्वेष्वतितथ्यमेतत् ।
नान्यन्मनोहारि नितंबिनीभ्यो दुःखस्य हेतुर्न हि कश्चिदन्यः ४०

હે જનો! નિતંબિની સ્ત્રીઓથી બીજું કંઈ (પણ) મનોહારી નથી, તેમ તેમના જેવો બીજો દુઃખનો (મુખ્ય) હેતુ પણ નથી જ, એમ હું પક્ષપાતથી કહેતો નથી, પણ સત્ય કહું છું. સર્વ લોકોમાં આ અતિ સત્ય છે. ૪૦

---

*અવ૦–સ્ત્રીએ આલિંગન કરાયલો જે માણસ સૂવે છે, તેને ધન્ય છે.

वसन्ततिलकावृत्त

मत्तेभकुंभपरिणाहिनि कुङ्कुमार्द्रे
कान्तापयोधरतटे रसखेदखिन्नः ।
वक्षो निधाय भुजपञ्जरमध्यवर्ती
धन्यः क्षपां क्षपयति क्षणलब्धनिद्रः ॥ ☞

---

१ 'वचो' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

२ अस्मदुपलब्धप्राचीनहस्तलिखिते निर्णयसागरीये च पुस्तके, 'समस्वपि' इति पाठान्तरम् । અતલ, વિતલ, સુતલ, રસાતલ, તલાતલ, મહાતલ અને પાતાલ આ સાત અધોલોકો કહેવાય છે તથા ભૂઃ, ભુવઃ, સ્વઃ, મહઃ, જનઃ, તપઃ અને સત્યં આ સાત ઊર્ધ્વ લોકો કહેવાય છે.

३ 'दुःखैकहेतु' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

४ 'रति' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

५ 'वक्षः पिधाय' इति गु. प्रे. ह. लि. पाठान्तरम ।

૩ સ્ત્રીનિંદાપ્રકરણ ૪૧-૬૦

અવ૦-વિદ્વાન્ પુરુષ પણ સ્ત્રીને જોઇ મોહ પામે છે.

शार्दूलविक्रीडितवृत्त

कान्तेत्युत्पललोचनेति विपुलश्रोणीभरेत्युत्सुकः[1]
पीनोत्तुङ्गपयोधरेति सुमुखाम्भोजेति सुभ्रूरिति ।
दृष्ट्वा मुह्यति[2] मोदतेऽभिरमते प्रस्तौति विद्वानपि
प्रत्यक्षामसिपुत्रिकां[3] स्त्रियमहो मोहस्य दुश्चेष्टितम् ॥४१॥

કેવું આશ્ચર્ય છે કે, વિદ્વાન્ પુરુષ પણ પ્રત્યક્ષ છરીના જેવી સ્ત્રીને જોઇ આ રમણીય છે, એનાં નેત્રો કમળ જેવાં છે, એના નિતંબો બહુ મોટા છે, એનાં સ્તનો ભરાઉ અને ઊંચા છે, એનું મુખ કમળ જેવું સુંદર છે અને એની ભ્રૂકુટિ સુંદર છે, એમ કહે છે અને મોહ પામે છે, પ્રસન્ન થાય છે, તેમાં અત્યાસક્ત થઇને જ તેની સ્તુતિ કરે છે અને તેની સાથે ક્રીડા કરે છે. અહો ! આ મોહની ખરાબ ચેષ્ટા છે. ૪૧

☞ કામક્રીડાના પરિશ્રમથી થાકી ગયેલો, મોટા હાથીના ગંડસ્થલ જેવા પહોળા અને કુંકુમથી ભીંજાએલા સ્ત્રીના સ્તન તટ ઉપર પોતાની છાતી રાખીને તેના હાથરૂપી પાંજરામાં ક્ષણવાર શયન કરીને, જે રાત્રિ ગાળે છે, તેને ધન્ય છે.

તાત્પર્ય-આ જગતમાં સ્ત્રીની સાથે પરસ્પર આલિંગન કરીને સૂવું, તે જ સુખનું કારણ છે. ☞

---

१ 'त्युन्नमत्पीनो०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

२ 'मायति' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

३ 'प्रत्यक्षाशुचिपुत्रिकां' इति गु. प्रे. ह. लि. तथा च 'प्रत्यक्षाशुचिभस्त्रिकां' इति नि. सा. पाठान्तरे ।

અર્થાત્-મોહથી વિદ્વાન્ પણ સ્ત્રીમાં લંપટ થાય છે.

अनुष्टुभ्वृत्त

स्मृता भवति पापाय[1] दृष्टा चोन्मादकारिणी[2] ।
स्पृष्टा भवति मोहाय सा नाम दयिता कथम् ॥४२॥

જેનું સ્મરણ કરવાથી પાપ લાગે છે અથવા સંતાપ ઉત્પન્ન થાય છે, જેને જોવાથી ઉન્માદ (ગાંડાપણું) થાય છે અને સ્પર્શ કરવાથી મોહ થાય છે, એવી સ્ત્રીને દયિતા (પ્રિય) કેમ કહેવાય? ૪૨

☞ અવ૦-અતિ રૂપવાળી સ્ત્રીને જોઇ મોહ પામેલ અને તે ન પ્રાપ્ત થતાં કોઇ પુરૂષની આ સ્ત્રી દુર્લભ છે, એમ જણાવનારી ઉક્તિ.

शिखरिणीवृत्त

अनाघ्रातं पुष्पं किसलयमलूनं कररुहै-
रनाविद्धं[3] रत्नं मधु नवमनास्वादितरसम् ।
अखण्डं पुण्यानां फलमिव च तद्रूपमनघं
न जाने भोक्तारं कमिह[4] समुपस्थास्यति विधिः ॥

કુમારિકાનું રૂપ ન સુંઘેલાં પુષ્પ જેવું છે, નખવડે ન છેદાયલા નવાંકુર જેવું છે, ન વિંધેલાં રત્ન જેવું છે, રસ ન ચાખેલાં નવા મધ જેવું છે અને પુણ્યનાં અખંડ ફળ જેવું છે, તો કયા ભોક્તા પુરુષને તે સ્ત્રી બ્રહ્મા મેળવી આપશે, એ હું જાણતો નથી.

---

१ 'तापाय' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठान्तरम् ।
२ 'वर्धिनी' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
३ 'मनाभुक्तं' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
४ 'मिह भवद्रूप०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અવ૦—એક જ સ્ત્રીને જોવાથી અમૃત જેવું સુખ થાય છે ને નહીં જોવાથી વિષ જેવું દુઃખ થાય છે.

अनुष्टुम्वृत्त

तावदेवामृतमयी यावल्लोचनगोचरा।
चक्षुःपथादतीता तु विषादप्यतिरिच्यते ॥४३॥

સ્ત્રી જ્યાંસૂધી દૃષ્ટિ આગળ હોય છે ત્યાંસૂધી અમૃત જેવી લાગે છે અને નજરથી દૂર જાય છે ત્યારે વિષથી પણ વધે છે, એટલે તેથી પણ અધિક દુઃખ આપે છે. ૪૩

અવ૦—એક જ સ્ત્રી જો આસક્ત હોય તો અમૃતની પેઠે સુખ આપે છે અને વિરક્ત હોય તો ઝેરની પેઠે દુઃખ આપે છે.

अनुष्टुम्वृत्त

नामृतं न विषं किंचिदेकां मुक्त्वा नितम्बिनीम्।
सैवामृतलता रक्ता विरक्ता विषवल्लरी ॥४४॥

એક સ્ત્રીને છોડી બીજું કાંઇ અમૃત કે ઝેર નથી—અર્થાત્ એ જ અમૃત અને એ જ ઝેર છે; કારણ કે સ્ત્રી જો આસક્ત હોય તો અમૃતની વેલી જેવી થઇ પડે છે, એટલે તેના જેવું સુખ આપે છે અને જો વિરક્ત હોય તો વિષવેલી થઈ પડે છે, એટલે તેના જેવું દુઃખ આપે છે. ૪૪

અવ૦—અહીં સૂધી શૃંગારવર્ણનથી પરલોક પ્રાપ્ત થતો નથી, માટે પરલોક પ્રાપ્ત કરી આપનાર વૈરાગ્ય મેળવવા માટે પ્રથમ વૈરાગ્યમાં વિઘ્નરૂપ સ્ત્રીને બે શ્લોકોથી નિંદી છે.

स्रग्धरावृत्त

आवर्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां संनिधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम्।

१ 'भुवनं' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठान्तरम्।

स्वर्गद्वारस्य विघ्नो नरकपुरमुखं सर्वमायाकरण्डं
स्त्रीयन्त्रं केन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥४५॥

સંશયોનો આવર્ત (ઘુમરી), અવિનયનું ભવન, સાહસોનું નગર, દોષોનો ભંડાર, સેંકડો કપટોનું સ્થાન, અવિશ્વાસનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારનું વિઘ્ન, નરકપુરીનું દ્વાર, સઘળી માયાનો કરંડીઓ, અંદર વિષ સમાન, બહાર અમૃત સમાન અને પ્રાણીઓનું મુખ્ય બંધનરૂપ સ્ત્રીરૂપી યંત્ર કોણે બનાવેલું હશે? તે હું જાણતો નથી. ૪૫

शार्दूलविक्रीडितवृत्त

सत्[3]यत्वे न शशांक एष वदनीभूतो न चेन्दीवर-
द्वन्द्वं लोचनतां गतं न कनकैरप्यङ्गयष्टिः कृता ।
किंत्वेवं कविभिः प्रतारितमनास्तत्त्वं विजानन्नपि
त्वङ्मांसास्थिमयं वपुर्मृगदृशां मन्दो जनः सेवते ॥४६॥

યથાર્થ વિચાર કરીએ તો (આમ જ જણાશે કે) ચન્દ્ર કોઇ સ્ત્રીનું મુખ થયો નથી, શ્યામ કમલ સ્ત્રીનાં નેત્ર થતાં નથી અને સ્ત્રીનું શરીર સોનાથી બનાવેલું નથી, તો પણ સ્ત્રીનું મુખ ચન્દ્ર છે, નેત્ર શ્યામ કમલ છે અને શરીર સોનાનું છે, એવી રીતે કવિના કહેવાથી જેનું મન ઠગાયલું હોય છે, એવો મૂઢ મનુષ્ય યથાર્થ જાણવા છતાં પણ સ્ત્રીઓનાં ચામડી, માંસ અને હાડકાંવાળા શરીરને સેવે છે. ૪૬

---

१ 'निभं' इति **गु. प्रे. ह. लि.** पाठान्तरम् ।

२ 'सर्व (प्राणि) लोकस्य' इति **गु. प्रे. ह. लि.** तथा च **नि. सा.** पाठान्तरम् ।

३ 'नो सत्येन मृगाङ्क' इति **गु. प्रे. ह. लि.** तथा च **नि. सा.** पाठान्तरम् ।

४ 'मत्वा' इति **गु. प्रे. ह. लि.** पाठान्तरम् ।

અવ૦—સ્ત્રીઓનાં સ્વાભાવિક કટાક્ષ વગેરેને જોઇ, 'આ મારા પ્રત્યે કટાક્ષ કરે છે' એમ સમજી મૂઢ પુરુષ મોહ પામે છે, તે ભમરાના દૃષ્ટાંતથી કહે છે.

इन्द्रवज्रावृत्त

लीलावतीनां सहजाः स्वभावास्त एव मूढस्य हृदि स्फुरन्ति ।
रागो नलिन्या हि निसर्गसिद्धस्तत्र भ्रमत्येव मुधा षडंघ्रिः ॥४७

કટાક્ષ વગેરે સ્ત્રીઓના સ્વાભાવિક ધર્મો–વિલાસો છે, અને તે મૂઢ પુરુષના હૃદયમાં પ્રકાશે છે. તેમાં દૃષ્ટાંત–કમળનો રંગ સ્વભાવસિદ્ધ છે, અને તેમાં ભ્રમર વ્યર્થ જ ભમ્યા કરે છે. ભાવાર્થ–જેમ ભ્રમર કમળના રંગને જ આ રંગ મારે માટે છે એમ માને છે, તેમ મૂઢ પુરુષ સ્ત્રીઓનાં કટાક્ષને જોઇને 'આ મને કટાક્ષ મારે છે' એમ માને છે. ૪૭

અવ૦—અમૃત જેવું દેખાતું સ્ત્રીમુખ પરિણામમાં વિષ જેવું થઇ પડે છે, તે પર ઝેરકોચલાંનાં વૃક્ષનું દૃષ્ટાંત.

शिखरिणीवृत्त

यदेतत्पूर्णेन्दुद्युतिहरमुदाराकृतिधरं
मुखाब्जं तन्वङ्ग्याः किल वसति यत्राधरमधु ।
इदं तत्किं पाकद्रुमफलमिदानीमतिरसं
व्यतीतेऽस्मिन्काले विषमिव भविष्यत्यसुखदम् ॥४८॥

જેમાં અધરામૃતનો વાસ છે એવું, સોળે કળાએ ઉગેલા ચંદ્રની કાંતિને પણ ઝાંખી પાડે એવું અને સરલ આકૃતિવાળું આ નાજુકડીનું મુખકમળ ઝેર કોચલાં જેવું છે.

---

१ 'विलासा' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
२ 'वृथा' इति नि. सा. पाठान्तरम् ।
३ 'परं' इति नि. सा. पाठान्तरम् ।
४ 'फलमिवातीव विरसं' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

તથાપિ યૌવનકાળે અતિ રસથી ભરેલું લાગે છે; પણ જુવાની જતી રહ્યા પછી ઝેર જેવું દુઃખકર થઇ પડશે. ૪૮

शार्दूलविक्रीडितवृत्त

उन्मीलत्त्रिवली तरङ्गनिलया प्रोत्तुङ्गपीनस्तन-
द्वन्द्वेनोद्गतचक्रवाकयुगला वक्त्राम्बुजोद्भासिनी ।
कान्ताकारधरा नदीयमभितः क्रूरात्र नापेक्षते
संसारार्णवमज्जनं यदि तदा दूरेण सन्त्यज्यताम् ॥४९॥

ખીલેલી ત્રિવલીરૂપ તરંગોનું ઉદ્ભમસ્થાન, અતિ ઊંચા પુષ્ટ સ્તનોના યુગલને ઉદય પામેલા ચક્રવાકયુગલની પેઠે ધરાવતી, મુખારવિંદથી શોભતી અને સર્વતઃ કુટિલ હૃદયવાળી અથવા સર્વત્ર નક્રાદિ ક્રૂર જંતુઓને ધરાવતી નદીની પેઠે કાંતાનો આકાર ધરાવતી આ ક્રૂર નદી છે. જો તમને સંસારરૂપ સાગરમાં નિમજ્જન ન કરવું હોય તો આ નદીનો તમે દૂરથી ત્યાગ કરો. ૪૯

(આ શ્લોક વૈરાગ્યશતકમાં ૨૬ મા પૃષ્ઠપર છે.)

અવ૦—સ્ત્રીઓને સર્વથા કોઇ પણ પ્રિય નથી.

अनुष्टुभ्वृत्त

जल्पन्ति सार्धमन्येन पश्यन्त्यन्यं सविभ्रमाः ।
हृदये चिन्तयन्त्यन्यं प्रियः को नाम योषिताम् ॥५०॥

વિલાસવાળી સ્ત્રીઓ એકને જૂવે છે, બીજાની સાથે વાત કરે છે અને ત્રીજાનું હૃદયમાં ધ્યાન ધરે છે, માટે સ્ત્રીઓને કોણ પ્રિય છે ? ૫૦

અવ૦—ઉપલી જ વાત બીજે પ્રકારે વર્ણવે છે.

हरिणीवृत्त

अपसर सखे दूरादस्मात्कटाक्षविषानलात्
प्रकृतिविषमाद्योषित्सर्पाद्विलासफणाभृतः ।

---

१ 'ह्रतं' इति नि. सा. पाठान्तरम् ।

इतरफणिना दष्टः शक्यश्चिकित्सितुमौषधै-
श्चटुलवनिताभोगिग्रस्तं त्यजन्ति हि मन्त्रिणः ॥५१॥

હે મિત્ર! સ્ત્રીરૂપી સર્પ કે જેમાં કટાક્ષરૂપી ઝેરી અગ્નિ હોય છે, જે સ્વભાવથી વિલક્ષણ હોય છે અને વિલાસરૂપી ફણાને ધારણ કરે છે, તે સર્પથી તું દૂર નાશી જા; કારણ કે જો પ્રસિદ્ધ સર્પ કરડ્યો હશે તો ઔષધોથી તેનો ઉપાય થઇ શકશે, પણ ચંચલ–ચતુર સ્ત્રીરૂપી સર્પ કરડેલા પુરુષને મંત્ર જાણનારાઓ પણ તજે છે એટલે મંત્રથી વા ઔષધથી પણ તેનો ઉપાય થઇ શકતો નથી. ૫૧

અવ૦–સ્ત્રી ઉપર કામથી થયેલી આસક્તિનું નિવારણ થતું નથી.

वसन्ततिलकावृत्त

विस्तारितं मकरकेतनधीवरेण
स्त्रीसंज्ञितं बडिशमत्र भवाम्बुराशौ ।
तेनाचिरात्तदधरामिषलोलमर्त्य-
मत्स्यान्विकृष्य स पचत्यनुरागवह्नौ ॥५२॥

આ સંસારરૂપી સમુદ્રમાં કામદેવરૂપી માછીમારે સ્ત્રી નામનું બડિશ (માછલાં મારવાનો લોઢાનો કાંટો–ગળ) નાંખ્યો છે, તેથી તે સ્ત્રીના અધરોષ્ઠરૂપી માંસની ઇચ્છાવાળાં મનુષ્યરૂપી માછલાંને ખેંચીને એ કામદેવ પ્રીતિરૂપી અગ્નિમાં પકવે છે. ૫૨

અવ૦–સ્ત્રીને ન જોવાનો ચિત્તને ઉપદેશ.

अनुष्टुब्वृत्त

कामिनीकायकान्तारे कुचपर्वतदुर्गमे ।
मा संचर मनःपान्थ तत्रास्ते स्मरतस्करः ॥५३॥

---

१ 'चतुर०' इति नि. सा. पाठान्तरम् ।

હે મનના વટેમાર્ગુ! જેમાં કુચરૂપી દુર્ગમ પર્વત આવેલા છે એવા સ્ત્રીના શરીરરૂપી વનમાં થઈને તું ન જા; કારણ કે તેમાં કામરૂપી ચોર વસે છે. ૫૩

અવ૦–સર્પના કરડવાનાં ઝેર કરતાં સ્ત્રીનાં કટાક્ષરૂપી ઝેરને ઉપાય કરવો મુશ્કેલ છે.

शार्दूलविक्रीडितवृत्त

[1]व्यादीर्घेण चलेन वक्रगतिना तेजस्विना भोगिना
नीलाब्जद्युतिनाऽहिना वरमहं दृष्टो न तच्चक्षुषा।
दृष्टे सन्ति चिकित्सका दिशि दिशि प्रायेण धर्मार्थिनो
मुग्धाक्षीक्षणवीक्षितस्य नहि मे मन्त्रो नवाप्यौषधम् ॥५४॥

અતિ લાંબો, ચંચળ, વાંકી ગતિવાળો, મણિથી શોભીતો, તેજસ્વી ફૂણાવાળો અને કાળા કમળના જેવી કાંતિવાળો કાળો સર્પ કરડે તો તે ઠીક પણ સ્ત્રીનું નેત્ર કરડે તે ઠીક નહીં, (એટલે સ્ત્રી કટાક્ષથી જૂવે તે ઠીક નહીં). કારણ કે જો કાળો સર્પ કરડયો હોય તો તેના ઉપાય કરનાર ધર્મિષ્ઠ ચિકિત્સક (વૈદ્ય વગેરે) પુરુષો ઘણું કરીને પ્રત્યેક દિશામાં છે, પરંતુ જો સુંદર સ્ત્રીનાં નેત્રથી હું ક્ષણમાત્ર જોવાયો (કરડાયો) હઉં તો તેના માટે મંત્ર કે ઔષધ કાંઈ પણ નથી. ૫૪

मालिनीवृत्त

इह हि मधुरगीतं नृत्तमेतद्रसोऽयं
स्फुरति परिमलोऽसौ स्पर्श एष स्तनानाम्।
इति हत परमार्थैरिन्द्रियैर्भ्राम्यमाणः
स्वहितकरणधूर्तैः पञ्चभिर्वञ्चितोऽस्मि ॥५५॥

---

१ 'ज्यादीर्घेण' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

આ લોકમાં મધુર ગાન છે, નૃત્ય છે, રસ છે, પમરાટ છે અને સ્તનોનો સ્પર્શ પણ સ્ફુરે છે. એ પ્રકારે પરમાર્થનો નાશ કરનારી અને પોતાનું કલ્યાણ કરવામાં ધૂર્ત એવી પાંચ જ્ઞાનેંદ્રિયોએ મને છેતરેલો છે. ૫૫

અવ૦—અપસ્માર (વાઈ)ની પેઠે કામ દુર્જય છે, એમ કહે છે.

शिखरिणीवृत्त

न गम्यो मन्त्राणां न च भवति भैषज्यविषयो
न चापि प्रध्वंसं व्रजति विविधैः शान्तिशतकैः[1]।
भ्रमावेशादङ्गे किमपि विदधद्भङ्गमसमं[2]
स्मरापस्मारोऽयं भ्रमयति दृशं घूर्णयति च ॥५६॥

કામરૂપી અપસ્માર (વાઈ)નો મંત્રોથી પણ પરિહાર થતો નથી. (એટલે જેમ અપસ્માર, મંત્રથી પણ શાંત થતો નથી તેમ કામ પણ મંત્રથી શાંત થતો નથી). તેને ઔષધ લાગુ પડતું નથી, નાના પ્રકારની સેંકડો શાંતિઓ કરવાથી પણ તેનો નાશ થતો નથી, તે ભ્રમના વેગથી કહી નહિ શકાય તેવો શરીરમાં ભેદ કરે છે, ભ્રમ કરે છે અને દૃષ્ટિને ઘૂમાવે છે. ૫૬

शार्दूलविक्रीडितवृत्त

जात्यन्धाय च दुर्मुखाय च जराजीर्णाखिलाङ्गाय च
ग्रामीणाय च दुष्कुलाय च गलत्कुष्ठाभिभूताय च ।
यच्छन्तीषु मनोहरं निजवपुर्लक्ष्मीलवश्रद्धया
पण्यस्त्रीषु विवेककल्पलतिकाशस्त्रीषु रज्येत कः ॥५७॥

જન્મજાત અંધને, અતિ નિંદ્ય ભાષણ કરવાથી દૂષિત થયેલા અથવા ગંધાતા મુખવાળાને, વૃદ્ધાવસ્થાથી અતિ

---

१ 'शान्तिकशतैः' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठा०
२ 'मसकृत्' इति नि. सा. पाठान्तरम् ।

શિથિલ થયેલાં કરચરણાદિ સર્વ અવયવવાળાને, ગ્રામાંતરથી આવેલા અજ્ઞાત પુરુષને, નીચ કુળવાળાને અને ગળત કોઢીઆને, અલ્પ ધનની આશાથી પોતાનું મનોહર અંગ સ્વાધીન કરતી, અને એટલા જ માટે વિવેકરૂપી કલ્પવૃક્ષને છેદનારી છુરી જેવી વેશ્યાઓ ઉપર કયો પુરુષ આસક્ત થાય? અર્થાત્ કોઇ નહીં. ૫૭

અભિપ્રાય–થોડા ધનના લોભથી જન્માંધ–જન્મથી આંધળા વગેરેને પણ પોતાનું શરીર સોંપનારી વિવેક વગરની વેશ્યાને વિવેકી પુરુષે સેવવી ન જોઇએ.*

અવ૦–શૃંગારરસનું સેવન કરતા પુરુષે વેશ્યાનો સંગ નહીં કરવો, કારણ કે તે અતિ નિંદાલાયક છે. તેનું વર્ણન નીચે મુજબ છે.

अनुष्टुभवृत्त

वेश्याऽसौ मदनज्वाला रूपेन्धनसमेधिता।
कामिभिर्यत्र हूयन्ते यौवनानि धनानि च॥५८॥

આ વેશ્યા, રૂપરૂપી ઇંધણાંથી વધેલી કામાગ્નિની જ્વાળા છે, જેમાં કામી પુરુષો યૌવન અને ધનને હોમે છે. ૫૮

*અવ૦–એક ચિત્તથી સ્ત્રીપુરુષનો સમાગમ થવો, એ કામનું ફળ છે; પરંતુ બન્નેનાં એક ચિત્ત વગરનો સમાગમ મડદાંના સમાગમની પેઠે વ્યર્થ છે.

अनुष्टुभृवृत्त

एतत्कामफलं लोके यद्द्वयोरेकचित्तता।
अन्यचित्तकृते कामे शवयोरिव सङ्गमः॥ ☞

१ 'समन्विता' इति गु. प्रे. ह. लि. तथा च 'विवर्धिता' इति नि. सा. पाठान्तरे।

ભાવાર્થ-વેશ્યાનો સંગ કરવાથી યૌવન અને ધનનો નાશ થાય છે, માટે તેનો સંગ કરવો નહીં.

आर्या

कश्चुंबति कुलपुरुषो वेश्याधरपल्लवं मनोज्ञमपि।
चारभटचोरचेटकनटविटनिष्ठीवनशरावम् ॥५९॥

કયો કુલીન પુરુષ સુંદર છતાં પણ વેશ્યાના અધર-પલ્લવનું ચુંબન કરે? અર્થાત્ કોઇ નહીં. કારણ કે તે અધરોષ્ઠ ચાર, યોદ્ધો, ચોર, સ્ત્રી પુરુષોની ભેટ કરાવનારો દૂત, વેષ ભજવનારો નટ અને જાર પુરુષને થુંકવાનું પાત્ર છે. (અધમ-નીચ પુરુષો વેશ્યાના અધરનું ચુંબન કરે છે, માટે કુલીન પુરુષે વેશ્યાનું સેવન ન કરવું જોઈએ.) ૫૯

અવ૦-રૂપકવિધિથી અધરોષ્ઠના ચુંબનમાં અને સ્તનના મર્દનમાં હેતુ બતાવી વિષયને છૂપાવી સ્ત્રીઓનો બહારનો અને અંદરનો સ્વભાવ જૂદો છે, એમ દર્શાવ્યું છે.

वैतालीयवृत्त

मधु तिष्ठति वाचि योषितां हृदि हालाहलमेव केवलम्।
अत एव निपीयतेऽधरो हृदयं मुष्टिभिरेव ताड्यते ॥६०॥

સ્ત્રીઓનાં વચનમાં મધ રહે છે (એટલે સ્ત્રીઓનાં વચનો મધુર હોય છે), પણ હૃદયમાં કેવળ હલાહલ ભર્યું

☛ આ લોકમાં કામનું ફળ એ જ છે, કે સ્ત્રી પુરુષ બન્નેનું એક ચિત્ત થવું; પરંતુ જૂદાં જૂદાં ચિત્ત હોય તો મડદાંના સંગમની પેઠે (તેમનો સંગ) નિષ્ફળ છે.†

---

† ભર્તૃહરિનો અભિપ્રાય એવો છે કે, પરકીયા કે સ્વકીયા કોઇ પણ જો સ્વામિભક્ત ન હોય તો તેની સાથેનો સંગ શો? તે સંગ સ્મશાનમાંનાં મડદાંરૂપ છે અને એમાં એમ દર્શાવ્યું છે કે, પરકીયા તો એક ચિત્તવાળી હોય જ નહીં, તેથી તેના સાથેનો સંગ, એ મડદાં સાથે સંગ કરવા જેવો છે.

હોય છે, માટે અધરોષ્ઠનું પાન કરવામાં આવે છે ને હૃદયને મૂઠીથી મારવામાં આવે છે એટલે તેનું મર્દન કરાય છે. ૬૦

૪ સુવિરક્તાદુર્વિરક્તપદ્ધતિપ્રકરણ ૬૧-૮૦

અવ૦—સ્ત્રીને જોઇને જેમને વિકાર થતો નથી, તેમને જ ધન્ય છે.

वसन्ततिलकावृत्त

धन्यास्त एव चंपलायतलोचनानां
तारुण्यदर्पघनपीनपयोधराणाम् ।
क्षामोदरोपरिलसत्त्रिवलीलतानां
दृष्ट्वाऽऽकृतिं विकृतिमेति मनो न येषाम् ॥६१॥

ચપળ અને દીર્ઘ નેત્રવાળી, યૌવનના મદમાં તણાવાથી પુષ્ટ અને મોટાં પયોધરવાળી તથા જેમના કૃશ ઉદર ઉપર ત્રિવલી પડેલી હોય છે એવી સ્ત્રીઓની આકૃતિ જોઇને જેમના મનમાં વિકાર થતો નથી, તે જ પુરુષોને ધન્ય છે ૬૧

मन्दाक्रान्तावृत्त

बाले लीलामुकुलितममी मन्थरा दृष्टिपाताः
किं क्षिप्यन्ते विरम विरम व्यर्थ एष श्रमस्ते ।
सम्प्रत्यन्ये वयमुपरतं बाल्यमास्था वनान्ते
क्षीणो मोहस्तृणमिव जगज्जालमालोकयामः ॥६२॥

હે બાળા! લટકાથી મીંચાતાં આ મંદ મંદ કટાક્ષ તું શું કરવાને માટે નાખે છે? તારો એ શ્રમ વ્યર્થ છે, માટે વિરામ પામ—એમ ન કર; કારણ કે હમણાં અમે બદલાઇ ગયા છીએ. અમારી બાલ્યાવસ્થા બદલાઇ ગઇ છે.

१ 'धवलायत' इति नि. सा. पाठान्तरम् ।

અમારી–આસ્થા વનમાં લાગી રહી છે. મોહ ક્ષીણ થઇ ગયો છે અને જગતની જાળ અમે તૃણવત્ જોઇએ છીએ. ૬૨

शिखरिणीवृत्त

इयं बाला मां प्रत्यनवरतमिन्दीवरदल-
प्रभाचोरं चक्षुः क्षिपति किमभिप्रेतमनया ।
गतो मोहोऽस्माकं स्मरशबरबाणव्यतिकर-
ज्वरज्वाला शान्ता तदपि न वराकी विरमति ॥६३॥

આ બાળા નીલ કમળની કાંતિને ચોરનારાં ચક્ષુથી મારા તરફ એક સરખી જુવે છે, પણ તેથી શું? કારણ કે અમારો મોહ જતો રહ્યો છે. અને કામદેવના પુષ્પબાણથી ઉત્પન્ન થતી જ્વરજ્વાળા પણ શાંત પડી ગઇ છે, તથાપિ આ તુચ્છ સ્ત્રી કેમ જંપતી નથી? ૬૩

शार्दूलविक्रीडितवृत्त

किं कन्दर्प शरं कदर्थयसि रे कोदण्डटङ्कारितं
रे रे कोकिल कोमलं कलरवं किं वा वृथा जल्पसि ।
मुग्धे स्निग्धविदग्धचारुमधुरैर्लोलैः कटाक्षैरलं
चेतश्चुम्बितचन्द्रचूडचरणध्यानामृतं वर्तते ॥६४॥

અરે કામદેવ! તું ધનુષ્યની દોરડીપર બાણને ટંકારયુક્ત કરી વ્યર્થ શા માટે જવા દે છે વારૂ? અરે રે કોયલ! તું સુંદર મધુર સ્વર શા માટે કાઢે છે વારૂ? તથા હે સુંદરી! તું તારા સ્નિગ્ધ, વિવિધ વિલાસવિશેષનું વિવરણ કરવામાં નિપુણ અથવા વિરક્તને પણ કામવિકારથી વિહ્વલ કરનારાં સુંદર અને મધુર એવાં ચંચલ કટાક્ષોનો પાત કરવાનું બસ કર. કારણ મારું ચિત્ત ચંદ્રશેખર મહાદેવનાં ચરણોના ધ્યાનરૂપ અમૃતનો આસ્વાદ લેવામાં પ્રવૃત્ત થયેલું છે. ૬૪

અવ૦–જેઓનાં મન પરસ્પર મળેલાં હોય તેઓને વિયોગ પણ સંયોગ જ છે અને જેઓનાં મન મળેલાં ન હોય તેઓનો સંયોગ પણ વિયોગરૂપ છે, તે સંબંધી વર્ણનઃ—

आर्या

विरहो[1]ऽपि संगमः खलु परस्परं संगतं मनो येषाम् ।
य[2]द्हृदयविघटितः संगमोऽपि विरहं विशेषयति ॥६५॥

જેઓનાં મન પરસ્પર મળેલાં હોય, તેઓનો વિયોગ પણ સંયોગ છે (એટલે તેઓ વિયોગી છતાં પણ મનથી મળેલા છે), ને જેઓનાં મન જૂદાં હોય છે તેઓનો સંયોગ પણ વિયોગને વધારે છે. (એટલે વિયોગથી અધિક છે; કારણ તેઓનાં મન જૂદાં હોય છે). ૬૫

અવ૦–પ્રવાસી પુરુષ નવા મેઘને જોઇને આગળ ચાલવાની અશક્તિથી ત્યાંજ બેસીને, પોતાની સ્ત્રીનું સ્મરણ કરે છે, તેનું વર્ણન.

रथोद्धतावृत्त

किं गतेन यदि सा न जीवति प्राणिति प्रियतमा तथाऽपि किम् ।
इ[3]त्युदीर्य नवमेघमालिकां न प्रयाति पथिकः स्वमन्दिरम् ॥६६॥

'જો મારા વિયોગથી મારી પ્રિયા ન જીવતી હોય તો ઘેર જવાનું શું પ્રયોજન છે? ને મારી પ્રિયા જીવતી હોય તો પણ શું પ્રયોજન?' (કારણ કે મેઘને જોઇ મારાથી ચાલી શકાતું નથી') એવી રીતે નવી મેઘમાલિકાને (જ્યેષ્ઠ માસનાં ઘેરાયલાં વાદળાં) જોઇને–કહીને પ્રવાસી પુરુષ પોતાને ઘેર જતો નથી. ૬૬

---

१ 'विरहेऽपि' इति **गु. प्र. ह. लि.** तथा च **नि सा.** पाठा०
२ 'हृदये विघटिते सङ्गमेऽपि' इति **गु. प्र. ह. लि.** पाठान्तरम् ।
३ 'इत्युदीक्ष्य' इति **गु. प्र. ह. लि.** तथा च **नि. सा.** पाठान्तरम् ।

हरिणीवृत्त

विरमत बुधा योषित्सङ्गात्सुखात्क्षणभङ्गुरात्
कुरुत करुणामैत्रीप्रज्ञावधूजनसङ्गमम् ।
न खलु नरके हाराक्रान्तं घनस्तनमण्डलं
शरणमथवा श्रोणीबिम्बं रणन्मणिमेखलम् ॥६७॥

હે પંડિતો! સ્ત્રીસંગથી થનારા ક્ષણભંગુર સુખથી વિરામ પામો અને કરુણા, મૈત્રી તથા પ્રજ્ઞારૂપી વધૂજનનો સંગ કરો; કારણ કે હારયુક્ત ભારે ઘાટું સ્તનમંડલ કે મણિઓની મેખલાથી રુમઝુમ થતું નિતંબનું મંડલ કંઈ નરકમાં શરણ અર્થાત્ તારનાર થનાર નથી. ૬૭

(આ શ્લોક વૈરાગ્યશતકમાં ૪૬ મા પૃષ્ઠ પર છે.)

અવ૦-જેનું ચિત્ત નિરંતર બ્રહ્મમાં જ હોય, તેવા પુરુષને સ્ત્રીનું ભાષણ વગેરે વિષયો સંતોષ આપતા નથી.

शिखरिणीवृत्त

सदा योगाभ्यासव्यसनकृशयोरात्ममनसो-
रविच्छिन्ना मैत्री स्फुरति कृतिनस्तस्य किमु तैः ।
प्रियाणामालापैरधरमधुभिर्वक्त्रविधुभिः
सनिःश्वासामोदैः सकुचकलशाश्लेषसुरतैः ॥६८॥

યોગાભ્યાસના વ્યસનથી જેના આત્મા અને મન વશ થયેલાં છે અને જે પુણ્યશાળી પુરુષના આત્માને મનની અવિચ્છિન્ન મૈત્રી સ્ફુરી રહેલી છે, તે પુરુષને સ્ત્રીઓમાં ભાષણોનું, અધરોષ્ઠના મધનું, સુગંધી નિઃશ્વાસ-વાળાં મુખકમળોનું અને સ્તન કલશોના આલિંગનસહિત મૈથુનનું શું પ્રયોજન છે વારુ? ૬૮

(આ શ્લોક વૈરાગ્યશતકમાં ૬૩ મા પૃષ્ઠપર છે.)

અવ૦–સાર અને અસારના વિવેકવાળા પુરુષને સર્વત્ર બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

शिखरिणीवृत्त

यदासीदज्ञानं स्मरतिमिरसंचारजनितं
तदा दृष्टं नारीमयमिदमशेषं जगदपि
इदानीमस्माकं पटुतरविवेकाञ्जनजुषां
समीभूता दृष्टिस्त्रिभुवनमपि ब्रह्म मनुते ॥६९॥

જ્યારે કામદેવરૂપી અંધકારના સંચારથી ઉત્પન્ન થયેલું અજ્ઞાન હતું ત્યારે આ સર્વ જગત્ સ્ત્રીમય જોવામાં આવતું હતું; હમણાં અત્યંત વિવેકરૂપી અંજનને સેવવાથી સમાન થયેલી અમારી દૃષ્ટિ ત્રિભુવનને પણ બ્રહ્મમય નિહાળે છે. ૬૯

(આ શ્લોક વૈરાગ્યશતકમાં ૨૪ મા પૃષ્ઠપર છે.)

અવ૦–વિવેકી પુરુષને પણ સ્ત્રીનાં કટાક્ષરૂપ બાણો ન વાગ્યા હોય ત્યાંસુધી જ તેના હૃદયમાં વિવેકરૂપ દીવો ઝળકે છે.

रथोद्धतावृत्त

तावदेव कृतिनां हृदि स्फुरत्येष निर्मलविवेकदीपकः।
यावदेव न कुरङ्गचक्षुषां ताड्यते चंपललोचनांचलैः ॥७०॥

જ્યાંસૂધી કુરંગનાં જેવાં નેત્રોવાળી સ્ત્રીઓનાં ચંચળ નેત્રકટાક્ષો ન વાગ્યાં હોય, ત્યાંસુધી જ વિવેકી પુરુષના હૃદયમાં પણ નિર્મળ વિવેકદીપક પ્રકાશે છે. ૭૦

અવ૦–કહેવું સહેલું છે પણ કરવું દુસ્તર છે.

मालिनीवृत्त

भवति वचसि सङ्गत्यागमुद्दिश्य वार्ता
श्रुतमुखरमुखानां केवलं पण्डितानाम् ।

---

१ 'कृतिनामपि' इति नि सा. पाठान्तरम् ।
२ 'चटुल०' इति नि. सा. पाठान्तरम् ।

जघनमरुणरत्नग्रन्थिकाञ्चीकलापं
कुवलयनयनानां को विहातुं समर्थः ॥७१॥

શાસ્ત્રશ્રવણથી વાચાળ પંડિતોની વાણીમાં 'સ્ત્રીનો સંગ ન કરવો' એવી વાત જ થાય છે, પણ ત્યાગ થતો નથી; કારણ કે જેપર લાલ રત્નોથી ગુંથેલો મેખલામણિ હોય છે, એવું કમળ જેવાં નયનોવાળી સ્ત્રીઓનું જઘન તજવા કોણ સમર્થ છે? ૭૧

અવ૦—સ્ત્રીનો લાભ થવો, એ જ તપનું ફળ છે.

आर्या

स्वपरप्रतारकोऽसौ निन्दति योऽलीकपण्डितो युवतीः।
यस्मात्तपसोऽपि फलं स्वर्गः स्वर्गेऽपि चाप्सरसः ॥७२॥

જે મિથ્યા પંડિત યુવતીઓને નિંદે છે તે પોતાને તથા બીજાને છેતરે છે; કારણ તપનું પણ ફલ સ્વર્ગ છે અને સ્વર્ગમાં પણ (ભોગવવાની વસ્તુ તો) અપ્સરાઓ (જ) છે. ૭૨

અભિપ્રાય—તપ કરીને સ્વર્ગમાં ગયેલા પણ અપ્સરાઓને ભોગવે છે ત્યારે સ્ત્રીઓની ચિંતા કરવી અનુચિત છે.

અવ૦—હાથીનો ગર્વ હરવામાં અને સિંહને મારવામાં કેટલાક શૂરા છે, પરંતુ કામને જીતનારા તો વિરલ જ હોય છે.

वसन्ततिलकावृत्त

मत्तेभकुम्भदलने भुवि सन्ति शूराः
केचित्प्रचण्डमृगराजवधेऽपि दक्षाः।
किंतु ब्रवीमि बलिनां पुरतः प्रसह्य
कन्दर्पदर्पदलने विरला मनुष्याः ॥७३॥

---

१ स पर० इति नि. सा. पाठान्तरम्।
१ 'धीराः' इति नि. सा. पाठान्तरम्।

મદમસ્ત હસ્તીનાં ગંડસ્થળ ફાડી નાંખે એવા શૂરો પૃથ્વી ઉપર છે અને કેટલાક પ્રચંડ સિંહનો વધ કરવામાં પણ કુશળ છે; પરંતુ હું બળવાનોની સમક્ષ આગ્રહથી કહું છું કે, કંદર્પનો દર્પ ઉતારનારા મનુષ્યો વિરલા જ છે. ૭૩

અવ૦–પુરુષ જ્યાં સૂધી સ્ત્રીઓના દૃષ્ટિરૂપી બાણથી વિંધાતો નથી, ત્યાં સૂધી સન્માર્ગ વગેરેનું આચરણ કરે છે.

स्रग्धरावृत्त

सन्मार्गे तावदास्ते प्रभवति पुरुषस्तावदेवेन्द्रियाणां
लज्जां तावद्विधत्ते विनयमपि समालम्बते तावदेव ।
भ्रूचापाकृष्टमुक्ताः श्रवणपथगता नीलपक्ष्माण एते
यावल्लीलावतीनां न हृदि धृतिमुषो दृष्टिबाणाः पतन्ति ॥७४॥

ભ્રુકુટીરૂપ ધનુષ્યથી કાન સૂધી ખેંચીને મૂકેલાં, શ્યામ પાંપણોવાળાં અને ધૈર્યને ચોરનારાં સ્ત્રીઓનાં દૃષ્ટિરૂપી બાણો જ્યાં સૂધી પુરુષનાં હૃદયમાં પેસતાં નથી, ત્યાં સૂધી પુરુષ સન્માર્ગમાં રહે છે, ઇંદ્રિયોને વશમાં રાખે છે, લજ્જા રાખે છે અને ત્યાં સૂધી જ વિનયનો પણ આશ્રય કરે છે. ૭૪

અવ૦–પ્રેમથી કરાતું સ્ત્રીનું કાર્ય ઉલ્લંઘવા કોઇ સમર્થ નથી.

अनुष्टुभ्वृत्त

उन्मत्तप्रेमसंरम्भादारभन्ते यदङ्गनाः ।
तत्र प्रत्यूहमाधातुं ब्रह्माऽपि खलु कातरः ॥७५॥

સ્ત્રીઓ અત્યંત પ્રેમના વેગથી જે કાર્ય આરંભે છે, તેમાં વિઘ્ન નાંખવા બ્રહ્મા પણ ખરેખર કાયર છે. ૭૫

---

१ 'हि(च) नर०' इति गु. प्रे. ह. लि. लि. सा. च पाठान्तरम् ।
२ 'पथजुषो' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

અભિપ્રાય–બ્રહ્મા પણ સ્ત્રીચરિત્રનું ઉલ્લંઘન કરી શકતા નથી; કારણ કે તે પોતાની પુત્રી પછવાડે દોડ્યા, એ વાત પુરાણ વગેરેમાં પ્રસિદ્ધ છે.

અવ૦–પુરુષ જ્યાંસુધી કામને વશ થતો નથી, ત્યાંસુધી મોટાઇ વગેરે ગુણિયલ રહે છે.

अनुष्टुभ्वृत्त

तावन्महत्त्वं पांडित्यं विवेकित्वं कुलीनता।[1]
यावज्ज्वलति नाङ्गेषु हन्ति[2] पञ्चेषुपावकः॥७६॥

જ્યાં સૂધી શરીરમાં કામદેવ પ્રકટ થતો નથી ત્યાંસૂધી મહત્વ, પંડિતપણું, વિવેકીપણું અને કુલીનપણું રહે છે. ૭૬

સ્ત્રીઓથી જ સદ્‌ગતિનો અટકાવ થાય છેઃ—

मन्दाक्रान्तावृत्त

शास्त्रज्ञोऽपि प्रथितविनयोऽप्यात्मबोधोऽपि[3] बाढं[4]
संसारेऽस्मिन्भवति विरलो भाजनं सद्गतीनाम्।
येनैतस्मिन्निरयनगरद्वारमुद्घाटयन्ती[5]
वामाक्षीणां भवति कुटिला भ्रूलता कुञ्चिकेव॥७७॥

સ્ત્રીઓની વાંકી ભ્રુકુટી કે જે નરક નગરનાં બારણાં ઉઘાડવા માટે કુંચી જેવી છે માટે શાસ્ત્ર જાણનાર હોય તો પણ, અતિ વિનયવાળો હોય તો પણ અને દઢ

---

१ 'कुलीनत्वं विवेकिता' इति **गु. प्रे. ह. लि.** तथा **नि. सा.** पाठान्तरम्।

२ 'हन्त' इति **गु. प्रे. ह. लि.** तथा 'हतः' इति **नि. सा.** पाठान्तरे।

३ 'प्रगुणितनयोऽप्यात्त०' इति **गु. प्रे. ह. लि.** पाठान्तरम्।

४ 'गाढं' इति **गु. प्रे. ह. लि.** पाठान्तरम्।

५ 'यत्रैत०' इति **गु. प्रे. ह. लि.** पाठान्तरम्।

આત્મજ્ઞાની હોય તો પણ આ સંસારમાં વિરલ પુરુષ જ સદ્ગતિનું પાત્ર થાય છે. ૭૭

અભિપ્રાય–નરકનાં બારણાંને ઉઘાડવામાં કુંચી જેવી સ્ત્રીઓની ભ્રુકુટી જ્યાં સુધી જગતમાં છે, ત્યાંસૂધી શાસ્ત્ર જાણનાર આદિ પણ સદ્ગતિને પામતા નથી.

અવ૦–મોટા પ્રયાસથી પણ કામના વેગનો પરિહાર થતો નથી. એપર કૂતરાનું દૃષ્ટાંતઃ—

शिखरिणीवृत्त

कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलो
व्रणी पूयक्लिन्नः कृमिकुलशतैरावृततनुः।
क्षुधाक्षामो जीर्णः पिठरककपालार्पितगलः
शुनीमन्वेति श्वा हतमपि निहन्त्येव मदनः ॥७८॥

કૃશ, કાણો, લંગડો, કાનરહિત (બુચો),* પુચ્છરહિત (બાંડો), વ્રણવાળો,† પરુથી ખરડાયલો, સેંકડો કીડાઓથી ભરેલાં શરીરવાળો, ભૂખથી દૂબળો થયેલો અને ઘડાના કાંઠલામાં જેણે ગળું ઘાલેલું છે‡ એવો ઘરડો કૂતરો, કૂતરીની પછવાડે પછવાડે જાય છે. (આ પ્રભાવ કૂતરી કે કૂતરાનો નથી, પણ કામદેવનો છે.) આનું કારણ આ કે કામદેવ મરેલાંને પણ મારે છે. ૭૮

---

१ 'कसाला०' इति नि. सा. पाठान्तरम्।

* મૈથુનજન્ય લડાઈઓમાં બીજા કૂતરાએ કાન તથા પુચ્છ કરડી તથા બચકાં ભરીને બુચો, બાંડો અને વ્રણયુક્ત કરી નાંખેલો.

† બચકાંના ઘાવાળો.

‡ સાંકડાં મોઢાનાં માટીના વાસણમાં ખાવાની લાલચે પરાણે મોઢું ઘાલે અને પછી મોઢું નીકળે નહિ ત્યારે ભોંય પછાડી પોતે વાસણ ભાંગી નાંખે કે રુંધાઈને મરી ગયાની બીકે કોઇ વાસણ ફોડી નાંખે ત્યારે તેનો કાંઠલો કૂતરાની કોટમાં રહી જાય છે.

અવ૰—લોકમાં પ્રસિધ્ધ રાજાની પેઠે કામદેવ નામનો રાજા, સ્ત્રીરૂપ પોતાની મુદ્રા (છાપ)ને ઉલ્લંઘન કરનારને દંડે છે, એમ આ શ્લોકમાં દર્શાવ્યું છે.

शार्दूलविक्रीडितवृत्त

स्त्रीमुद्रां झषकेतनस्य[1] परमां सर्वार्थसंपत्करीं
ये मूढाः प्रविहाय यान्ति कुधियो मिथ्याफलान्वेषिणः।
ते तेनैव निहत्य निर्दयतरं नग्नीकृता मुंडिताः
केचित्पञ्चशिखीकृताश्च जटिलाः[2] कापालिकाश्चापरे ॥७९॥

જે બુદ્ધિશૂન્ય અજ્ઞાની પુરુષો મોક્ષ વગેરેની પ્રાપ્તિની ઇચ્છાથી ઉત્તમ અને સંસારમાં ઉપયોગી શ્રેષ્ઠ પુરુષાર્થોને આપનારી મીનકેતન કામદેવની સ્ત્રીરૂપ મુદ્રા (છાપ)નું ઉલ્લંઘન કરી બીજે ઠેકાણે જાય છે, તેઓને કામદેવ જ નિર્દયપણાથી મારીને જન્મજાત નગ્ન જેવા અર્થાત્ એક જાતના દિગંબર સાધુઓ અથવા મુંડીઆ કરે છે, અથવા પંચશિખાધારી—પાંચ શિખાવાળા કરે છે, અથવા જટાધારી કરે છે, અથવા તો કાપાલિક (ખોપરીને ધારણ કરનારા) કરે છે. ૭૯

અભિપ્રાય-જેમ રાજા પોતાની છાપનું ઉલ્લંઘન કરનારને દંડે છે, તેમ કામદેવ નામનો રાજા, 'સંસારમાં સુખનું સાધન સ્ત્રી જ છે,' એવો નિશ્ચય કરી તેની સ્ત્રીરૂપી મુદ્રાનું ઉલ્લંઘન કરી, જેઓ બીજે પ્રકારે વર્તે છે, તેઓને મુંડિયા-સાધુ વગેરે કરી દંડે છે.

---

१ 'कुसुमायुधस्य' इति नि. सा. पाठान्तरम्।

२ 'जटिनो' इति नि. सा. पाठान्तरम्।

३ 'निर्वाण॰' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

અવ૦—ઇંદ્રિયનિગ્રહ અતિ દુર્ઘટ છે, એપર વિશ્વામિત્ર વગેરેનું દૃષ્ટાંત.

शार्दूलविक्रीडितवृत्त

विश्वामित्रपराशरप्रभृतयो वाताम्बुपर्णाशना-
स्तेऽपि स्त्रीमुखपङ्कजं सुललितं दृष्ट्वैव मोहं गताः।
शाल्यन्नं सघृतं पयोदधियुतं भुञ्जन्ति ये मानवा-
स्तेषामिन्द्रियनिग्रहो यदि भवेद्विन्ध्यस्तरेत्सागरम् ॥८०॥

વિશ્વામિત્ર અને પરાશર પ્રભૃતિ ઋષિઓ કે જેઓ વાયુ, જળ અને પાન ખાઇ નિર્વાહ કરતા હતા, તેઓ પણ સ્ત્રીનાં સુલલિત મુખકમલ નિરખીને મોહ પામ્યા હતા, ત્યારે જે મનુષ્યો ઘી, દૂધ, દહીં અને ભાત ખાય છે, તેઓની ઇન્દ્રિયોનો નિગ્રહ થાય તો વિંધ્યાચળે સાગર તરવા જેવું છે. (એટલે જેમ વિંધ્ય પર્વતે સમુદ્ર તરવો દુર્ઘટ છે, તેમ મનુષ્યોએ ઇન્દ્રિયનિગ્રહ કરવો દુર્ઘટ છે). ૮૦*

*અવ૦-સ્ત્રીનાં કટાક્ષનું પડવું અત્યંત અપકારક છે, તેથી તે ખલ પુરુષસમાન છે.

अनुष्टुभ्वृत्त

अजितात्मसु संबद्धः समाधिकृतचापलः।
भुजङ्गकुटिलः स्तब्धो भ्रूविक्षेपः खलायते ॥

જેમ ખલ પુરુષ જેમણે મનને જીત્યું ન હોય તેમની સાથે રહે છે, તેમ સ્ત્રીનાં કટાક્ષ પણ તેવાની સાથે સંબંધ રાખે છે. જેમ ખલ સમાધિ (ચિત્ત સ્થિર રાખવા)માં ચપલતા કરે છે, તેમ કટાક્ષ પણ સમાધિ (મનના નિગ્રહ)માં ચપલતા કરે છે; જેમ ખલ સર્પ જેવો વાંકો ☞

१ 'द्रिन्ध्यः प्लवेत्सागरे' इति नि. सा. पाठान्तरम्।

५ ऋतुवर्णनप्रकरण ८१-१००

અવ૦-વસંત ઋતુ આવે ત્યારે કામને ઉદ્દીપન કરનાર પદાર્થોના ગુણો પ્રકટ થાય છે, એ સંબંધે ૭ શ્લોકોથી વસંત ઋતુનું વર્ણન.

हरिणीवृत्त

परिमलभृतो वाताः शाखा नवांकुरकोटयो
मधुरविरुतोत्कंण्ठा[1] वाचः प्रियाः पिकपक्षिणाम्।
विरलसुरतस्वेदोद्गारा[2] वधूवदनेन्दवः
प्रसरति मधौ राञ्यां जातो न कस्य गुणोदयः।८१॥

વસંત ઋતુનો ફેલાવ થાય છે ત્યારે વાયુ પમરાટને ધારણ કરે છે (એટલે સુગંધી વાયુ વાય છે), શાખાઓમાં કરોડો નવાંકુરો આવે છે, કોયલો મધુર ટહુકાથી ઉત્કંઠા ઉત્પન્ન કરનારી પ્રિય વાણી બોલે છે અને રાત્રિમાં ચંદ્ર જેવાં સ્ત્રીઓનાં મુખ ઉપર કામક્રીડાના પરિશ્રમથી પારવાં પારવાં પસીનાનાં મોતીઓ બંધાય છે, માટે વસંત ઋતુમાં કોના ગુણનો ઉદય થતો નથી? અર્થાત્ સર્વના ગુણનો ઉદય થાય છે. ૮૧

द्रुतविलंबितवृत्त

मधुरयं मधुरैरपि कोकिलाकलकलैर्मलयस्य[3] च वायुभिः।
विरहिणः प्रणिहंति[4] शरीरिणो विपदि हंत सुधापि विषायते॥

☞ હોય છે, તેમ કટાક્ષ પણ વાંકો હોય છે; અને જેમ ખલ સ્તબ્ધ (ગર્વિષ્ઠ) હોય છે, તેમ કટાક્ષ પણ સ્તબ્ધ (સ્થિર) હોય છે માટે સ્ત્રીનાં કટાક્ષ ખલાચરણ સમાન છે.

---

१ 'विरुतोत्कण्ठाभाजः' इति **गु. प्रे. ह. लि. नि. सा.** पा०।
२ 'विरलविरलस्वेदो०' इति **नि. सा.** पाठान्तरम्।
३ 'रवैर्मलयस्य' इति **नि. सा.** पाठान्तरम्।
४ 'प्रहिणस्ति' इति **नि. सा.** पाठान्तरम्।

આ વસંત ઋતુ, કોયલોના મધુર કલરવોથી અને મલયાચળના વાયુઓથી વિરહી પુરુષોને સંતાપે છે. અહાહા! વિપત્તિમાં અમૃત પણ વિષ જેવું થઇ પડે છે. ૮૨

शार्दूलविक्रीडितवृत्त

आवासः किल किंचिदेव दयितापार्श्वे विलासालसः
कर्णे कोकिलकामिनीकलरवः स्मेरो लतामण्डपः।
गोष्ठी सत्कविभिः समं कतिपयैः सेव्याः सितांशोः कराः
केषांचित्सुखयन्त्यवेहि हृदये चैत्रे विचित्राः क्षपाः ॥८३॥

હે જન! ચૈત્ર માસની વિચિત્ર રાત્રિઓ અથવા ચૈત્ર માસમાં પહેરેલી વિચિત્ર પુષ્પમાળાઓ કોઇ પુરુષોને હૃદયમાં સુખ ઉપજાવે છે એમ સમજ. કારણ કે તે રાત્રિઓ નાની હોવાથી સ્ત્રીના પડખામાં વિલાસથી મંદ એવો થોડો આવાસ અથવા ઇષ્ટજનોના દર્શનથી હર્ષવશ થયેલી સ્ત્રીઓના શુષ્ક રુદન, હાસ્ય, ત્રાસ, ક્રોધ, શ્રમ અને મનોરથથી મિશ્ર હાવભાવનો નિવાસ તેમજ કાનમાં કોયલોનો મધુર કલરવ સાંભળવામાં આવે છે, લતામંડપ પ્રફુલ્લિત થાય છે, કેટલાક સારા કવિઓની સાથે આલાપ થાય છે અને ચંદ્રનાં કિરણો સેવવા લાયક થાય છે. ૮૩

---

१ 'किलकिञ्चितस्य' इति **गु. प्रे. ह. लि. नि. सा.** च पाठान्तरम्। रोमाश्रुहर्षभीत्यादेः सङ्करः किलकिञ्चितम्।

२ 'सालसा' इति **गु. प्रे. ह. लि. नि. सा.** च पाठान्तरम्।

३ 'पद्यैर्मुग्धाः' इति **गु. प्रे. ह. लि. नि. सा.** च पाठान्तरम्।

४ 'सुखयन्ति चात्र हृदयं' इति **गु. प्रे. ह. लि. नि. सा.** च पाठा०।

५ 'स्रजः' इति **गु. प्रे. ह. लि. नि. सा.** च पाठान्तरम्।

शार्दूलविक्रीडितवृत्त

पान्थस्त्रीविरहानलाहुतिकथामातन्वती मञ्जरी
माकन्देषु पिकाङ्गनाभिरधुना सोत्कण्ठमालोक्यते ।
अप्येते नवपाटलापरिमलप्राग्भारपाटच्चरा
वान्ति क्लान्तिवितानतानवकृतः श्रीखण्डशैलानिलाः ॥८४॥

વસંત કાળમાં આંબરાઈઓમાં રહેલી કોયલો પ્રવાસી જનોની સ્ત્રીઓને વિરહરૂપી અગ્નિમાં હોમવાની વાતો કરતી આંબાની મંજરીને ઉત્કંઠાથી નિહાળ્યા કરે છે અને નવીન પાટલાનાં પુષ્પોની પુષ્કળ સુગંધસંપત્તિ ચોરવાવાળા, એટલે તેમના સુગંધવાળા અને મોટા પરિશ્રમને દૂર–કૃશ કરવાવાળા મલયાચળના વાયુઓ વાય છે. ૮૪

प्रथितः प्रणयवतीनां तावत्पदमातनोतु यदि मानः ।
भवति न यावच्चन्दनतरुसुरभिर्मलयपवमानः ॥८५॥

સ્ત્રીઓના અભિમાનનું વૈયર્થ્ય–જ્યાંસુધી ચંદનવૃક્ષોના સુવાસને ધરાવતો મલય પર્વતપરનો વાયુ પ્રવૃત્ત થતો નથી, ત્યાં સુધી પ્રેમ ધરાવતી પ્રમદાઓનો અભિમાન વિશાળ હોય છે. ૮૫

आर्या

सहकारकुसुमकेसरनिकरभरामोदमूर्छितदिगन्ते ।
मधुरमधुविधुरमधुपे मधौ भवेत्कस्य नोत्कण्ठा ॥८६॥

વસંત ઋતુ કે જેમાં આંબાના પુષ્પ (મોર)ના સમુદાયના ઉભરાનો સુગંધ દિશાઓમાં ફેલાય છે અને જેમાં મધુર મકરંદથી ભ્રમરાઓ વ્યાકુળ થાય છે, એવી વસંત ઋતુમાં કોને ઉત્કંઠા થતી નથી? અર્થાત્ સર્વને થાય છે. ૮૬

---

१ 'अल्पास्ते' इति नि. सा. पाठान्तरम् ।

અવ૦–ગ્રીષ્મ ઋતુમાં પણ હર્ષને અને કામદેવને વધારનાર પદાર્થો છે, માટે તે પદાર્થો બતાવીને વસંત ઋતુનું વર્ણન કર્યા પછી ત્રણ શ્લોકોથી ગ્રીષ્મ ઋતુનું વર્ણન કરે છે.

वसन्ततिलकावृत्त

अच्छाच्छ[1]चन्दनरसार्द्रकरा[2] मृगाक्ष्यो
धारागृहाणि कुसुमानि च कौमुदी[3] च।
मन्दो मरुत्सुमनसः[4] शुचि हर्म्यपृष्ठं
ग्रीष्मे मदं च मदनं च विवर्धयन्ति ॥८७॥

ગ્રીષ્મ ઋતુમાં અતિ સ્વચ્છ ચંદનના રસથી જેઓના હાથ ભીંજાયલા હોય છે એવી હરિણાક્ષીઓ, ફૂવારાવાળાં ઘર, પુષ્પ, ચાંદની, સુખકારક સ્પર્શવાળો વાયુ, માલતી લતા અને ધવલ અગાશીઓ હર્ષને અને કામદેવને વધારે છે. ૮૭

शिखरिणीवृत्त

स्रजो हृद्यामोदा व्यजनपवनश्चन्द्रकिरणाः
परागः कासारो मलयजरजः सीधु विशदम्।
शुचिः सौधोत्सङ्गः प्रतनु वसनं पङ्कजदृशो
निदाघार्ता ह्येतत्सुखमुपलभन्ते[5] सुकृतिनः ॥८८॥

ગ્રીષ્મ ઋતુથી પીડાયલા પુણ્યવાન્ પુરુષોને અર્થાત્ ગ્રીષ્મ ઋતુનો પ્રાદુર્ભાવ થતાં પુણ્યશાલી પુરુષોને મનોહર સુગંધવાળી માળાઓ, પંખાનો પવન, ચંદ્રનાં કિરણો,

---

૧ 'अच्छाच्छ'–इति नि. सा. पाठान्तरम्।

२ 'रसार्द्रतरा' इति नि. सा. पाठान्तरम्।

३ 'चन्दनं च' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

४ 'मरुन्मधुरसः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

५ 'निदाघर्तावेतद्विलसति' इति गु. प्रे. ह. लि. तथा च नि. सा. पाठान्तरम्।

મકરંદ, સરોવર, ચંદનનું ચૂર્ણ, સ્વચ્છ મદ્ય, મહેલનો શુદ્ધ મધ્ય ભાગ, ઝીણાં વસ્ત્ર અને કમલ જેવાં નેત્રવાળી સ્ત્રીઓ, આટલી વસ્તુનું સુખ મળે છે અર્થાત્ આ બધું પ્રાપ્ત થાય છે. ૮૮

शिखरिणीवृत्त

सुधाशुभ्रं धाम स्फुरदमलरश्मिः शशधरः
प्रियावक्त्राम्भोजं मलयजरजश्चातिसुरभि ।
स्रजो हृद्यामोदास्तदिदमखिलं रागिणि जने
करोत्यन्तः क्षोभं न तु विषयसंसर्गविमुखे ॥८९॥

કળી ચૂના વગેરેથી સફેત ઘર, સ્ફુરાયમાન થયેલો સ્વચ્છ કિરણોવાળો ચંદ્ર, કમલ જેવું સ્ત્રીનું મુખ અતિ સુગંધી ચંદનનું ચૂર્ણ અને મનોહર સુગંધવાળી માળાઓ, આ સઘળી વસ્તુઓ, આસક્તિવાળા પુરુષના મનમાં વિકાર ઉત્પન્ન કરે છે, પરંતુ વિષયના સંસર્ગથી વિમુખ એટલે વૈરાગ્યવાળા પુરુષના મનમાં વિકાર ઉત્પન્ન કરતી નથી. ૮૯

૭ શ્લોકોથી વર્ષાઋતુનું વર્ણન કરવામાં આવે છે.

दोधकवृत्त

तरुणीवेषा[1] दीपितकामा विकसितजाति[2]: पुण्यसुगन्धिः ।
उन्नतपीनपयोधरभारा प्रावृट्[3] तनुते कस्य न हर्षम् ॥९०॥

જેમ સ્ત્રીમાં કામ ઉત્પન્ન થાય છે તેમ વર્ષા ઋતુથી પણ કામ ઉત્પન્ન થાય છે; જેમ સ્ત્રી કેશમાં જાઈનાં પુષ્પને ધારણ કરે છે તેમ વર્ષા ઋતુમાં પણ જાઈનાં પુષ્પો ફૂલે

---

१ 'वेषोद्दीपित०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
२ 'जातीपुष्प०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
३ 'प्रावृषि' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

છે; જેમ સ્ત્રીનાં શરીર વગેરેમાં સુંદર સુગંધ હોય છે, તેમ વર્ષા ઋતુમાં પણ સુંદર સુગંધ હોય છે; જેમ સ્ત્રીઓને ઊંચાં ને મોટાં પયોધર (સ્તન) હોય છે, તેમ વર્ષાઋતુમાં પણ ઊંચાં ને મોટાં પયોધર (મેઘ) હોય છે; માટે સ્ત્રીની પેઠે વર્ષાઋતુ કોના હર્ષને વધારતી નથી? અર્થાત્ સર્વના હર્ષને વધારે છે. ૯૦

માલિનીવૃત્ત

वियदुपचितमेघं भूमयः कन्दलिन्यो
नवकुटजकदम्बामोदिनो गन्धवाहाः।
शिखिकुलकलकेकारावरम्या वनांताः
सुखिनमसुखिनं वा सर्वमुत्कण्ठयन्ति ॥९१॥

વધેલા મેઘવાળું આકાશ, નવાંકુરવાળી પૃથ્વીઓ, નવીન ઇંદ્રજવની અને કદંબની સુગંધવાળા વાયુઓ અને મયૂરોના મધુર શબ્દોથી સુંદર વનના ભાગો-આ વસ્તુઓ, વિયોગી અથવા વિયોગ વગરના અર્થાત્ સુખી અને દુઃખી સર્વ પુરુષોને ઉત્કંઠાવાળા કરે છે. ૯૧

અવ૦-પરદેશમાં કમાવા ગયેલા પુરુષની આ ઉક્તિ છે.

आर्या

उपरि घनं घनपटलं तिर्यग्गिरयोऽपि नर्तितमयूराः।
क्षितिरपि कन्दलधवला दृष्टिं पथिकः क्व यापयतु[1] ॥९२॥

ઉપર જુવે તો મેઘનો ઘાટો સમુદાય છે, આડું જુવે તો જેમાં મયૂરો નાચે છે તેવા પર્વતો છે અને પૃથ્વી પણ નવાંકુરોથી ધોળી છે, ત્યારે પ્રવાસી પુરુષ કઈ તરફ જોઈ દૃષ્ટિને સુખ આપે? ૯૨

અર્થાત્-સ્ત્રીનો સહવાસ જ સુખનું કારણ છે.

---

१ 'पातयतु' इति गु. प्रे. ह. लि. पाठान्तरम्।

शिखरिणीवृत्त

इतो विद्युद्वल्लीविलसितमितः केतकितरोः
स्फुरद्गन्धः प्रोद्यज्जलदनिनदस्फूर्जितमितः।
इतः केकिक्रीडाकलकलरवः पक्ष्मलदृशां
कथं यास्यन्त्येते विरहदिवसाः संभृतरसाः॥९३॥

એક તરફ વિજળીના ચમકારા, એક તરફ કેવડાની સ્ફુરી રહેલી સુગંધ, એક તરફ આકાશમાં થતી મેઘગર્જના અને એક તરફ ક્રીડા કરતા મયૂરોનો મધુરો કલરવ થાય છે, માટે પુષ્કળ છે શૃંગાર રસ જેમાં, એવા વિરહિણી સ્ત્રીઓના આ વિરહના દિવસો કેમ નીકળશે? ૯૩

शिखरिणीवृत्त

असूचीसंचारे तमसि नभसि प्रौढजलद-
ध्वनिप्राये[1] तस्मिन्पतति दृषदां नीरनिचये।
इदं सौदामिन्याः कनकमनीयं विलसितं
मुदं च ग्लानिं च प्रथयति पथिष्वेव[2] सुदृशाम्॥९४॥

સોઇનો સંચાર પણ થઇ શકે નહિ એવું અંધારું છવાઇ રહેતાં, આકાશમાં ગંભીર મેઘની ગર્જનાઓ થતાં અને કરાની સાથે ધોધબંધ વૃષ્ટિ પડતાં માર્ગમાં સોનાના જેવો સુંદર વિજળીનો ચમકારો, સ્ત્રીઓને હર્ષ અને ખેદ આપે છે. ૯૪

અભિપ્રાય–'મારો પતિ આવતો હશે,' એવી આશાથી માર્ગ તરફ જોતી પ્રવાસિની સ્ત્રીને વિજળીનો પ્રકાશ

---

१ 'प्रादुर्भावे (प्राङ्गमन्ये) पतति पृषतानां च' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम्।

२ 'स्वैरसुदृशाम्' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठा०

થવાથી હર્ષ થાય છે અને તે વિજળી કામોદ્દીપક છે, માટે ખેદ થાય છે.

शार्दूलविक्रीडितवृत्त

आसारेण न हर्म्यतः प्रियतमैर्यातुं बहिः शक्यते
शीतोत्कम्पनिमित्तमायतदृशा गाढं समालिङ्ग्यते ।
जाताः शीतलशीकराश्च मरुतश्चात्यन्तखेदच्छिदो[1]
धन्यानां बत दुर्दिनं सुदिनतां याति प्रियासंगमे ॥९५॥

વૃષ્ટિ પડવાથી પ્રિય પતિ મહેલમાંથી બહાર જઈ શકતા નથી અને ટાઢને લીધે કંપવાથી સ્ત્રીઓ પતિને ગાઢ આલિંગન કરે છે ને શીતલ છાંટાવાળા હોવાથી જ અતિ પરિશ્રમને દૂર કરનારા વાયુઓ વાય છે. એવી રીતે ધન્ય પુરુષોને દુર્દિન (મેઘથી અંધરાયલો દિવસ) પણ, સ્ત્રીના સમાગમથી સુદિન (સારો દિવસ) થાય છે. ૯૫

અવ૦—એક શ્લોકથી શરદૃઋતુનું વર્ણન કરવામાં આવે છે.

स्रग्धरावृत्त

अर्धं नीत्वा[2] निशायाः सरभससुरतायासखिन्न[3]श्लथाङ्गः
प्रोद्भूतासह्यतृष्णो मधुमदनिरतो हर्म्यपृष्ठे विविक्ते ।
संभोगक्लान्तकान्ताशिथिलभुजलतावर्जितं कर्करीतो
ज्योत्स्नाभिन्नाच्छधारं पिबति न सलिलं शारदं मन्दभाग्यः ॥

એકાંત એવી અગાસીમાં અર્ધરાત્રિ ગાળી કાઢયા પછી સવેગ કામક્રીડાના પ્રયાસને લીધે ખિન્ન થવાથી જેના અવયવો શિથિલ હોય, જેને સહન ન થઈ શકે તેવી તૃષા ઉત્પન્ન થયેલી હોય અને જે મદિરાના મદવાળો

---

१ 'मरुतो रत्यन्त०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठा०
२ 'सुप्त्वा' इति नि. सा. पाठान्तरम् ।
३ 'संश्लेषयोगैः' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

હોય તેવો જે પુરુષ કામક્રીડાથી થાકી ગયેલી કાન્તાએ શિથિલ હાથથી આણેલું અને ચંદ્રના પ્રકાશથી સ્વચ્છ ધારાવાળું શરદ્ ઋતુનું જળ, ઝારી (કરવડા)થી પીતો નથી, તે કમનસીબ સમજવો. ૯૬

અવ૦—બે શ્લોકોથી હેમંત ઋતુનું વર્ણન કરવામાં આવે છે.

शार्दूलविक्रीडितवृत्त

हेमन्ते दधिदुग्धसर्पिरशना माञ्जिष्ठवासोभृतः
काश्मीरद्रवसान्द्रदिग्धवपुषः खिन्ना विचित्रै रतैः।
पीनोरुस्तनकामिनीजनकृताश्लेषा गृहाभ्यन्तरे
ताम्बूलीदलपूगपूरितमुखा धन्याः सुखं शेरते ॥९७॥

હેમંત ઋતુમાં દૂધ, દહીં ને ઘી ખાનારા, કુસુંબાં વસ્ત્રો પહેરનારા, શરીરપર જાડો કેસરી લેપ ચોપડનારા વિચિત્ર એવી કામક્રીડાથી ખિન્ન રહેનારા, ભરાઉ સાથળવાળી અને સ્તનવાળી સ્ત્રીઓએ આલિંગન કરેલા અને નાગરવેલના પાન સોપારીથી ભરેલાં મુખવાળા ધન્ય પુરુષો પોતાના મંદિરમાં સુખપૂર્વક શયન કરે છે. ૯૭

स्रग्धरावृत्त

प्रोद्यत्प्रौढ-प्रियंगु-द्युति-भृति विदलत्कुन्द-माद्यद्विरेफे
काले प्रालेय-वात-प्रचलविकसितोद्दाम-मन्दारदाम्नि ।

१ 'वपुषश्छिन्ना' इति नि. सा. पाठान्तरम् ।
२ 'वृत्तोरु०' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
३ 'विकसत्कुन्द०' इति नि. सा. पाठान्तरम् ।
४ 'प्रचुर०' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।
५ 'विलसितोदार०' इति नि. सा. पाठान्तरम् ।

येषां नो कण्ठलग्ना क्षणमपि तुहिनक्षोदरक्षा[1] मृगाक्षी
तेषामायामयामा यमसदनसमा[2] यामिनी याति यूनाम् ॥९८॥

જેમાં ખીલતા પ્રિયંગુની શોભા થાય છે, જેમાં ભ્રમરો ખીલતા કુન્દથી મદવાળા થાય છે અને જેમાં ઠંડા વાયુથી ચલાયમાન મંદાર વૃક્ષોની માળા ફૂલે છે, એવા સમયમાં ટાઢથી રક્ષા અર્થાત્ ટાઢનું નિવારણ કરવામાં દક્ષ સ્ત્રી ક્ષણવાર પણ જેઓના કંઠને વળગતી નથી, તે યુવાન્ પુરુષોની રાત્રિ મોટા પહોરવાળી ને યમના ઘર સરખી થાય છે, એટલે અત્યંત દુઃખ કરનારી થઈ પડે છે. ૯૮*

અવ૦—બે શ્લોકોથી શિશિર ઋતુનું વર્ણન કરવામાં આવે છે.

स्रग्धरावृत्त

चुम्बन्तो गण्डभित्तीरलकवति मुखे सीत्कृतान्यादधाना
वक्षःसूत्कञ्चुकेषु स्तनभरपुलकोद्भेदमापादयन्तः ।

*અવ૦—સ્ત્રીનાં નાકના મોતીનું ચન્દ્રની ઉત્પ્રેક્ષાથી વર્ણન નીચલા શ્લોકથી કર્યું છે.

उपजातिवृत्त

सुधामयोऽपि क्षयरोगशान्त्यै नासाग्रमुक्ताफलकच्छलेन ।
अनङ्गसंजीवनदृष्टिशक्तिर्मुखामृतं ते पिबतीव चन्द्रः ॥

હે સ્ત્રી! ચંદ્ર જો કે અમૃતરૂપ છે, માટે જ દૃષ્ટિના સામર્થ્યથી કામદેવને જીવાડે છે, (કામદેવ ઉત્પન્ન કરે છે;) તો પણ તે ક્ષયરોગની શાન્તિ માટે નાસિકામાં પહેરેલાં મુક્તાફળના મિષથી તારા મુખનું અમૃત પીતો હોય, તેમ હું માનું છું.

१ 'दक्षा' इति नि. सा. पाठान्तरम् ।
२ 'निभा' इति गु. प्रे. ह. लि. पाठान्तरम् ।

ऊरूनाकम्पयन्तः पृथुजघनतटात्स्रंसयन्तोंऽशुकानि
व्यक्तं कान्ताजनानां विटचरितकृतः शैशिरा वान्ति वाताः९९

સ્ત્રીઓના ગાલનું ચુંબન કરતા, વાંકા કેશવાળા મુખમાં સીત્કાર કરાવતા, કાંચળી વગરનાં વક્ષ:સ્થલમાં સ્તનો ઉપર રોમાંચ ઉત્પન્ન કરતા, સાથળને કંપાવતા અને પહોળાં જઘન તટ ઉપરથી વસ્ત્રોને ખસેડતા, શિશિર ઋતુના વાયુઓ વ્યભિચારી પુરુષોની પેઠે આચરણ કરતા વાય છે. ૯૯

शार्दूलविक्रीडितवृत्त

केशानाकुलयन् दृशौ मुकुलयन् वासो बलादाक्षिप-
न्नातन्वन्पुलकोद्गमं प्रकटयन्नङ्गेषु कम्पं गतैः।
वारंवारमुदारसीत्कृतकृतो दन्तच्छदान् पीडय-
न्प्रायः शैशिर एष संप्रति मरुत्कान्तासु कान्तायते ॥१००॥

શિશિર ઋતુનો વાયુ, વાળને આમતેમ ડોલાવી વ્યાકુળ કરે છે, નેત્રોને બંધ કરે છે, બળાત્કારથી વસ્ત્ર ખેંચે છે, રોમાંચ વધારે છે, ગમનથી શરીર પર કંપને પ્રકટ કરે છે અને વારંવાર જોરથી સીત્કાર કરવાવાળા હોઠને પીડે છે, માટે આ શિશિર ઋતુનો વાયુ સ્ત્રીઓ પાસે પતિની પેઠે આચરણ કરે છે. ૧૦૦

અભિપ્રાય—જેમ પતિ સ્ત્રીના કેશ ફેરવવા વગેરે કરે છે, તેમ શિશિર ઋતુનો વાયુ પણ કરે છે.

॥ इति श्रीमद्राजर्षिप्रवरभर्तृहरिकृतं शृंगारशतकं संपूर्णम् ॥

---

१ 'भृतः' इति गु. प्रे. ह. लि. नि. सा. च पाठान्तरम् ।
२ न्नावेगकम्पं गते (शनैः) इति गु. प्रे. ह. लि. नि. च पाठा०

અપ્રચલિત ક્ષેપક શ્લોકો*

સ્ત્રીના મુખમાં અને ચંદ્રમાં તફાવત

સ્ત્રીના મુખમાં ચંદ્રના સામ્યનો અભાવ છે, એનો આશય નીચેના શ્લોકમાં દર્શાવ્યો છે.

धिक्तस्य मन्दमनसः कुकवेः कवित्वं
यः स्त्रीमुखं च शशिनं च समं करोति ।
भ्रूभङ्गविभ्रमकटाक्षविलोकितानि
कोपप्रसादहसितानि कुतः शशाङ्के ॥ १ ॥

સ્ત્રીનાં મુખને અને ચંદ્રમાને જે સમાન બનાવે છે અર્થાત્ સ્ત્રીમુખને ચંદ્રની ઉપમા આપે છે તે મંદમતિ કુકવિનાં કવિત્વને ધિક્કાર હો. કારણ સ્ત્રીઓનાં કોપમિશ્ર અને પ્રસન્નતામિશ્ર હાસ્યોને ધરાવતાં જે ભ્રૂભંગના વિલાસવાળાં–હાવભાવવાળાં કટાક્ષોનાં–વક્રદૃષ્ટિનાં અવલોકનો તે ચન્દ્રમાં ક્યાં છે? ૧

ભાવાર્થ–સ્ત્રીના મુખમાં જેવી વૈકારિક ભાવવ્યંજક અને વૈષયિક ઇચ્છાજનક આકર્ષકતા છે તેવી આકર્ષકતા ચંદ્રમાં નથી. ચંદ્રમાં તો ચિત્તખેદજનક ભાવનું નિરસન કરી કેવળ ચિત્તપ્રસન્નતાજનક ભાવનો પ્રાદુર્ભાવ કરાવનારી આકર્ષકતા છે.

---

*આ અપ્રચલિત ક્ષેપક શ્લોકો 'ગુજરાતી પ્રિંટિંગ પ્રેસ'માંના પ્રાચીન હસ્તલિખિત ગ્રંથસંગ્રહમાંથી પ્રાપ્ત થયેલી પ્રતપરથી દાખલ કરાયલા છે.

સ્ત્રીના ભ્રૂકુટિપાતની ઉચ્છૃંખલતા

अस्थिरात्मा समुन्नद्धः समाकर्षितचापलः।
भुजङ्गकुटिलस्तस्या भ्रूविक्षेपः खलायते ॥ २ ॥

અસ્થિર પ્રયત્નવાળો, ઉન્નત અવસ્થાને પામેલો, ચપલતાનું આકર્ષણ કરનારો અને ભુજંગસમાન વક્ર એવો સ્ત્રીના ભમ્મરનો વિક્ષેપ ખલ પુરુષસમાન આચરણ કરે છે.

ભાવાર્થ-જેમ ખલ પુરુષ અસ્થિર સ્વભાવવાળો, ગર્વથી ઘેરાયલો, ચપલતાનું આકર્ષણ કરનારો અને ભુજંગસમાન કુટિલ હોય છે, તેમ સ્ત્રીના ભમ્મરનો વિક્ષેપ પણ અસ્થિર પ્રયત્નવાળો, ઊંચે ચડેલો, ચપલતાનું આકર્ષણ કરનારો અને ભુજંગસમાન કુટિલ હોય છે.

મહાત્માઓનો જીવનવ્યાપાર

एकैव काचिन्महतामवस्था सूक्ष्माणि वस्त्राण्यथवा च कन्था।
कराग्रलग्नाभिनवा च बाला गङ्गातरङ्गेष्वथवाक्षमाला ॥ ३ ॥

સૂક્ષ્મ વસ્ત્રો ધારણ કરવાં અથવા કંથા-ગોદડી ઓઢવી અને (પાણિગ્રહણ સંસ્કારમાં) હસ્તના અગ્રભાગે વળગેલી નવીન (પરણી આણેલી) કન્યા સાથે રહેવું અથવા ગંગા નદીના તરંગોવાળાં સ્થાનોમાં રુદ્રાક્ષમાલા સાથે લઇ જપ કર્યાં કરવો આ અવસ્થાઓમાંની કોઇક એક જ અવસ્થા મહાપુરુષોની હોય છે. ૩

ભાવાર્થ-જો મહાપુરુષો કોઇ પણ અવસ્થામાં સૂક્ષ્મ વસ્ત્રોને ધારણ કરતા હોય તો સૂક્ષ્મ વસ્ત્રોને જ ધારણ કરે છે, કંથાને ઓઢી ફરતા હોય તો કંથાને ઓઢીને જ ફરતા રહે છે, નવવધૂ પ્રાપ્ત થાય તો વિવાહ કરી તેની

સાથે જ રહે છે અને જે સ્થાનોમાં ગંગા નદીના તરંગો દૃષ્ટિએ પડે છે, તે સ્થાનોમાં રહેતા હોય તો ત્યાં જ રહી રુદ્રાક્ષમાલા ધારણ કરી જપ કર્યા કરે છે. તેઓને જે અવસ્થા પ્રાપ્ત થાય તે અવસ્થાને જ તેઓ વળગી રહે છે. અવસ્થાંતર કરવાની અથવા અવસ્થાનુસાર વસ્તુઓના વિસ્તારને ધરાવવાની તેઓને ઇચ્છા જ થતી નથી.

ધન્યવાદને પાત્ર પુરુષો

धन्यास्ते वीतरागा गुरुवचनरतास्त्यक्तसंसारभोगा
योगाभ्यासेऽतिलीना गिरिवरगहने यौवनं ये नयन्ति।
अन्ये प्रोत्तुङ्गपीनस्तनकलशभराक्रान्तकामां दिनान्ते
कान्तामालिङ्ग्य कण्ठे मृदुतलशयने शेरते तेऽपि धन्याः॥४॥

આસક્તિ વિનાના, ગુરુવચનમાં રત થયેલા–અવધાન ધરાવતા, સંસારમાંના ઉપભોગોનો ત્યાગ કરેલા અને યોગાભ્યાસમાં અતિશય લીન થયેલા જે પુરુષો હિમાલય પર્વત પરનાં અરણ્યમાં યૌવન વ્યતીત કરે છે તેઓ ધન્ય કહેવાય છે. તેમજ રાત્રિના સમયમાં ઊંચા અને પુષ્ટ એવા સ્તનકલશોના ભારે આક્રમણ કરેલાં શરીરને ધરાવતી કાંતાના કંઠનું આલિંગન કરી જે અન્ય પુરુષો અતિ મૃદુ–સુંવાળી શય્યાપર શયન કરે છે તેઓ પણ ધન્ય કહેવાય છે. ૪

ભાવાર્થ–સંગત્યાગી યોગીઓ અને વિવાહિત સ્થિતિ ગાળનારા સંગપ્રિય ગૃહસ્થો સંગદોષથી અલિપ્ત હોવાથી ધન્યવાદને પાત્ર છે પણ કાયિક, વાચિક અને માનસિક સંગદોષવાળા તદ્દિતર દુરાચારી પુરુષો સંગદોષથી અલિપ્ત ન હોવાથી ધન્યવાદને પાત્ર નથી.

ત્રણ પ્રકારનાં શતકો વિષે રુચિની વિવિધતા

वैराग्यं संश्रयत्येको नीतौ भ्रमति चापरः।
श्रृङ्गारे रमते कश्चिद्रुचिभेदः परस्परम् ॥ ५॥

કોઇ એક વૈરાગ્યનો આશ્રય કરે છે, બીજો કોઇ નીતિશાસ્ત્રમાં ભ્રમણ કરે છે અને કોઇક શૃંગારમાં રમમાણ થાય છે. પરસ્પરમાં રુચિભેદ દૃષ્ટિએ પડે છે.૫

ભાવાર્થ-જેને જે વિષય પ્રિય હોય છે, તે તે વિષયમાં પ્રવૃત્તિ કરતો રહે છે. મહાત્મા ભર્તૃહરિએ ભિન્ન ભિન્ન રુચિવાળા લોકો માટે ભિન્ન ભિન્ન શતકો રચ્યાં છે. બધાની રુચિ સરખી હોતી નથી પણ ભિન્ન ભિન્ન હોય છે. भिन्नरुचिर्हि लोकः।

અમરયોગીન્દ્ર ભર્તૃહરિ વિરચિત

વૈરાગ્યશતક

(મૂળ સહિત ગુજરાતી)

સંશોધકો

શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય પુરંદરે

શાસ્ત્રી શંકરલાલ જાદવજી જોષી લહેરુ

પ્રકાશક

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

કોટ, મુંબઇ ૧.

કિં. રૂ. ૧

[વિ. સં. ૨૦૧૦] [ઇ. સ. ૧૯૫૪

મુખ્ય પ્રાપ્તિસ્થાન :—
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
રીઝર્વ બેંકની પાછળ
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ—૧

(સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન)

મુદ્રક :
નટવરલાલ ઇચ્છારામ દેસાઈ
બી. એ.

મુદ્રણસ્થાન :
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
રીઝર્વ બેંકની પાછળ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ,
એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઈ ૧

અલ્પ નિવેદન

પરમ કૃપાળુ જગદીશની કૃપાથી નીતિશતકની પેઠે આ વૈરાગ્યશતક પણ સુજ્ઞ વાચકોના કરકમળમાં અર્પણ કરતાં પરમ સંતોષ થાય છે. જેવી રીતે નીતિશતકમાં વિષયોનું વર્ગીકરણ દર્શાવવા માટે નિર્ણયસાગરના નીતિશતકનો ક્રમ સ્વીકાર્યો હતો તેવી રીતે આમાં પણ તેજ ક્રમ કાયમ રાખ્યો છે. સાથે સાથે પૂર્વક્રમ પણ સચવાય આવી ગોઠવણ કરી છે. આમાં ૧, ૧૭, ૨૦, ૨૨, ૨૭, ૨૯, ૩૦, ૩૪, ૪૦, ૫૫, ૬૨, ૬૫, ૭૪, ૮૭, ૯૦ આ ૧૫ શ્લોકો નવીન દાખલ કર્યાં છે. આમાંનો ૧૭ મો શ્લોક શૃંગારશતકમાં પણ આવી જાય છે. અનવધાનવશાત્ અથવા ભ્રમપ્રમાદાદિવશાત્ આમાં કાંઇ ઉણપ રહી ગઇ હોય તે સુધારી લેવા અને જણાવવા સુજ્ઞ વાચકોને નમ્ર વિનંતિ છે.

મુંબઇ, ૧૦–૧૨–૫૩ 'ગુજરાતી' પ્રેસના માલિકો.

वैराग्यशतकश्लोकानुक्रमणिका

श्लो.	अ	पृष्ठ.
६६	अग्रे गीतं सरसकवयः	४६
१८	अजानन्माहात्म्यं पततु	१३
क्षे.	अतिक्रान्तः कालो	३६
२२	अभिमतमहा ...	१५
५८	अभुक्तायां यस्यां ...	४०
५	अमीषां प्राणानां ...	४
५२	अर्थानामीशिषे त्वं ...	३५
१२	अवश्यं यातारश्चिर ...	८
५९	अशीमहि वयं ...	३८
	आ	
३२	आक्रांतं मरणेन जन्म	२०
३	क्षे. आघ्राय पुस्तकं धन्या	७३
४३	आदित्यस्य गतागतै–	२८
३३	आधिव्याधिशतैर्जनस्य	२१
३६	आयुः कल्लोललोलं ...	२२
४९	आयुर्वर्षशतं नृणां ...	३३
१०	आशानामनदी मनो–	७
८१	आसंसारं त्रिभुवनमिदं	५५
	इ	
क्षे.	इयं बालामांप्रत्यनवरत	६६
क्षे.	इह हि मधुरगीतं ...	७८
	उ	
३	उत्खातं निधिशङ्कया	३
क्षे.	उद्यानेषु विचित्र– ...	६२
क्षे.	उन्मीलत्त्रिवलीतरङ्ग–	२६

श्लो.	ए	पृष्ठ.
८९	एकाकी निःस्पृहः ...	६०
१७	एको रागिषु राजते ...	१२
६३	एतस्माद्विरमेंद्रियार्थ–	४४
	क	
८७	कदा वाराणस्यां०	५९
२५	किं कन्दाः कन्दरेभ्यः	१६
७१	किं वेदैः स्मृतिभिः ...	४९
३७	कृच्छ्रेणामेध्यमध्ये ...	२३
९	कृशः काणः खञ्जः ...	क्षे.
९१	कौपीनं शतखण्डजर्जं–	६१
क्षे.	क्वचिद्वीणावादः क्वचि–	३१
५०	क्षणं बालोभूत्वाक्षणमपि	३४
६	क्षान्तं न क्षमया ...	४
	ख	
४	खलोल्लापाः सोढाः ...	३
	ग	
९८	गङ्गातीरे हिमगिरि–	७०
२४	गङ्गातरङ्गहिमशीकर–	१६
४	क्षे. गर्भावासे शयित्वा	७३
७३	गात्रं संकुचितं ...	१५
	च	
९६	चाण्डालः किमयं ...	६८
१	चूडोत्तंसित–	२
६५	चेतश्चिन्तय–	४५
	ज	
क्षे.	जातः कूर्मः स एकः	२५
क्षे.	जीर्णा कन्था ततः किं	४८

श्लो.		पृष्ठ.
८३	जीर्णा एव मनोरथाः	५६
	त	
७६	तपस्यन्तः सन्तः ...	५२
६९	तस्मादनन्तमजरं ...	४८
२०	तुङ्गं वेश्म सुताः ...	१३
१९	तृषा शुष्यत्यास्ये पिबति	१३
क्षे.	त्रैलोक्याधिपतित्वमेव	६७
५१	त्वं राजा वयमप्यु-	३९
	द	
क्षे.	दिक्कालाद्यनवच्छिन्ना-	१
२१	दीना दीनमुखैः सदैव	१४
७७	दुराराध्यः स्वामी ...	५२
	ध	
१४	धन्यानां गिरिकन्दरे	१०
	न	
४५	न ध्यातं पदमीश्वरस्य	२९
५६	न नटा न विटा न ...	३८
११	न संसारोत्पन्नं ...	७
४६	नाभ्यस्ता भुवि ...	३०
क्षे.	नायं ते समयो रहस्य-	६४
९	निवृत्ता भोगेच्छा ...	६
२	क्षे. नो चिन्तामणयो	७२
	प	
६२	परिश्रमसि किंमुधा ...	४४
६१	परेषां चेतांसि ...	४३
९०	पाणिं पात्रयतां ...	६०
९९	पाणिः पात्रं पवित्रं ...	७०
७०	पातालमाविशसि यासि	४९

श्लो.		पृष्ठ.
क्षे.	प्रशान्तशास्त्रार्थविचार-	३४
२३	पुण्ये ग्रामे वने वा ...	१५
२६	पुण्यैर्मूलफलैः प्रिये ...	१७
क्षे.	पुरा विद्वत्तासीदुपश-	३९
६७	प्राप्ताः श्रियः सकल-	४७
क्षे.	प्रियसखि विपद्दण्डव्रात-	६९
	फ	
५४	फलमलमशनाय ...	३७
२७	फलं स्वेच्छालभ्यं ...	१८
	ब	
९२	ब्रह्माण्डमण्डलीमात्रं-	६३
१३	ब्रह्मज्ञानविवेकिनो ...	१०
४०	ब्रह्मेन्द्रादिमरु०	२५
क्षे.	बाले लीलामुकुलित-	६६
क्षे.	बोद्धारो मत्सरग्रस्ताः	२
	भ	
६८	भक्तिर्भवे मरणजन्म-	४८
१५	भिक्षाशनं तदपि नीरस-	११
९५	भिक्षाशी जनमध्यसङ्ग-	६७
३०	भिक्षाहारमदैन्य०	१९
७	भोगा न भुक्ता वय-मेव भुक्ता- ...	५
३६	भोगा मेघवितान-	२२
३९	भोगा भंगुरवृत्तयो ...	२४
३४	भोगास्तुङ्गतरङ्ग०	२१
३१	भोगे रोगभयं कुले ...	२०
१	क्षे. भो मर्त्याः श्रुणुत	७२

श्लो.		पृष्ठ.
२	भ्रान्तं देशमनेकदुर्गविषमं	२
	म	
क्षे.	महादेवो देवः ...	५८
९४	मही रम्या शय्या ...	६५
८४	महेश्वरे वा जगताम—	६६
९३	मातर्लक्ष्मि भजस्व...	६४
७८	माने म्लायिनि ...	५३
१००	मातर्मेदिनि तात मारुत	७१
५९	मृत्पिण्डो जलरेखया	४१
६४	मोहं मार्जय तामुपार्जय	४५
	य	
४२	यत्रानेकः क्वचिदपि गृहे	२७
८१	यदेतत्स्वाच्छन्द्यं ...	६५
७२	यदा मेरुः श्रीमान्...	९०
क्षे.	यदासीदज्ञानं स्मर—	६३
७५	यावत्स्वस्थमिदं ...	५१
क्षे.	यूयं वयं वयं यूयं ...	६५
क्षे.	येनैवाम्बरखण्डेन ...	६
२८	ये वर्तंते धनपतिपुरः	१८
२९	ये सन्तोषनिर०	१९
	र	
८०	रम्यं हर्म्यतलं न किं	९४
७६	रम्याश्चन्द्रमरीचयः ...	५४
४४	रात्रिः सैव पुनः ...	२९
क्षे.	रे कन्दर्प करं कदर्थ—	५७

श्लो.	**व**	पृष्ठ.
५३	वयमिह परितुष्टा ...	३७
४८	वयं येभ्यो जाताश्चिर—	३२
७४	वर्णं सितं झटिति	५१
८	वलिभिर्मुखमाक्रान्तं.	६
८६	वितीर्णे सर्वस्वे तरुण—	५८
४७	विद्या नाधिगता कलंक-	३१
५७	विपुलहृदयैर्धन्यैः ...	४०
क्षे.	विरमत बुधा योषित्सं-	४६
क्षे.	विवेकव्याकोशे ...	९
३८	व्याघ्रीव तिष्ठति ...	२३
क्षे.	शय्या शैलशिला गृहं	६०
	स	
क्षे.	सखे धन्याः केचित्	६९
६०	स जातः कोप्यासीत्	४२
क्षे.	सत्यामेव त्रिलोकी—	६१
क्षे.	सदा योगाभ्यास—	२४
४१	सा रम्या नगरी	२६
१६	स्तनौ मांसग्रन्थी ...	११
८८	स्नात्वा गाङ्गैः पयोभिः	५९
८५	स्फुरत्स्फारज्योत्स्ना—	५७
	ह	
९७	हिंसाशून्यमयत्नलभ्य—	६९
	ज्ञ	
क्षे.	ज्ञानं सतां मान— ...	३१

વૈરાગ્યશતકનાં ૧૦ પ્રકરણો

અંક	વિષય – પ્રકરણ	શ્લોકસંખ્યા
૧	તૃષ્ણા દૂષણ પ્રકરણ	૧ થી ૧૦
૨	વિષયપરિત્યાગપ્રકરણ	૧૧ થી ૨૦
૩	યાચનાજનિતદીનતારૂપદૂષણપ્રકરણ	૨૧ થી ૩૦
૪	ભોગોની અસ્થિરતાનું પ્રકરણ ...	૩૧ થી ૪૦
૫	કાલમહિમાના વર્ણનનું પ્રકરણ ...	૪૧ થી ૫૦
૬	યતિનૃપતિસંવાદપ્રકરણ	૫૧ થી ૬૦
૭	મનના નિયમનનું પ્રકરણ ...	૬૧ થી ૭૦
૮	નિત્યાનિત્યવસ્તુના વિચારનું પ્રકરણ	૭૧ થી ૮૦
૯	શિવાર્ચનપ્રકરણ	૮૧ થી ૯૦
૧૦	અવધૂતચર્યાપ્રકરણ	૯૧ થી ૧૦૦

વૈરાગ્યશતકના વિષયોની અનુક્રમણિકા

	શ્લોક
મંગલાચરણ	૧
પ્રમાદી દુનિયા	૨
૧ તૃષ્ણાદૂષણપ્રકરણ	**૧-૧૦**
જ્ઞાનવિજય	૧
અતૃપ્ત તૃષ્ણા	૨
તૃષ્ણાનું બળ	૩
આશાવશ મનુષ્યની સ્થિતિ	૪
આત્મશ્લાઘા ન કરવી ...	૫
સકામ કર્મની નિષ્ફલતા ...	૬
જીવનની વ્યર્થતા	૭
તૃષ્ણાનો સ્વાભાવિક ધર્મ	૮
દુઃખનો શોક ન કરવો ...	ક્ષે.
મરણનો ભય	૯
આશા નદી	૧૦
૨ વિષયપરિત્યાગપ્રકરણ	**૧૧-૨૦**
પુણ્ય પણ દુઃખકર છે ...	૧૧
વિષયત્યાગથી સુખ ...	૧૨
તૃષ્ણાનો અધિકાર ...	ક્ષે.
મદનવશ પુરુષની વિટમ્બના	ક્ષે.
બ્રહ્મજ્ઞાનીની શ્રેષ્ઠતા ...	૧૩
વૈરાગી અને રાગી ...	૧૪
વિષયોનો અધિકાર ...	૧૫
રૂપનો તિરસ્કાર ...	૧૬
શંકરનું સ્વરૂપ	૧૭
મોહના મહિમાની ગહનતા	૧૮
દુર્જનનો અસહ્ય અવિનય	ક્ષે.
વ્યાધિના પ્રતિકાર ક્યા?	૧૯
અજ્ઞની અને સુજ્ઞની સ્થિતિ	૨૦

	શ્લોક
૩ યાચનાજનિત હીનતારૂપ દૂષણપ્રકરણ ૨૧–૩૦	
યાચનાનું દુઃખ	૨૧
દુર્ભર જઠરરૂપ કુંડી ...	૨૨
યોગી થવું સારું પણ કંગાલિયત ખોટી ...	૨૩
અપમાનથી પણ પરાન્નસેવન	૨૪
ખળની સેવા કરતાં વનવાસ સારો ...	૨૫
સખીને શિખામણ	૨૬
કંજુસોનો સંતાપ	૨૭
નિર્વેદતાનો ઉદ્ગાર ...	૨૮
જ્ઞાનીની અરુચિ	૨૯
ભિક્ષાહારની પ્રશંસા ...	૩૦
૪ ભોગોની અસ્થિરતાનું પ્રકરણ ૩૧–૪૦	
વૈરાગ્યમાં જ નિર્ભયતા...	૩૧
કઇ વસ્તુ કામ ગ્રસિત નથી?	૩૨
નાશવંત જગત	૩૩
સંસારની અસારતા	૩૪
ક્ષણભંગુર સંસાર ...	૩૫
બ્રહ્મજ્ઞાનની શ્રેષ્ઠતા ...	૩૬
સંસારમાં સુખ નથી	૩૭
એક આશ્ચર્યકારક ઘટના	૩૮
યોગાભ્યાસી ખરો ...	ક્ષે.
પરોપકારી	ક્ષે.
સ્રીસંગ ત્યાગ	ક્ષે.
ભોગાશાનો ત્યાગ ...	૩૯
બ્રહ્માનંદરૂપ ભોગની શ્રેષ્ઠતા	૪૦
૫ કાલમહિમાના વર્ણનનું પ્રકરણ ૪૧–૫૦	
સંપત્તિ કાળને વશ છે ...	૪૧
જગતબાજીનાં સોગઠાં...	૪૨
મોહવશ જગતની ઉન્મત્તતા	૪૩
સંસારથી દુઃખી થયેલા પુરુષો	૪૪
જીવનની નિરર્થકતા... ...	૪૫
અવશ્ય પ્રાપ્ત કરવા જેવી વસ્તુ	૪૬
અધિકાર ભેદે જ્ઞાન ભેદ...	ક્ષે.
સંસારની વિચિત્રતા ...	ક્ષે.
વ્યર્થ ગુમાવેલા દિવસો...	૪૭
કાળની ગતિ	૪૮
આયુષ્યની ચંચલતા ...	૪૯
સંસાર નાટક	૫૦
શિવનું શરણ — ...	ક્ષે.
૬ યતિનૃપતિસંવાદ પ્રકરણ ૫૧–૬૦	
નિઃસ્પૃહની મનોવૃત્તિ ...	૫૧
નિઃસ્પૃહી અને રાજા ...	૫૨
સંસારથી કંટાળો ...	ક્ષે.
સંતોષી જીવન	૫૩
દુર્જનોના અવિનયનો નિષેધ	૫૪
બ્રહ્મનિષ્ઠનું વચન	૫૫
રાજદ્વારમાં વિદ્વાનનો અસત્કાર	૫૬
વિદ્વાનો નાશ	ક્ષે.
ગર્વ	૫૭
વ્યર્થ અભિમાન	૫૮
યાચના કરવી નહિ ...	૫૯
અહંકારી પુરુષ	૬૦
૭ મનોનિયમનપ્રકરણ ૬૧–૭૦	
આત્માનું આરાધન ...	૬૧
ચિત્તને ઉપદેશ ...	૬૨ થી ૬૪

	શ્લોક
ભિક્ષાની અપેક્ષા ...	૬૫
સુખ કે સમાધિ	૬૬
સ્ત્રીનો ત્યાગ	ક્ષે.
વિનાશી વૈભવ	૬૭
નિષ્કામતા ...	૬૮
બ્રહ્મચિંતન કરવું	૬૯
મનને શિખામણ	૭૦

૮ નિત્યાનિત્ય વસ્તુના વિચારનું પ્રકરણ ૭૧–૮૦

આત્મજ્ઞાનની આવશ્યકતા...	૭૧
ક્ષણભંગુર દેહ	૭૨
ઠગાયલો માણસ ...	ક્ષે
ઘડપણની નિંદા	૭૩
વૃદ્ધનું કષ્ટમય જીવન ...	૭૪
શરીર છતે શ્રમ સંપાદન	૭૫
શું કરવું અને શું ન કરવું ?	૭૬
મોક્ષનું સાધન તપ ...	૭૭
વાનપ્રસ્થ ક્યારે ...	૭૮
ચિત્તની સ્થિરતા	૭૯
સર્વ અસ્થિર છે	૮૦

૯ શિવાર્ચનપ્રકરણ ૮૧–૯૦

કોઇપણ સંયમી પુરુષ નથી	૮૧
તપની પ્રવૃત્તિનો પ્રકાર ...	૮૨
મુક્તિનું સાધન ઇષ્ટનું ધ્યાન	૮૩
શિવ ઉપર શ્રદ્ધા ...	૮૪
શિવભક્ત કામને જીતે છે	ક્ષે.
બ્રહ્મધ્યાનમાં લીનતા	૮૫
આશાત્યાગમાં સુખ ...	ક્ષે.
ત્યાગીનું જીવન	૮૬
શિવપ્રાર્થના	૮૭
પરસેવા નિંદા	૮૮
નિઃસ્પૃહી જીવન... ...	ક્ષે.

	શ્લોક
દુઃખી કુટુંબ જીવન ...	ક્ષે.
નિઃસ્પૃહ જીવ	ક્ષે.
કાશીનિવાસ	ક્ષે.
વિધિ બળ	ક્ષે.
નિઃસ્પૃહતાની જિજ્ઞાસા	૮૯
યોગીઓને સુલભ મોક્ષમાર્ગ	૯૦

૧૦ અવધૂતચર્યા પ્રકરણ ૯૧–૧૦૦

ધ્યાનસ્થ યોગીની સ્થિતિ	૯૧
લોભની ક્ષુલ્લકતા ...	૯૨
વિવેકનો ઉદય	ક્ષે.
નિઃસ્પૃહીની લક્ષ્મીપ્રતિ ઉક્તિ	૯૩
અવસ્થા ભેદથી ફરક ...	ક્ષે.
વિરાગીની સ્ત્રીપ્રતિ ઉક્તિ	ક્ષે.
વૈરાગ્યની દૃઢતા	ક્ષે.
રાજાસમાન મુનિ	૯૪
બ્રહ્મજ્ઞાનરૂપી ભોગ ...	ક્ષે.
વિજ્ઞાન ભિક્ષુ	૯૫
નિર્લેપ યોગી	૯૬
વનવાસી યોગી	ક્ષે.
બુદ્ધિરૂપ સાધન ...	૯૭
યોગીની ઈચ્છા	૯૮
તૃષ્ણારહિત યોગી ...	૯૯
પંચમહાભૂતને છેવટના પ્રણામ	૧૦૦

ક્ષેપક

સુખનું સ્થાન	૧
કર્મવશ જનોની નિષ્ફલતા	૨
જ્ઞાતાનું નિરભિમાન ...	૩
વિષયીજનોને વિષયત્યાગની આવશ્યકતા	૪

"ગુજરાતી" પ્રેસનાં સસ્તાં પુસ્તકો

વિદુરનીતિ	૦- ૮-૦
કામંદક નીતિસાર	૨- ૦-૦
યક્ષ પ્રશ્નોત્તર	૦- ૮-૦
રામકૃષ્ણ પરમહંસનાં બોધવચનો (જીવનચરિત્ર સાથે)	૧- ૦-૦
ત્રિવિધ નામાવલિ (શ્રી વલ્લભાચાર્ય) (બાળલીલા, રાજલીલા, પ્રૌઢલીલાનાં શ્રીકૃષ્ણનાં નામો) ...	૦- ૪-૦
श्री पुरुषोत्तम सहस्र नाम	૦- ૪-૦
श्रीपुरुषोत्तमसहस्रनामावलि	૦- ૪-૦
કનકાભિષેકનો ઇતિહાસ-બે ભાગ	૦- ૮-૦
વેદોક્ત ધર્મપ્રકાશ (પ્રશ્નોત્તર રૂપે	૧- ૮-૦
મુક્તામાળા-(બાળકો માટે વાર્તા)	૦- ૮-૦
સુરૂચી અથવા સુખી સંસાર	૦- ૮-૦
મોતીલાલ યાને વંઠેલ છોકરો	૦- ૮-૦
આત્મહત્યા-પાપ કે પુણ્ય?	૬- [illegible]-૦
પાનકી પતિયાં કે છોટી છોટી બતીયાં... ...	૧- ૮-૦
મસ્ત ફકીરનો હાસ્ય રસ	૧- ૮-૦
રામજાનકી દર્શન (નાટક)	૦- ૮-૦
શનિ માહાત્મ્ય (વાર્તા-કથા)	૧- ૦-૦
એકાદશી માહાત્મ્ય (૨૬) ચિત્રો સહિત	૧- ૮-૦
सत्यनारायण पूजा-कथा છૂટા પાના	૧- ૦-૦
રામરક્ષા સ્તોત્ર મૂળ સાથે ગુજરાતી ...	૦- ૪-૦
રામગીતા મૂળ સાથે ગુજરાતી	૦- ૪-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, એલ્ફિન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

ગુજરાતી પ્રેસની ગીતાઓ

શ્રીમદ્‌ભગવદ્‌ગીતા	રૂ.	૧-૦-૦
શ્રીપંચરત્નભગવદ્‌ગીતા	રૂ.	૨-૦-૦
વિષ્ણુસહસ્રનામ	રૂ.	૦-૪-૦
ભીષ્મસ્તવરાજ	રૂ.	૦-૪-૦
અનુસ્મૃતિ	રૂ.	૦-૪-૦
ગજેન્દ્રમોક્ષ	રૂ.	૦-૪-૦
અનુગીતા	રૂ.	૧-૦-૦
ચિદ્‌ઘનાનંદીભગવદ્‌ગીતા	રૂ.	૮-૦-૦
જ્ઞાનેશ્વરીભગવદ્‌ગીતા		નથી
एकादशटीकोपेताभगवद्गीता	रु.	२०-०-०
अष्टटीकोपेताभगवद्गीता	रु.	१२-०-०
ગીતા સિંહાવલોકન		નથી
ગીતા કર્તવ્યોપદેશ	રૂ.	૧-૦-૦
ગીતા પ્રવાસ	રૂ.	૪-૦-૦
સ્થિતપ્રજ્ઞ-ભક્ત-ગુણાતીત ...	રૂ.	૧-૦-૦
ગીતા સપ્તરત્ન સપ્તાહ	રૂ.	૧-૦-૦
ગીતા આદર્શ	રૂ.	૪-૦-૦
ગીતા ચિન્તનિકા	રૂ.	૪-૦-૦
ગીતા નવનીત	રૂ.	૦-૪-૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, કોટ, મુંબઈ.

"ગુજરાતી" પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

અદ્વૈત મંજરી ૦–૪–૦ અમૃતાનુભવ ૨– ૦–૦

અનંતાનુભૂતિ ૨–૪–૦ અધ્યાત્મ રામાયણ ૩– ૦–૦

કથા સરિત્સાગર ભા. ૧. ... ... ૬– ૦–૦

કથા સરિત્સાગર ભા. ૨. ... ... ૮– ૦–૦

કર્મ માર્ગ ૨–૦–૦ ગણેશપૂજનવિધિ ૨– ૦–૦

ચંદ્રકાંત ભા. ૧ લો. ૧૦– ૦–૦

ચંદ્રકાંત ભા. ૨ જો ૧૦– ૦–૦

ચંદ્રકાંત ભાગ ૩ જો ૧૦– ૦–૦

દશ કુમાર ચરિત્ર ૨–૦–૦ ધર્મ વિચાર ૧– ૮–૦

ધર્મજ્ઞાન દૃષ્ટાંત માળા... ... ... ૧– ૦–૦

ભક્તરાજની પુષ્પ માળા ૧– ૦–૦

જ્ઞાન સૂર્યોદય ૨– ૦–૦

પાતંજલ યોગદર્શન પ્રકાશ ૩– ૦–૦

પુરૂષોત્તમ માહાત્મ્ય ૨–૦–૦ મુગ્ધાની કથા ૦– ૪–૦

પંચદશી–ચંદ્રકાંત વિવરણ ૧૨– ૦–૦

બોધ વચન ૧– ૦–૦

ભર્તુહરિશતક ચતુષ્ટય ૩– ૦–૦

ચિદ્ઘનાનંદી ગીતા ૮– ૦–૦

ભાગવત ૨૦–૦–૦ મહાભારત ૫૨– ૦–૦

હરિવંશ ૧૨– ૦–૦

માર્કણ્ડેય પુરાણ (કવિતા) ૪– ૦–૦

યોગ વાસિષ્ઠ–પાંચ પ્રકરણ ૮– ૦–૦

વામન પુરાણ ૨– ૦–૦

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ, કોટ, મુંબઇ

अमरयोगीन्द्रश्रीभर्तृहरिकृत

वैराग्य शतक

मूळसहित गुजराती भाषांतर

મંગળાચરણ

अनुष्टुभ्वृत्त

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकसाराय नमः शान्ताय तेजसे ॥

જેની મૂર્તિ, દિશા અને કાલ વગેરેથી અવ્યાપ્ત છે, એટલા જ માટે અનન્ત અને ચૈતન્યરૂપ છે, જે એક જ આત્મજ્ઞાનના સારરૂપ છે, જે શાંત છે અને પ્રકાશરૂપ છે, તે પરબ્રહ્મને હું નમસ્કાર કરું છું.

સુભાષિત કોણ સાંભળે છે?

अनुष्टुभ्वृत्त

बोद्धारो मत्सरग्रस्ताः प्रभवः स्मयदूषिताः ।
अबोधोपहताश्चान्ये जीर्णमङ्गे सुभाषितम् ॥

તૃષ્ણાનું દૂષણ—જ્ઞાનીઓ મત્સરથી વ્યાપ્ત છે, રાજાઓ પોતાના અભિમાનમાંજ ખેંચાયલા રહે છે અને બાકીના બધા અજ્ઞાનથી હણાયલા છે; તેથી સુભાષિત અમારા અંગમાં જીર્ણ થઈ ગયું.

અર્થાત્ સંસારમાં ત્રણ જાતના પુરુષો છે; એટલે જેઓ જ્ઞાની છે તેઓ ઇર્ષ્યાથી બીજા લોકને જ્ઞાન આપવાની પરવા જ રાખતા નથી; જેઓ મોટા માણસ છે, તેઓ તો 'હું જ ગુણી

અને વિદ્વાન્ માણુસ છું' એવા અહંકારથી સહુની અવગણુ-
ના જ કરે છે; અને જેઓ અજ્ઞાની છે, તેઓ તો બાપડા
કંઇ સમજતા નથી; આમ હોવાથી સંસારમાં વિદ્વાનની
અને વિદ્યાની બેયની તુલના જ નથી.

સૂચના–આ બન્ને શ્લોકો નીતિશતકના આરંભમાં આવી
ગયા છે છતાં મંગળાચરણ માટે અહીં દાખલ કર્યા છે.

૧ તૃષ્ણાદૂષણપ્રકરણ ૧-૧૦

शार्दूलविक्रीडितवृत्त

चूडोत्तंसितचन्द्रचारुकलिकाचञ्चच्छिखाभास्वरो
लीलादग्धविलोलकामशलभः श्रेयोदशाग्रे स्फुरन् ।
अन्तःस्फूर्जदपारमोहतिमिरप्राग्भारमुच्चाटयं-
श्चेतःसद्मनि योगिनां विजयते ज्ञानप्रदीपो हरः ॥ १ ॥

મસ્તકનું ભૂષણ બનાવેલા ચંદ્રની સુંદર કલિકાની પેઠે પ્રકાશમાન અણીવડે પ્રકાશમાન, વિલાસવડે કામરૂપ ટીડને બાળનાર, શુભ અવસ્થાઓમાં આગળ પ્રકાશ પાડનાર, અંતઃકરણમાં વિકાસને પામેલા અપાર મોહાંધકારના મોટા ભારનું ઉચ્ચાટન કરનાર, જ્ઞાનનો પ્રકાશ કરનાર અને ભક્તોના જ્ઞાનથી અથવા અજ્ઞાનથી કરેલા માનસિક, વાચિક અને કાયિક પાપોનું હરણ કરનાર ભગવાન સાંબ સદાશિવ સનકાદિક યોગીઓના ચિત્તરૂપ મંદિરમાં સર્વોત્કર્ષથી વિજય પામો. ૧

शार्दूलविक्रीडितवृत्त

भ्रान्तं देशमनेकदुर्गविषमं प्राप्तं न किंचित्फलं
त्यक्त्वा जातिकुलाभिमानमुचितं सेवा कृता निष्फला ।

भुक्तं मानविवर्जितं परगृहेष्वाशंकया काकव-
त्तृष्णे जृम्भसि पापकर्मनिरते नाद्यापि संतुष्यसि ॥ २ ॥

અલંઘ્ય અને દુર્ગમ દેશમાં ફર્યા, પણ કંઈ ફળ ન મળ્યું; સાચવવા યોગ્ય જાતિ તથા કુલાભિમાન મૂકીને ચાકરી કરી, તે પણ નિષ્ફળ ગઈ; પારકે ઘેર માનવિના કાગડાની પેઠે શંકાશીલ રહેતાં પેટ ભર્યું. તથાપિ પાપકર્મમાં આસક્ત એવી હે તૃષ્ણા! તું તો પ્રતિદિન વધતી જ ગઈ; પણ આટઆટલું થતાંએ સંતોષ પામી નહિ? ૨

शार्दूलविक्रीडितवृत्त

उत्खातं निधिशंकया क्षितितलं ध्माता गिरेर्धातवो
निस्तीर्णः सरितां पतिर्नृपतयो यत्नेन संतोषिताः ।
मन्त्राराधनतत्परेण मनसा नीताः स्मशाने निशाः
प्राप्तः काणवराटकोऽपि न मया तृष्णेऽधुना मुंच माम् ॥३॥

પૈસાની તૃષ્ણાએ પૃથ્વીને ખોદી, પર્વતની ધાતુઓને ગાળી, નદીઓના પતિ સમુદ્રને ખેડ્યો, મહા પરિશ્રમે રાજાઓને સંતોષ્યા અને મંત્ર સાધવાને માટે સ્મશાનમાં રાત્રિઓ કહાડી, તોપણ ફૂટી કોડીએ મળી નહિ; માટે હે તૃષ્ણા! હવે તો તું મને છોડ. ૩

शिखरिणीवृत्त

खलोल्लापाः सोढाः कथमपि तदाराधनपरै-
र्निगृह्यान्तर्बाष्पं हसितमपि शून्येन मनसा ।
कृतश्चित्तस्तम्भप्रतिहतधियामंजलिरपि
त्वमाशे मोघाशे किमपरमतो नर्तयसि माम् ॥ ४ ॥

ખલ પુરુષોની સેવામાં તત્પર રહેતાં તેમના ઠપકા અતિ કષ્ટપૂર્વક સહન કર્યાં, વળી તેમના ઠપકાથી આંખમાં આવી

ગયેલાં આંસુને રોકી રાખી શૂન્ય મનથી તેમનાં હાસ્યને પણ સહન કર્યું, અંતઃકરણની જડતાને લીધે હતબુદ્ધ થયેલા મનુષ્યોને નમસ્કાર પણ કર્યા, (તોપણ કંઈ પ્રાપ્ત થયું નહિ;) હવે હે નિષ્ફળ આશે! હજી પણ તું મને કેમ નચાવે છે? ૪

અવ૦–નાશવાન્ પ્રાણને માટે આત્મશ્લાઘા કરવી, એ અનુચિત છે.

शिखरिणीवृत्त

अमीषां प्राणानां तुलितबिसिनीपत्रपयसां
कृते किं नास्माभिर्विगलितविवेकैर्व्यवसितम् ।
यदाढ्यानामग्रे द्रविणमदनिःशंकमनसां
कृतं वीतव्रीडैर्निजगुणकथापातकमपि ॥ ५ ॥

કમળપત્ર ઉપર રહેલાં જળ જેવા આ પ્રાણને માટે વિવેક છોડી દઈને આપણે શું નથી કર્યું? દ્રવ્યના મદથી નિઃશંક મનવાળા ધનાઢ્યો આગળ, લજ્જાને કોરે મૂકી પોતાના ગુણની કથા કરવારૂપ પાપકર્મ પણ કર્યું છે. ૫

અર્થાત્ કમળનાં પત્ર ઉપર પડેલાં જળબિંદુ જેવા અસ્થિર અને અનિત્ય પ્રાણના રક્ષણ માટે ધનના મદથી નઠોર થયેલાં મનવાળા ધનિકો આગળ આત્મશ્લાઘા કરવારૂપ પાપ પણ કર્યું છે–આત્મશ્લાઘા કરવી, એ પણ એક મોટું પાપ છે તો તે પણ કર્યું. એમ રક્ષણ કરવા છતાં પણ પ્રાણ જવાનો તો છે જ, ત્યારે તેના મોક્ષને માટે જ કંઈ સાધન કરી લેવું એ ઉત્તમ છે.

અવ૦–સકામ કર્મ કર્યું, પણ પરમાર્થ સાધ્યો નહિ.

शार्दूलविक्रीडितवृत्त

क्षान्तं न क्षमया गृहोचितसुखं त्यक्तं न संतोषतः
सोढा दुःसहशीतवाततपनाः क्लेशान्न तप्तं तपः ।
ध्यातं वित्तमहर्निशं नियमितप्राणैर्न शंभोः पदं
तत्तत्कर्म कृतं यदेव मुनिभिस्तैस्तैः फलैर्वञ्चिताः ॥ ६ ॥

અમે ક્ષમા આપી પણ અપમાન સહન ન કર્યું, સંતોષથી ઘરમાં ભોગવવા યોગ્ય સુખોનો ત્યાગ કર્યો નહિ, દુઃસહ ટાઢ, વાયુ અને તાપ સહન કર્યાં પણ ક્લેશ વેઠીને તપ કર્યું નહિ, રાત દિવસ ધનનું ધ્યાન કર્યાં કર્યું, પણ નિયમિત પ્રાણાયામ કરીને શંભુના પદનું ધ્યાન ધર્યું નહિ. આ રીતે મુનિઓએ કરેલાં તે તે કર્મો તો અમે કર્યાં, પણ તે તે કર્મોનાં ફળ તો અમને પ્રાપ્ત ન જ થયાં. ૬

તાત્પર્ય-ઉપર જણાવ્યા પ્રમાણે અમારી સકામ પ્રવૃત્તિ હોવાથી અમને અમારા કર્મનું ફળ મળ્યું નહીં. પણ મુનિઓની નિષ્કામ પ્રવૃત્તિ હોવાથી તેમને તેમનાં કર્મનું યોગ્ય ફળ મળ્યું. કારણ મુનિઓ અપમાન સહન કરીને પણ ક્ષમા આપે છે, ગૃહોચિત સુખનો સંતોષપૂર્વક ત્યાગ કરે છે, દુઃસહ ટાઢ, વાયુ અને તાપ સહન કરે છે, ક્લેશ વેઠીને તપશ્ચર્યા કરે છે અને વિત્તનું ધ્યાન કર્યા વિના પ્રાણાયામપૂર્વક શંભુપદનું ધ્યાન કરતા હોય છે. તેથી તેમનામાં અને અમારામાં આટલો ફેર છે.

उपजातिवृत्त

भोगा न भुक्ता वयमेव भुक्तास्तपो न तप्तं वयमेव तप्ताः।
कालो न यातो वयमेव यातास्तृष्णा न जीर्णा वयमेव जीर्णाः॥

ભોગ તો ભોગવાયા નહિ, પણ અમે (કાળથી) ભોગવાઇ ગયા, તપ તપાયું નહિ, પણ અમે જ (દુઃખથી) તવાઈ ગયા, સદાચારમાં અને સજ્જનસહવાસમાં કાળ તો ન ગયો પણ અમે તો દેહગેહાદિના યોગક્ષેમના અનુસંધાનમાં લંપટતાથી કાળનું અતિક્રમણ કરી ગયા.* તૃષ્ણા તો જીર્ણ ન થઈ, પણ અમે જ જીર્ણ-વૃદ્ધ થઇ ગયા. ૭

* કાળ તો ન ખૂટ્યો, પણ અમારું આયુષ્ય ખૂટી ગયું.

અવ૦—તૃષ્ણા જીર્ણ થતી નથી.

अनुष्टुप्वृत्त

वलिभिर्मुखमाक्रान्तं पलितैरंकितं शिरः।
गात्राणि शिथिलायन्ते तृष्णैका तरुणायते ॥ ८॥

મુખ ઉપર ત્વચાની કરચલિયો પડી ગઇ, મસ્તક પળિયાંથી છવાઈ ગયું અને ગાત્રો—અંગે અંગ શિથિલ થઇ ગયાં, પણ આ તૃષ્ણા તો પ્રતિદિન તરુણી જ (વધતી) થતી જાય છે.૮*

અવ૦—મરણ કોઇને વહાલું નથી.

शिखरिणीवृत्त

निवृत्ता भोगेच्छा पुरुषबहुमानो विगलितः
समानाः स्वर्याताः सपदि सुहृदो जीवितसमाः।
शनैर्यष्ट्युत्थानं घनतिमिररुद्धे च नयने
अहो! धृष्टः कायस्तदपि मरणापायचकितः ॥ ९॥

---

* અવ૦—કર્મના પરિપાકરૂપે પ્રાપ્ત થયેલાં દુઃખનો શોક શો?

अनुष्टुभ्वृत्त

येनैवाम्बरखण्डेन संवीतो निशि चन्द्रमाः।
तेनैव च दिवा भानुरहो! दौर्गत्यमेतयोः ॥

જે અંબરના* કકડાથી રાતે ચંદ્રમા વિંટાયલો હતો, તે વડે જ દિવસે સૂર્યનારાયણ વિંટાયલો દેખાય છે, તો અહો! આ બેની કેવી દશા?

અર્થાત્ સૂર્ય અને ચંદ્ર પણ આ પ્રમાણે કર્મને પરિણામે દારિદ્રયને પામેલા છે અને તેઓ બન્ને પણ એક જ અંબરના કકડાથી ઢંકાયલા રહે છે. તો પછી મનુષ્યની શી વાત!!

---

* આ શ્લોકમાં 'અંબર' શબ્દમાં શ્લેષ છે, અંબર એટલે વસ્ત્ર અને અંબર એટલે વાદળાં.

ભોગવિલાસની ઇચ્છા નિવૃત્ત થઇ, પુરુષત્વનું અભિમાન ગળી ગયું, પ્રાણસમાન સુહૃદ્-સંબંધીઓ પણ બહુમાન ધરાવતા હોવા છતાં સત્વર પોતાની દશાએ પહોંચ્યા; લાકડીને ટેકે પરાણે ધીરે રહીને ઉઠાય બેસાય છે અને આંખે અંધારાં આવે છે, એવી દશા થઇ, તો પણ અહો! આ નીચ દેહ તો હજી પણ મરણ થકી થનારા નાશના ભયથી થરથરી જાય છે.* ૯

शार्दूलविक्रीडितवृत्त

आशानामनदी मनोरथजला तृष्णातरङ्गाकुला
रागग्राहवती वितर्कविहगा धैर्यद्रुमध्वंसिनी।
मोहावर्तसुदुस्तराऽतिगहना प्रोत्तुङ्गचिन्तातटी
तस्याः पारगता विशुद्धमनसो नन्दन्ति योगीश्वराः ॥१०॥

આશા નામની નદી છે. જેમાં મનોરથરૂપી જલ છે, જે તૃષ્ણારૂપી તરંગોથી વ્યાકુળ છે, જેમાં સ્નેહરૂપી મગર છે, જેમાં વિતર્કરૂપી પક્ષીઓ વસે છે, જે ધૈર્યરૂપી વૃક્ષનો નાશ કરે છે, જે મોહરૂપી ઘુમરીથી અતિ દુસ્તર અને અતિ ઊંડી છે-અને જેને મોટું ચિંતારૂપી તીર હોય છે, તે આશા નદીના પારને પહોંચેલા શુદ્ધ મનવાળા યોગીશ્વરો આનંદ પામે છે. ૧૦

૨ વિષયપરિત્યાગપ્રકરણ ૧૧-૨૦

અવ૦-સંસારમાં રહીને પ્રાપ્ત કરેલાં સુકૃત પણ દુઃખકારી જ છે.

शिखरिणीवृत्त

न संसारोत्पन्नं चरितमनुपश्यामि कुशलं
विपाकः पुण्यानां जनयति भयं मे विमृशतः।

* મહાદુઃખકર વૃદ્ધાવસ્થા આવતાં પણ માણસને મરણભય લાગે છે.

महद्भिः पुण्यौघैश्चिरपरिगृहीताश्च विषया
महान्तो जायन्ते व्यसनमिव दातुं विषयिणाम् ॥११॥

સંસારમાં ઉત્પન્ન થયેલું કોઇ પણ કર્મ હું સુખકર જોતો નથી; કારણ કે વિચાર કરી જોતાં તો પુણ્યનું પરિણામ પણ મને ભય ઉત્પન્ન કરે છે; કેમકે મહાપુણ્યોના ઓઘે કરીને પ્રાપ્ત થયેલા એવા ચિરકાળથી ભોગવાતા વિષયો પણ અનુરાગી (વિષય ભોગવનાર) પુરુષોને મહા દુઃખના કારણ-રૂપ થઇ પડે છે.* ૧૧

અવ૦—પોતે તજેલા વિષયો પુરુષને સુખ આપે છે.

शिखरिणीवृत्त

अवश्यं यातारश्चिरतरमुषित्वापि विषया
वियोगे को भेदस्त्यजति न जनो यत्स्वयममून् ।

---

* સંસારથી ઉત્પન્ન થયેલું ચરિત સુખકર થતું નથી; કારણ કે પુણ્યનો પરિપાક સુખકર જ નીવડે છે, એટલે પુણ્યનું પરિણામ જ દુઃખ-કર છે એમ કહેવાય. મોટાં પુણ્યથી પ્રાપ્ત થયેલાં સુખો-વિષયો તેને ભોગવનારને પાછાં દુઃખમાં નાંખે છે. અર્થાત્ આ સંસારમાં મહા પુણ્ય કર્યાં હોય તો સ્વર્ગ મળે અને ત્યાં જઇને જ્યાં સુધી પુણ્ય પહોંચે ત્યાં સુધી સુખ માણે; પુણ્યનો અવધિ પૂરો થાય એટલે પાછો 'क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति' એ વચનાનુસાર મૃત્યુલોકમાં પડે. આમ થતાં જન્મમરણ છૂટે નહિ, માટે સંસારમાં રહીને પારલૌકિક સુખને માટે પુણ્યદાન કર્યા કરતાં સંસારનો ત્યાગ કરી પરબ્રહ્મમાં લીન થવું એ જ ઉત્તમ છે, એથી જ મોક્ષ મળે છે અને ચોરાશી લક્ષના ફેરામાંથી છૂટાય છે. રામર્ષિ (ટીકાકાર) કહે છે કે, મહાપુણ્યે કરીને પ્રાપ્ત થયેલા—પુષ્પ, ચંદન ને સુંદર સ્ત્રી વગેરે વિષયો જેમ જેમ બહુ ભોગવાય છે, તેમ તેમ મોટા મોટા દુઃખના કારણરૂપ થતા જાય છે. વેદાંતની રીતે સ્વર્ગ કરતાં મોક્ષ ચઢે છે અને તેની જ કામના રાખવી જોઇએ; કારણ કે સ્વર્ગમાં ગયેલો પુરુષ, પુણ્ય પૂરું થતાં જન્મમરણના ફેરામાં પડે છે, પણ જીવન્મુક્ત તો ચોરાશીના ફેરામાંથી સદાને માટે છૂટે છે.

व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः
स्वयं त्यक्ता ह्येते शमसुखमनन्तं विदधति ॥१२॥

વિષયો ઘણો કાળ રહ્યા, છતાં પણ અવશ્ય જનારા તો છેજ; ત્યારે આ વિષયો એની મેળે મંદ પડી જાય અને પુરુષથી તજાય, એ બે રીતે તેમનો વિયોગ થાય, એમાં શો ભેદ છે? કંઇ નહીં. છતાં મનુષ્ય પોતે તે વિષયોનો ત્યાગ કરતો નથી. પરંતુ વિષયો જ્યારે સ્વતંત્ર થઇને ચાલ્યા જાય છે ત્યારે મનમાં અતુલ પરિતાપ કરાવે છે. પણ પુરુષે પોતે તજેલા વિષયો તો તેને અપાર શાંતિરૂપ સુખ આપે છે.૧૨*

* તૃષ્ણાનો અધિકાર

शिखरिणीवृत्त

विवेकव्याकोशे विकसति शमे शाम्यति तृषा
परिष्वङ्गे तुङ्गे प्रसरतितरां सा परिणतिः।
जराजीर्णैश्वर्यग्रसनगहनाक्षेपकृपण-
कृपापात्रं यस्यां भवति मरुतामप्यधिपतिः॥

જ્યારે વિવેકનો વિકાસ કરનાર શાન્ત વિકાસ પામે છે અને તૃષ્ણાનું ઉન્નત આલિંગન શાંત પડે છે ત્યારે તે સુખરૂપ પરિણામ અત્યંત વિસ્તાર પામે છે, કે જે સુખરૂપ પરિણામને લીધે જરાથી જીર્ણ થયેલા ઐશ્વર્યના ઉપભોગ માટે અત્યંત પ્રયત્ન કરવાથી કૃપણ થયેલો દેવોનો પતિ ઈંદ્ર પણ કૃપાપાત્ર થઇ પડે છે.

મદનની વિટમ્બના

शिखरिणीवृत्त

*कृशः काणः खञ्जः श्रवणरहितः पुच्छविकलो
व्रणी पूयक्लिन्नः कृमिकुलशतैरावृततनुः। ☞

* સૂચના—શ્રુંગારશતકમાં આવેલો ૭૮ મો શ્લોક અને આ શ્લોક એક જ છે.

शार्दूलविक्रीडितवृत्त

ब्रह्मज्ञानविवेकिनोऽमलधियः कुर्वन्त्यहो दुष्करं
यन्मुञ्चन्त्युपभोगकाञ्चनधनान्येकान्ततो निःस्पृहाः।
न प्राप्तानि पुरा न सम्प्रति न च प्राप्तौ दृढप्रत्ययो
वाञ्छामात्रपरिग्रहाण्यपि परं त्यक्तुं न शक्ता वयम् ॥१३॥

બ્રહ્મજ્ઞાનનો વિચાર કરનાર અને તેથી જ દોષરહિત બુદ્ધિવાળા પુરુષો, દુઃખથી પણ ન થઇ શકે તેવું કામ કરે છે; તે એ કે, તેઓ નિઃસ્પૃહ થઇને સ્ત્રી વગેરેનાં સુખ, સુવર્ણ અને ધનનો સર્વથા ત્યાગ કરી દે છે. પરંતુ અમને તો પૂર્વે ધન વગેરે પ્રાપ્ત થયાં નથી, વર્તમાન કાળમાં પ્રાપ્ત થતાં નથી અને પ્રાપ્ત થયેલામાં દૃઢ વિશ્વાસ પણ નથી; છતાં પણ ઇચ્છામાત્રથી જ કલ્પેલા આ વૈભવોનો પણ ત્યાગ કરવા અમે અસમર્થ નથી. ૧૩

અવ૦–પહાડની ગુફા વગેરેમાં રહીને આત્માનું ચિંતન કરતા પુરુષોને ધન્ય છે; પણ કેવળ મનોરથમાત્રથી ક્રીડા વગેરેનાં સુખનું ચિંતન કરતા પુરુષને ધન્ય નથી.

शार्दूलविक्रीडितवृत्त

धन्यानां गिरिकन्दरे निवसतां ज्योतिः परं ध्यायता-
मानन्दाश्रुजलं पिबन्ति शकुना निःशङ्कमङ्केशयाः।

☞ क्षुधाक्षामो जीर्णः पिठरककपालार्पितगलः
शुनीमन्वेति श्वा हतमपि च हन्त्येव मदनः॥

સુકાઇ ગયેલો, કાણો, લંગડો, બુચો, બાંડો, વ્રણવાળો, વહેતા પરુથી આર્દ્ર થયેલો, હજારો કીડાઓથી ઘેરાયલા શરીરવાળો, ભૂખથી દુર્બળ થઇ ગયેલો, જરાથી શિથિલ થયેલા અંગવાળો અને જેને ગળે કચરાની હાંડીનો કાંઠલો ભરાઇ રહેલો છે એવો કૂતરો કૂતરી પાછળ ભમ્યા કરે છે. અરેખર મદન મરેલાને પણ મારે જ છે.

अस्माकं तु मनोरथोपरचितप्रासादवापीतट-
क्रीडाकाननकेलिकौतुकजुषामायुः परिक्षीयते ॥१४॥

પહાડની ગુહામાં નિવાસ કરતા અને પરબ્રહ્મનું ધ્યાન ધરતા ધન્ય પુરુષોના ખોળામાં બેઠેલાં પક્ષીઓ આનંદથી આવેલાં તેઓનાં આંસુનાં જળને નીડર થઇ પીએ છે; પરંતુ અમારું આયુષ્ય તો રાજમહેલ, વાવના કિનારાપર અને વિહારોદ્યાનમાં મનોરથથી ગોઠવેલી ક્રીડાઓનું કૌતુક ભોગવવામાં ક્ષીણ થાય છે. ૧૪

વિષયનો અધિકાર

वसन्ततिलकावृत्त

भिक्षाशनं तदपि नीरसमेकवारं
शय्या च भूः परिजनो निजदेहमात्रम्।
वस्त्रं च जीर्णशतखण्डमयी च कन्था
हाहा! तथाऽपि विषया न परित्यजन्ति ॥१५॥

માગી આણેલી ભિક્ષાનો આહાર, અને તે પણ રસ વિનાનો હોઇ એક જ વાર મળે, પથારીમાં પૃથ્વી જ હોય, પરિજન-સેવકમાં માત્ર પોતાનો દેહ હોય અને વસ્ત્રમાં તો ફાટી તૂટી સો થીંગડિયાવાળી જૂની પુરાણી-કંથા ગોદડી હોય, આવી સ્થિતિમાં આવી પડવા છતાં પણ અરેરે! મનુષ્યને વિષયો તો છોડતા જ નથી. ૧૫

રૂપતિરસ્કાર

शिखरिणीवृत्त

स्तनौ मांसग्रन्थी कनककलशावित्युपमितौ
मुखं श्लेष्मागारं तदपि च शशांकेन तुलितम्।
स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धि जघन-
महो! निन्द्यं रूपं कविजनविशेषैर्गुरु कृतम् ॥१६॥

સ્તનો જે માંસની ગાંઠો છે તેને કનકકલશની ઉપમા અપાયલી છે, મુખ જે શ્લેષ્મનું* સ્થાન છે તેને ચંદ્રની સાથે સરખાવવામાં આવેલું છે અને સ્રવતા મૂત્રથી ભીની જાંઘોને હસ્તિરાજની સુંઢની સ્પર્ધા કરાવી છે, માટે અરેરે! આ રીતે નિંદાને પાત્ર એવાં રૂપને મહા કવિજનોએ વખાણી વખાણીને ઉત્તમ કરેલું છે. ૧૬

शार्दूलविक्रीडितवृत्त

एको रागिषु राजते प्रियतमादेहार्धहारी हरो
नीरागेष्वपि यो विमुक्तललनासङ्गो न यस्मात्परः।
दुर्वारस्मरबाणपन्नगविषज्वालावलीढो जनः
शेषः कामविडम्बितान्न विषयान्भोक्तुं न मोक्तुं क्षमः ॥१७॥

રાગી (સંસારમાં આસક્ત) પુરુષોમાં એક શંકર જ રાજે છે; કારણ કે તેણે પોતાની પ્રિયાનું અર્ધું શરીર હરેલું છે અને વૈરાગ્યવાળાઓમાં પણ સ્ત્રીઓનો સંગ તજનારા શંકર જ રાજે છે; કારણ કે શંકરથી બીજો કોઇ, કામી પુરુષથી નિવારણ થઇ ન શકે એવાં કામના બાણરૂપી સર્પની ઝેરી જ્વાળાથી વ્યાપ્ત થયો થકો વિષયને ભોગવવા માટે વા છોડવા માટે સમર્થ નથી, એટલે એક શંકર જ સમર્થ છે. ૧૭

અભિપ્રાય—પાર્વતીની સાથે વિવાહ થયા પહેલાં મોહ કરવા આવેલા કામદેવને શંકરે બાળીને ભસ્મ કર્યો છે, (અર્થાત્ જીત્યો છે), માટે શંકર વૈરાગ્યવાળામાં શોભે છે, એટલે શ્રેષ્ઠ છે; અને વિવાહ થયા પછી વિયોગના ભયથી પાર્વતીને પોતાનાં અર્ધ શરીરમાં ધારણ કરે છે (અર્ધ નારીશ્વર છે), માટે રાગી-(સંસારી)માં પણ શંકર જ શોભે છે એટલે શ્રેષ્ઠ છે.

---

* લીંટ લાળ વગેરેનું.

મોહ વારી શકાય તેમ નથી.

शिखरिणीवृत्त

अजानन्माहात्म्यं पततु शलभो दीपदहने
स मीनोप्यज्ञानाद्बडिशयुतमश्नातु पिशितम् ।
विजानन्तोऽप्येतद्वयमिह विपज्जालजटिला-
न्न मुञ्चामः कामानहह ! गहनो मोहमहिमा ॥१८॥

(અગ્નિના) માહાત્મ્યથી અજ્ઞાત પતંગ દીવાના અગ્નિમાં ભલે પડે અને મત્સ્ય પણ અજ્ઞાનથીજ આંકડીવાળું માંસ ભલે ગળે, પરંતુ આપણે તો સંસારમાંની વિપત્તિઓની પરંપરાથી આવૃત એવા આ વિષયોને જાણતા છતાં પણ છોડી શકતા નથી; અરેરે ! એ મોહમહિમા શું ઓછો ગહન છે ? ૧૮

અતિ ક્લેશથી સિદ્ધ થાય, એવાં પરમાર્થનાં સુખમાં સુખબુદ્ધિ ન કરીને તૃષા વગેરેની શાંતિમાં સુખને માનતા પુરુષની નિન્દા.

शिखरिणीवृत्त

तृषा शुष्यत्यास्ये पिबति सलिलं स्वादु सुरभि
क्षुधार्तः सन् शालीन् कवलयति शाकादिवलितान् ।
प्रदीप्ते रागाग्नौ सुदृढतरमाश्लिष्यति वधूं
प्रतीकारं व्याधेः सुखमिति विपर्यस्यति जनः ॥

મનુષ્ય, તૃષાથી મુખ સૂકાતું હોય ત્યારે મધુર અને સુગંધી જળનું પાન કરે છે, ભૂખ લાગે ત્યારે શાક વગેરેની સાથે ભાતનું ભોજન કરે છે, સ્નેહરૂપી અગ્નિ પ્રદીપ્ત થાય ત્યારે વધૂને આલિંગન કરે છે, એવી રીતે વ્યાધિના ઉપાયને 'આ સુખ છે' એમ મનુષ્ય વિપરીત માને છે. ૧૯

शार्दूलविक्रीडितवृत्त

तुङ्गं वेश्म सुताः सतामभिमताः संख्यातिगाः सम्पदः
कल्याणी दयिता वयश्च नवमित्यज्ञानमूढो जनः ।

मत्वा विश्वमनश्वरं निविशते संसारकारागृहे
संदृश्य क्षणभङ्गुरं तदखिलं धन्यस्तु सन्न्यस्यति ॥२०॥

ઊંચું મંદિર છે, સાધુજનોને ગમે એવા પુત્રો છે, ધનધાન્યાદિ સમૃદ્ધિ સંખ્યાતીત છે, અનુકૂળપણું વગેરે ગુણોને ધરાવતી સ્ત્રી છે અને નવીન ઉમર છે અર્થાત્ યૌવનાવસ્થા છે, આવી રીતે અજ્ઞાનથી મૂઢ બનેલો વિવેક-શૂન્ય જન વિશ્વાંતર્ગત આ ગૃહ, અપત્ય, વિત્ત અને સ્ત્રી વગેરેના પ્રપંચને શાશ્વત માની સંસારરૂપ કારાગૃહમાં પ્રવેશ કરે છે (તેમનાપર આસક્ત થાય છે) પરંતુ જ્ઞાની પુરુષ તે સર્વ અશાશ્વત અર્થાત્ ક્ષણભંગુર છે, આવી રીતે જ્ઞાનદૃષ્ટિથી વિચાર કરીને તેમનો ત્યાગ કરે છે અર્થાત્ તેમનાપર આસક્ત થતો નથી. (માટે ખરેખરે તે ધન્ય છે.)૨૦

૩ યાચનાજનિત દીનતારૂપ દૂષણપ્રકરણ ૨૧-૩૦

અવ૦-મનસ્વી પુરુષને યાચના કરવી, એના જેવું બીજું દુઃખ નથી.

शार्दूलविक्रीडितवृत्त

दीना दीनमुखैः सदैव शिशुकैराकृष्टजीर्णाम्बरा
क्रोशद्भिः क्षुधितैर्निरन्नविधुरा दृश्येत चेद्गेहिनी।
याञ्चाभङ्गभयेन गद्गदगलत्त्रुट्यद्विलीनाक्षरं
को देहीति वद स्वदग्धजठरस्यार्थे मनस्वी जनः ॥२१॥

ભૂખ લાગવાથી રોતાં અને નિસ્તેજ મુખવાળાં દરિદ્રી બાળકો સદૈવ જેનાં જીર્ણ કપડાં ખેંચતાં હોય એવી અને બાળકને આપવાને માટે ઘરમાં અન્ન ન હોવાથી વિહ્વલ થયેલી સ્ત્રી જો જોવામાં આવે તો યાચનાભંગ થવાના ભયથી ગદ્ગદ વાણીએ ટુટતા અને પડતા અક્ષરે 'મને આપો,' એમ કયો મનસ્વી માણુસ પાપી પેટને માટે ભિક્ષા માગે વારૂ ? ૨૧

हरिणीवृत्त

अभिमतमहामानग्रन्थिप्रभेदपटीयसी
गुरुतरगुणग्रामाम्भोजस्फुटोज्ज्वलचन्द्रिका।
विपुलविलसल्लज्जावल्लीवितानकुठारिका
जठरपिठरी दुष्पूरेयं करोति विडम्बनम् ॥२२॥

અભીષ્ટ એવા મોટા અભિમાનની ગાંઠ છોડવામાં સમર્થ અને અતિશય મોટા ગાંભીર્ય ધૈર્ય આદિ ગુણગણરૂપ કમળોને સંકોચ પમાડનારી, સ્પષ્ટ ઉજ્જવલ પૂનેમની ચાંદની જેવી તથા વિપુલતાથી વિકાસ પામતા લજ્જારૂપ વલ્લીના ચંદરવાની કુહાડી જેવી આ દુઃખથી ભરવાને અશકય ઉદરરૂપ કુંડી વિટંબના કરે છે. ૨૨

અવ૦—જોગી થવું સારું, પણ સંસારમાં કંગાલ હાલતમાં રહેવું ભૂંડું.

स्रग्धरावृत्त

पुण्ये ग्रामे वने वा महति सितपटच्छन्नपालीं कपाली-
मादाय न्यायगर्भद्विजहुतहुतभुग्धूमधूम्रोपकण्ठम्।
द्वारं द्वारं प्रवृत्तो वरमुदरदरीपूरणाय क्षुधार्तो
मानी प्राणी स धन्यो न पुनरनुदिनं तुल्यकुल्येषु दीनः॥२३॥

વિશાળ વનમાં અથવા પવિત્ર ગામમાં ધવલ વસ્ત્રથી ઢાંકેલા ભિક્ષાના પાત્રને લઇને, ન્યાયવેત્તા બ્રાહ્મણોએ આહૂતિ આપેલા અગ્નિહોત્રના અગ્નિથી ધૂમ્રવાળાં થઇ ગયેલાં પ્રત્યેક દ્વાર ઉપર ઉદરનો ખાડો પૂરવાને માટે ભટકતા ક્ષુધાર્ત એવા માની પ્રાણીને ધન્ય છે, પરન્તુ પોતાના સમાન કુટુંબીઓમાં દરરોજ દીન રહેનારા પુરુષને ધિક્કાર હજો. ૨૩

તાત્પર્ય—ઘેર ઘેર ભટકીને પેટ ભરવું અને વૈરાગ્ય લેવો તે સારો, પણ દીન અવસ્થામાં કુટુંબી સાથે વસવું તે અધમ. જેમકે—

वरं वनं व्याघ्रगजेन्द्रसेवितं द्रुमालये पक्कफलाम्बुभोजनम् ।
तृणानि शय्या परिधानवल्कलं न बंधुमध्ये धनहीनजीवनम् ॥

વાઘ અને હાથીથી સેવિત વનમાં રહેવું સારું, ઝાડનાં ઝુંપડાંમાં રહીને પાકાં ફળ અને પાણીથી ભોજન કરવું એ સારું, તૃણની શય્યા ઉપર સૂવું સારું, વલ્કલ પહેરવાં એ સારું, પણ બંધુજનમાં કુટુંબમાં ધનહીન જીવવું એ નઠારું.

वसन्ततिलकावृत्त

गङ्गातरङ्गहिमशीकरशीतलानि
विद्याधराध्युषितचारुशिलातलानि ।
स्थानानि किं हिमवतः प्रलयं गतानि
यत्सावमानपरपिण्डरता मनुष्याः ॥२४॥

ગંગાના તરંગના શીતળ છાંટાથી ઠંડાં થયેલાં અને જેના ઉપર વિદ્યાધરો બેસે છે એવાં હિમાલયનાં સુંદર શિલાતલવાળાં સ્થાનોની શું ખોટ પડી છે, કે જેથી મનુષ્યો અપમાન સાથે પરાન્ન ઉપર પ્રીતિ રાખે છે? ૨૪

અવ૦—આજીવિકા માટે કંદમૂળ છે, તો પછી તેને માટે ખળને શું કામ સેવવા?

स्रग्धरावृत्त

किं कन्दाः कन्दरेभ्यः प्रलयमुपगता निर्झरा वा गिरिभ्यः
प्रध्वस्ता वा तरुभ्यः सरसफलभृतो वल्कलिन्यश्च शाखाः ।
वीक्ष्यन्ते यन्मुखानि प्रसभमपगतप्रश्रयाणां खलानां
दुःखोदात्तालपवित्तस्मयवशपवनानर्तितभ्रूलतानि ॥

શું કંદરાઓમાંથી કંદો ખૂટી ગયા છે? પર્વતમાંથી ઝરણાંઓ શું સૂકાઇ ગયાં છે? અને રસવાળાં ફળ તથા વલ્કલને ધારણ કરનારી તરુશાખાઓ શું પડી ગઇ છે? કે જેથી મનુષ્યો, અનમ્ર-વિનયશૂન્ય ખળ પુરુષોનાં મહાદુઃખે

ઉપાર્જિત કરેલાં અલ્પ ધનના ગર્વરૂપી પવનના યોગે નાચતી ભ્રુકુટીવાળાં મુખોને જુવે છે. ૨૫

તાત્પર્ય-રહેવાને ગુફા, ખાવાને કંદ અને રસવાળાં ફળ, પીવાને માટે નદીનાળાનું જળ અને વસ્ત્રને માટે ઝાડની છાલ છતાં, મનુષ્યો શા માટે દુઃખે પ્રાપ્ત કરેલા ધનના ગર્વથી ખેંચાઇ જતા ખળ-ધની-પુરુષોની સેવા કરતા હશે? ખળ પુરુષની સેવા કર્યા કરતાં આ રીતનો વનવાસ સારો છે.

અવ૦-વનમાં વસવું એ જ શ્રેષ્ઠ છે, એમ માનતા પુરુષની પોતાની સ્ત્રીપ્રતિ ઉક્તિ.

शार्दूलविक्रीडितवृत्त

पुण्यैर्मूलफलैः प्रिये ! प्रणयिनि वृत्तिं कुरुष्वाधुना
भूशय्या नववल्कलैरकरुणैरुत्तिष्ठ यामो वनम् ।
क्षुद्राणामविवेकमूढमनसां यत्रेश्वराणां सदा
चित्तव्याध्यविवेकविह्वलगिरां नामापि न श्रूयते ॥२६॥

હે પ્રણયવાળી પ્રિયે! પવિત્ર મૂળોથી અને ફળોથી હવે આજીવિકા કરો, સ્વાભાવિક પ્રખર એવાં નવાં વલ્કલો પહેરી ભૂમિ ઉપર શય્યા કરો, ચાલો ઊઠો આપણે વનમાં જઇએ. કારણ કે જ્યાં ક્ષુદ્ર બુદ્ધિના, અવિવેકથી મૂઢ મનના અને મનની વ્યાધિથી તથા અવિવેકથી વિહ્વલ વાણીવાળા ધનવંતોનું નામ પણ કદી સાંભળવામાં આવતું નથી. ૨૬

તાત્પર્ય-ક્ષુદ્ર, અવિવેકી અને જૂઠું બોલનારા ધનાઢયોનો જ્યાં વાસ નથી એવા વનમાં જવાને તત્પર થવું અને વનફળ, ભૂમિ ઉપર શયન અને શ્રમ વગર પ્રાપ્ત થતા સુખનો અંગીકાર કરવો સારો, પણ ધનના મદમાં અવિવેકી ને આંધળામાં વસવું બહુ ભૂંડું.

शिखरिणीवृत्त

फलं स्वेच्छालभ्यं प्रतिवनमखेदं क्षितिरुहां
पयः स्थाने स्थाने शिशिरमधुरं पुण्यसरिताम्।
मृदुस्पर्शा शय्या सुललितलता पल्लवमयी
सहन्ते सन्तापं तदपि धनिनां द्वारि कृपणाः ॥२७॥

વનેવનમાં ક્લેશવિના સ્વેચ્છાથી પ્રાપ્ત થનારાં કેળું, કેરી અને ફણુસ આદિ વૃક્ષોનાં ફળ છે, સ્થાને સ્થાનમાં ઠંડું અને મધુર ગંગા ગોદાવરી આદિ પુણ્યકારક નદીઓનું તીર્થ જળ છે તથા મૃદુ સ્પર્શવાળી અને અતિ કોમલ લતાઓના પલ્લવોથી બનાવેલી શય્યા છે, તથાપિ ધન મેળવવાની ઇચ્છાથી પરતંત્ર બનેલા કંજુસ પુરુષો ધનિક લોકોનાં દ્વાર આગળ સંતાપ સહન કરે છે. ૨૭

નિર્વેદતાનું સ્વરૂપ

मन्दाक्रान्तावृत्त

ये वर्तन्ते धनपतिपुरः प्रार्थनादुःखभाजो
ये चाल्पत्वं दधति विषयाक्षेपपर्यस्तबुद्धेः।
तेषामन्तःस्फुरितहसितं वासराणां स्मरेयं
ध्यानच्छेदे शिखरिकुहरग्रावशय्यानिषण्णः ॥२८॥

જે દિવસો ધનાઢ્યની આગળ પ્રાર્થના કરવાથી દુઃખમય લાગતા, અને વિષયને માટે પ્રયત્નો કરવાથી જેની બુદ્ધિ વિપરીત થઈ ગઇ હતી એવા મને જે દિવસો ઘણા જ સ્વલ્પ લાગતા તે દિવસોનું, ધ્યાનના અંતમાં, પર્વતની ગુહામાં પ્રસ્તરની શય્યા ઉપર બેસીને, હું અંતરમાં સ્ફુરેલા હાસ્યપૂર્વક સ્મરણ કરું છું. ૨૮

અર્થાત્–એવા સંસારના દુઃખમાં કહાડેલા દિવસો સ્મરતાં હાલની યોગીની અવસ્થામાં તે મિથ્યા મોહ ઉપર

હાસ્ય ઉત્પન્ન થાય છે–જ્ઞાની જન પોતાના પ્રમાદનું સ્મરણ થતાં પોતે પોતાને હસે છે.

शार्दूलविक्रीडितवृत्त

ये सन्तोषनिरन्तरप्रमुदितास्तेषां न भिन्ना मुदो
ये त्वन्ये धनलुब्धसङ्कुलधियस्तेषां न तृष्णा हता ।
इत्थं कस्य कृते: कृतः सविधिना कीदृक्पदं सम्पदां
स्वात्मन्येव समाप्तहेममहिमा मेरुर्न मे रोचते ॥२९॥

જે પુરુષો દૈવથી પ્રાપ્ત થયેલી વસ્તુવડે પ્રાપ્ત થયેલા મનોવિલાસરૂપ સંતોષવડે સર્વદા સંતુષ્ટ હોય છે તેમનો આનંદ ભિન્ન હોતો નથી પણ તે વધી ગયેલો હોય છે, અને ધનમાં લુબ્ધ થયેલી વ્યાપ્ત બુદ્ધિવાળા જે અન્ય જનો હોય છે તેમની વસ્તુપરની તૃષ્ણા હણાયલી નથી. આમ હોવાથી તે પ્રસિદ્ધ રત્નાદિ સમૃદ્ધિઓનું અનિર્વચનીય સ્થાન તથા પોતાને ઠેકાણે જ સમાપ્ત થયેલા સુવર્ણના મહિમાવાળો મેરુ પર્વત બ્રહ્મદેવે કોના માટે નિર્માણ કર્યો છે વારુ? કારણ તે તો મને રુચતો નથી. ૨૯

शार्दूलविक्रीडितवृत्त

भिक्षाहारमदैन्यमप्रतिसुखं भीतिच्छिदं सर्वतो
दुर्मात्सर्यमदाभिमानमथनं दुःखौघविध्वंसनम् ।
सर्वत्रान्वहमप्रयत्नसुलभं साधुप्रियं पावनं
शम्भोः सत्रमवार्यमक्षयनिधिं शंसन्ति योगीश्वराः ॥३०॥

યોગીશ્વરો દીનતાવિનાના અતિશય સુખવાળા, સર્વત્ર ભયનો નાશ કરનારા, દુષ્ટ સ્વભાવવાળા માત્સર્ય, મદ અને અભિમાનનું નિરસન કરનારા, પ્રતિ દિવસે સર્વત્ર પ્રયત્ન વિના સુલભ અર્થાત્ સુખલભ્ય, અહંકાર વિનાના સાધુ પુરુષોને પ્રિય અને પવિત્ર એવા શંકરના અન્નસત્રસમાન

તથા કોઇથી પણ નિવારણ ન કરી શકાય એવા અક્ષય થાપણ જેવા, ભિક્ષાથી મળેલા અન્નના આહારની પ્રશંસા કરે છે. ૩૦

૪ ભોગોની અસ્થિરતા ૩૧-૪૦

शार्दूलविक्रीडितवृत्त

भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयं
मौने दैन्यभयं बले रिपुभयं रूपे जराया भयम्।
शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयं
सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥३१॥

ભોગમાં રોગનો ભય, કુળમાં કુલભ્રષ્ટ થવાનો ભય અથવા કુલીનતામાં લાંછનનો ભય, ધનને રાજાનો ભય, મૌનમાં દૈન્યનો ભય, બળમાં શત્રુનો ભય, રૂપમાં ઘડપણનો ભય, શાસ્ત્ર ભણવામાં વાદનો ભય, ગુણમાં ખલ-નઠારાં માણસનો ભય અને શરીરને કાળનો ભય છે; આ રીતે જગતમાં સઘળી વસ્તુઓ માટે માણસને ભય રાખવો પડે છે, માત્ર વૈરાગ્ય જ નિર્ભય છે. ૩૧

તાત્પર્ય-આ જગતમાં માણસ જો ભોગ ભોગવે તો રોગ થવાનો ભય રહે છે, કુળવાન્ હોય તો લાંછનનો ભય રહે છે, ધનવાન્ હોય તો રાજાનો ભય રહે છે, બળવાનને શત્રુનો ભય, રૂપાળાને ઘરડું થઇ જવાનો ભય, ભણેલાને બીજાઓ સાથે વાદનો ભય, ગુણ હોય તેને નઠારા માણસોની નિંદાનો ભય અને શરીરને મરણનો ભય છે. અર્થાત્ જગતમાં સઘળું ભયવાળું છે, માત્ર વૈરાગ્ય જ નિર્ભય છે.

शार्दूलविक्रीडितवृत्त

आक्रान्तं मरणेन जन्म जरया विद्युच्चलं यौवनं
संतोषो धनलिप्सया शमसुखं प्रौढाङ्गनाविभ्रमैः ।

लोकैर्मत्सरिभिर्गुणा वनभुवो व्यालैर्नृपा दुर्जनै-
रस्थैर्येण विभूतिरप्यपहृता ग्रस्तं न किं केन वा ॥३२॥

પ્રારબ્ધથી જન્મ વગેરે જે જે પ્રાપ્ત થાય છે, તે તે સર્વ ક્ષણભંગુર છે.

મરણે જન્મને, ઘડપણે–વીજળી જેવાં ચંચળ યૌવનને, ધનની પ્રાપ્તિની ઇચ્છાએ–સંતોષને, પ્રૌઢ સ્ત્રીઓના વિલાસોએ શાંતિનાં સુખને, મત્સરી માણસોએ–ગુણોને, સર્પોએ–વનની પૃથ્વીઓને, દુર્જનોએ રાજાઓને અને ચંચળતાએ ધૈર્યને ગળેલાં છે, માટે આ જગતમાં કોણે શું નથી ગળ્યું ? ૩૨

शार्दूलविक्रीडितवृत्त

आधिव्याधिशतैर्जनस्य विविधैरारोग्यमुन्मूल्यते
लक्ष्मीर्यत्र पतन्ति तत्र विवृतद्वारा इव व्यापदः ।
जातं जातमवश्यमाशु विवशं मृत्युं करोत्यात्मसा-
त्तत्किं नाम निरंकुशेन विधिना यन्निर्मितं सुस्थितम् ॥३३॥

અનેક મનની પીડાઓ અને શરીરના રોગો મનુષ્યનાં આરોગ્યનો મૂળમાંથી નાશ કરે છે, જ્યાં લક્ષ્મી હોય ત્યાં ઉઘાડાં બારણાંવાળી આપત્તિઓ આવી પડે છે, મૃત્યુ જે જે ઉત્પન્ન થાય, તે તે સર્વને અવશ્ય ત્વરાથી પરાધીન કરીને પોતાને વશ કરે છે. માટે નિરંકુશ એવા વિધિએ જે ઉત્પન્ન કરેલ છે, તેમાં કયું નિશ્ચળ છે ? ૩૩

તાત્પર્ય–જગતમાં ઉત્પન્ન થયેલું સર્વ નાશવંત જ છે.

शार्दूलविक्रीडितवृत्त

भोगास्तुङ्गतरङ्गभङ्गतरलाः प्राणाः क्षणध्वंसिनः
स्तोकान्येव दिनानि यौवनसुखस्फूर्तिः प्रियासु स्थिता ।
तत्संसारमसारमेव निखिलं बुद्ध्वा बुधा बोधका
लोकानुग्रहपेशलेन मनसा यत्नः समाधीयताम् ॥३४॥

હારચંદનાદિ વિષયક ભોગો અતિ ઊંચા તરંગોના ભંગસમાન ચંચલ છે, પ્રાણ ક્ષણભંગુર છે, અને વિષયો પરની સુખની સ્ફૂર્તિ થોડા દિવસ જ સ્ત્રીઓપર રહે એવી છે; માટે હિતોપદેશ કરનારા હે વિદ્વાનો! આ સમગ્ર સંસાર અસાર જ છે એમ જાણીને લોકોપર અનુગ્રહ કરવામાં અતિ સુંદર કોમલ મનવડે સંસારસાગરમાં નિમગ્ન થયેલા અજ્ઞજનોનો ઉદ્ધાર કરવા માટે પ્રયત્ન કરો. ૩૪

शार्दूलविक्रीडितवृत्त

भोगा मेघवितानमध्यविलसत्सौदामिनीचञ्चला
आयुर्वायुविघट्टिताभ्रपटलीलीनाम्बुवद्भङ्गुरम् ।
लोला यौवनलालसा तनुभृतामित्याकलय्य द्रुतं
योगे धैर्यसमाधिसिद्धिसुलभे बुद्धिं विदध्वं बुधाः! ॥३५॥

હે બુધો! ભોગો મેઘ મંડળમાં ચમકતી વિજળીના જેવા ચંચળ છે, આયુષ્ય વાયુએ વિખેરી નાખેલાં વાદળમાં રહેલાં જળના જેવું ક્ષણભંગુર છે અને પ્રાણીઓની યૌવન-લાલસા ચંચળ છે, એમ માનીને તમે સત્વર ધૈર્યથી અને સમાધિની સિદ્ધિઓથી પ્રાપ્ત થાય એવા યોગમાં બુદ્ધિ પ્રેરો. ૩૫

તાત્પર્ય-ક્ષણભંગુર ભોગ વિલાસ અને ટુંકામાં સંસારજન્ય દરેક વિષય જે ક્ષણભંગુર છે તેનો ત્યાગ કરીને અક્ષય્ય હરચરણપરાયણ થા; કિંવા હરિચરણપરાયણ થા; કારણ કે એ જ માત્ર નિત્ય છે ને ડાહ્યા પુરુષનો પરમ આશ્રય પણ એ જ છે.

स्रग्धरावृत्त

आयुः कल्लोललोलं कतिपयदिवसस्थायिनी यौवनश्री-
रर्थाः संकल्पकल्पा घनसमयतडिद्विभ्रमा भोगपूराः ।
कण्ठाश्लेषोपगूढं तदपि च न चिरं यत्प्रियाभिः प्रणीतं
ब्रह्मण्यासक्तचित्ता भवत भवभयाम्भोधिपारं तरीतुम् ॥३६॥

આયુષ્ય તરંગ જેવું ચંચળ છે, જુવાનીની શોભા થોડા દિવસ રહેનારી છે, ધન મનોરથ જેવું છે, વિષયસુખના પ્રવાહ વર્ષાઋતુની વિજળીના ચમકારા જેવા છે અને સ્ત્રીઓએ કરેલું ગાઢ આલિંગન પણ ચિરકાલ રહેતું નથી. માટે હે જનો! તમે સંસારના ભયરૂપી સમુદ્રના પારને તરવા માટે બ્રહ્મમાં આસક્ત ચિત્તવાળા થાઓ. ૩૬

સારાંશ–વિચારવાળો પુરુષ લોભથી પરાભવ પામતો નથી. સંસારમાં કાંઇ પણ સુખનું સાધન નથી.

स्रग्धरावृत्त

कृच्छ्रेणामेध्यमध्ये नियमिततनुभिः स्थीयते गर्भमध्ये
कान्ताविश्लेषदुःखव्यतिकरविषमो यौवने चोपभोगः।
नारीणामप्यवज्ञा विलसति नियतं वृद्धभावोऽप्यसाधुः
संसारे रे मनुष्या वदत यदि सुखं स्वल्पमप्यस्ति किञ्चित्॥३७॥

વિષ્ઠા અને મૂત્રથી ભરેલા અપવિત્ર ગર્ભાશયમાં શરીરને સંકોચીને કષ્ટથી રહેવું પડે છે, યૌવનમાં કરેલો ઉપભોગ સ્ત્રીના વિયોગના દુઃખના સંબંધથી વિષમ થઇ પડે છે, તેમ જ જેમાં સ્ત્રીઓનાં અનાદરો શોભી રહે છે એવું દુષ્ટ ઘડપણ અવશ્ય આવકારદાયક હોતું નથી. માટે હે મનુષ્યો! સંસારમાં થોડું પણ જો સુખ હોય તો કહો. ૩૭

તાત્પર્ય–સંસારમાં કોઇ પણ જાતનું સુખ નથી.

એક આશ્ચર્ય.

वसन्ततिलकावृत्त

व्याघ्रीव तिष्ठति जरा परितर्जयन्ती
रोगाश्च शत्रव इव प्रहरन्ति देहम्।
आयुः परिस्रवति भिन्नघटादिवाम्भो
लोकस्तथाप्यहितमाचरतीति चित्रम्॥३८॥

વાઘણની પેઠે તિરસ્કાર કરતું ઘડપણ પાસે જ રહે છે, શત્રુની પેઠે રોગો સર્વદા દેહને પ્રહાર કર્યાં કરે છે અને ફૂટેલા ઘડામાંથી ઝરી જતા જળની પેઠે આયુષ્ય નષ્ટ થાય છે, તો પણ લોક અણહિતનાં કર્મ કરે છે, એ ઘણા આશ્ચર્યની વાત છે. ૩૮*

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

भोगा भंगुरवृत्तयो बहुविधास्तैरेव चायं भव-
स्तत्कस्यैव कृते परिभ्रमत रे लोकाः कृतं चेष्टितैः।
आशापाशशतोपशान्तिविशदं चेतः समाधीयतां
कामोच्छित्तिवशे स्वधामनि यदि श्रद्धेयमस्मद्वचः ॥३९॥

નાના પ્રકારના ભોગો ક્ષણભંગુર છે. તે ભોગોથી જ આ સંસાર થાય છે. હે લોકો! તમે કયા સુખને માટે ભટકો છો? ભટકવાનું કંઈ પણ પ્રયોજન નથી. હવે જો

*જેનું ચિત્ત નિરંતર બ્રહ્મમાં જ લાગેલું હોય, તેવા પુરુષને સ્ત્રીનું ભાષણ વગેરે વિષયો સંતોષ આપતા નથી.

શિખરિણીવૃત્ત

सदा योगाभ्यासव्यसनवशयोरात्ममनसो-
रविच्छिन्ना मैत्री स्फुरति कृतिनस्तस्य किमु तैः।
प्रियाणामालापैरधरमधुभिर्वक्त्रकमलैः
सनिःश्वासामोदैः सकुचकलशाश्लेषसुरतैः॥

યોગાભ્યાસના વ્યસનથી જેના આત્મા અને મન વશ થયેલાં છે અને જે પુણ્યશાળી પુરુષના આત્માને મનની અવિચ્છિન્ન મૈત્રી સ્ફુરી રહેલી છે તે પુરુષને, સ્ત્રીઓમાં ભાષણોનું, અધરોષ્ઠના મધનું, સુગંધી નિઃશ્વાસવાળાં મુખકમળોનું અને સ્તનકલશોના આલિંગનસહિત મૈથુનનું શું પ્રયોજન છે?

અમારા વચન ઉપર વિશ્વાસ હોય તો તમે સેંકડો આશારૂપી પાશની શાંતિથી સ્વચ્છ થયેલાં ચિત્તને કામનો નાશ કરવામાં શક્તિમાન્ એવા સ્વપ્રકાશ આત્મામાં એકાગ્ર કરો. ૩૯

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

ब्रह्मेन्द्रादिमरुद्गणांस्तृणकणान्यत्र स्थितो मन्यते
यत्स्वादाद्विरसा भवन्ति विभवस्त्रैलोक्यराज्यादयः ।
भोगः कोऽपि स एक एव परमो नित्योदितो जृम्भते
भो साधो क्षणभङ्गुरे तदितरे भोगे रतिं मा कृथाः ॥४०॥

જ્યાં નિત્ય ભોગોના સામ્રાજ્યપર સ્થિત થયેલો પુરુષ બ્રહ્મા, ઈંદ્ર વગેરે દેવોના ગણોને અત્યંત નિઃસાર

☞ નિરંતર પરોપકાર કરનાર પુરુષોનો જ જન્મ સફળ છે ને બીજાઓનો જન્મ તો ઉંબરાના ફળમાં રહેલાં મશલાના જન્મની પેઠે નિષ્ફળ છે.

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

जातः कूर्मः स एकः पृथुभुवनभरायार्पितं येन पृष्ठं
श्लाघ्यं जन्म ध्रुवस्य भ्रमति नियमितं यत्र तेजस्विचक्रम् ।
सञ्जातव्यर्थपक्षाः परहितकरणे नोपरिष्टान्न चाधो
ब्रह्माण्डोदुम्बरान्तर्मशकवदपरे प्राणिनो जातनष्टाः ॥

તે એક જ કાચબો જન્મેલો છે કે જેણે પોતાની પીઠ મોટા ભુવનના ભાર માટે આપેલી છે, તેમ જ ધ્રુવનું જન્મ પણ વખાણવા લાયક છે કે જેના આધારથી જ્યોતિશ્ચક્ર નિયમ પ્રમાણે ભમે છે, પરંતુ ઉપર તથા નીચે પરોપકાર કરવામાં જેની સહાયતા વ્યર્થ નિવડી છે એવાં બીજાં પ્રાણીઓ, બ્રહ્માંડરૂપી ઉંબરાનાં ફળની વચમાં રહેલાં મશલાંની પેઠે જન્મે છે ને મરે છે. ☜

તણખલાના કણની પેઠે અતિ તુચ્છ માને છે, તથા જે સામ્રાજ્યના સ્વાદથી ત્રૈલોક્યના રાજ્યનું આધિપત્ય વગેરે સંપત્તિ નીરસ લાગે છે, એવો કોઈક અનિર્વચનીય અને સર્વોત્કૃષ્ટ હોઈ નિત્ય ઉદય પામનારો બ્રહ્માનંદરૂપ એક ભોગ જ વિકાસને પામે છે, ત્યાં હે સાધો ! તેથી ઇતર અનિત્ય ક્ષણભંગુર સાંસારિક સુખાનુભવરૂપ ભોગપર તું પ્રીતિ ન કર. ૪૦

૫ કાલમાહમાના વર્ણનનું પ્રકરણ ૪૧–૫૦

शार्दूलविक्रीडितवृत्त

सा रम्या नगरी महान्स नृपतिः सामन्तचक्रं च त-
त्पार्श्वे तस्य च सा विदग्धपरिषत्ताश्चन्द्रबिम्बाननाः।
उद्वृत्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः
सर्वं यस्य वशादगात्स्मृतिपथं कालाय तस्मै नमः ॥४१॥

☞ તાત્પર્ય–જેઓ પરોપકાર કરતા નથી, તેમનું જીવિત તો સાવ નકામું જ છે.

સંસારસમુદ્ર તરવાની ઇચ્છાવાળા પુરુષોએ સ્ત્રીનો સંગ સર્વથા તજવો જોઇએ.

शार्दूलविक्रीडितवृत्त

उन्मीलत्त्रिवलीतरङ्गवलयाप्रोत्तुङ्गपीनस्तन-
द्वन्द्वेनोद्यतचक्रवाकमिथुना वक्त्राम्बुजोद्भासिनी ।
कान्ताकारधरा नदीयमभितः क्रूराशया नेष्यते
संसारार्णवमज्जनं यदि ततो दूरेण संत्यज्यताम् ॥

હે જનો ! જો સંસારરૂપી સમુદ્રમાં બૂડવું ગમતું ન હોય તો, સ્ત્રીના આકારને ધારણ કરવાવાળી એટલે સ્ત્રીરૂપી નદીનો દૂરથી ત્યાગ કરો; કારણ કે જેમ નદીમાં તરંગની ☞

તે રમણીય રાજધાની, તે જ મહારાજા, તે જ તેની આજુ બાજુમાં સ્થિત થયેલું સામંતોનું મંડળ, તે જ તેની પાસે બેઠેલી વિદ્વાનોની સભા, તે જ ચંદ્રબિંબસમાન મુખવાળી સુંદરીઓ, તે જ ક્રીડારસથી ઉચ્છૃંખલ બનેલા રાજપુત્રોનો સમૂહ, તે જ બંદીજનો અને તે જ શૃંગારાદિ રસોથી પરિપૂર્ણ કથાઓ, આ બધું જે કાળને વશ થઇ જવાથી કેવળ સ્મરણમાર્ગ માત્રમાં રહ્યું તે કાળને નમસ્કાર હો.

અ૨૦–કાળ એકનાં અનેક અને અનેકનું એક નહિ, એમ કર્યા જ કરે છે.

मन्दाक्रान्तावृत्त

यत्रानेकः क्वचिदपि गृहे तत्र तिष्ठत्यथैको
यत्राप्येकस्तदनु बहवस्तत्र चान्ते न चैकः।
इत्थं चेमौ रजनिदिवसौ दोलयन्द्वाविवाक्षौ
कालः काल्या सह बहुकलः क्रीडति प्राणिशारैः ॥४२॥

☛ પંક્તિઓ પ્રકાશે છે તેમ સ્ત્રીરૂપી નદીમાં પણ ત્રિવલિરૂપી તરંગની પંક્તિઓ શોભી રહેલી હોય છે; જેમ નદી ચક્રવાક પક્ષીનાં જોડાંવાળી હોય છે, તેમ સ્ત્રી પણ ઊંચા ને મોટા બે સ્તનરૂપી ચક્રવાક પક્ષીનાં જોડાંવાળી હોય છે; જેમ નદી કમળથી શોભે છે તેમ સ્ત્રી પણ મુખકમળથી શોભે છે અને જેમ નદી ચારે તરફ ક્રૂર મગર વગેરેથી યુક્ત હોય છે, તેમ સ્ત્રી પણ કઠોર ચિત્તવાળી હોય છે.

પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયોથી જેનું ચિત્ત ઠગાયું હોય છે અને જેનો સ્વાર્થ સર્યો નથી એવો પુરુષ, ઇંદ્રિયોના વિષયોને અતિ નિંદે છે. ☛

જે ઘરમાં અનેક હતાં તે ઘરમાં એક જ માણસ રહે છે, એક હોય તેનાં બહુ થાય છે અને અંતે વળી એકે રહેતું નથી; આ પ્રમાણે આ રાત અને દિવસ બન્નેને પાસાઓની પેઠે ફેરવનારો બહુ કલાસંપન્ન કાળ, કાલિકાની સાથે પ્રાણીરૂપ સોગટીઓથી રમત રમ્યા કરે છે. ૪૨

અર્થાત્–શિવપાર્વતી રાતદિવસરૂપી પાસાઓ નાંખી પ્રાણીરૂપી સોગટાંથી વિચિત્ર રમત રમ્યાં જાય છે.

મોહવર્ણન

शार्दूलविक्रीडितवृत्त

आदित्यस्य गतागतैरहरहः संक्षीयते जीवितं
व्यापारैर्बहुकार्यभारगुरुभिः कालो न विज्ञायते।
दृष्ट्वा जन्मजराविपत्तिमरणं त्रासश्च नोत्पद्यते
पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तभूतं जगत् ॥ ४३ ॥

સૂર્યના ઉગવાથી અને આથમવાથી રોજ રોજ આયુષ્ય ઓછું થતું જાય છે, મોટાં મોટાં અનેક કાર્યના વ્યાપારોથી 'કાળ ક્યાં ગયો?' તે સમજાતુંએ નથી. વળી જન્મ, જરા (ઘડપણ), વિપત્તિ અને મરણને જોઈને પણ

☞ मालिनीवृत्त

इह हि मधुरगीतं नृत्यमेतद्रसोऽयं
स्फुरति परिमलोऽयं स्पर्श एष स्तनानाम्।
इति हतपरमार्थैरिन्द्रियैर्भ्राम्यमाणः
स्वहितकरणधूर्तैः पञ्चभिर्वञ्चितोऽस्मि ॥

આ લોકમાં મધુર ગાન છે, નૃત્ય છે, રસ છે, સુગંધ છે અને સ્તનોનો સ્પર્શ પણ સ્ફુરે છે. એ પ્રકારે પરમાર્થનો નાશ કરનારી અને પોતાનાં કલ્યાણ કરવામાં ધૂર્ત એવી પાંચ જ્ઞાનેન્દ્રિયોએ મને છેતરેલો છે.

પુરુષને ત્રાસ ઉત્પન્ન થતો નથી. કારણ કે મોહમય પ્રમાદ-મદિરાનું પાન કરવાથી આ આખું જગત્ જ ઉન્મત્ત થઈ ગયેલું છે એમ મને લાગે છે. ૪૩

સંસારના વ્યાપારથી ખિન્ન થયેલા પુરુષની ઉક્તિ.

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

रात्रिः सैव पुनः स एव दिवसो मत्वाऽबुधा जन्तवो
धावन्त्युद्यमिनस्तथैव निभृतप्रारब्धतत्तत्क्रियाः ।
व्यापारैः पुनरुक्तभुक्तविषयैरेवंविधेनामुना
संसारेण कदर्थिताः कथमहो मोहान्न लज्जामहे ॥४४॥

ઉદ્યમી એવા અજ્ઞાની પ્રાણીઓ દિવસને અને રાત્રિને સમાન માનીને ગુપચુપ જૂદાં જૂદાં કાર્યો કર્યાં કરે છે, અને તેને માટે દોડાદોડી કરે છે અને જેના વિષયોનો વારંવાર ઉપભોગ કરવામાં આવે છે એવા વ્યાપારો કર્યાં કરે છે. અરેરે! એવા સંસારથી દુઃખી થયેલા એવા અમે મોહથી કેમ લજાતા નથી? ૪૪

અવ૦–એકે અર્થ ન સાધનારનું જીવિત તો વ્યર્થ જ ગયું જાણવું.

શાર્દૂલવિક્રીડિતવૃત્ત

न ध्यातं पदमीश्वरस्य विधिवत्संसारविच्छित्तये
स्वर्गद्वारकपाटपाटनपटुर्धर्मोऽपि नोपार्जितः ।
नारीपीनपयोधरोरुयुगलं स्वप्नेऽपि नालिङ्गितं
मातुः केवलमेव यौवनवनच्छेदे कुठारा वयम् ॥४५॥

આ સંસારનો વિચ્છેદ કરવાને માટે વિધિ પ્રમાણે ઈશ્વરના પદનું ધ્યાન ધર્યું નહિ, તેમ સ્વર્ગદ્વારનાં તથા મોક્ષદ્વારનાં કમાડો ઉઘાડવાને સમર્થ એવો ધર્મ પણ ઉપાર્જિત ન કર્યો તથા નારીનાં પીન પયોધર અને

સાથળોના યુગલને પણ સ્વપ્ને આલિંગવા પામ્યા નહીં, તેથી અરેરે!! આપણે તો કેવળ માતાના યૌવનવનને છેદનાર કુહાડારૂપ જ નીવડ્યા. ૪૫

અર્થાત્ સંસારમાંથી છૂટવાને-મોક્ષને માટે ઈશ્વરના પદનું વિધિવત્ ધ્યાન ધરાયું નહિ, સ્વર્ગ મેળવવા માટે ધર્મ થયો નહિ અને સંસાર સુખે લેવાયું નહિ. એટલે વ્યર્થ જ જન્મ્યા. અનુક્રમે ત્રણે વિષય એક એકથી ઉતરતા છેઃ પ્રથમ મોક્ષ, તે ન બને તો સ્વર્ગ અને તે ન બને તો ઐહિક (સાંસારિક) સુખ લેવું. મોક્ષ અને સ્વર્ગને માટે અગિયારમા શ્લોકની ટીકા જુઓ. ધર્મ એટલે યાગાદિ અને યાગાદિ ધર્મકૃત્યથી સ્વર્ગ મળે છે, મોક્ષ મળતો નથી. મોક્ષ તો માત્ર બ્રહ્મજ્ઞાનથી જ મળે છે.

અવ૦—જે અવસ્થામાં જે અવશ્ય મેળવવું જોઇએ તે ન મેળવે તે પુરુષનું જીવન વ્યર્થ છે.

शार्दूलविक्रीडितवृत्त

नाभ्यस्ता भुवि वादिवृन्ददमनी विद्या विनीतोचिता
खड्गाग्रैः करिकुम्भपीठदलनैर्नाकं न नीतं यशः।
कान्ताकोमलपल्लवाधररसः पीतो न चन्द्रोदये
तारुण्यं गतमेव निष्फलमहो शून्यालये दीपवत् ॥४६॥

અહો! જે પુરુષે પૃથ્વીમાં વિનયવાળા પુરુષોને યોગ્ય અને વાદીઓના સમુદાયને જિતનારી વિદ્યાનો અભ્યાસ કર્યો નહીં, અને ખડ્ગની ધારથી હસ્તીઓનાં કુંભસ્થળોને ફાડીને યશને સ્વર્ગમાં પહોંચાડયો નહીં અને ચન્દ્રના ઉદયમાં સ્રીના કોમળ અધરપલ્લવનું પાન કર્યું નહીં તેની જુવાની, શૂન્ય ઘરમાં બળતા દીવાની પેઠે નિષ્ફળ ગઇ. ૪૬

તાત્પર્ય-વાદીઓને હરાવે તેવી વિદ્યા, સિદ્ધિ પ્રાપ્ત કરવાની યોગવિદ્યા, સ્વર્ગમાં યશ ગવાય તેવું પરાક્રમ, અને તે બે નહીં તો ત્રીજું સંસારસુખ યથેચ્છ મહાલવું; એ ત્રણમાંથી કાંઇ જ નહીં થયું તો આયુષ્ય ફોકટ છે.*

અવ૦-એકકે પુરુષાર્થ ન સધાયો.

शार्दूलविक्रीडितवृत्त

विद्या नाधिगता कलंकरहिता वित्तं च नोपार्जितं
शुश्रूषाऽपि समाहितेन मनसा पित्रोर्न संपादिता ।
आलोलायतलोचना युवतयः स्वप्नेऽपि नालिङ्गिताः
कालोऽयं परपिण्डलोलुपतया काकैरिव प्रेरितः ॥९७॥

*અધિકારીભેદથી એક જ્ઞાનનો ભેદ છે.

इंद्रवंशावृत्त

ज्ञानं सतां मानमदादिनाशनं
केषांचिदेतन्मदमानकारणम् ।
स्थानं विविक्तं यमिनां विमुक्तये
कामातुराणामतिकामकारणम् ॥

જેમ એકાન્ત સ્થાન યમીઓને-યતિઓને મુક્તિના કારણરૂપ થઇ પડે છે, અને કામીઓને અત્યંત કામના કારણરૂપ થઇ પડે છે, તેમ જ સજ્જનોને જ્ઞાન, માન અને મદ આદિનો નાશ કરનારું થઇ પડે છે અને બીજા કેટલાકને તે જ જ્ઞાન, મદ અને માનના કારણરૂપ થઇ પડે છે.

સંસારની વિચિત્રતાનું વર્ણન.

शिखरिणीवृत्त

क्वचिद्वीणावादः क्वचिदपि च हाहेति रुदितं
क्वचिन्नारी रम्या क्वचिदपि जराजर्जरवपुः ।

અમે નિષ્કલંક શુદ્ધ વિદ્યા પણ પ્રાપ્ત ન કરી, ધન પણ ન મેળવ્યું, સ્વસ્થ ચિત્તથી માબાપની સેવા પણ ન કરી તથા ચંચળ અને વિશાળ નેત્રવાળી યુવતીઓને સ્વપ્નમાં પણ આલિંગન કર્યું નહિ, પરંતુ કાગડાની પેઠે પારકાના પિંડ (ભોજન) ઉપર લોલુપ થઇને–આશા રાખીને આ બધો કાળ નિર્ગમન કર્યો. ૪૭

અર્થાત્–વિદ્યા, ધન, માબાપની સેવા અને ભોગ એ કંઇ થયું નહિ, પણ કોઇ ભોજન આપે એવી આશામાં ને આશામાં કાળ જતો રહ્યો–સુખ મળ્યુંએ નહિ અને હર ચરણશરણ પણ થવાયું નહિ; એમ ઉભય પુરુષાર્થથી ભ્રષ્ટ થયા–એવી રીતે ઘણો કાળ જીવ્યા તેથી શું? काकोऽपि जीवति चिरं च बलिं च भुङ्क्ते–કાગડો પણ બલિ ખાતાં ઘણો કાળ જીવે છે. તાત્પર્ય–કાગડાની પેઠે લાંબું આયુષ્ય ભોગવ્યું તેથી શું? અરેરે! આ સંસારમાં "ન મીલી રામા, ન મીલા રામ" જેવી અમારી ગતિ થઇ.

शिखरिणीवृत्त

वयं येभ्यो जाताश्चिरपरिगता एव खलु ते
समं यैः संवृद्धाः स्मृतिविषयतां तेऽपि गमिताः।

☞ क्वचिद्विद्वद्गोष्ठी क्वचिदपि सुरामत्तकलहो
न जाने संसारः किममृतमयः किं विषमयः ॥

સંસારમાં કોઇ જગોએ વીણાના શબ્દો થાય છે, કોઇ જગોએ 'હાય હાય'નાં રુદન થાય છે, કોઇ જગોએ મનોહર સ્ત્રી હોય છે અને કોઇ જગોએ ઘડપણથી શિથિલ શરીરવાળી સ્ત્રી હોય છે, કોઇ જગોએ વિદ્વાનોની વાતો થાય છે અને કોઇ જગોએ મદિરાથી મદોન્મત્ત થયેલાઓ કલહ કરે છે. આવો સંસાર શું અમૃતવાળો છે? કે વિષવાળો છે? તે મારા જાણવામાં આવતું નથી.

इदानीमेते स्म प्रतिदिवसमासन्नपतनात्
गतास्तुल्यावस्थां सिकतिलनदीतीरतरुभिः ॥४८॥

આપણે જેમનાથી ઉત્પન્ન થયા છીએ તે (માબાપ) તો ઘણો કાળ થયાં ચાલ્યાં ગયાં, જેમની સાથે ઉછરીને મોટા થયા (બંધુજન વગેરે) તે પણ સ્મૃતિમાત્ર થઈ ગયાં અને હાલ તો આપણે પણ નદીના રેતીવાળા કિનારા ઉપર ઉભેલાં તરુ જેવી પ્રતિદિન પાસે આવતી મરણદશાને પ્રાપ્ત થતા જઈએ છીએ. ૪૮

शार्दूलविक्रीडितवृत्त

आयुर्वर्षशतं नृणां परिमितं रात्रौ तदर्धं गतं
तस्यार्धस्य परस्य चार्धमपरं बालत्ववृद्धत्वयोः ।
शेषं व्याधिवियोगदुःखसहितं सेवादिभिर्नीयते
जीवे वारितरङ्गचञ्चलतरे सौख्यं कुतः प्राणिनाम् ॥४९॥

મનુષ્યના આયુષ્યનું પરિમાણ સો વર્ષનું છે, તેમાંથી પચાસ વર્ષ તો રાત્રિમાં નિદ્રાથી જાય છે, તે પચાશમાંથી પણ પહેલાં સાડાબાર વર્ષ બચપણમાં જાય છે અને છેલ્લાં સાડાબાર વર્ષ ઘડપણમાં જાય છે. બાકી રહેલાં વચલાં પચીશ વર્ષ કે જેમાં રોગ અને કુટુંબના વિયોગનું દુઃખ થાય છે, તે પચીશ વર્ષને મનુષ્યો ધનવાનની સેવા વગેરેથી ગુમાવે છે. માટે પ્રાણીઓને જળના તરંગ જેવા અત્યંત ચંચળ જીવિતમાં સુખ ક્યાંથી હોય? ૪૯

તાત્પર્ય–આ સંસારમાં સુખ નથી, પણ મનુષ્યો સુખ માની જ લે છે. જેમ કે–

असारे खलु संसारे सुखभ्रान्तिः शरीरिणाम् ।
लालापानमिवांगुष्ठे बालानां स्तन्यविभ्रमः ॥

પોતાના અંગુઠાને ધાવતાં પોતાના જ મુખની લાળ મુખમાં આવે તેને, છોકરાં જેમ દૂધ ધારે છે, તેમ આ અસાર સંસારમાં દેહધારીઓ દુઃખને ભ્રાંતિથી સુખ માની લે છે.

અવ૦—આ સંસારમાં જન્મથી આરંભી મરણપર્યંત અને તે પછી પણ સુખનો લેશ નથી.

शिखरिणीवृत्त

क्षणं बालो भूत्वा क्षणमपि युवा कामरसिकः
क्षणं वित्तैर्हीनः क्षणमपि च संपूर्णविभवः ।
जराजीर्णैरङ्गैर्नट इव वलीमण्डिततनु-
र्नरः संसारान्ते विशति यमधानीजवनिकाम् ॥५०॥

પુરુષ ક્ષણવાર બાળક થઈને આવે છે, પછી ક્ષણવાર વિષયમાં રસિક જુવાન થાય છે, ક્ષણવાર ધનરહિત થાય છે ને ક્ષણવાર પુષ્કળ ધનવાળો થાય છે, ક્ષણવાર ઘડપણથી શિથિલ થયેલા અવયવોવાળો થાય છે અને ક્ષણવાર કરચલીથી શોભતાં શરીરવાળો થાય છે. એવી રીતે મનુષ્ય સંસારમાં નટની પેઠે અનેક રૂપો ધારણ કરીને જીવનના અંતમાં યમની નગરીરૂપી પડદામાં પેસે છે. ૫૦

તાત્પર્ય—જેમ નટ નાના પ્રકારના વેશને ધારણ કરીને અંતે પડદામાં પેસે છે, તેમ મનુષ્ય પણ બાલપણ વગેરે વેશ લઈને અંતે યમપુરીમાં પેસે છે. *

---

* वंशस्थवृत्त

प्रशान्तशास्त्रार्थविचारचापलं निवृत्तनानारसकाव्यकौतुकम् ।
निरस्तनिःशेषविकल्पविप्लवं प्रपत्तुमन्विच्छति शूलिनं मनः ॥

જેની શાસ્ત્રાર્થના વિચારની ચપળતા શાંત થયેલી છે, જેનું નાના રસવાળાં કાવ્ય સંબંધી કૌતુક શાંત થયેલું છે અને જેના વિકલ્પોનો સઘળો ઉપદ્રવ નાશ પામ્યો છે એવું મારું મન શૂલધારી શિવને શરણે જવાની ઇચ્છા કરે છે.

૬ યતિનૃપતિસંવાદપ્રકરણ ૫૧-૬૦

शार्दूलविक्रीडितवृत्त

त्वं राजा वयमप्युपासितगुरुप्रज्ञाभिमानोन्नताः
ख्यातस्त्वं विभवैर्यशांसि कवयो दिक्षु प्रतन्वन्ति नः।
इत्थं मानधनातिदूरमुभयोरप्यावयोरन्तरं
यद्यस्मासु पराङ्मुखोऽसि वयमप्येकान्ततो निःस्पृहाः ॥५१॥

નિઃસ્પૃહાધિકાર–તું જેમ રાજા છે તેમ અમે પણ ગુરુની સેવા કરીને પ્રાપ્ત કરેલી બુદ્ધિના અભિમાનથી ઉત્કૃષ્ટ છીએ; તું જેમ વૈભવોથી પ્રખ્યાત છે, તેમ કવિઓ (દશે) દિશામાં અમારા યશોને વિસ્તારે છે; આ પ્રમાણે આપણા બન્નેમાંનું અંતર માન અને ધનના વિષયમાં બહુ દૂર છે. માટે તું જો અમારાથી વિમુખ (આદરરહિત) રહીશ તો અમે પણ તારાથી વધારે નિઃસ્પૃહ રહીશું. ૫

તાત્પર્ય–હે રાજન્! તું તો કેવળ ધનવાન્ છે અને અમે તો ગુરુની ઉપાસના કરી સંપાદન કરેલી બુદ્ધિના અભિમાનરૂપ ધનથી સંપન્ન છીએ. માટે તારામાં અને અમારામાં સુમેરુ અને સર્પ જેટલું બહુ અંતર છે. રાજ્યનું અભિમાન મિથ્યા છે.

અવ૦–એક નિઃસ્પૃહની રાજા પ્રતિ ઉક્તિ.

स्रग्धरावृत्त

अर्थानामीशिषे त्वं वयमपि च गिरामीश्महे यावदर्थं
शूरस्त्वं वादिदर्पज्वरशमनविधावक्षयं पाटवं नः।
सेवन्ते त्वां धनाढ्या मतिमलहतये मामपि श्रोतुकामा
मय्यप्यास्था न चेत्त्वयि मम सुतरामेष राजन्गतोऽस्मि॥५२

હે રાજન્! જેમ તમે દ્રવ્યના માલિક છો, તેમ અમે પણ અર્થની પેઠે જ વાણીના માલિક (ઉપાસક) છીએ

અથવા ('गिरां विद्महे यावदर्थं' પાઠાંતરને અનુસરીને) શાસ્ત્ર વચનોનાં નિઃશેષ અર્થ વિશેષને જાણીએ છીએ. તમે જેમ શૂર છો તેમ અમે પણ વાદ કરનારના અહંકારજ્વરને શમાવવામાં અક્ષય ચતુરતા ધરાવીએ છીએ; ધનાઢ્ય પુરુષો જેમ તમારી સેવા કરે છે, તેમ અજ્ઞાનના નાશને માટે અમને પણ શ્રોતાઓ સેવે છે; આમ છતાં પણ અમારા ઉપર જો તમને આસ્થા ન હોય તો અમને પણ તમારા ઉપર આસ્થા નથી, માટે અમે તો આ ચાલ્યા. ૫૨

રાજા અથવા ધનાઢયમાં, અને કવિ–વિદ્વાનમાં આ રીતે જયારે કંઈ તફાવત નથી, ત્યારે જો રાજા અથવા ધનાઢયની કવિ અથવા વિદ્વાન્ ઉપર આસ્થા હોય તો જ કવિ અથવા વિદ્વાનની રાજા કે ધનાઢ્ય ઉપર છે, નહિ તો નથી જ. રાજસેવા બહુ કષ્ટકારક છે. જુઓ શ્લોક ૫૧ મો, એનો પણ આવો જ ભાવ છે. *

---

* शिखरिणीवृत्त

अतिक्रान्तः कालो लटभललनाभोगसुभगो
भ्रमन्तः श्रान्ताः स्मः सुचिरमिह संसारसरणौ।
इदानीं स्वःसिन्धोस्तटभुवि समाक्रन्दनगिरः
सुतारैः फूत्कारैः शिव शिव शिवेति प्रतनुमः ॥

લટકાંવાળી લલનાઓના ભોગમાં રમણીય લાગતો કાળ જતો રહ્યો અને ઘણા લાંબા સમય સૂધી આ સંસારના માર્ગોમાં ફરતાં ફરતાં અમે થાકી ગયા. હવે તો સ્વર્ગંગાના તટ ભૂમિ પર બેસી દુઃખિતાવસ્થાને વ્યક્ત કરતી વાણીના સારી પેઠે તાર સ્વર કરનારા અવાજે અમો 'શિવ, શિવ! શિવ!' નામનો વિસ્તાર કરીએ છીએ.

અર્થાત્ અમને હવે સંસારમાં મમતા રહી નથી, એમ કહેતાં પૂર્વાર્ધમાં સંસારસુખ ભોગવ્યું જણાવી, ☞

અવ૦—યતિની રાજાપ્રતિ ઉક્તિ.

मालिनीवृत्त

वयमिह परितुष्टा वल्कलैस्त्वं च लक्ष्म्या
सम इह परितोषो निर्विशेषो विशेषः ।
स तु भवति दरिद्रो यस्य तृष्णा विशाला
मनसि च परितुष्टे कोऽर्थवान्को दरिद्रः ॥५३॥

હે રાજન્! અમે વલ્કલોથી સંતોષ પામીએ છીએ, તમે લક્ષ્મીથી સંતોષ પામો છો, આ પ્રમાણે જોતાં અમારો અને તમારો સંતોષ સમાન છે; અને-ખરું જોતાં અમારામાં અને તમારામાં કંઇ ફેર નથી. જેને અત્યંત તૃષ્ણા હોય છે તે દરિદ્રી હોય છે, પરંતુ મન જ્યારે સંતુષ્ટ થાય છે ત્યારે દરિદ્રીએ કોણ અને અર્થવાન પણ કોણ? ૫૩

અર્થાત્-અમે ભગવાં વસ્ત્રથી અને તમે કૌશેય વસ્ત્રથી સંતોષ પામો છો; તો પછી દરિદ્રી કોણ? ધનવાન કોણ?

સાર-સંતોષ પામ્યા એટલે રાજા અને દરિદ્ર બેઉ સમાન છે: રાજા લક્ષ્મીથી સંતુષ્ટ રહે છે તેમ ગરીબ પોતાને જે મળે તેથી સંતુષ્ટ રહે, તો પછી બેમાં ફેર શો? કંઇજ નહિ.

मालिनीवृत्त

फलमलमशनाय स्वादु पानाय तोयं
क्षितिरपि शयनार्थं वाससे वल्कलं च ।
नवधनमधुपानभ्रान्तसर्वेन्द्रियाणा-
मविनयमनुमन्तुं नोत्सहे दुर्जनानाम् ॥५४॥

☞ તેનાથી ધરાઇ-સંતોષ લઇ, ગંગાના તીર ઉપર 'શિવ'નો જપ જપવામાં જ આનંદ દર્શાવે છે. વાનપ્રસ્થાવસ્થાનું અત્ર પ્રતિભાસન અપાયું છે,

ખાવાને માટે ફળ બસ છે, પીવાને માટે મધુર પાણી બસ છે, શયન કરવાને માટે પૃથ્વી પણ બસ છે અને આચ્છાદન કરવાને માટે વસ્ત્રને બદલે ઝાડની છાલ બસ છે, પણ તરત મેળવેલા ધનરૂપ મધુપાનથી દુર્માર્ગમાં ગયેલી ઇંદ્રિયોને ધરાવતા જનોના અવિનયનો સ્વીકાર કરવાનો ઉત્સાહ હું ધરાવતો નથી. ૫૪

અર્થાત્ મિષ્ટાન્નને ઠેકાણે ફળ મળે તે ખમાય, કઢેલાં દૂધને ઠેકાણે મીઠું પાણી, છપ્પર પલંગને ઠેકાણે જમીન ઉપર શયન અને હીરનાં ચીરને ઠેકાણે વલ્કલ મળે તે સહેવાય, પણ નવીન પ્રાપ્ત થયેલા ધનરૂપી મદ્યના પાનથી ભમી ગયેલી ઇન્દ્રિયોવાળા-મગજના ચળેલા દુર્જનોનો અવિનય તો નથી ખમાતો.

अशीमहि वयं भिक्षामाशावासो वसीमहि ।
शयीमहि महीपृष्ठे कुर्वीमहि किमीश्वरैः ॥५५॥

અમે ભિક્ષાન્નનું સેવન કરીએ છીએ, દિશાઓરૂપ વસ્ત્ર પહેરીએ છીએ અને પૃથ્વીના પૃષ્ઠભાગપર શયન કરીએ છીએ. અમારે રાજાઓ સાથે શું કામ છે? ૫૫

વિદ્વાનનું વચન

वैतालीयवृत्त

न नटा न विटा न गायका न परद्रोहनिबद्धबुद्धयः ।
नृपसद्मनि नाम के वयं कुचभारानमिता न योषितः ॥५६॥

(અમે) નટ નથી, વિટ નથી, ગવૈયા નથી અને પારકાનો દ્રોહ કરવામાં બુદ્ધિ રાખનારા નથી:* વળી કુચના

* પારકાનો દ્રોહ જ કરવો, એમા જ નિબદ્ધ બુદ્ધિવાળા.

આરથી નમેલી એવી અમે સ્ત્રીઓ પણ નથી, તો પછી રાજદ્વારમાં અમને તે કોણ ગણે?* ૫૬

'અર્થાત્ રાજાને ત્યાં નટ, વિટ, ગવૈયા, દ્રોહી પુરુષો અને મોટાં સ્તનવાળી સ્ત્રીઓનો આદર સત્કાર થાય; હવે અમે તો એમાંના એકકે નથી, તો પછી અમારો ત્યાં કોણ ભાવ પૂછે? રાજદ્વારમાં વિદ્વાનનો સત્કાર નથી, પણ ઉપર ગણાવ્યા તેવા દુર્ગુણીઓ અને ગણિકાઓનાં જ માન હોય છે.†

---

* આવો જ ભાવ જુઓ અંગ્રેજીમાં

What is Rome to me, what business have I there, I who can neither lie, nor falsely swear,
Nor praise my patron's undeserving rhymes.
(Ancient classics)

મિ૦ તેલંગ આ શ્લોકને અમાનિતા સેવકનું વચન કહે છે.

---

† અવ૦–ઉત્તરોત્તર વિદ્યાનો નાશ થતો જાય છે.

शिखरिणीवृत्त

पुरा विद्वत्तासीदुपशमवतां क्लेशहतये
गता कालेनासौ विषयसुखसिद्ध्यै विषयिणाम् ।
इदानीं तु प्रेक्ष्य क्षितितलभुजः शास्त्रविमुखा-
नहो कष्टं सापि प्रतिदिनमधोधः प्रविशति ॥

પૂર્વે વિદ્વત્તા શાન્તિવાળાઓના ક્લેશનો નાશ કરવા માટે હતી. એ વિદ્વત્તા કાળ જતાં અનુરાગીઓની વિષય-સુખની સિદ્ધિને માટે થઈ રહી અને હાલ તો પૃથ્વીપાલોને શાસ્ત્રવિમુખ જોઈને તે જ વિદ્વત્તા પ્રતિદિવસ નીચે ઉતરતી જાય છે; અહો! એ ઓછી દુઃખની વાત છે?

માનિતા વિષે

हरिणीवृत्त

विपुलहृदयैर्धन्यैः कैश्चिज्जगज्जनितं पुरा
विधृतमपरैर्दत्तं चान्यैर्विजित्य तृणं यथा।
इह हि भुवनान्यन्ये धीराश्चतुर्दश भुञ्जते
कतिपयपुरस्वाम्ये पुंसां क एष मदज्वरः॥५७॥

કોઈ ઉદાર હૃદયના પુણ્ય પુરુષોએ પૂર્વે જગત્ ઉત્પન્ન કર્યું, બીજાઓએ પાલન કર્યું; અન્ય કોઈએ તેને જિતી લઈ તૃણવત્ ગણીને કોઈને આપી દીધું; વળી આ લોકમાં કોઈ બીજા ધીર પુરુષો ચૌદે ભુવનોને ભોગવે છે તથાપિ કેટલાક નગરનાં સ્વામિત્વમાં પુરુષોને આ મદજ્વર શો? ૫૭

અર્થાત્ બ્રહ્માએ જગતને ઉત્પન્ન કરેલું છે, વિષ્ણુ પાલન કરે છે, પરશુરામે જગતને જીતી છેવટ તૃણવત ગણી કશ્યપને તેનુ દાન દીધું હતું અને બળિ આદિએ ચૌદ ચોકડીનું રાજ કર્યું છે, તેમને ગર્વ આવ્યો નથી, તો પછી થોડાંક ગામનાં આધિપત્યથી ગર્વ કરવો, એ આજના પુરુષોનું વર્તન અનુચિત કેમ ન ગણાય?

शिखरिणीवृत्त

अभुक्तायां यस्यां क्षणमपि न यातं नृपशतै-
र्भुवस्तस्या लाभे क इव बहुमानः क्षितिभुजाम्।

☞ અર્થાત્ પૂર્વે વિદ્વત્તા, સંસારના કલેશમાંથી છૂટવાને માટે સંપાદન થતી હતીઃ કાળે કરીને તેજ વિદ્વત્તા ત્યાર પછી અનુરાગીઓથી સંસારનાં સૌખ્યનું આસ્વાદન કરવાને માટે સંપાદન થવા લાગી; અને હવે તો વિદ્વત્તાની તુલના જ રહી નથી; એટલે ધીરે ધીરે તે દુનિયામાંથી અસ્ત જ થતી જાય છે.

तदंशस्याप्यंशे तदवयवलेशेऽपि पतयो
विषादे कर्तव्ये विदधति जडाः प्रत्युत मुदम् ॥५८॥

સેંકડો રાજાઓએ પૃથ્વીને ભોગવી ન હોય એવી એક ક્ષણ પણ ગઈ નથી. તે પૃથ્વીનો લાભ થવામાં રાજાઓને મોટું અભિમાન થાય છે એ શું?* વળી તે પૃથ્વીના અંશનો પણ અંશ પ્રાપ્ત થતાં અને તેના એકાદ અવયવનો લેશ પણ પ્રાપ્ત થતાં શોક કરવો જોઇએ, તેને ઠેકાણે જડ રાજાઓ ઉલટો હર્ષ પામે છે. ૫૮

અર્થાત્ હજારો રાજાઓ આ પૃથ્વીને ભોગવતાં ભોગવતાં ચાલ્યા ગયા, પણ પૃથ્વી કોઇની પણ થઇ નહિ, તો પછી પૃથ્વીના એકાદ નાનામાં નાના અંશના કે અવયવના પતિ થતાં 'હું પૃથ્વીપતિ છું' એવું અભિમાન રાખવું, એ અજ્ઞાન જ કહેવાય; કારણ કે પૃથ્વી કોઇની થઇ નથી અને થવાનીએ નથી, તો એવી અનિત્ય અને અત્યલ્પ સમૃદ્ધિનું અભિમાન શું કામ રાખવું?

शार्दूलविक्रीडितवृत्त

मृत्पिण्डो जलरेखया वलयितः सर्वोऽप्ययं नन्वणु-
स्तं स्वीकृत्य स एव संयुगशतै राज्ञां गणैर्भुज्यते ।
ते दद्युर्ददतेऽथवा किमपि न क्षुद्रा दरिद्रा भृशं
धिग्धिक्तान्पुरुषाधमान्धनकणं वाञ्छन्ति तेभ्योऽपि ये ॥५९॥

જળની રેખાથી (સમુદ્રવડે) વિંટળાયલો આ આખો પૃથ્વીરૂપી મૃત્તિકાનો પિંડ પણ નાનો છે. રાજાઓના સમૂહો હજારો લઢાઇઓ કરીને તે મૃત્તિકાપિંડને ગ્રહણ

* પૂર્વાર્ધનો અર્થ આ છે. મી० તેલંગ આ પ્રમાણે કરે છે:- 'જે હજારો રાજાઓથી એક ક્ષણવાર પણ અભુક્ત રહી નથી, તે પૃથ્વી મેળવવામાં તે રાજાઓ શું અભિમાન રાખતા હશે?'

કરીને ભોગવે છે; તે ક્ષુદ્ર અને અત્યંત દરિદ્ર રાજાઓ થોડુંક આપે છે, અથવા તો કંઇ પણ આપતા નથી. જે પુરુષો તે રાજાઓની પાસેથી પણ કિંચિત્ ધનની વાંછા કરે છે, તે અધમ પુરુષોને ધિક્કાર હોજો. ૫૯

અહંકારી પુરુષ પ્રતિ

નિરંતર ઈશ્વરનું આરાધન કરનારને જ ધન્ય છે.

शिखरिणीवृत्त

स जातः कोऽप्यासीन्मदनरिपुणा मूर्ध्नि धवलं
कपालं यस्योच्चैर्विनिहितमलङ्कारविधये।
नृभिः प्राणत्राणप्रवणमतिभिः कैश्चिदधुना
नमद्भिः कः पुंसामयमतुलदर्पज्वरभरः ॥६०॥

જેનાં ધવલ કપાલને (ખોપરીને) મદનના રિપુ શંકરે પોતાના મસ્તક ઉપર અલંકારને ઠેકાણે રાખ્યું હતું, તે જ પુરુષનાં જીવિતને ધન્ય છે; પણ હાલ તો પોતાના પ્રાણનું રક્ષણ કરવામાં જ પ્રવીણ મતિવાળા કેટલાએક પુરુષોના નમસ્કારોથી પુરુષોને અતુલ દર્પરૂપી મહા જ્વર આવે છે એ શું? ૬૦

અર્થાત્ પ્રાણનું રક્ષણ કરનારા એટલે મરણથી ભય પામનારા અને મનુષ્યોના નમનથી પ્રસન્ન થનારાના જીવતરને ધન્ય નથી, પણ જેના કપાલને શંકર પોતાની રુંઢમાળામાં રાખે છે, તે પુરુષનાં જીવતરને જ ધન્ય છે. જે શંકરને સેવે છે ને તેને શરણે જાય છે, તેના મસ્તકને પોતાનો ઇષ્ટ ભક્ત ગણી, શંકર મસ્તકપર અથવા પોતાના કંઠની રુંઢમાળામાં રાખે છે-છાતીપર ને છાતીપર રાખે છે. રામર્ષિ કહે છે કેઃ-वदान्यानां जितेंद्रियाणां सत्यसंधानां शूराणां

च युद्धनिहतानां शिरांसि श्रीमहादेवः शिरसि बिभर्ति [इत्यागमः] ઉદાર, જિતેન્દ્રિય, સત્યવાદી, શૂર અને સંગ્રામમાં હણાયલાનાં કપાળ–મસ્તક–ખોપરીઓને મહાદેવ મસ્તકપર અથવા પોતાની છાતી ઉપર રાખે છે.

૭ મનના નિયમનનું પ્રકરણ ૬૧–૭૦

અવ૦–કોઇનું આરાધન કર્યા કરતાં આત્માનું આરાધન કરવું ઉત્તમ છે.

शिखरिणीवृत्त

परेषां चेतांसि प्रतिदिवसमाराध्य बहुधा
प्रसादं किं नेतुं विशसि हृदयक्लेशकलिलम्।
प्रसन्ने त्वय्यन्तः स्वयमुदितचिन्तामणिगुणे
विमुक्तः संकल्पः किमभिलषितं पुष्यति न ते ॥६१॥

હે હૃદય! પ્રતિ દિવસ અનેક પ્રકારે પારકાનાં ચિત્તનું આરાધન કરી, તેમને પ્રસન્ન કરવા માટે તું મહાકલેશ શું કરવા વેઠે છે? કારણ કે જેનામાં ચિંતામણિના ગુણોનો ઉદય થયેલો છે એવો તું પોતે અંતઃકરણમાં પ્રસન્ન થયા પછી, તે છેલ્લો સંકલ્પ તારી કયી કામનાને પૂર્ણ ન કરે વારૂ? ૬૧

અર્થાત્ જયારે સંકલ્પથી રહિત થયેલું મન, શાન્તિથી પ્રસન્ન થાય છે ત્યારે તે ચિન્તામણિના ગુણને પામે છે, એટલે કે જે વસ્તુની ઈચ્છા થાય તે આપે છે; ત્યારે પછી બીજા કોઇના ચિત્તને પ્રસન્ન કરવાને માટે મહાકલેશમાં પડવાનું શું કારણ છે? संकल्पप्रभवान्कामांस्त्यक्त्वा सर्वानशेषतः + + × + + प्रशांतमनसं ह्येनं योगिनं सुखमुत्तमम् ભગવદ્ગીતા અ. ૬ ઠ્ઠો, શ્લોક (૨૪–૨૭) સંકલ્પથી ઉપજેલા કામાદિનો

ત્યાગ કર્યા પછી, શાંતિ પામેલું મન યોગીને ઉત્તમ સુખ આપે છે.

पृथ्वीवृत्त

परिभ्रमसि किं मुधा क्वचन चित्त विश्राम्यतां
स्वय भवति यद्यथा भवति तत्तथा नान्यथा।
अतीतमननुस्मरन्नपि च भाव्यसङ्कल्पय-
न्नतर्कितसमागमाननुभवामि भोगानहम् ॥६२॥

હે ચિત્ત! તું વ્યર્થ શા માટે ભ્રમણ કરે છે વારૂ? કોઈક સ્થળે વિશ્રાંતિ લે. જે કાર્ય જે પ્રકારે થતું હોય તે કાર્ય તે પ્રકારે પ્રયત્ન વિના પોતાની મેળે થાય છે. અન્યથા થતું નથી. ગતકાળનું ચિંતન ન કરતાં તથા ભવિષ્ય-કાળનો સંકલ્પ ન કરતાં હું તો અકલ્પિત સમાગમોને ધરાવતા ભોગોનો અનુભવ કરૂં છું. ૬૨

મનને શિખામણ.

शार्दूलविक्रीडितवृत्त

एतस्माद्विरमेन्द्रियार्थगहनादायासदादाश्रय
श्रेयोमार्गमशेषदुःखशमनव्यापारदक्षं क्षणात्।
शान्तं भावमुपैहि संत्यज निजां कल्लोललोलां गतिं
मा भूयो भज भंगुरां भवरतिं चेतः! प्रसीदाधुना ॥६३॥

હે ચિત્ત! નિરંતર દુઃખ દેનારા આ ઈંદ્રિયોના ગહન વિષયોથી તું ઝટ પાછું ફર તથા શ્રેયના માર્ગરૂપ અને અશેષ દુઃખને શાન્તિ કરવામાં કુશળ એવા શાન્ત ભાવનો એક ક્ષણવાર અંગીકાર કર. જલતરંગ જેવી ચંચળ એવી પોતાની બુદ્ધિનો ત્યાગ કર અને ક્ષણભંગુર સંસારની પ્રીતિનો ત્યાગ કરીને હવે પ્રસન્ન થા. ૬૩

તાત્પર્ય–ઇન્દ્રિયસુખ દુઃખકર છે તેને છોડી દે. સંસારમાં સઘળું અનિત્ય અને ચંચળ છે તે તજીને નિત્ય તથા સ્થિર ભાવમાં પ્રવૃત્ત થા.

અવ૦–સાંસારિક પુરુષની પોતાનાં ચિત્તપ્રતિ ઉક્તિ.

शार्दूलविक्रीडितवृत्त

मोहं मार्जय तामुपार्जय रतिं चन्द्रार्धचूडामणौ
चेतः स्वर्गतरङ्गिणीतटभुवामासंगमङ्गीकुरु।
को वा वीचिषु बुद्बुदेषु च तडिल्लेखासु च स्त्रीषु च
ज्वालाग्रेषु च पन्नगेषु च सरिद्वेगेषु च प्रत्ययः ॥६४॥

હે ચિત્ત! મોહને તજી દે અને જેમની જટામાં અર્ધચંદ્ર રહેલો છે એવા શિવમાં પ્રીતિ સંપાદન કર તથા સ્વર્ગતરંગિણી–ગંગાના તીર પ્રદેશના સંગનો અંગીકાર કર; કારણ કે*-તરંગમાં, પરપોટામાં, વિજળીના લિસોટામાં, સ્ત્રીઓમાં, જવાળાના અગ્રભાગમાં, સર્પમાં અને નદીના વેગમાં વિશ્વાસ શો રાખવો ? ૬૪

તાત્પર્ય–આ સંસાર તરંગ, પરપોટા, વિદ્યુલ્લતા, સ્ત્રી અને નદીના વેગ જેવો ક્ષણભંગુર છે, તેનો વિશ્વાસ રાખીશ નહિ. કાલે શું થશે તે કોને માલમ છે? માટે હે મન! સંસારના મિથ્યા અને અનિત્ય મોહને છોડી દઇ, શંકરના પદમાં અને ગંગાજી ઉપરનાં પુણ્યારણ્યોમાં પ્રીતિ કર–ત્યાં જઇ તેમના સમીપમાં નિવાસ કર.

शार्दूलविक्रीडितवृत्त

चेतश्चिन्तय मा रमां सकृदिमामस्थायिनीमास्थया
भूपालभ्रुकुटीकुटीविहरणव्यापारपण्याङ्गनाम्।

* આ ઠેકાણે 'જો તું ધારતું હોય કે સુખ લીધા પછી વૃદ્ધાવસ્થામાં વનવાસ કરીશ તો તે ધારવું અનુચિત છે.' એવો અર્થ પણ લેવાય છે.

कन्थाकञ्चुकिनः प्रविश्य भवनद्वाराणि वाराणसी-
रथ्यापङ्क्तिषु पाणिपात्रपतितां भिक्षामपेक्षामहे ॥६५॥

હે ચિત્ત! તું અસ્થિર રાજાઓની ભ્રુકુટીરૂપ વ્યાપારવાળી વ્યભિચારિણી જેવી આ સંપત્તિ તરફ આદરપૂર્વક કદાચિત્ પણ જોઈશ નહિ. (તે સંપત્તિ મેળવવા માટે તું પ્રયત્ન કરીશ નહિ.) કંથાને જ બખતર બનાવનારા અમે કાશીનગરીના રાજમાર્ગોની હારપરના ઘરોના દ્વારોમાં પ્રવેશ કરી હાથરૂપ પાત્રમાં પડેલી ભિક્ષાની અપેક્ષા કરીએ છીએ. ૬૫

અવ૦–સુખ હોય તો તે લે, નહિ તો સમાધિ લે.

मन्दाक्रान्तावृत्त

अग्रे गीतं सरसकवयः पार्श्वतो दाक्षिणात्याः
पृष्ठे लीलावलयरणितं चामरग्राहिणीनाम् ।
यद्यस्त्येवं कुरु भवरसास्वादने लम्पटत्वं
नो चेच्चेतः प्रविश सहसा निर्विकल्पे समाधौ ॥६६॥

હે ચિત્ત! જો (તારી) આગળ ગાયન થતાં હોય, જોડે દક્ષિણ દેશના રસિક કવિઓ બેસતા હોય અને પાછળથી લટકાબંધ ચામર કરતી સ્ત્રીઓનાં કંકણોનો ખણ ખણાટ થતો હોય તો જ સંસાર રસનું આસ્વાદન કરવાની લાલચ રાખજે. નહિતર તરત નિર્વિકલ્પ સમાધિમાં જ લીન થજે. ૬૬*

---

*નરકમાંથી તારનાર શું?

हरिणीवृत्त

विरमत बुधा योषित्संगात्सुखात्क्षणभंगुरा-
त्कुरुत करुणामैत्रीप्रज्ञावधूजनसङ्गमम् ।
न खलु नरके हाराक्रान्तं घनस्तनमण्डलं
शरणमथवा श्रोणीबिम्बं रणन्मणिमेखलम् ॥ ☞

वसन्ततिलकावृत्त

> प्राप्ताः श्रियः सकलकामदुघास्ततः किं
> दत्तं पदं शिरसि विद्विषतां ततः किम्।
> संमानिताः प्रणयिनो विभवैस्ततः किं
> कल्पं स्थितं तनुभृतां तनुभिस्ततः किम्॥६७॥

સર્વે કામનાઓને પૂરે એવી લક્ષ્મી પ્રાપ્ત થઇ તેથી શું? શત્રુઓના શિર ઉપર પગ મૂકયો તો તેથી શું? સેવકોને વૈભવોથી સન્માન આપ્યું તેથીએ શું? અને એક કલ્પ પર્યન્ત મનુષ્યોના શરીરથી જીવ્યા તો તેથી પણ શું? ૬૭

તાત્પર્ય-લક્ષ્મી ચપળ છે—અંતે કયારેય ફીટી જશે; શત્રુઓને જિત્યા તેથી શું? કારણ કે છેવટે તો આપણે પણ ચાલ્યા જવાના છીએ; સેવકોનું સન્માન કર્યું તેથી પણ શું? તે સેવકો પણ દ્રવ્ય હશે ત્યાં સૂધી રહેશે ને

☞ હે પંડિતો! સ્ત્રીસંગથી થનારા ક્ષણભંગુર સુખથી વિરામ પામો અને કરુણા, મૈત્રી તથા પ્રજ્ઞારૂપી વધૂનો સંગ કરો; કારણ કે હારયુક્ત ભારે સ્તનમંડળ કે મણિની મેખલાથી રૂમઝુમ થતું શ્રોણીબિંબ* કંઇ નરકમાં શરણ (તારનાર) થનાર નથી.

તાત્પર્ય-હે પંડિતો! બુદ્ધિમાન્-વિદ્વાન્ એવા હર કોઈએ નરકમાંથી તરવું હોય તો સ્ત્રીસંગનું ક્ષણિક સુખ છોડી સર્વે પ્રાણી ઉપર દયા† અને મૈત્રી રાખવી તથા પ્રજ્ઞા-આત્મજ્ઞાનરૂપી વધૂનો સંગ કરવો. (આ શ્લોક શૃંગારશતકમાં ૬૭ મો છે.)

---

* શ્રોણીબિંબ-નિતંબનો ભાગ.

† સર્વે પ્રાણી ઉપર મૈત્રી અને દયા છે, તે નરકમાંથી પણ તારનાર છે. દયાજ ધર્મનું મૂળ છે.

માન આપશે; અને શરીર એક કલ્પ સૂધી ટકે તો પણ શું? કારણ કે એ સર્વેનો અંત છે, માત્ર ઈશ્વરનામ જ નિત્ય અમર છે.*

वसन्ततिलकावृत्त

भक्तिर्भवे मरणजन्मभयं हृदिस्थं
स्नेहो न बन्धुषु न मन्मथजा विकाराः।
संसर्गदोषरहिता विजना वनान्ता
वैराग्यमस्ति किमतः परमर्थनीयम् ॥९८॥

શંકરમાં ભક્તિ, હોય, હૃદયમાં જન્મ મરણનો ભય, હોય, બંધુઓમાં નિઃસ્નેહતા, હોય, કામોત્પન્ન વિકારો ન હોય, સંસર્ગ દોષથી રહિત એવા વિજન વનોના પ્રદેશમાં વાસ હોય તથા જેને વૈરાગ્યહોય તો આ પછી બીજું શું પ્રાર્થનીય છે? ૯૮

બ્રહ્મચિંતન જ શ્રેયસ્કર છે.

वसन्ततिलकावृत्त

तस्मादनन्तमजरं परमं विकासि
तद्ब्रह्म चिन्तय किमेभिरसद्विकल्पैः।

---

*स्रग्धरावृत्त

जीर्णा कन्था ततः किं सितममलपटं पट्टसूत्रं ततः कि-
मेका भार्या ततः किं हयकरिसुगणैरावृतो वा ततः किम्।
भक्तं भुक्तं ततः किं कदशनमथवा वासरान्ते ततः किम्
व्यक्तज्योतिर्न चान्तर्मथितभवभयं वैभवं वा ततः किम्॥

ફાટેલી કંથા હોય તોય શું ને સ્વચ્છ ધોળું રેશમી વસ્ત્ર હોય તોય શું? એકલી સ્ત્રી જ હોય તોય શું અને હય ગજના ઉત્તમ ગણોથી વિંટાયલા હોઈએ તોય શું? ભાતનું ભોજન હોય તોય શું અને સાંજે નઠારું અનાજ મળે તોય શું? તથા મનમાં સ્પષ્ટ બ્રહ્મજ્ઞાન ન થાય અને સંસારના ભયનું મથન કરનારો વૈભવ મળે તો પણ શું?

यस्यानुषङ्गिण इमे भुवनाधिपत्य-
भोगादयः कृपणलोकमता भवन्ति ॥६९॥

જે બ્રહ્મને અનુસરનારા તત્ત્વવેત્તા પુરુષને આ પૃથ્વીના અધિપતિપણાના ભોગાદિ વૈભવો કૃપણ લોકોએ માન્ય કરેલા લાગે છે, માટે અનંત, અજર, ઉત્તમ અને પ્રકાશરૂપ તે બ્રહ્મનું ચિંતન કર. આ અસત્ય એવા દેહ વગેરે પદાર્થોનું શું પ્રયોજન છે? ૬૯

वसन्ततिलकावृत्त

पातालमाविशसि यासि नभो विलंघ्य
दिङ्मण्डलं भ्रमसि मानस चापलेन ।
भ्रान्त्वापि जातु विमलं कथमात्मनीनं
तद्ब्रह्म न स्मरसि निर्वृतिमेषि येन ॥७०॥

હે મન! તું ચંચલતાથી પાતાળમાં પ્રવેશ કરે છે, આકાશનું ઉલ્લંઘન કરીને જાય છે અને દિશાઓનાં મંડળમાં ભમે છે; એવી રીતે ભમીને પણ નિર્મલ અને પોતાનું કલ્યાણ કરનારા એવા તે બ્રહ્મનું સ્મરણ કરતું નથી, કે જે સ્મરણ કરવાથી તું શાંતિને પ્રાપ્ત થઈશ. ૭૦

૮ નિત્યાનિત્યવસ્તુના વિચારનું પ્રકરણ ૭૧-૮૦

અવ૦-સંસારના ક્ષણભંગુર સઘળા વ્યાપારો તજી, જેથી બ્રહ્મજ્ઞાન થાય તેવો વ્યવહાર કરવો, એમ જણાવવા માટે કહે છે.

शार्दूलविक्रीडितवृत्त

किं वेदैः स्मृतिभिः पुराणपठनैः शास्त्रैर्महाविस्तरैः
स्वर्गग्रामकुटीनिवासफलदैः कर्मक्रियाविभ्रमैः ।
मुक्त्वैकं भवबन्धदुःखरचनाविध्वंसकालानलं
स्वात्मानन्दपदप्रवेशकलनं शेषा वणिग्वृत्तयः ॥७१॥

જેમાં કર્મ કહેલાં છે તેવા વેદો, ધર્મ, અર્થ અને કામમાં પ્રવર્તાવનારી સ્મૃતિઓ, વ્રત વગેરે જણાવનારા પુરાણોના પાઠો, મોટાં વિસ્તારવાળાં શાસ્ત્રો અને સ્વર્ગરૂપી ગામની એક ઝુપડીમાં નિવાસરૂપી ફળને આપવાવાળા યજ્ઞ વગેરે કર્મક્રિયાના વિલાસોનું શું પ્રયોજન છે? કારણ કે સંસારના બંધનરૂપી દુઃખની રચનાનો નાશ કરવામાં પ્રલયના અગ્નિ જેવાં એક બ્રહ્મજ્ઞાનરૂપી સ્થાનમાં પ્રવેશ વિના અર્થાત્ પરબ્રહ્મનાં પદની પ્રાપ્તિ વિના બીજી વૃત્તિઓ વ્યાપારની પેઠે જીવિકા માટે છે. ૭૧

અવ૦-ભલભલાનો નાશ છે, તો આ દેહનું શું ગજું!?

शिखरिणीवृत्त

यदा मेरुः श्रीमान्निपतति युगान्ताग्निनिहतः
समुद्राः शुष्यन्ति प्रचुरमकरग्राहनिलयाः।
धरा गच्छत्यन्तं धरणिधरपादैरपि धृता
शरीरे का वार्ता करिकरभकर्णाग्रचपले ॥७२॥

જ્યારે યુગાંતના અગ્નિથી બળતાં શ્રીમાન્ મેરુપર્વત પણ પડી જાય છે, જ્યારે ઘણા મગર અને ગ્રાહના ઘરરૂપ સમુદ્રો* પણ સૂકાઈ જાય છે અને જ્યારે પર્વતોનાં ચરણોથી ધરાયલી ધરાનો પણ અંત આવી જાય છે, ત્યારે બાળહસ્તીના કર્ણના છેડા જેવા ચપળ શરીરની શી વાત! ૭૨

તાત્પર્ય-મેરુ પર્વત પડે છે, સમુદ્ર સૂકાઈ જાય છે અને પૃથ્વીનો પણ અંત આવી જાય છે તો ક્ષણભંગુર દેહ તે કોણ માત્ર?

---

* સમુદ્ર સાત છે અને તેનાં નામ-ક્ષીરોદ, ઇક્ષુરસોદ, સુરોદ, ઘૃતોદ, દધિમંડોદ, ક્ષારોદ અને શુદ્ધોદ.

શરીરમાં વિકાર કરનાર ઘડપણની નિન્દા.

शार्दूलविक्रीडितवृत्त

गात्रं संकुचितं गतिर्विगलिता भ्रष्टा च दन्तावलि-
र्दृष्टिर्नश्यति वर्धते बधिरता वक्त्रं च लालायते।
वाक्यं नाद्रियते च बान्धवजनो भार्या न शुश्रूषते
हा कष्टं पुरुषस्य जीर्णवयसः पुत्रोऽप्यमित्रायते ॥७३॥

શરીર સંકોચાઈ ગયું એટલે દૂબળું થઈ ગયું, ચાલી શકાતું નથી, દાંતની પંક્તિ પડી ગઈ, દૃષ્ટિનો નાશ થયો, બહેરાપણું વધી ગયું, મોંઢામાંથી લાળ ગળે છે, સંબંધીઓ બોલવાને માન આપતાં નથી, સ્ત્રી સેવા કરતી નથી; હાય! એ કેવા કષ્ટની વાત છે કે, વૃદ્ધ પુરુષની સાથે પુત્ર પણ શત્રુની પેઠે વર્તે છે. ૭૩

बसन्ततिलकावृत्त

वर्णं सितं झटिति वीक्ष्य शिरोरुहाणां
स्थानं जरा परिभवस्य तदा पुमांसम्।
आरोपितास्थिशतकं परिहृत्य यान्ति
चण्डालकूपमिव दूरतरं तरुण्यः ॥७४॥

જ્યારે પુરુષના વાળોનો ધોળો વર્ણ બની જાય, તે વૃદ્ધાવસ્થાને લીધે અપમાનનું સ્થાન બને અને તેના શરીર-પર સેંકડો હાડકાંઓ જાણે કે ચડાવેલાં હોય એમ દેખાય ત્યારે ચંડાલના કૂવાની પેઠે તે પુરુષનો સત્વર ત્યાગ કરીને તરુણીઓ અતિ દૂર નીકળી જાય છે. ૭૪

શરીર સ્વસ્થ હોય ત્યાં સ્વધીમાં શ્રેય સંપાદન માટે યત્ન કરવો.

शार्दूलविक्रीडितवृत्त

यावत्स्वस्थमिदं शरीरमरुजं यावच्च दूरे जरा
यावच्चेन्द्रियशक्तिरप्रतिहता यावत्क्षयो नायुषः।

आत्मश्रेयसि तावदेव विदुषा कार्यः प्रयत्नो महान्
प्रोद्दीप्ते भवने तु कूपखननं प्रत्युद्यमः कीदृशः ॥७५॥

જ્યાં સુધી આ શરીર રોગરહિત અને પીડા વિનાનું હોય, જ્યાં સુધી ઘડપણ આવ્યું ન હોય, જ્યાં સુધી ઇન્દ્રિયોની શક્તિ ક્ષીણ ન થઇ હોય અને જ્યાં સુધી આયુષ્ય ક્ષીણ થયું ન હોય, ત્યાં સુધી વિદ્વાને આત્માના કલ્યાણ માટે મહાન્ પ્રયત્ન કરવો; કારણ કે ઘર બળતું હોય ત્યારે કૂવો ખોદવો, એ કેવો ઉદ્યમ કહેવાય? ૭૫

તાત્પર્ય-જેમ ઘર બળવા લાગે ત્યારે કૂવો ખોદવો વ્યર્થ છે, તેમ શરીર અશક્ત થાય ત્યારે આત્માના કલ્યાણ માટે પ્રયાસ કરવો, એ પણ વ્યર્થ છે.

અવ૦-શું કરવું ને શું નહિ કરવું?

शिखरिणीवृत्त

तपस्यन्तः सन्तः किमधिनिवसामः सुरनदीं
गुणोदारान्दारानुत परिचयामः सविनयम् ।
पिबामः शास्त्रौघानुत विविधकाव्यामृतरसा-
न्न विद्मः किं कुर्मः कतिपयनिमेषायुषि जने ॥७६॥

ગંગાના તટ ઉપર જઇને તપશ્ચર્યા કરીએ કે ઉદાર ગુણવાળી સ્ત્રીઓને સવિનય સેવીએ કે વિવિધ કાવ્યરૂપ અમૃત રસોનું પાન કરીએ; અમે સમજી શકતા નથી કે શું કરીએ? કારણ કે મનુષ્યનું આયુષ્ય તો અલ્પ-નિમેષવાળું છે. ૭૬

અર્થાત્-મનુષ્યનું આયુષ્ય અલ્પ છે, માટે શું કરવું તે કંઇ સમજાતું નથી.

અવ૦-સંસારમાં સર્વ ક્ષણભંગુર છે.

शिखरिणीवृत्त

दुराराध्यः स्वामी तुरगचलचित्ताः क्षितिभुजो
वयं तु स्थूलेच्छा महति च पदे बद्धमनसः ।

जरा देहं मृत्युर्हरति सकलं जीवितमिदं
सखे ! नान्यच्छ्रेयो जगति विदुषोऽन्यत्र तपसः ॥७७॥

સ્વામીને પ્રસન્ન કરવો કઠણ છે કારણ કે રાજાઓ અશ્વના જેવા ચંચળ ચિત્તવાળા છે અને જ્યારે આપણી ઇચ્છાઓ (તો) મોટી છે ત્યારે ચિત્ત ઊંચાં પદમાં લાગેલાં છે. જરા દેહનો નાશ કરે છે અને મૃત્યુ સકળ જીવિતનો નાશ કરે છે. માટે હે સખા! આ જગતમાં વિદ્વાનને તપ વિના બીજું શ્રેયસ્કર નથી. ૭૭

તાત્પર્ય—એક એકથી મોટી મોટી આશાઓમાં એક્કેથી સંતોષ નહિ થાય અને રાત દિવસ એની એ આશામાં મન ક્લેશિત રહેશે, તેના કરતાં ક્લેશનો ત્યાગ કરી તપ તપવું એ ઉત્તમ ! કારણ કે તપસ્વી થયા એટલે આત્મક્લેશ વિરામ પામે છે.

शार्दूलविक्रीडितवृत्त

माने म्लायिनि खण्डिते च वसुनि व्यर्थं प्रयातेऽर्थिनि
क्षीणे बन्धुजने गते परिजने नष्टे शनैर्यौवने।
युक्तं केवलमेतदेव सुधियां यज्जह्नुकन्यापयः
पूतग्रावगिरीन्द्रकन्दरदरीकुञ्जे निवासः क्वचित् ॥७८॥

માન ભ્રષ્ટ થયું હોય, ધન નાશ પામ્યું હોય, માગણ નિરાશ થઈને પાછા જતા હોય, બંધુજન ક્ષીણ થયા હોય, ચાકરો જતા રહ્યા હોય અને યૌવન ધીરે ધીરે નષ્ટ થતું હોય, ત્યારે બુદ્ધિમાન્ મનુષ્યોને તો કેવળ એ જ યોગ્ય છે કે, ગંગાના જળથી પવિત્ર થયેલાં પ્રસ્તરવાળા હિમગિરિની કંદરામાં કોઈ સુંદર ગુફામાંના લતામંડપમાં નિવાસ કરવો. ૭૮

અર્થાત્ આ રીતે જેનો સંસાર છિન્નભિન્ન થઈ ગયો હોય, તેણે પુનઃ સંસારમાં ન પડતાં તીર્થવાસ કરી ભગવદ્ભજન કરવું એ જ શ્રેષ્ઠ છે.

અવ૦–ચિત્ત સ્થિર ન થયું હોય તો સઘળી મનોહર વસ્તુ પણ અમનોહર લાગે છે, માટે ચિત્ત સ્થિર કરવું જોઈએ.

शार्दूलविक्रीडितवृत्त

रम्याश्चन्द्रमरीचयस्तृणवती रम्या वनान्तस्थली
रम्यः साधुसमागमः शमसुखं काव्येषु रम्याः कथाः ।
कोपोपाहितबाष्पबिन्दुतरलं रम्यं प्रियाया मुखं
सर्वं रम्यमनित्यतामुपगते चित्ते न किंचित्पुनः ॥७९॥

ચન્દ્રનાં કિરણો રમ્ય છે, ઘાસવાળા વનના સીમાપ્રદેશો રમ્ય છે, સત્પુરુષનો સમાગમ રમ્ય છે, શાંતિનું સુખ રમ્ય છે, કાવ્યની કથાઓ રમ્ય છે, કોપથી આવેલાં આંસુનાં બિંદુથી ચંચલ એવું સ્ત્રીનું મુખ રમ્ય હોય છે, એવી રીતે સઘળું રમ્ય છે, પરંતુ ચિત્ત અસ્થિર હોય તો કશું રમ્ય લાગતું નથી. ૭૯

शार्दूलविक्रीडितवृत्त

रम्यं हर्म्यतलं न किं वसतये श्राव्यं न गेयादिकं
किंवा प्राणसमासमागमसुखं नैवाधिकं प्रीतये ।
किंतूद्भ्रान्तपतत्पतङ्गपवनव्यालोलदीपांकुर-
च्छायाचञ्चलमाकलय्य सकलं सन्तो वनान्तं गताः॥८०॥

રહેવાને માટે શું રમ્ય મંદિર નથી? સાંભળવા યોગ્ય ગાયનાદિ પણ શું નથી? અથવા તો પ્રાણ સમાણી નારીસમાગમનું સુખ પણ શું પ્રીતિને માટે અધિક નથી? સર્વે છે; પરંતુ તે સર્વ ભ્રાંતને પામવાથી દીવા તરફ જઈ

પડતા પતંગના પવનથી ચંચળ દીપકના અંકુરની છાયા જેવું ચંચળ છે, એમ ધારીને જ સંતો વનમાં ગયા છે. ૮૦

તાત્પર્ય–પતંગિયાની પાંખોના પવનથી ડોલતી દીવાની જોત જેવાં જ ચંચળ સંસારનાં સુખ છે, એમ જાણીને સંત પુરુષો વનમાં વસ્યા છે. રંગમહેલ, ગાનતાન અને સમાગમ-સુખ એ સર્વ છે, પણ તે ચંચળ છે અને માત્ર ઇશ્વરનું નામ એક જ અચળ છે.

૯ શિવાર્ચનપ્રકરણ ૮૧–૯૦

અવ૦–મનને નિયમમાં રાખનાર પુરુષ દુર્લભ છે.

मन्दाक्रान्तावृत्त

आसंसारं त्रिभुवनमिदं चिन्वतां तात तादृङ्-
नैवास्माकं नयनपदवीं श्रोत्रवर्त्मागतो वा।
योऽयं धत्ते विषयकरिणीगाढगूढाभिमान-
क्षीवस्यान्तःकरणकरिणः संयमालानलीलाम् ॥८१॥

હે તાત! અમે સંસારપર્યંત ત્રણે ભુવનોમાં શોધી વળ્યા છીએ, પરંતુ એવો પુરુષ અમારા જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી, કે જે વિષયરૂપી હાથણી ઉપર અત્યંત ગૂઢ અભિમાનથી મદોન્મત્ત થયેલા અંતઃકરણરૂપી હાથીને બાંધવાને સંયમરૂપી ખૂંટારૂપ થઇ શકે. ૮૧

અર્થાત્–અમે ત્રણે લોક જોયા, પણ મનને નિયમમાં રાખે તેવો પુરુષ અમારા જોવામાં કે સાંભળવામાં આવ્યો નથી.

शिखरिणीवृत्त

यदेतत्स्वाच्छन्द्यं विहरणमकार्पण्यमशनं
सहायैः संवासः श्रुतमुपशमैकव्रतफलम्।

मनो मन्दस्पन्दं बहिरपि चिरस्यापि विमृश-
न्न जाने कस्यैषा परिणतिरुदारस्य तपसः ॥८२॥

અમારો આ સ્વચ્છન્દ વિહાર, ઉદાર ભોજન,* સાધુઓ સાથે વાસ, શાન્તિરૂપી વ્રતના ફળને આપનારું શાસ્ત્રશ્રવણ અને બાહ્ય વિષયોમાં મનની મંદતા† એ સઘળું કયા ઉત્કૃષ્ટ તપનું ફળ છે, તે ઘણા વખત સૂધી વિચારતાં પણ અમારાથી સમજાતું નથી. ૮૨

અવ૦–શિવચરણનું ધ્યાનજ મુક્તિનું સાધન છે.

शार्दूलविक्रीडितवृत्त

जीर्णा एव मनोरथाः स्वहृदये यातं जरा-यौवनं
हन्ताङ्गेषु गुणाश्च वन्ध्यफलतां याता गुणज्ञैर्विना।
किं युक्तं सहसाऽभ्युपैति बलवान् कालः कृतान्तोऽक्षमी
हा! ज्ञातं स्मरशासनांघ्रियुगलं मुक्त्वाऽस्ति नान्या गतिः ॥८३॥

મનોરથો પોતાના હૃદયમાં જીર્ણજ થઈ ગયા, તે જુવાની પણ ચાલી ગઈ, અરેરે! શરીરમાં શૌર્ય વગેરે ગુણો ગુણને જાણનારા વિના નિષ્ફળ થયા, અને બળવાન, સહન ન કરનાર અને નાશ કરનાર એવો કાળ પણ એકાએક ચઢી આવ્યો છે. માટે હવે શું કરવું યોગ્ય છે? હા! જાણવામાં આવ્યું કે, મહાદેવજીના બે ચરણના આશ્રય વિના બીજી ગતિ નથી. ૮૩

શિવશ્રદ્ધા.

वंशस्थवृत्त

महेश्वरे वा जगतामधीश्वरे जनार्दने वा जगदन्तरात्मनि।
तयोर्न भेदप्रतिपत्तिरस्ति मे तथापि भक्तिस्तरुणेन्दुशेखरे॥८४॥

---

* ઉદાર-ઉમદા–noble. † બાહ્ય વિષયોથી પરાઙ્મુખ.

જો કે જગતના નિયંતા મહાદેવજી અને જગતના અંતર્યામી વિષ્ણુ ભગવાન્ એ બન્નેમાં ભેદનું જ્ઞાન નથી, તો પણ તરુણેન્દુશેખર એવા શંકર ઉપર મારી ભક્તિ છે. ૮૪ *

शिखरिणीवृत्त

स्फुरत्स्फारज्योत्स्नाधवलिततले क्वापि पुलिने
सुखासीनाः शान्तध्वनिषु रजनीषु द्युसरितः ।
भवाभोगोद्विग्नाः शिवशिवशिवेत्यार्तवचसा
कदा स्यामाऽऽनन्दोद्गतबहुलबाष्पाप्लुतदृशः ॥८५॥

વિસ્તાર પામતી વિપુલ ચંદનીને લીધે ધવલ થયેલા તલવાળા ગંગાના પુલિનપર કોઇપણ ઠેકાણે શાન્ત ધ્વનિવાળી રાત્રિઓમાં સુખથી બેઠેલા, ભવના ભોગ ભોગવ્યાથી

*અવ૦–શંકરના ધ્યાનમાં જ તત્પર પુરુષપર કામદેવનું કંઇ ચાલતું નથી.

शार्दूलविक्रीडितवृत्त

रे कन्दर्प करं कदर्थयसि किं कोदण्डटङ्कारवै
रे रे कोकिल कोमलैः कलरवैः किं त्वं वृथा जल्पसि ।
मुग्धे स्निग्धविदग्धमुग्धमधुरैर्लोलैः कटाक्षैरलं
चेतश्चुम्बितचन्द्रचूडचरणध्यानामृतं वर्तते ॥

રે કામદેવ ! તું ધનુષના ટંકારથી હાથને શું કામ પીડા આપે છે ? રે કોયલ ! તું મનોહર અવ્યક્ત મધુર શબ્દોવડે શા માટે વૃથા બોલે છે ? હે સુંદરિ ! તું સ્નેહવાળાં, ચતુર, મનોહર અને પ્રિય એવા કટાક્ષથી શા માટે જુવે છે ? કારણ કે મારું ચિત્ત, શંકરનાં ચરણનાં ધ્યાનરૂપી અમૃતનું પાન કરી રહ્યું છે.

તાત્પર્ય–શિવભક્તિમાં ભળેલા પુરુષને વિકાર થતો નથી.

ઉદ્વિગ્ન થયેલા અને શિવ, શિવ અને શિવ એમ આર્ત વચનનું ઉચ્ચારણ કરતા અમે આનંદથી ઉદ્ભવેલાં પુષ્કળ આંસુના પ્રવાહથી ભીંજાયલી દૃષ્ટિવાળા ક્યારે થઇશું? ૮૫*

शिखरिणीवृत्त

वितीर्णे सर्वस्वे तरुणकरुणापूर्णहृदयाः
स्मरन्तः संसारे विगुणपरिणामां विधिगतिः।
वयं पुण्यारण्ये परिणतशरच्चन्द्रकिरणै-
स्त्रियामां नेष्यामो हरचरणचित्तैकशरणाः॥८६॥

સર્વસ્વનું દાન કરી દીધા પછી ઘણી કરુણાથી પૂર્ણ થયેલાં હૃદયવાળા અને સંસારમાં વિધિની ગતિ વિગુણ પરિણામવાળી છે એવું સ્મરણ કરનારા તથા હરનું ચરણ જ જેઓના ચિત્તનું શરણ છે એવા અમે પુણ્યરૂપ અરણ્યમાં શરદની પૂર્ણિમાના પૂર્ણ ચંદ્રની ચાંદનીમાં રાત્રિઓ ગાળીશું. ૮૬

*અવ૦—આશાનો ત્યાગ કરવો, એ અત્યંત સુખનું કારણ છે.

शिखरिणीवृत्त

महादेवो देवः सरिदपि च सैवामरसरि-
द्गुहा एवागारं वसनमपि ता एव हरितः।
सुहृद्वा कालोऽयं व्रतमिदमदैन्यव्रतमिति
कियद्वा वक्ष्यामो वटविटप एवास्तु दयिता॥

મહાદેવ એ જ દેવ છે, નદી પણ તે જ પ્રસિદ્ધ ગંગા છે, ગુફા એ જ ઘર છે, દિશાઓ જ વસ્ત્ર છે, કાલ મિત્ર છે અને વડની શાખા સ્ત્રી છે. એવી રીતે આ વ્રત દીનતા વિનાનું અર્થાત્ ઉદારતાવાળું વ્રત છે. હવે કેટલું કહીએ?

અર્થાત્-ગંગામાં સ્નાન કરી જીવવું ઉત્તમ છે, પણ માગી ખાઇને જીવવું ઉત્તમ નથી.

અર્થાત્-સંસારની પ્રવૃત્તિ મિથ્યા છે, એમ માન્યા પછી જ આનંદથી ઇશ્વરપરાયણ થવાય છે અને તેજ કાળ સુખમાં જાય છે.

कदा वाराणस्याममरतटिनीरोधसि वस-
न्वसानः कौपीनं शिरसि निदधानोऽञ्जलिपुटम् ।
अये गौरीनाथ ! त्रिपुरहर ! शम्भो ! त्रिनयन !
प्रसीदेत्याक्रोशन्निमिषमिव नेष्यामि दिवसान् ॥८७॥

કાશી નગરીમાં ગંગા નદીના તીર પર નિવાસ કરતો, લંગોટી પહેરતો તથા મસ્તક પર અંજલિસંપુટ કરી અર્થાત્ હાથ જોડી નમસ્કાર કરતો કરતો હું 'હે ગૌરીનાથ! હે ત્રિપુરાંતક! હે શંભો! હે ત્ર્યંબક! તું મારા પર પ્રસન્ન થા!' આવી રીતે આક્રોશ કરીને ક્ષણ માત્રની પેઠે અનેક દિવસોને ક્યારે વ્યતીત કરું વારૂ? ૮૭

પરસેવાની નિંદા.

स्रग्धरावृत्त

स्नात्वा गाङ्गैः पयोभिः शुचिकुसुमफलैरर्चयित्वा विभो त्वां
ध्येये ध्यानं नियोज्य क्षितिधरकुहरग्रावपर्यङ्कमूले ।
आत्मारामः फलाशी गुरुवचनरतस्त्वत्प्रसादात्स्मरारे
दुःखान्मोक्ष्ये कदाऽहं समकरचरणे पुंसि सेवासमुत्थात् ॥८८॥

હે સ્મરારે! હે શંકર! સ્વસ્વરૂપમાં રમવાવાળો, સ્વર્ગ વગેરેની આશા ન કરનારો અને ગુરુના વચન ઉપર પ્રીતિ રાખનાર એવો હું, ગંગાના જળથી સ્નાન કરી, પવિત્ર પુષ્પ અને ફૂળોવડે આપનું પૂજન કરી, પર્વતની ગુફાના પથ્થરરૂપી શય્યાના મૂળમાં બેસીને ધ્યાન કરવા યોગ્ય એવા આપનુ જ ધ્યાન ધરી, તમારી કૃપાથી, ચરણપર

મગરના આકારની રેખાવાળા મહાભાગ્યસંપન્ન પુરુષની સેવાથી થતાં દુઃખમાંથી કયારે મુક્ત થઇશ ? ૮૮*

અનુષ્ટુભ્વૃત્ત

एकाकी निःस्पृहः शान्तः पाणिपात्रो दिगंबरः ।
कदा शंभो भविष्यामि कर्मनिर्मूलनक्षमः ॥८९॥

હે શંકર ! એકલો, નિઃસ્પૃહ, સંગરહિત, શાંત, હાથ-રૂપી પાત્રવાળો, દિગંબર અને કર્મને નિર્મૂળ કરવાને શક્તિવાન્ એવો હું કયારે થઇશ ? ૮૯

વૈરાગ્ય જ મેળવવા યોગ્ય છે.

शार्दूलविक्रीडितवृत्त

पाणिं पात्रयतां निसर्गशुचिना भैक्षेण सन्तुष्यतां
यत्र क्वापि निषीदतां बहुतृणं विश्वं मुहुः पश्यताम् ।

---

*शार्दूलविक्रीडितवृत्त

शय्या शैलशिला गृहं गिरिगुहा वस्त्रं तरूणां त्वचः
सारङ्गाः सुहृदो ननु क्षितिरुहां वृत्तिः फलैः कोमलैः ।
येषां निर्झरमम्बु पानमुचितं रत्यै च विद्याङ्गना
मन्ये ते परमेश्वराः शिरसि यैर्बद्धो न सेवाञ्जलिः ॥

જે પુરુષોને પર્વતની શિલા શય્યા હોય છે, પર્વતની ગુફા ઘર હોય છે, વૃક્ષોની છાલ વસ્ત્ર હોય છે, મૃગલાં અથવા પંખીઓ મિત્ર હોય છે, વૃક્ષોનાં કોમળ ફળવડે આજીવિકા હોય છે, ઝરણાંનાં જળનું ઉચિત પાન હોય છે, સ્ત્રીની પેઠે સુખ આપનારી વિદ્યારૂપી સ્ત્રી હોય છે અને જેઓએ રાજા વગેરેની સેવા માટે હાથ જોડ્યા નથી, તે પુરુષો પરમેશ્વર છે, એમ હું માનું છું.

તાત્પર્ય–આ પ્રમાણે જેઓ નિઃસ્પૃહ રહી જીવન ગાળ-નારા છે, તેઓને જ ધન્ય છે. ☞

अत्यागेऽपि तनोरखण्डपरमानन्दावबोधस्पृशा-
मध्वा कोऽपि शिवप्रसादसुलभः सम्पत्स्यते योगिनाम् ॥९०॥

હથેલીને ભોજનપાત્ર બનાવનારા, સ્વભાવતઃ પવિત્ર ભિક્ષાન્નથી સંતુષ્ટ થનારા, સ્મશાનમાં અથવા વનમાં ગમે તે સ્થળે બેસનારા, વારંવાર વિશ્વને અથવા તેમાંના પ્રપંચને તૃણસમાન તુચ્છ નીહાળનારા અને શરીરનો ત્યાગ ન કરતાં પણ અખંડ બ્રહ્માનંદના જ્ઞાનને સ્પર્શ કરનારા યોગી જનોનો શિવપ્રસાદથી સુલભ થતો અનિર્વચનીય યોગમાર્ગ સુસંપન્ન હોય છે. ૯૦

૧૦ અવધૂતચર્યાપ્રકરણ ૯૧-૧૦૦

નિરંતર ભગવાનના ધ્યાનમાં તત્પર યોગીની સ્થિતિ આવી હોય છે.

शार्दूलविक्रीडितवृत्त

कौपीनं शतखण्डजर्जरतरं कन्था पुनस्तादृशी
निश्चिन्तं सुखसाध्यभैक्ष्यमशनं शय्या स्मशाने वने ।
मित्रामित्रसमानताऽतिविमला चिन्ताथ शून्यालये
ध्वस्ताशेषमदप्रमादमुदितो योगी सुखं तिष्ठति ॥९१॥

☞ વિપત્તિમાં પડેલા કુટુંબની ઇચ્છાથી દુઃખ ભોગવવા કરતાં પરમ સુખ આપનાર ગંગાના તટ ઉપર નિવાસ કરવો ઉત્તમ છે.

स्रग्धरावृत्त

सत्यामेव त्रिलोकीसरिति हरशिरश्चुम्बिनीविच्छटायां
सद्वृत्तिं कल्पयन्त्यां वटविटपभवैर्वल्कलैः सत्फलैश्च ।
कोऽयं विद्वान् विपत्तिज्वरजनितरुजाऽतीव दुःखासिकानां
वक्त्रं वीक्षेत दुःस्थे यदि हि न बिभृयात्स्वे कुटुंबेऽनुकंपाम् ॥

જ્યારે વિપત્તિરૂપી જ્વરથી ઉત્પન્ન થયેલા રોગથી અતિશય દુઃખે કરી રહેવાવાળા સ્વકુટુંબ ઉપર દયા ન ☞

સો કકડાથી સાંધેલી અત્યંત જૂની લંગોટી, સો કકડાથી સાંધેલી જૂની કંથા, સુખથી મળે તેવી ભિક્ષાનું નિશ્ચિતપણાથી ભોજન, સ્મશાનમાં અથવા વનમાં સૂવાનું, મિત્ર અને શત્રુ ઉપર સમાન ભાવ રાખવો અને એકાંત સ્થળમાં ઈશ્વરનું શુદ્ધ (મને) ધ્યાન ધરવું–આ સર્વ સામગ્રીવાળો તથા જેનો સંપૂર્ણ મદ અને પ્રમાદ નાશ થયાં છે એવો આનંદમાં રહેનારો યોગી સુખમાં રહે છે. ૯૧

તાત્પર્ય–યોગાભ્યાસ કરતો ને ભગવાનના ધ્યાનમાં તત્પર રહેતો યોગી, ફાટેલી લંગોટી વગેરેથી ખિન્ન થતો નથી, પણ સુખથી રહે છે.

☞ રાખી શકાય તો શ્રીશંકરના મસ્તકનું ચુંબન કરનારી, કટિમેખલાની શોભાને ધારણ કરનારી ગંગા નદી, વટવૃક્ષોમાંથી થનારાં વલ્કલોવડે તથા ઉત્તમ ફળોવડે આજીવિકા પૂરી પાડતી હોવા છતાં કયો વિદ્વાન (કુટુંબ માંહેલા) દુઃખી સ્થિતિવાળાઓની પાસે રહી તેમના મુખનું અવલોકન કરતો રહે ?

તાત્પર્ય–દુઃખી સ્વજનોનું ભરણ પોષણ કરવા અસમર્થ પુરુષે નિર્દયતાથી તેમના દીન મુખોનું અવલોકન કરવા કરતાં નૈસર્ગિક સર્વ સાધનો વડે ઉપજીવિકા ચલાવનારી ગંગા નદીના તટ પર જઈ વસવું એ જ શ્રેયસ્કર છે.

અવ૦–વૈરાગ્યથી કાશીમાં વસવું એ ઉત્તમ છે.

शार्दूलविक्रीडितवृत्त

उद्यानेषु विचित्रभोजनविधिस्तीव्रातितीव्रं तपः
कौपीनावरणं सुवस्त्रममितं भिक्षाटनं मण्डनम्।
आसन्नं मरणं च मङ्गलसमं यस्यां समुत्पद्यते
तां काशीं परिहृत्य हन्त विबुधैरन्यत्र किं स्थीयते ॥ ☞

ભોગની આશા તજીને સર્વદા ભગવાનનું ધ્યાન જ ધરવું.

अनुष्टुभ्वृत्त

ब्रह्माण्डमण्डलीमात्रं किं लोभाय मनस्विनः।
शफरीस्फुरितेनाब्धेः क्षुब्धता जातु जायते ॥९२॥

બ્રહ્માંડનું મંડળ, શું વિવેકી પુરુષને લોભાવે છે? માછલીઓના સ્ફુરવાથી કોઇ દિવસ સમુદ્ર ચલાયમાન થાય છે શું? ૯૨ *

☞ જ્યાં ઉદ્યાનમાં ભાતભાતનાં ભોજન હોય છે, અત્યંત તીવ્ર કૃચ્છ્ર ચાંદ્રાયણાદિ તપ હોય છે, ગુહ્યસ્થાનને ઢાંકવા માટે સુંદર વસ્ત્ર હોય છે, અપરિમિત ભિક્ષાટન તે જ શોભા કરનારું હોય છે અને પાસે આવેલું મરણ મંગળ જેવું થાય છે, તે કાશીને છોડીને હાય હાય પંડિતો બીજે ઠેકાણે શા માટે રહેતા હશે? ☜

---

*અવ૦—સાર અને અસારના વિવેકવાળા પુરુષને વિવેકથી સર્વત્ર બ્રહ્મભાવ પ્રાપ્ત થાય છે.

शिखरिणीवृत्त

यदासीदज्ञानं स्मरतिमिरसंस्कारजनितं
तदा दृष्टं नारीमयमिदमशेषं जगदपि।
इदानीमस्माकं पटुतरविवेकाञ्जनजुषां
समीभूता दृष्टिस्त्रिभुवनमपि ब्रह्म मनुते ॥

જ્યારે કામદેવરૂપી અંધકારના સંસ્કારથી ઉત્પન્ન થયેલું અજ્ઞાન હતું ત્યારે આ સઘળું જગત્ સ્ત્રીમય જોવામાં આવતું હતું; હમણાં અત્યંત વિવેકરૂપી કાજળને સેવવાથી શત્રુ અને મિત્રમાં સમાન થયેલી અમારી દૃષ્ટિ ત્રણ જગતને બ્રહ્મમય દેખે છે. (આ શ્લોક શૃંગારશતકમાં ૬૯ મો છે.)

અવ૦—નિઃસ્પૃહીની લક્ષ્મીપ્રતિ ઉક્તિ.

शार्दूलविक्रीडितवृत्त

मातर्लक्ष्मि भजस्व कश्चिदपरं मत्काङ्क्षिणी मास्म भू-
र्भोगेभ्यः स्पृहयालवो न हि वयं का निःस्पृहाणामसि ।
सद्यः स्यूतपलाशपत्रपुटिकापात्रे पवित्रीकृते
भिक्षासक्तुभिरेव संप્રति वयं वृत्तिं समीहामहे ॥९३॥

હે લક્ષ્મી માતા! હવે તું કોઇ બીજાને ભજ, મારી ઇચ્છાવાળી મા થા; કારણ કે અમને ભોગની સ્પૃહા જ નથી તો પછી નિઃસ્પૃહીને તું કોણ માત્ર છે? અમે તો હમણાં પવિત્ર અને તરતના બનાવેલા ખાખરાના પડિયા-

---

☞ અર્થાત્-કાશી ક્ષેત્ર, જે પરમ શાન્તિનું સ્થાન છે, તે છોડીને બીજે ઠેકાણે શા માટે વસવું?

शार्दूलविक्रीडितवृत्त

नायं ते समयो रहस्यमधुना निद्राति नाथो यदि
स्थित्वा द्रक्ष्यति कुप्यति प्रभुरिति द्वारेषु येषां वचः ।
चेतस्तानपहाय याहि भवनं देवस्य विश्वेशितु-
र्निर्दौवारिकनिर्दयोक्त्यपरुषं निःसीमशर्मप्रदम् ॥

'તારો આ વખત નથી, કારણ કે હમણાં માલિક એકાંતમાં જઇ નિદ્રા લે છે. જો થોડીવાર પછી જઇશ તો માલિક તને જોઇને કોપાયમાન થશે,' એમ જેઓના દરવાજામાં વચન સાંભળવામાં આવે છે, તે પુરુષોને છોડી દઇને, હે ચિત્ત! દરવાન રહિત, નિર્દય અને કઠોર વાણીથી રહિત અને અનંત સુખને આપવાવાળાં વિશ્વેશ્વરના મંદિરમાં જા.

તાત્પર્ય—રાજદ્વારમાં રહી સેવા કરવી, તેના કરતાં રાજરાજેશ્વર કાશી વિશ્વેશ્વરના દ્વારમાં આનંદથી રહેવું એ સારું. ☞

માં ભિક્ષા માગીને આણેલા સાથવાથી સાંપ્રત આજીવિકા ચલાવવાની ઇચ્છા કરીએ છીએ. ૯૩ *

અવ૦-મુનિની રાજા સાથે તુલના.

शिखरिणीवृत्त

महीं रम्या शय्या विपुलमुपधानं भुजलता
वितानं चाकाशं व्यजनमनुकूलोऽयमनिलः।
स्फुरद्दीपश्चन्द्रो विरतिवनितासंगमुदितः
सुखं शान्तः शेते मुनिरतनुभूतिर्नृप इव ॥९४॥

☞ સ્ત્રીપ્રતિ ઉક્તિ.

हरिणीवृत्त

प्रियसखि विपद्दण्डव्रातप्रतापपरम्परा-
परिधिचपले चिन्ताचक्रे निधाय विधिः खलः।
मृदमिव बलात्पिण्डीकृत्य प्रगल्भकुलालव-
द्भ्रमयति मनो नो जानीमः किमत्र विधास्यति॥

હે પ્રિયસખિ! ખલ વિધિ, પ્રગલ્ભ કુંભારની પેઠે વિપત્તિરૂપી દંડના સમુદાયના પ્રતાપની પરંપરારૂપી મંડલાકાર ફરવાથી, ચંચળ એવા ચિંતારૂપી ચક્ર ઉપર ચઢાવીને મારાં મનને માટીની પેઠે બળાત્કારથી પિંડરૂપ કરી સમાવે છે અને હજી પણ આ સંસારમાં શું કરશે, એ અમારા જાણવામાં આવતું નથી.

---

* अनुष्टुभ्वृत्त

यूयं वयं वयं यूयमित्यासीन्मतिरावयोः।
किं जातमधुना येन यूयं यूयं वयं वयम् ॥

હે મિત્ર! તમે તે અમે અને અમે તે તમે જ, એમ પ્રથમ આપણી મતિ હતી; પણ હમણાં તો તમે તે તમે અને અમે તે અમે એમ થયું છે, એ શું થયું? ☞

મહી એ જ સુંદર શયન, હાથરૂપી લતા એ જ મોટું ઓશિકું, આકાશ એ જ ચંદરવો, અનુકૂલ પવન એ જ વ્યજન ને ચન્દ્રમા એ જ જેનો દેદીપ્યમાન દીવો છે એવો તથા વિરતિ અર્થાત્ વૈરાગ્યરૂપી વનિતાના સંગથી પ્રસન્ન થયેલો મુનિ મોટા ઐશ્વર્યવાળા અને વિશેષ પ્રીતિવાળા વનિતાના સંગથી પ્રસન્ન થયેલા રાજાની પેઠે શાન્ત થઈને

☛ તાત્પર્ય–હે મિત્ર! હું તે તું ને તું તે હું, એમ આપણે એક હતા ત્યારે હતું; ને હવે એટલે વૈરાગ્ય લીધાથી હું તે હું અને તું તે તું, એમ ભેદ પડી ગયો.

અવ૦–વૈરાગીની કોઈ તરુણ સ્ત્રી પ્રતિ ઉક્તિ.

मन्दाक्रान्तावृत्त

बाले लीलामुकुलितममी मन्थरा दृष्टिपाताः
किं क्षिप्यन्ते विरम विरम व्यर्थ एष श्रमस्ते।
सम्प्रत्यन्ये वयमुपरतं बाल्यमास्था वनान्ते
क्षीणो मोहस्तृणमिव जगज्जालमालोकयामः॥

હે બાળા! લટકાથી મીચાતાં આ મંદમંદ કટાક્ષ તું શું કરવાને માટે નાંખે છે? તારો એ શ્રમ વ્યર્થ છે, માટે વિરામ પામ–એમ ન કર; કારણ કે હમણાં અમે બદલાઈ ગયા છીએ. અમારી બાલ્યાવસ્થા બદલાઈ ગઈ છે. અમારી આસ્થા વનમાં લાગી રહી છે. મોહ ક્ષીણ થઈ ગયો છે અને જગતની જાળ અમે તૃણવત્ જોઈએ છીએ. (આ શ્લોક શૃંગારશતકમાં ૯૨ મો છે.)

शिखरिणीवृत्त

इयं बाला मां प्रत्यनवरतमिन्दीवरदल-
प्रभाचोरं चक्षुः क्षिपति किमभिप्रेतमनया। ☛

સુખથી સુવે છે. (આ શ્લોકનાં પદોમાં શ્લેષ છે. વિરતિ એટલે વૈરાગ્ય અને વિશેષ પ્રીતિવાળી સ્ત્રી.) ૯૪ *

અવ૦–ભિક્ષા માગી ભોજન કરવું સ્વીકારે, એવા ગુણવાળો પુરુષ જગતમાં દુર્લભ છે.

शार्दूलविक्रीडितवृत्त

भिक्षाशी जनमध्यसंगरहितः स्वायत्तचेष्टः सदा
दानादानविरक्तमार्गनिरतः कश्चित्तपस्वी स्थितः ।
रथ्याक्षीणविशीर्णजीर्णवसनैः संप्रोतकन्थाधरो
निर्मानो निरहंकृतिः शमसुखाभोगैकबद्धस्पृहः ॥९५॥

☞ गता मोहोऽस्माकं स्मरकुसुमबाणव्यतिकर-
ज्वरज्वाला शान्ता तदपि न वराकी विरमति ॥

આ બાળા નીલ કમળની કાન્તિને ચોરનારાં ચક્ષુથી મારા તરફ એકસરખી જુવે છે, પણ તેથી શું? કારણ કે અમારો મોહ જતો રહ્યો છે અને કામદેવનાં પુષ્પબાણુથી ઉત્પન્ન થતી જ્વરજ્વાળા પણ શાંત પડી ગઈ છે, તથાપિ આ તુચ્છ સ્ત્રી કેમ જંપતી નથી?

તાત્પર્ય–અમારો મોહ ઉતરી ગયો છે, એટલું જ નહિ, પણ કામજ્વર પણ અમને આવતો નથી, તો પછી આ બાળા શું કરવાને માટે અસરથી અમારા તરફ જુવે છે? સાર–અમારો વૈરાગ્ય દૃઢ છે, એટલે સ્ત્રીનાં કટાક્ષ અમને વાગનાર નથી. (આ શ્લોક શૃંગારશતકમાં ૯૩ મો છે.)

---

*शार्दूलविक्रीडितवृत्त

त्रैलोक्याधिपतित्वमेव विरसं यस्मिन्महाशासने
तल्लब्ध्वाऽऽसनवस्त्रमानघटने भोगे रतिं मा कृथाः ।
भोगः कोऽपि स एक एव परमो नित्योदितो जृम्भते
यत्स्वादाद्विरसा भवन्ति विषयास्त्रैलोक्यराज्यादयः ॥ ☞

ભિક્ષાનું ભોજન કરનારો, મનુષ્યના સંગથી રહિત, ઇંદ્રિયના વ્યાપારને સદા સ્વાધીનમાં રાખનાર, સત્પાત્રને દાન આપવાથી ને દાન લેવાથી રહિત એવા માર્ગમાં આસક્ત, ગલીમાં પડેલાં જૂનાં ફાટેલાં કપડાંના કકડાથી સાંધેલી ગોદડીને ધારણ કરનાર, નિર્માની, અહંકારરહિત, એક શાંતિના સુખમાં જ ઇચ્છાવાળો અને વ્યાપાર વગર રહેતો એવો તપસ્વી કોઇ એકજ હોય છે. ૯૫

અવ૦—સ્તુતિ કે નિંદાથી હર્ષ શોક શો?

शार्दूलविक्रीडितवृत्त

चाण्डालः किमयं द्विजातिरथवा शूद्रोऽथ किं तापसः
किंवा तत्त्वविवेकपेशलमतिर्योगीश्वरः कोऽपि किम्।
इत्युत्पन्नविकल्पजल्पमुखरैः संभाष्यमाणा जनै-
र्न क्रुद्धाः पथि नैव तुष्टमनसो यान्ति स्वयं योगिनः ॥९६॥

શું આ ચાંડાળ છે અથવા તો બ્રાહ્મણ છે? શૂદ્ર છે કે તાપસ છે? અથવા તો તત્ત્વવિવેચનથી સંસ્કાર પામેલી બુદ્ધિવાળો કોઇ યોગીશ્વર છે? આ રીતે ઉત્પન્ન થયેલા વિકલ્પથી તર્ક કરી બોલતા આગેવાનોથી કંઇ પણ કોપ કે સંતોષ પામ્યા વગર યોગીશ્વરો માર્ગમાં પંડે ચાલ્યા જાય છે. ૯૬

☞ હે મનુષ્ય! જે ઉપનિષદમાં કહેલું જ્ઞાન થવાથી ત્રણ લોકનું આધિપત્ય પણ રસહીન થાય છે તે જ્ઞાનને પ્રાપ્ત કરી, જેમાં આસન, વસ્ત્ર અને માન મળે છે એવા ભોગમાં પ્રીતિ ન કરઃ (કેમકે) નિત્ય અને શાસ્ત્રમાં કહેલો અનિર્વચનીય એવો એક જ બ્રહ્મજ્ઞાનરૂપી તે ભોગ જ્યારે વિકાસ પામે છે ત્યારે તે ભોગનો અનુભવ કરવાથી ત્રણ લોકનાં રાજ્ય વગેરે સઘળા વિષયો રસહીન થઇ જાય છે.

તાત્પર્ય-યોગી થયો તેને માન અપમાન શું? કોઇ ચાંડાળ કહે, કોઇ શૂદ્ર કહે અને કોઈ કદાપિ મોટો યોગીશ્વર કહે, તો પણ જેને હર્ષશોક થતો નથી, એવા નિર્લેપ યોગીઓને જ ધન્ય છે.*

અવ૦–મનુષ્યની વૃત્તિ વૈરાગ્યને માટે શ્રેષ્ઠ છે.

शार्दूलविक्रीडितवृत्त

हिंसाशून्यमयत्नलभ्यमशनं धात्रा मरुत्कल्पितं
व्यालानां पशवस्तृणांकुरभुजः सृष्टाः स्थलीशायिनः ।
संसारार्णवलंघनक्षमधियां वृत्तिः कृता सा नृणां
यामन्वेषयतां प्रयान्ति सततं सर्वे समाप्तिं गुणाः ॥९७॥

બ્રહ્માએ, સર્પોના ભક્ષણને માટે હિંસારહિત અને વગર યત્ને પ્રાપ્ત થાય તેવો પવન બનાવ્યો છે,† પશુઓનાં ભક્ષણ

*અવ૦-વનવાસી યોગીઓને જ ધન્ય છે.

शिखरिणीवृत्त

सखे ! धन्याः केचित् त्रुटितभवबन्धव्यतिकरा
वनान्ते चित्तांतर्विषमविषयाशीविषगताः ।
शरच्चन्द्रज्योत्स्नाधवलगगनाभोगसुभगां
नयन्ते ये रात्रिं सुकृतचयचित्तैकशरणाः ॥

હે સખે! જેમનાં ભવબંધનના સંબંધ તૂટી ગયેલા છે તથા અંતરમાં રહેલા વિષમ વિષયરૂપી ઝેરી સર્પ નાશ પામેલા છે એવા તથા પુણ્યના સમુદાયમાં જ જેઓનું ચિત્ત લાગેલું છે એવા કેટલાએક ભાગ્યશાળી પુરુષો શરદ્ ઋતુમાંના ચંદ્રની ચંદનીથી ધવલ થયેલા આકાશવડે અત્યંત સુશોભિત લાગતી રાત્રિ વનમાં ગાળે છે.

† સાપ પવનનું ભક્ષણ કરીને જીવે છે એમ લોકવાયકા છે. વળી એ ઉપરથી સાપને 'પવનભક્ષક' નામ આપેલું હોય એમ લાગે છે.

માટે તૃણના અંકુરો અને સુવા માટે પૃથ્વી બનાવી છે અને સંસારસાગર તરવાને સમર્થ બુદ્ધિવાળા માણસને માટે એ વૃત્તિ કરેલી છે કે, જે વૃત્તિને શોધતાં ઝટ સર્વે ગુણોની સમાપ્તિ થઈ જાય છે. ૯૭

તાત્પર્ય–સર્પાદિ અંડજ અને પશુ વગેરેને માટે બ્રહ્માએ જે આજીવિકા-વૃત્તિ બાંધેલી છે, તેથી જૂદી જ આજીવિકા-વૃત્તિ મનુષ્યને માટે નિર્માણ કરેલી છે–એટલે કે મનુષ્યમાં બુદ્ધિ મૂકેલી છે અને તે બુદ્ધિવડે કરીને મનુષ્ય આ સંસાર-સમુદ્રને તરવાને સમર્થ થઈ શકે છે, જેથી સંસારાર્ણવ તરાય એ જ વૃત્તિનો મનુષ્યે સ્વીકાર કરવો જોઈએ.

અવ૦–શું ઇચ્છવા યોગ્ય છે?

मन्दाक्रान्तावृत्त

गङ्गातीरे हिमगिरिशिलाबद्धपद्मासनस्य
ब्रह्मध्यानाभ्यसनविधिना योगनिद्रां गतस्य ।
किं तैर्भाव्यं मम सुदिवसैर्यत्र ते निर्विशङ्काः
संप्राप्स्यन्ते जरठहरिणाः शृङ्गकण्डूविनोदम् ॥९८॥

ગંગાના તીર ઉપર હિમગિરિની શિલાપર પદ્માસનવાળી વિધિ પ્રમાણે બ્રહ્મનું ધ્યાન ધરીને, યોગનિદ્રાને પામેલાં એવા મારા શરીરને નિઃશંક થઈને ઘરડાં હરણાં પોતાનાં શિંગડાં ઘસે, એવા મારા તે સુદિવસો જાવ. ૯૮

અર્થાત્–ઘરડાં હરણુ પોતાનાં શિંગડાં ઘસે તો પણ સમાધિ છૂટે નહિ એવી બ્રહ્મધ્યાનલીન યોગનિદ્રાને પ્રાપ્ત થયેલા તે દિવસો જ શુભ દિવસો ગણાય છે.

અવ૦–તૃષ્ણારહિત યોગીઓને જ ધન્ય છે.

स्रग्धरावृत्त

पाणिः पात्रं पवित्रं भ्रमणपरिगतं भैक्षमक्षय्यमन्नं
विस्तीर्णं वस्त्रमाशासुदशकममलं तल्पमस्वल्पमुर्वी ।

येषां निःसंगतांगीकरणपरिणतिः स्वात्मसंतोषिणस्ते
धन्याः संन्यस्तदैन्यव्यतिकरनिकराः कर्म निर्मूलयन्ति ॥९९॥

જેમને હસ્તરૂપી પવિત્ર પાત્ર છે, ભ્રમણ કરી ભિક્ષા માંગવાથી અક્ષય્ય* અન્ન મળે છે, દશ દિશારૂપી વિસ્તીર્ણ વસ્ત્ર છે, પૃથ્વીરૂપી નિર્મળ અને વિશાલ શય્યા છે, જેઓએ નિઃસંગતાનો અંગીકાર કર્યો છે, જેઓ પોતાના આત્માને વિષે સંતોષ માને છે તથા જેઓએ દીનતાના સમુદાયોનો (દુઃખોનો) ત્યાગ કર્યો છે એવા ધન્ય પુરુષો પોતાનાં કર્મનો નાશ કરે છે. ૯૯

અર્થાત્-જેમણે કર્મનો ત્યાગ કરેલો છે એટલે જેઓ કર્મથી પણ દૂર રહેલા છે-જેમને કંઇ કર્મ પણ નથી, એવા બ્રહ્મપરાયણોને જ ધન્ય છે.

પંચમહાભૂતની પ્રાર્થના

शार्दूलविक्रीडितवृत्त

मातर्मेदिनि तात मारुत सखे तेजः सुबन्धो जल
भ्रातर्व्योम निबद्ध एव भवतामेषः प्रणामाञ्जलिः ।
युष्मत्संगवशोपजातसुकृतोद्रेकस्फुरन्निर्मल-
ज्ञानापास्तसमस्तमोहमहिमा लीये परे ब्रह्मणि ॥१००॥

હે માતા તુલ્ય મેદિની! હે પિતાતુલ્ય પવન! હે મિત્રતુલ્ય તેજ! હે સદ્બંધુતુલ્ય જળ! અને હે ભ્રાતાતુલ્ય આકાશ! તમારી આગળ હું આ બે હાથ જોડું છું; કારણ કે હવે તમારા સંગથી થયેલાં પુણ્યના આધિક્યથી સ્ફુરાયમાન સ્વચ્છ જ્ઞાનથી જેનો સઘળો મોહમહિમા દૂર થયેલો છે એવો હું પરબ્રહ્મમાં લય પામું છું. અર્થાત્-બ્રહ્મમાં લય પામતાં છેવટના પ્રણામ કરું છું. ૧૦૦

॥ इति श्रीमद्राजर्षिप्रवरभर्तृहरिकृतं वैराग्यशतकं संपूर्णम् ॥

---

* ખૂટે નહિ તેવું.

અપ્રચલિત ક્ષેપક શ્લોકો

સુખનું સ્થાન

भो मर्त्याः श्रुणुत स्फुटाक्षरमिदं वाक्यं शिवप्राप्तये
सन्तः क्रीडनमिन्द्रियैः सुखलवप्राप्त्यर्थमभ्युद्यताः।
संसारे क्षणभङ्गभङ्गुरतरे लभ्यं न चात्यन्तिकं
स्वात्मन्यस्ति समाधिनिर्मितसुखं यत्तत्स्वयं चिन्त्यताम्॥ १॥

હે પુરુષો! કલ્યાણની–મુક્તિની પ્રાપ્તિને માટે તમે આ સ્પષ્ટ અક્ષરવાળું વાકય સાંભળો. સાધુ પુરુષો સુખના અંશને પ્રાપ્ત કરવા માટે ઇંદ્રિયો સાથે ક્રીડા કરે છે. પણ ક્ષણ માત્રમાં થતા ભંગને લીધે અતિ વિનશ્વર એવા સંસારમાં અત્યંત સુખ લભ્ય નથી. માટે પોતાના અંતઃકરણમાં જે સમાધિએ નિર્માણ કરેલું સુખ છે તેનું તમે ચિંતન કરો.

કર્મવશ જનોની નિષ્ફલતા

नो चिन्तामणयो न कल्पतरवो नाष्टौ महासिद्धय-
स्तावद्देहवशाः परोपकृतये नास्माभिरप्यर्जिताः।
नेदं मज्जति मानसं च चपलं ब्रह्मामृताम्भोनिधौ
धिग्धिक्कर्मकुटीमिमां तदपि न त्यक्तुं वयं शक्नुमः॥ २॥

કર્મવશ થયેલા અમે ચિંતામણિઓ મેળવ્યા નહીં અને કલ્પવૃક્ષો મેળવ્યા નહીં. આ દેહને વશ થનારી આઠ મહાસિદ્ધિઓ પણ પરોપકાર માટે અમે મેળવી નહીં. અમારું આ ચપલ ચિત્ત બ્રહ્મામૃતરૂપ સાગરમાં નિમગ્ન થતું નથી. ધિક્કાર છે, ધિક્કાર છે આ કર્મકુટીને! આ કર્મને લીધે અમારાથી કાંઈ બનતું નથી તથાપિ અમે તેને તજી શકતા નથી. ૨

જ્ઞાતાનું નિરભિમાન

आघ्राय पुस्तकं धन्याः सर्वं विज्ञ इति स्थिताः ।
शतकृत्वोऽपि श्रृण्वन्तो हा ! न विज्ञो जडा वयम् ॥ ३ ॥

ધન્ય પુરુષો મસ્તકને સુંધીને 'અમે સર્વ જાણીએ છીએ' એમ માની બેઠા છે. પરંતુ સોવાર સાંભળવા છતાં અહાહા ! અમે જડ તો કાંઇ પણ જાણતા નથી.

તાત્પર્ય–જે પુરુષો કોઇ પણ વિષયના કોઇ પણ ગ્રંથનું સાદ્યંત માર્મિક વાચન કરીને તેમાંના સર્વ રહસ્યને જાણી શકે છે તેઓ ધન્ય છે પણ સો વાર સાંભળવા છતાં જેઓ કાંઈ પણ જાણતા જ નથી તેઓ તો મૂર્ખ જ છે.

વિષયી જનોને વિષયત્યાગની આવશ્યકતા

गर्भावासे शयित्वा कलिमलनिलये पूतिमध्ये जघन्ये
स्त्रीकुक्षौ पीडिताङ्गः कथमपि विवरान्निर्गतः क्लेदलिप्तः ।
भूयस्तत्रैव रागप्रकृतिरिह नरो मन्दबुद्धिर्दुरात्मा
सोऽयं संसारचक्रे भ्रमति शठमतिर्लोकमध्ये यथान्धः ॥ ४ ॥

જેમ શઠબુદ્ધિ ધરાવતો અંધ પુરુષ લોકમાં ભ્રમણ કરે છે, તેમ સંસારમાંનાં દુઃખોનું સદન, મધ્યમાં દુર્ગંધવાળાં અને તુચ્છ–નિંદ્ય એવાં સ્ત્રીના ઉદરમાંના ગર્ભાવાસમાં શયન કરીને પીડિત થયેલાં અંગોવાળો અને યોનિવિવરમાંથી બહાર નીકળેલો ઓરથી ખરડાયલો મંદબુદ્ધિ દુરાત્મા પુરુષ પુનઃ તે પર જ આસક્તિ ધરાવતો આ સંસારચક્રમાં ભ્રમણ કર્યા કરે છે.

નોંધ :–આ વધારાના શ્લોકો ગુજરાતી પ્રેસના હસ્તલિખિત ગ્રન્થોના સંગ્રહમાંની શતકોની એક પોથીમાંથી લીધા છે.

ગુજરાતી પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

	રૂ. આ. પૈ.
કૃષ્ણોપનિષદ્ (મૂળ સહિત ગુજરાતી ભાષાંતર અને ટીકા)	૦–૪–૦
કૃષ્ણ કથામૃત (લેખક ઇ. સ્વ. દેશાઇ) ...	નથી
ગોવિંદ દામોદર સ્તોત્ર (બિલ્વ મંગળ રચિત મૂળ સાથે ગુ.ભાષાંતર)	૦–૪–૦
કૃષ્ણાર્જુન યુદ્ધ	૦–૪–૦
નચિકેતા અને યમરાજ	૦–૪–૦
શ્વેતકેતુ	૦–૪–૦
નારદ-સનત્કુમાર સંવાદ	૦–૪–૦
ઉષસ્તિ ચાક્રાયણ અને બીજી ચાર કથાઓ ...	૦–૪–૦
ચારૂચર્યા અથવા શુભ આચાર	૦–૪–૦
વિદુરનીતિ	૦–૮–૦
વિદુરનીતિ (મૂળ માત્ર) સંસ્કૃત	૦–૪–૦
ભીષ્મસ્તવરાજ મૂળ અને ગુજરાતી ...	૦–૪–૦
અનસ્મૃતિ મૂળ અને ગુજરાતી	૦–૪–૦
ગજેન્દ્ર મોક્ષ મૂળ અને ગુજરાતી	૦–૪–૦
અનુગીતા (મૂળ સહિત ભાષાંતર)	૧–૦–૦
અનંતાનુભૂતિ અથવા અનંત જીવન ...	૨–૦–૦
અધ્યાત્મ રામાયણ (સચિત્ર)	૩–૦–૦
ગીતા-ગૂઢાર્થ દીપિકા-ચિદ્દઘનાનંદકૃત.... ...	૮–૦ ૦
પદબંધ ભાગવત (ગુજરાતી રાગ રાગણીમાં) ...	નથી
ગિરિશૃંગે	૦–૮–૦

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ

સાસુન બિલ્ડિંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ

અમરયોગીન્દ્ર રાજર્ષિપ્રવર ભર્તૃહરિ વિરચિત

વિજ્ઞાનશતક

(ચોથું શતક)

સંશોધકો

શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય પુરંદરે

શાસ્ત્રી શંકરલાલ જાદવજી જોષી લહેરુ

"ગુજરાતી" પ્રિ. પ્રેસના શાસ્ત્રીઓ

પ્રકાશકો :

"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ

મુંબઇ ૧

કિં. ૧૨ આના.

વિ. સં. ૨૦૧૧] [ઇ. સ. ૧૯૫૫

મુખ્ય પ્રાપ્તિસ્થાન :-
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ
રીઝર્વ બેંકની પાછળ
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ–૧
અને
ગુજરાત ને સૌરાષ્ટ્રભરના અન્ય પ્રતિષ્ઠિત પુસ્તકવિક્રેતાઓ

(સર્વ હક્ક પ્રકાશકોને સ્વાધીન)

મુદ્રણસ્થાન :
"ગુજરાતી" પ્રિન્ટિંગ પ્રેસ,
રીઝર્વ બેંકની પાછળ,
૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઈ

મુદ્રક :
નટવરલાલ ઇચ્છારામ દેસાઇ
બી.એ.

विज्ञानशतकश्लोकानुक्रमणिका।

श्लो.	अ	पृष्ठ.
३६	अग्रे पश्चादधस्ता– ...	२१
५१	अद्य श्वो वा मरणमशिवं	२८
५७	अन्नाशाय सदा रटन्ति	३१
७६	अरे चेतश्चित्रं भ्रमसि	४०
५४	अर्थेभ्योऽनर्थजातं ...	३०
७५	अहोऽनर्थेऽप्यर्थे ...	४०
३३	अहंब्रह्मास्मीति ...	१९
७७	अहं श्रान्तोऽध्वानं ...	४१
	आ	
७	आढ्यःकश्चिदपंडितो	५
५९	आरम्भ्य गर्भवसतिं ...	३२
६६	आयुर्वेदविदांरसाशन-	३६
	उ	
७९	उदासीनो देवो मदन-	४२
	क	
८६	कदा गोविन्देतिप्रति	४५
४६	कर्तव्यं न करोति ...	२५
१०	कस्येमौ पितरौ मनो-	७
६८	कश्चित्क्रन्दति काल-	३७
७१	कदाचित्कष्टेन द्रविण.	३८
८५	कदा भागीरथ्याः ...	४५
४०	कमलवदना पीनोत्तुङ्गं	२२

श्लो.		पृष्ठ.
८३	कलौ गङ्गा काश्यां ...	४४
२०	कामादित्रिकमेव मूल.	१२
२१	कामस्यापि निदानमाहु-	१२
६२	कामव्याघ्रे कुमति- ...	३४
९५	काशीयं समलङ्कृता....	५०
२६	काहं ब्रह्मेति विद्या ...	१५
४४	किं स्थानस्य निरीक्ष.	२४
९७	किं कुर्मः कं भजामः ...	५१
१००	केदारस्थानमेकं रुचिर-	५२
९	को देवो भुवनोदया.	६
९२	क्वचिद्धंसश्रेणी सुखयति	४८
	ग	
८२	गङ्गा गङ्गेति यस्याः ...	४३
	च	
३०	चिदेव ध्यातव्या सतत-	१७
२४	चिद्रत्नमत्र पतितं ...	१४
	ज	
५६	जगाम व्यर्थं मे बहु.	३१
४३	जनयति सुतं कश्चित ...	२४
४५	जानन्नेव करोति कर्म	२५
	त	
४	तीर्थावस्थानजन्यं न	३

श्लो.		पृष्ठ.
९०	तीर्थानामवलोकने ...	४७
३२	तुल्यार्थेन त्वमैक्यं	१८
३७	ते धन्या भुवने ...	२१
६४	त्वत्साक्षिकं सकल-	३५

द

६७	दृष्टं प्रायो विकल-	३६
११	देहाद्यात्ममतानुसारि	७

ध

१५	धन्या एते पुमांसो-	९
१९	ध्यानध्यग्रं भवतु ...	११

न

१६	न चेत्ते सामर्थ्यं ...	१०
४८	न जानीषे चेतः ...	२६
५०	नान्नं जीर्यति ...	२७
५३	नाभ्यस्तोधातुवादो	२९
१३	नित्यानित्यपदार्थ- ...	८
२८	निष्कामा मुनयः ...	१६
७०	निष्कंटकेऽपि न ...	३७
८०	निस्सारा वसुधाधुना...	४२

प

५	प्रज्ञावंतोऽपि केचित्.	३

ब

४२	बालेयं बालभावं ...	२३
२९	ब्रह्मामृतं भज ...	१७

श्लो.	भ	पृष्ठ.
८७	भजत विबुधसिंधुं ...	४६
७३	भानुर्भूवलयप्रदक्षिण-	३९
९८	भुक्तिः क्वापि न मुक्ति-	५१
७४	भूमण्डलं क्षयमुपैति- ...	३९
१७	भ्रातः शान्तं प्रशान्ते	११

म

५५	मायत्तार्किकतांत्रिक-	३०
६१	माता मृता जनयितापि	३३

य

८९	यत्तीरे वसतां सता-	४७
६५	यत्प्रीत्यर्थमनेकधा ...	३५
२	यत्सत्तया सदिदमस्ति	२
३१	यत्साक्षादभिधातुम-	१८
२२	यद्ध्यस्तं सर्वं स्रजि	१३
४७	यदा देवादीनामपि. ...	२६
४१	यद्येता मदनेषवो ...	२३
८८	यदमृतममृतानां ...	४६
८	यमाराध्याराध्यं ...	५
८४	यस्याः सङ्गतिरुन्नतिं	४४
९३	यामासाद्य त्रिलोकी-	४९
६	यावत्ते यमकिंकरा. ...	४
२७	यावज्जागर्ति चित्ते ...	१६

र

५२	रे रे वित्तमदान्धमोह.	२८

व

९६	वह्निप्राकारबुद्धिं ...	५०

श्लोक.		पृष्ठ.
१	विगलदमलदानश्रेणी.	१
९४	विद्यन्ते द्वारकाद्या-	४९
१२	विपश्चिद्देहादौ क्वचिदपि	८
२३	वियत्पृथ्वीवायुज्वलन-	१४
१८	विश्वेश्वरो भवति विश्व-	११
८१	वेदो निर्वेदमागादिह	४३
	श	
३८	शिव शिव महाभ्रान्ति-	२२
	स	
४९	सद्वंशो गुणवानहं ...	२७
९९	सन्त्यन्ये त्रिदशाप-	५२
६०	सन्त्यर्था मम सश्चिता-	३३
३५	संन्यासो विहितस्य	२०
१४	संसारेऽपि परोपकार-	९
९१	संसारो विविधाधि- ...	४८
६९	सा रोगिणी यदि भवे-	३७
७८	सा गोष्ठी सुहृदां. ...	४१
७२	स्वयं भोक्ता दाता वसु	३८
६३	स्वाधीने निकटस्थिते	३४
२५	स्वान्तव्योम्नि निरस्त-	१५
	ह	
३९	हरति वपुषः कान्ति	२२
५८	हिक्काकासभगंदरोदर-	३२
३४	हित्वा विश्वाद्यवस्थाः	१९
३	हे पुत्रा व्रजताभयं ...	२

વિજ્ઞાનશતકના વિષયોની અનુક્રમણિકા

	શ્લોક
ગણપતિની સ્તુતિ ...	૧
બ્રહ્મની સ્તુતિ	૨
સ્ત્રીપુત્રોને વિદાય ...	૩
બ્રહ્મવિદ્યા	૪
જ્ઞાનીને તીર્થયાત્રાની જરૂર નથી	૫
દાન	૬
પુણ્યપ્રભાવ	૭
ભક્તવત્સલ ભગવાન ...	૮
ચાર્વાક	૯
નાસ્તિક	૧૦–૧૧
દેહગેહનું મિથ્યાત્વ ...	૧૨
પુણ્યવાનનું જીવન ...	૧૩
ભવસાગર તરનાર ...	૧૪
અહંતા મમતા રહિતને ધન્ય	૧૫
શ્રીરંગસેવન	૧૬
સંસારરૂપ વૃક્ષનું છેદન	૧૭
કૃતાર્થ પુરુષ	૧૮
વિષ્ણુની ભક્તિ ...	૧૯
શ્રીકૃષ્ણનો ઉપદેશ ...	૨૦
શ્રીપતિનું સ્વરૂપ ...	૨૧
માયાવી દુનિયા ...	૨૨–૨૩
ચૈતન્યરૂપી રત્ન ...	૨૪
પ્રબોધચંદ્રોદય... ...	૨૫
વિદ્યા અને અવિદ્યા ...	૨૬
સંસારીને મોક્ષ નથી ...	૨૭
મુનિજન	૨૮
સંસારસાગર તરવાનું સાધન	૨૯–૩૦
તત્ત્વમસિ મહાવાક્યનો અર્થ	૩૨

	શ્લોક
બ્રહ્મનિષ્ઠાવસ્થાનું વર્ણન	૩૩
બ્રહ્મનિષ્ઠ થવાનું સાધન	૩૪–૩૫
જીવનમુક્ત	૩૬
હરિભક્ત	૩૭
સ્ત્રીનો તિરસ્કાર ...	૩૮–૪૨
સાધ્વી સ્ત્રીની પ્રશંસા	૪૩
અધિકારી અનધિકારી	૪૪
કામાધીન જીવાત્મા ...	૪૫–૪૭
મનને શિખામણ ...	૪૮
લોભીને ઉપદેશ... ...	૪૯–૫૪
નિર્ધન પુરુષની દશા ...	૫૫–૫૭
દુઃખમય સંસાર ...	૫૮
અજ્ઞાની જીવ	૫૯–૬૦
તત્ત્વજ્ઞાની	૬૧–૬૪
કાળરૂપ પરમાત્મા ...	૬૫
કાળ માહાત્મ્ય	૬૬
કાળરૂપી સર્પ	૬૭
સંસારની વિચિત્રતા ...	૬૮
રાજ્યમાં સુખ નથી ...	૭૦
ભાગ્યનું બળ	૭૧
ખોટી આશા	૭૨
બ્રહ્મધામ સુખધામ છે...	૭૩–૭૪
અર્થની અનર્થતા ...	૭૫
મનને શાંતિ	૭૬
આજીવિકાનું દુઃખ ...	૭૭
ત્રણ લોકમાં સુખ નથી	૭૮
ભરતભૂમિ માટે ખેદ ...	૭૯–૮૦
ગંગામાહાત્મ્ય	૮૧–૯૨
કાશીમાહાત્મ્ય	૯૩–૯૯
કેદાર માહાત્મ્ય... ...	૧૦૦

ગુજરાતી પ્રેસનાં ધાર્મિક પુસ્તકો

	રૂ. આ. પૈ.
કૃષ્ણોપનિષદ્ (મૂળ સહિત ગુજરાતી ભાષાંતર અને ટીકા)	૦— ૪—૦
કૃષ્ણકથામૃત (લેખક ઇ. સ્વ. દેશાઇ) ...	નથી
ગોવિંદ–દામોદર–માધવ સ્તોત્ર (બિલ્વમંગળ રચિત–મૂળ સાથે ગુ. ભાષાંતર)	૦— ૪—૦
કૃષ્ણાર્જુન યુદ્ધ	૦— ૪—૦
નચિકેતા અને યમરાજ	૦— ૪—૦
શ્વેતકેતુ	૦— ૪—૦
નારદ–સનત્કુમાર સંવાદ	૦— ૪—૦
ઉષસ્તિ ચાક્રાયણ અને બીજી ચાર કથાઓ ...	૦— ૪—૦
ચારૂચર્યા અથવા શુભ આચાર	૦— ૪—૦
વિદુરનીતિ	૦— ૮—૦
વિદુરનીતિ (મૂળ સંસ્કૃત માત્ર)	૦— ૪—૦
ભીષ્મસ્તવરાજ (મૂળ અને ગુજરાતી) ...	૦— ૪—૦
અનુસ્મૃતિ (મૂળ અને ગુજરાતી)	૦— ૪—૦
ગજેન્દ્રમોક્ષ (મૂળ અને ગુજરાતી)	૦— ૪—૦
અનુગીતા (મૂળ સહિત ભાષાંતર)	૧— ૦—૦
અનંતાનુભૂતિ અથવા અનંત જીવન ...	૨— ૮—૦
અધ્યાત્મ રામાયણ (સચિત્ર)	૩— ૦—૦
ગીતા–ગૂઢાર્થ દીપિકા–ચિદ્ઘનાનંદકૃત.... ...	૮— ૦ ૦
પદબંધ ભાગવત (ગુજરાતી રાગ રાગણીમાં) ...	નથી
ગિરિશૃંગે	૦— ૮—૦

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ

રીઝર્વ બેંકની પાછળ ૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧

ગુજરાતી પ્રેસનાં પુસ્તકો

	રૂ. આ. પૈ.
કામંદક નીતિસાર	૨– ૦–૦
યક્ષ પ્રશ્નોત્તર	૦– ૮–૦
રામકૃષ્ણ પરમહંસનાં બોધવચનો (જીવનચરિત્ર સાથે)	૧– ૦–૦
ત્રિવિધ નામાવલિ (શ્રી વલ્લભાચાર્ય) (બાળલીલા, રાજલીલા, પ્રૌઢલીલાનાં શ્રીકૃષ્ણનાં નામો) ...	૦– ૪–૦
શ્રી પુરુષોત્તમસહસ્રનામ	૦– ૪–૦
શ્રીપુરુષોત્તમસહસ્રનામાવલિ	૦– ૬–૦
કનકાભિષેકનો ઇતિહાસ–બે ભાગ	૦– ૮–૦
વેદોક્ત ધર્મપ્રકાશ (પ્રશ્નોત્તર રૂપે)	૧– ૮–૦
મુક્તમાળા–(બાળકો માટે વાર્તા)	૦– ૮–૦
સુરૂચી અથવા સુખી સંસાર	૦– ૮–૦
મોતીલાલ યાને વંઠેલ છોકરો	૦– ૮–૦
આત્મહત્યા–કર્તવ્ય કે પાપ?...	૬– ૦–૦
પાનકી પતિયાં કયા? છોટી છોટી બતીયાં! ...	૨– ૦–૦
મસ્ત ફકીરના હાસ્યપ્રસંગો	૨– ૦–૦
રામજાનકી દર્શન (નાટક)	૦– ૮–૦
શનિમાહાત્મ્ય (વાર્તા–કથા)	૧– ૦–૦
એકાદશીમાહાત્મ્ય (૨૬) ચિત્રો સહિત	૧– ૮–૦
सत्यनारायणपूजा–कथा (છૂટા પાના)	૧– ૦–૦
રામરક્ષા સ્તોત્ર (મૂળ સાથે ગુજરાતી) ...	૦– ૪–૦
રામગીતા (મૂળ સાથે ગુજરાતી)	૦– ૪–૦

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ

રીઝર્વ બેંકની પાછળ ૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, કોટ, મુંબઇ ૧

अमरयोगीन्द्रराजर्षिप्रवरश्रीभर्तृहरिकृत

विज्ञानशतक

વૈરાગ્યનું વર્ણન કર્યા પછી રાજર્ષિપ્રવર ભર્તૃહરિ વિજ્ઞાનનું વર્ણન કરે છે.

મંગલાચરણ

: માલિનીવૃત્ત :

विगलदमलदानश्रेणिसौरभ्यलोभो-
पगतमधुपमालाव्याकुलाकाशदेशः ।
अवतु जगदशेषं शश्वदुग्रात्मदर्पो
विपुलपरिघिदन्तोद्दण्डशुण्डो गणेशः ॥ १ ॥

મોટા ઘેરાવાવાળા દંતૂશળથી ભયંકર સૂંઢવાળા, કુમ્ભસ્થળમાંથી ઝરતા સ્વચ્છ મદની ધારાના સુગંધને લોભિ આવેલા ભમરાના મંડળવડે આકાશના પ્રદેશને છાઇ દેતા, મહા ઉગ્ર અભિમાનવાળા, ગણપતિ સર્વ જગતનું નિત્ય રક્ષણ કરો. ૧

તાત્પર્ય–વિજ્ઞાન એટલે પરબ્રહ્મના સ્વરૂપનું જે જ્ઞાન, તેની આ શતકમાં વૈરાગ્યમિશ્ર ઉપદેશના ઉદ્ગારોદ્વારા વિવેકીઓનાં મનમાં દૃઢતા કરાવવાનો રાજર્ષિપ્રવર ભર્તૃહરિએ પ્રયત્ન કર્યો છે.

: वसन्ततिलकावृत्त : (બ્રહ્મભજન કરવા વિષે)

यत्सत्तया सदिदमस्ति यदात्मभासा
प्रद्योतितं जगदशेषमपास्तदोषम् ।
तद्ब्रह्म निष्कलमसंगमपारसौख्यं
प्रत्यग्भजे परममंगलमद्वितीयम् ॥ २ ॥

જેની સત્તાથી આ જડચેતનાત્મક સર્વ જગત્ અસ્તિત્વ ભોગવે છે અને જેના આત્મપ્રકાશથી પ્રકાશે છે, તે સર્વ જાતના નિષ્કલ, સર્વ સંગથી રહિત, દોષોથી રહિત, અપાર સુખસ્વરૂપ, પરમ મંગલમય અને ઘટઘટમાં વ્યાપી રહેલા અદ્વિતીય એવા બ્રહ્મને હું ભજું છું. ૨

કાશીમાં વાસ કરવા માટે આવેલા ભર્તૃહરિ રાજાને રાજધાનીમાં આવવા માટે રાણીઓ અને પુત્રો આગ્રહ કરવા લાગ્યાં, તે સમયે ભર્તૃહરિએ આપેલો ઉત્તર:—

: शार्दूलविक्रीडितवृत्त :

हे पुत्रा व्रजताभयं यत इतो गेहं जनन्या समं
रागद्वेषमदादयो भवतु वः पन्थाः शिवो मायया ।
काशीं साम्प्रतमागतोऽहमहह क्लेशेन हातुं वपुः
सर्वानर्थगृहं सुपर्वतटिनीवीचिश्रिया मण्डिताम् ॥ ३ ॥

હે પુત્રો ! તમે તમારી માતાની સાથે હવે અહીંથી ઘેર જાવ. હે રાગ, દ્વેષ, મદ વગેરે સહચરો ! તમે ઘણા કાળ સુધી મારી સાથે રહ્યા. હવે તમે પણ સંસારની મોહિની માયાની સાથે કલ્યાણકારી માર્ગે સંચરો. કારણ કે સાંપ્રત હું તો અહાહા ! ગંગા નદીના તરંગોની શોભાથી શોભાયમાન એવી કાશી નગરીમાં સર્વ જાતના અનર્થોના મંદિરરૂપી આ પાંચભૌતિક શરીરનો ત્યાગ કરવા માટે મોટો કલેશ સહીને આવ્યો છું. (હવે હું રાજધાનીમાં આવવાને રાજી નથી). ૩

• તીર્થોમાં નિવાસ કરીને તપશ્ચરણ નહિ કરતાં બ્રહ્મવિદ્યા સંપાદન કરવી શ્રેયસ્કર છે.

: स्रग्धरावृत्त :

तीर्थावस्थानजन्यं न भवति सुकृतं दुष्कृतोन्मूलनं वा
यस्मादाभ्यां विहीनः श्रुतिसमधिगतप्रत्यगात्मा जनानाम् ।
सर्वेषामद्वितीयो निरतिशयसुखो यद्यपि स्वप्रकाशा-
स्तीर्थे विद्यास्तथापि स्पृहयति तपसे यत्तदाश्चर्यहेतुः ॥ ४ ॥

કેવળ તીર્થમાં નિવાસ કરવાથી જ પુણ્યનો લાભ અને પાપનો ક્ષય થાય છે, એમ નથી. કારણ કે શ્રુતિમાં પ્રત્યગાત્માનું વર્ણન કરતાં કહે છે, કે તે પુણ્ય તથા પાપથી રહિત છે, સર્વ પ્રાણીઓના શરીરમાં રહેલો છે, અદ્વિતીય (એક) છે અને નિરતિશય સુખસ્વરૂપ છે. માટે બ્રહ્મવિદ્યાવડે તેનો સાક્ષાત્કાર કરીને સ્વસ્વરૂપને ઓળખવું. તીર્થમાં આત્માનાં સ્વરૂપને પ્રકાશ કરનારી ઉપનિષદુક્ત બ્રહ્મવિદ્યા સંપાદન કરવાનાં સાધનો હોવા છતાં પણ, તેનો ઉપયોગ નહિ કરતાં, લોકો તપશ્ચરણની ઇચ્છા કરે છે, એ આશ્ચર્યજનક છે. ૪

: स्रग्धरावृत्त : (જ્ઞાનીઓને તીર્થોમાં ભટકતા જોઇને ભર્તૃહરિનો ખેદ.)

प्रज्ञावन्तोऽपि केचिच्चिरमुपनिषदाद्यर्थकारा यतन्तो
व्याकुर्वन्तोऽपि केचिद्दलितपरमता यद्यपि ज्ञाततत्त्वाः ।
तीर्थे तीर्थे तथापि भ्रमणरसिकतां नो जहात्यध्वखेदा-
द्यत्तत्कष्टं विधत्ते मम मनसि सदा पश्यतस्तत्र कृत्यम् ॥५॥

કેટલાએક જ્ઞાનીઓ, કેટલાએક ઉપનિષદાદિના અર્થને જાણનારા, કેટલાએક ભાષ્યકારો, કેટલાએક અન્ય મતનું ખંડન કરનારા અને કેટલાએક પરબ્રહ્મતત્ત્વને જાણનારા

હોવા છતાં પણ રાત દહાડો એક તીર્થથી બીજે તીર્થ નિત્ય ભટકતા જોવામાં આવે છે; અને માર્ગમાં સંકટો વેઠ્યા છતાં પણ ભટકવાના સ્વભાવને છોડતા નથી. તેઓને ભટકતા જોઈને મારા મનમાં ખેદ થાય છે. ૫

તાત્પર્યઃ-જ્ઞાનીઓએ તીર્થે તીર્થે રખડવું અયોગ્ય છે. કારણ કે મુક્તિનું સાધન જ્ઞાન તો તેણે સંપાદન કર્યું જ છે. તો પછી તીર્થોમાં શા માટે રખડવું ?

: शार्दूलविक्रीडितवृत्त : (દાન દેવા વિષે)

यावत्ते यमकिंकराः करतलक्रूरासिपाशादयो
दुर्दान्ताः सृणिराजदीर्घसुनखा दंष्ट्राकरालाननाः ।
नाकर्षन्ति नरान्धनादिरहितान्यत्तावदिष्टेच्छया
युष्माभिः क्रियतां धनस्य कृपणास्त्यागः सुपर्वादिषु ॥ ६ ॥

હે કૃપણ પુરુષો ! હાથમાં ભયંકર તલવાર, પાશ આદિ ધારણ કરનારા, મહા ભયંકર દેખાવના, મોટાં ત્રિશૂળના જેવડા મોટા નખવાળા, દાઢોવડે વિકરાળ મુખવાળા યમરાજાના કિંકરો, મનુષ્યોને ધન, સ્ત્રી વગેરેથી રહિત-એકલા નરકમાં ખેંચી જાય નહિ, તે પહેલાં જ ભવિષ્યમાં સદ્દગતિ સંપાદન કરવાની ઇચ્છાથી તમે શુભ પર્વોને દિવસે સુપાત્રોને (ગાય, ભૂમિ, હિરણ્ય વગેરેનું) દાન આપો. ૬

તાત્પર્ય-દાન, ભોગ અને નાશ-ધનની આવી ત્રણ ગતિ છે. જે દાન દેતો નથી, તેમ જ પેટ ભરીને ખાતો પણ નથી, તેવા કૃપણનું ધન પરિણામે નાશ પામે છે. માટે જે હાથે કરીને દીધું અથવા તો ભોગવ્યું તે જ ધન પોતાનું સમજવું, બાકીનું ધન પારકું સમજવું.

: शार्दूलविक्रीडितवृत्त : (પુણ્યને યોગે લક્ષ્મી મળે છે.)

आढ्यः कश्चिदपंडितोऽपि विदुषां सेव्यः सदा धार्मिका
विश्वेषामुपकारको मृगदृशामानन्दकन्दाकरः।
कर्पूरद्युतिकीर्तिभूषितहरिद्भूमण्डले गीयते
शश्वद्वन्दिजनैर्महीतनुभृतः पुण्यैर्न कस्योदयः ॥ ७ ॥

હે ધાર્મિક પુરુષો ! કોઇક મૂર્ખ મનુષ્ય પણ જ્યારે પૂર્વ જન્મનાં પુણ્યને યોગે ધનાઢ્ય બની જાય છે, ત્યારે વિદ્વાનો પણ નિત્ય તેની સેવા કરે છે; કારણ કે ધનાઢ્ય જગતમાંના લોકો પર ઉપકાર કરે છે, મૃગનયનાઓને આનંદદાયક થઇ પડે છે અને બંદીજનો નિત્ય કર્પૂરના જેવી કાંતિવાળી દિશાઓમાં ભૂમંડળને દીપાવનારી તેની કીર્તિનું રાત દહાડો ગાન કર્યા કરે છે. કહો, પુણ્યોથી કોનો ઉદય થતો નથી ? ૭

: शिखरिणीवृत्त : (શ્રીહરિ ભક્તની ભીડ ભાંગનારા છે.)

यमाराध्याराध्यं त्रिभुवनगुरुं प्राप वसतिं
ध्रुवो ज्योतिश्चक्रे सुचिरमनवद्यां शिशुरपि।
अवाप प्रल्हादः परमपदमाराध्य यमितः
स कस्यालं क्लेशो हरति न हरिः कीर्तितगुणः ॥ ८ ॥

ધ્રુવ લઘુ વયના હતા, તો પણ આરાધના કરવા યોગ્ય અને ત્રણ ભુવનના ગુરુ એવા શ્રીહરિની આરાધના કરીને જ્યોતિશ્ચક્રને વિષે ચિરકાળ રહેનારાં ધ્રુવપદને પ્રાપ્ત થયા હતા. તેમ પ્રહ્લાદ પણ શ્રીહરિનું આરાધન કરીને પરમ પદને પ્રાપ્ત થયા હતા. શ્રીહરિ પોતાના ગુણોનું ગાન કરનારા કયા પુરુષના ક્લેશને સંપૂર્ણ રીતે હરતા નથી ? ૮

તાત્પર્ય—શ્રીહરિ પોતાનું આરાધન કરનારને પરમ પદ આપે છે, પછી તે દેવ હો કે દાનવ. ભગવાન્ ભક્તવત્સલ છે; તેને સમ–વિષમ ભાવ નથી.

: शार्दूलविक्रीडितवृत्त : (અજ્ઞાની ઈશ્વરને ઓળખતો નથી.)

को देवो भुवनोदयावनकरो विश्वेश्वरो विद्यते
यस्याज्ञावशवर्तिनो जलधयो नाप्लावयन्ति क्षितिम् ।
इत्याम्नातमपीश्वरं सुरशिरोरत्नं जगत्साक्षिणं
सर्वज्ञं धनयौवनोद्धतमना नो मन्यते बालिशः ॥ ९ ॥

જે પરમાત્મા આ જગતનો ઉદય અને પાલન કરે છે, જે વિશ્વના ઈશ્વર છે, સાત સમુદ્રો જેમની આજ્ઞાને આધીન રહીને પૃથ્વીને બોળી દેતા નથી, તે વેદ તથા ઉપનિષદમાં વર્ણન કરાયલા સર્વ જગતના સાક્ષી અને સર્વજ્ઞ એવા ઈશ્વરને ધન તથા જુવાનીથી ઉદ્ધત મનના થયેલા મૂર્ખાઓ માનતા નથી. અર્થાત ઈશ્વર છે જ નહિ, આમ કહે છે. ૯

તાત્પર્ય—ચાર્વાક વગેરે નાસ્તિકો કહે છે કે, "न स्वर्गो नापवर्गो वा नैवात्मा पारलौकिकः–સ્વર્ગ નથી, નરક નથી, આત્મા નથી, તેમ પારલૌકિક પણ નથી." આટલેથી જ તેઓ અટકયા નથી, પણ આગળ વધીને કહે છે કે "यावज्जीवेत् सुखं जीवेत् ऋणं कृत्वा घृतं पिबेत् । भस्मीभूतस्य देहस्य पुनरागमनं कुतः॥ જીવતાં સુધી સુખમાં રહેવું ને કરજ કરીને પણ ઘી પીવું. કારણ કે આ શરીર બળીને ભસ્મ થઇ ગયા પછી તેનો પાછો કયાંથી જન્મ થવાનો ? (અર્થાત્ પુનર્જન્મ નથી)" તેમ ઈશ્વર વગેરે પણ નથી. માટે ખાઇ પીને ખુશ રહેવું. આમ મિથ્યા જ્ઞાનથી મૂર્ખાઓ બકબકાટ કર્યા કરે છે.

: शार्दूलविक्रीडितवृत्त : (નાસ્તિકો)

कस्येमौ पितरौ मनोभववता तापेन संयोजिता-
वन्योन्यं तनयादिकं जनयतो भूम्यादिभूतात्मभिः ।
इत्थं दुःस्थमतिर्मनोभवरतिर्यो मन्यते नास्तिकः
शान्तिस्तस्य कथं भवेद्धनवतो दुष्कर्मधर्माश्रयात् ॥१०॥

નાસ્તિક મતવાળાઓ કહે છે કેઃ માતાપિતા કામદેવના તાપથી સંતપ્ત થઇ પરસ્પર સમાગમ કરીને પૃથ્વી, પાણી, પવન અને અગ્નિ આ ચાર ભૂતોના સંયોગથી પુત્રાદિકને ઉત્પન્ન કરે છે, તેમાં માત્ર તેમની કામતૃપ્તિ જ કારણ છે. માટે તેમના તરફ શા માટે પૂજ્યબુદ્ધિ રાખવી? આ રીતે દુષ્ટ બુદ્ધિવાળો, કામમાં રચ્યોપચ્યો રહેનારો નાસ્તિક માને છે. માટે દુષ્કર્મ અને દુષ્ટ ધર્મનો આશ્રય કરવાથી તે ધનવાનને શી રીતે શાંતિ મળે? કદિ પણ મળે જ નહિ. ૧૦

તાત્પર્ય–નાસ્તિકોની મૂર્ખતાને ભર્તૃહરિ ધિક્કારે છે.

: शार्दूलविक्रीडितवृत्त :

देहाद्यात्ममतानुसारि भवतां यद्यस्ति मुग्धं मतं
वेदव्यासविनिन्दितं कथमहो पित्राद्यपत्ये तदा ।
दाहादिः क्रियते विशुद्धफलको युष्माभिरुद्वेजितैः
शोकेनार्थपरायणैरपसदैर्दृष्टार्थमात्रार्थिभिः ॥ ११ ॥

હે દેહાત્મવાદીઓના મતને અનુસરનારા! તમે જો વેદવ્યાસે નિંદી કાઢેલા દેહાદિકને જ આત્મા માનનારા ચાર્વાકના મિથ્યા મતને માનતા હો તો, પ્રત્યક્ષ પ્રમાણને ખરું માનનારા એવા તમે સ્વાર્થપરાયણ હોવા છતાં પિતા, પુત્ર વગેરેનાં શરીરોને જાતે ચિતામાં બાળી નાંખીને તેનો શા

માટે શોક કરો છો ? ખરેખર તમે સ્વાર્થપરાયણ અને નીચ છો. ૧૧

તાત્પર્ય-દેહ તથા ઇન્દ્રિયો આત્મા નથી; છતાં દેહાદિકને આત્મા માનનારા ચાર્વાકો પોતાના પિતા પુત્રાદિક સંબંધીઓના દેહને બાળી નાંખે છે. આથી તેઓ આત્માનાત્માના જ્ઞાનથી રહિત છે.

: शिखरिणीवृत्त : (વિદ્વાનને દેહાભિમાન હોતું નથી.)

विपश्चिद्देहादौ क्वचिदपि ममत्वं न कुरुते
परब्रह्मध्याता गगननगराकारसदृशे ।
निरस्ताहंकारः श्रुतिजनितविश्वाससुभगो
निरातङ्कोऽव्यग्रः प्रकृतिमधुरालापचतुरः ॥ १२ ॥

પરમ બ્રહ્મનું ધ્યાન ધરનારો, દેહાદિકને વિષે અહંકાર-રહિત, વેદે કરેલા ઉપદેશમાં વિશ્વાસ બેસવાથી જ્ઞાનસંપન્ન, પાંચ પ્રકારના ક્લેશથી રહિત, શાંત, સ્વાભાવિક રીતે મધુર ભાષણ કરનારો જ્ઞાની પુરુષ ગંધર્વ નગરના જેવા મિથ્યા દેહ, ગેહ વગેરે ઉપર મમત્વ કરતો નથી. ૧૨

: शार्दूलविक्रीडितवृत्त :

नित्यानित्यपदार्थतत्त्वविषये नित्यं विचारः सतां
संसर्गे मितभाषिता हितमिताहारोऽनहंकारिता ।
कारुण्यं कृपणे जने सुखिजने प्रीतिः सदा यस्य सः
प्रायेणैव तपः करोति सुकृती शश्वन्मुकुन्दप्रियः ॥ १३ ॥

પુણ્યવાન્ પુરુષ સત્પુરુષોનો સમાગમ કરીને હમેશાં નિત્ય તથા અનિત્ય વસ્તુના તત્ત્વનો વિચાર કર્યા કરે છે, થોડું ભાષણ કરે છે, હિતકારક, પરિમિત અને પચે તેવો આહાર

કરે છે, અહંકારરહિત હોય છે, દુઃખી મનુષ્યોના ઉપર દયા કરે છે, સુખી મનુષ્યોની સાથે સદા પ્રીતિ કરે છે, ઘણું કરીને તપશ્ચરણ કર્યા કરે છે, અને નિત્ય મુકુંદ ભગવાનનો પ્રિય થઇને રહે છે. ૧૩

તાત્પર્ય–પુણ્યવંત પુરુષો સાત્ત્વિક આહાર કરીને તપશ્ચરણમાં જ પોતાના દિવસો ગાળે છે. પણ વ્યાવહારિક બાબતોમાં માથું મારતા નથી.

: शार्दूलविक्रीडितवृत्त : (ઇશ્વિરારાધન કરનારો ભવસાગરને તરે છે.)

संसारेऽपि परोपकारकरणख्यातव्रता मानवा
ये संपत्तिगृहा विचारचतुरा विश्वेश्वराराधकाः।
तेऽप्येनं भवसागरं जनिमृतिग्राहाकुलं दुस्तरं
गंभीरं सुतरां तरन्ति विविधव्याध्याधिवीचीमयम् ॥ १४ ॥

જે સંપત્તિવાળા મનુષ્યો આ સંસારમાં પણ પરોપકાર કરવારૂપી પ્રખ્યાત વ્રતને ધારણ કરે છે, આત્માનાત્માનો વિચાર કરવામાં ચતુર હોય છે, વિશ્વેશ્વરનું સમારાધન કરે છે તે મનુષ્યો, જન્મરૂપી ને મૃત્યુરૂપી ગ્રાહથી ભરપૂર, ને તેથી દુસ્તર, ગંભીર અને અનેક જાતની વ્યાધિ તથા આધિ(માનસિક પીડા)રૂપી તરંગોથી ઉછળી રહેલા સંસારસાગરને સહજમાં તરી જાય છે. ૧૪

: स्रग्धरावृत्त : (અહંતા મમતા રહિતને ધન્ય છે.)

धन्या एते पुमांसो यदयमहमिति त्यक्तचेतोविकल्पा
निःशंकं संचरन्तो विदधति मलिनं कर्म कामप्रयुक्ताः।
जानन्तोऽप्यर्थहीनं जगदिदमखिलं भ्रान्तवद्वैतजालं
रागद्वेषादिमन्तो वयमयमिति हा न त्यजन्तेऽभिमानं ॥ १५ ॥

જેઓના મનમાંથી અમુક ફલાણો છે અને અમુક હું છું, આવી જાતના વિકલ્પો નાશ પામ્યા છે તેવા પુરુષો ભાગ્યશાળી છે. પરંતુ કામનામાં રચ્યાપચ્યા રહેનારા પુરુષો તો નિ:શંકપણે પાપકર્મ કરતા રહીને આ જગતમાં ભટકયા કરે છે. તેઓ જાણે છે કે આ સર્વ જગત્ અર્થહીન-મિથ્યા છે, ભ્રાંતિથી દેખાય છે અને દ્વૈતરૂપી જાળથી ભરપૂર છે. છતાં પણ, હાય! હાય! તેઓ રાગને તથા દ્વેષને લીધે 'અમે ઉત્તમ છીએ, ફલાણામાં તો કંઇ પણ નથી', આવી રીતે અભિમાન કર્યા કરે છે. ૧૫

તાત્પર્ય–સંસાર મિથ્યા છે, આમ જાણ્યા છતાં પણ કેટલાએક રાગદ્વેષને લીધે બીજાનું અપમાન કરે છે અને પોતાને શ્રેષ્ઠ માને છે, તેઓને ધિક્કાર છે.

: शिखरिणीवृत्त : (સગુણની ઉપાસના)

न चेत्ते सामर्थ्यं भवनमरणातङ्कहरणे
मनोऽनिर्दिष्टेऽस्मिन्नपगतगुणे ज्ञातुमकले।
तदा मेघश्यामं कमलदलदीर्घाक्षममलं
भजस्व श्रीरंगं शरदमृतधामाधिकमुखम् ॥ १६ ॥

જન્મ, મરણ તથા રોગ, ત્રિવિધ તાપ અને શંકાને હરનારા, મનથી પણ જાણવામાં આવે નહિ તેવા, સત્ત્વ, રજ ને તમ એ ત્રણ ગુણથી રહિત અને અકળ એવા પરબ્રહ્મને જાણવાનું જો તારામાં સામર્થ્ય ન હોય, તો મેઘના જેવા શ્યામ રંગના, કમળના દલસમાન વિશાળ નેત્રવાળા, સર્વ જાતના દોષોથી રહિત, શરદ્ઋતુના ચન્દ્ર કરતાં પણ અધિક કાંતિમાન્ મુખવાળા, શુદ્ધ સ્વચ્છ શ્રીરંગનું (શ્રીકૃષ્ણનું) ભજન કર. ૧૬

:સ્રગ્ધરાવૃત્ત : (સંસારરૂપી વૃક્ષનુ છેદન કરવા વિશે.)

भ्रातः शान्तं प्रशान्ते कचिदपि निपतन्मित्र रे भूधराग्रे
ग्रीष्मे ध्यानाय विष्णोः स्पृहयसि सुतरां निर्विशंकं गुहायाम्।
अन्विष्यंस्तादृगत्र क्षितिवलयतले स्थानमुन्मूलयैतत्
संसारानर्थवृक्षं मथितगुरुमहामोहमूलं विशालम् ॥ १७ ॥

હે ભાઈ! હે મિત્ર! તું આ પૃથ્વીરૂપ વલયના તલ પર અતિ શાંત પર્વતપરની ગુફામાં ક્યાંય પણ વિષ્ણુ ભગવાનનું ધ્યાન ધરવા માટે અસંગરૂપ તલવારથી મહામોહરૂપ મહામૂલનું મથન કરનારા અતિ શાંત સ્થાનને શોધવાની–જોવાની ઇચ્છા કરતો હો, તો વિશાળ સંસારરૂપ અનર્થ વૃક્ષને ઉખેડી નાખ. ૧૭

: वसन्ततिलकावृत्त : (કૃતાર્થ કોણ?)

विश्वेश्वरो भवति विश्वजनीनजन्मा
विश्वंभरे भगवति प्रथितप्रभावे ।
यो दत्तचित्तविषयः सुकृती कृतार्थो
यत्र कचित्प्रतिदिनं निवसन् गृहादौ ॥ १८ ॥

ઘરમાં કે વનમાં હરકોઈ ઠેકાણે જે પુરુષ પ્રતિદિવસ વિશ્વના ઈશ્વર, વિશ્વનું હિત કરનારા, વિશ્વનું ધારણપોષણ કરનારા, પ્રખ્યાત પ્રભાવવાળા પરમાત્મા વિશે મનને અર્પણ કરે છે, તે પુરુષને જ પુણ્યવાન્ અને કૃતકૃત્ય જાણવો. ૧૮

: मन्दाक्रान्तावृत्त :

ध्यानव्यग्रं भवतु हृदयं तिष्ठतो यत्र तत्र
श्रीमद्विष्णोस्त्रिभुवनपतेर्नित्यमानन्दमूर्तेः
लक्ष्मीचेतः कुमुदविपुलानन्दपीयूषधाम्नो
मेघच्छायाप्रतिभटतनोः क्लेशसिंधुं तितीर्षोः ॥ १९ ॥

હે સંસારી જીવ! તને જો કલેશરૂપી સમુદ્ર તરવાની ઇચ્છા થતી હોય, તો તું જ્યાં જ્યાં ઉભો હો ત્યાં ત્યાં તારે તારા હૃદયને શ્રીવિષ્ણુનું ધ્યાન ધરવામાં પરાયણ કરવું. કારણ કે મેઘસમાન કાંતિવાળા વિષ્ણુ ત્રણ ભુવનના પતિ છે, નિત્ય આનંદની મૂર્તિ છે, અને લક્ષ્મીજીના ચિત્તરુપી કુમુદનો વિકાસ કરવામાં ચન્દ્રસમાન છે. ૧૯

: शार्दूलविक्रीडितवृत्त :

कामादित्रिकमेव मूलमखिलक्लेशस्य मायोद्भव
मर्त्यानामिति देवमौलिविलसद्भ्राजिष्णुचूडामणिः ।
श्रीकृष्णो भगवानवोचदखिलप्राणिप्रियो मत्प्रभु-
र्यस्मात्तत्त्रिकमुद्यतेन मनसा हेयं पुमर्थार्थिना ॥ २० ॥

દેવોના મુકુટ વિષે ચળકતા દેદીપ્યમાન ચૂડામણિ (મુકુટરત્ન)રૂપ, સર્વ પ્રાણીઓને પ્રિય, મારા પ્રભુ એવા શ્રીકૃષ્ણ ભગવાન્ મનુષ્યોને ઉપદેશ કરે છે, કે પુરુષાર્થ સંપાદન કરવાની ઇચ્છાવાળાએ માયાથી ઉત્પન્ન થયેલા, સંપૂર્ણ કલેશનાં મૂલરૂપ, કામ, ક્રોધ ને લોભ એ ત્રણ વસ્તુનો સાવધાન મનથી ત્યાગ કરી દેવો. ૨૦

(પરમાત્મા પણ માયાના સંબંધથી લક્ષ્મીપતિ થયા છે.)

: शार्दूलविक्रीडितवृत्त :

कामस्यापि निदानमाहुरपरे मायां महाशासनां
निश्चित्कां सकलप्रपञ्चरचनाचातुर्यलीलावतीम् ।
यत्संगाद्भगवानपि प्रभवति प्रत्यङ्महामोहहा
श्रीरङ्गो भुवनोदयावनलयव्यापारचक्रेऽक्रियः ॥ २१ ॥

કેટલાએક જ્ઞાનીઓ કહે છે, કે માયા મહાસત્તા ધરાવનારી છે અને ચૈતન્યરહિત હોવા છતાં પણ સર્વ જગતને

રચવામાં અલૌકિક કરામત ધરાવનારી છે. તે માયાથી જ કામની ઉત્પત્તિ થાય છે. અરે! એટલું જ નહિ, પરંતુ પ્રત્યેક જીવના મહામોહનો નાશ કરનારા અને ક્રિયારહિત ભગવાન્ પણ માયાના સંગમાં રહેવાથી ‘શ્રીપતિ’ થયા છે અને ક્રિયારહિત છતાં આ જગતની ઉત્પત્તિ, સ્થિતિ અને લયરૂપી કર્મ કર્યા કરે છે. ૨૧.

તાત્પર્ય–માયા એવી તો મોહકારિણી છે, કે તેના સંગથી ઇશ્વર જેવા પણ મોહમાં લપટાયા છે; તો પછી બીજાની તો વાત જ શી? માટે બને ત્યાં સુધી માયાની જાળમાં ફસાવું નહિ.

: शिखरिणीवृत्त : (ઈશ્વરનું અસ્તિત્વ.)

यदध्यस्तं सर्वं स्रजि भुजगवद्भाति पुरतो
महामायोद्गीर्णं गगनपवनाद्यं तनुभृताम् ।
भवेत्तस्या भ्रान्तेर्मुररिपुरधिष्ठानमुदयं
यतो न स्याद्भ्रान्तिर्निरधिकरणा क्वापि जगति ॥ २२ ॥

આ સર્વ જગત્ મહામાયાથી ઉત્પન્ન થયું છે ને પાંચ મહાભૂતોથી પ્રાણીઓની ઉત્પત્તિ થાય છે અને પુષ્પની માળામાં જેમ સર્પ ભાસે છે તેમ સમ્મુખ પરમાત્મામાં અધ્યાસવાળું સર્વ જગત્ સમ્મુખ ભાસે છે. કોઇને શંકા થાય કે જે દેખાય છે તે મિથ્યા કેમ હોય? તેના ઉત્તરમાં કહેવાનું કે અંધારામાં પડેલી માળામાં જેમ સર્પની ભ્રાંતિ થાય છે, તેમજ મુરારિ ભગવાનને વિષે પણ અજ્ઞાનીઓને જગતની ભ્રાંતિ થાય છે. જેમ સર્પ મિથ્યા છે, પરંતુ જેના પર સર્પની ભ્રાંતિ થાય છે એવી માળારૂપી અધિકરણ વસ્તુ સત્ય છે, તેમ જ

જગત્ મિથ્યા છે, પરંતુ ભ્રાંતિના અધિકરણરૂપ ઇશ્વર સત્ય છે. કારણ કે જગતમાં કોઇ પણ ઠેકાણે અધિકરણ વિના ભ્રાંતિ થવાનો સંભવ નથી. ૨૨

: शिखरिणीवृत्त :

वियत्पृथ्वीवायुज्वलनजलजं चाखिलमिदं
महामायासङ्गाद्भुजग इव रज्ज्वां भ्रमकरम् ।
तदत्यन्ताह्लादं ह्यजरममरं चिन्तय मनः
परब्रह्माव्यग्रं हरिहरसुराद्यैरवगतम् ॥ २३ ॥

પૃથ્વી, પાણી, તેજ, વાયુ ને આકાશ એ પંચમહાભૂતાત્મક આજે સંપૂર્ણ જગત્ ઉત્પન્ન થયું છે, તે મહામાયાના સંગથી ઉત્પન્ન થયું છે; અને રજ્જુમાં જેમ સર્પનો ભાસ થાય છે, તેમ તે ભ્રામક છે. માટે હે મન! અત્યંત આનંદજનક, જરારહિત તથા મૃત્યુરહિત, હરિ, હર અને દેવોએ જાણેલા એવા પરબ્રહ્મનું તું શાંતિથી સ્મરણ કર. ૨૩

: वसन्ततिलकावृत्त :

चिद्रत्नमत्र पतितं वपुरंधकूपे
पुंसो भ्रमादनुपमं महनीयतेजः ।
सद्यः समुद्धरति तद्भविता कृतार्थो
मन्ये स एव समुपासितविश्वनाथः ॥ २४ ॥

પુરુષની અજ્ઞાનતાને લીધે શરીરરૂપી અંધારા કૂવામાં અનુપમ અને મહાન્ તેજસ્વી એવું ચૈતન્ય (આત્મા)રૂપી રત્ન પડી ગયું છે. તે રત્નનો જે પુરુષ શરીરરૂપી કૂવામાંથી તુરત ઉદ્ધાર કરે છે, તેને કૃતાર્થ જાણવો અને તેણે જ વિશ્વનાથની (પરમાત્માની) ઉપાસના કરી છે, એમ હું માનું છું. ૨૪

: शार्दूलविक्रीडितवृत्त :

स्वान्तव्योम्नि निरस्तकल्मषघने सद्बुद्धितारावली-
संदीप्ते समुदेति चेन्निरुपमानन्दप्रभामंडलः।
ब्रह्मज्ञानसुधाकरः कवलिताविद्यान्धकारस्तदा
क्व व्योम क्व सदागतिः क्व हुतभुक् क्वाम्भः क्व सर्वंसहा ॥२५॥

ચોતરફ ઘેરાઈ રહેલાં પાપરૂપી વાદળો ખસી જાય છે કે અન્તઃકરણરૂપી આકાશમાં વિવેક, વૈરાગ્યરૂપી સદ્બુદ્ધિનું તારામંડળ ઉદય પામે છે; તેથી ચોતરફ પ્રકાશ થઈ રહે છે; અને અનુપમ આનન્દરૂપી પ્રભામંડળવાળા બ્રહ્મજ્ઞાનરૂપી નિર્મળ ચંદ્રનો ઉદય થાય છે, એટલે અવિદ્યારૂપી અંધકાર નાશ પામે છે. પછી આકાશ, વાયુ, અગ્નિ, પાણી અને પૃથ્વી એ પાંચ ભૂતો કોણ જાણે ક્યાંએ લય પામે છે, તેનો પત્તો જ લાગતો નથી. ૨૫

તાત્પર્ય—જ્યાં સુધી અજ્ઞાન હોય છે, ત્યાં સુધી જગત્ ભાસે છે. પરંતુ બ્રહ્મવિદ્યાવડે અજ્ઞાનનો નાશ થાય છે કે જગત્ જેવું કંઈ જ રહેતું નથી.

: સ્રગ્ધરાવૃત્ત : (વિદ્યા તથા અવિદ્યાનો ભેદ)

काहं ब्रह्मेति विद्या निरतिशयसुखं दर्शयन्ती विशुद्धं
कूटस्थस्वप्रकाशं प्रकृतिसुचरिता खण्डयन्ती च मायाम्।
काविद्याहंममेति स्थगितपरसुखा चित्तभित्तौ लिखन्ती
सर्वानर्थाननर्थान् विषयगिरिभुवा वासनागैरिकेण ॥ २६ ॥

જે નિત્ય નિરતિશય સુખરૂપ, વિશુદ્ધ, કૂટસ્થ, સ્વયંપ્રકાશ એવા પરબ્રહ્મના સ્વરૂપને દર્શાવતી તથા માયાનું ખંડન કરતી, સ્વભાવથી જ સુચરિત્રવાળી 'अहं ब्रह्म-

હું બ્રહ્મસ્વરૂપ છું', એવા પ્રકારની બ્રહ્મવિદ્યા ક્યાં અને પરબ્રહ્મના સુખને ઢાંકી દેનારી તથા વિષયરૂપી પર્વત ઉપર ઉત્પન્ન થયેલા વાસનારૂપી ગેરુ વડે ચિત્તરૂપી ભીંત ઉપર સર્વ જાતના અનર્થોને આલેખતી અર્થાત ચિત્તને અનર્થોના તરફ ઘસડી જનારી 'હું તથા મારું, તારું', એવા પ્રકારની અવિદ્યા ક્યાં? ૨૬

: स्रग्धरावृत्त : (સંસારીનો મોક્ષ થતો નથી.)

यावज्जागर्ति चित्ते दुरितकलुषिते प्राणिनो वित्तपुत्र-
क्षेत्राद्यर्थेषु चिन्ता तद्गतिपरतया भ्राम्यमाणस्य नित्यम् ।
तावन्नार्थस्य सिद्धिर्भवति कथमपि प्रार्थितस्यार्तिभाजा
कैवल्याख्यस्य लोके रमणसुखभुवो मुक्तदोषानुषक्तेः॥२७॥

મનુષ્ય જ્યાં સુધી પાપથી મલિન થયેલા મનમાં ધન વિષેની, પુત્રોની, સ્ત્રીની તથા ક્ષેત્ર વગેરે મિથ્યા પદાર્થોની ચિંતા કર્યા કરે છે અને તદ્રૂપ થઇને રાત દહાડો તેને માટે જ ભટકયા કરે છે, ત્યાં સુધી તે ઇચ્છા કર્યા છતાં પણ સર્વ પ્રકારના દોષોથી રહિત અને અનુપમ આનંદને આપનારા કૈવલ્ય (મોક્ષ) નામના પદાર્થને જગતમાં કોઇ પણ રીતે મેળવી શકતો નથી. ૨૭

: शार्दूलविक्रीडितवृत्त :

निष्कामा मुनयः परावरदृशो निर्धूतपाप्मादयो
निस्संगा निरहंकृता निरुपमानन्दं परं लेभिरे।
यद्गत्वा न लुठन्ति मातृजठरे दुःखाकरे मानवा
दुर्गन्धे पुनरेत्य काममकरे संसारपाथोनिधौ ॥ २८ ॥

વર્જન કામનારહિત, ભૂત તથા ભવિષ્યને સર્વાત્મક બ્રહ્મને–પરમાત્માને જોનારા, જ્ઞાનવડે પાપનો નાશ કરનારા, કર્મનાં ફળના સંગથી રહિત તથા અહંકાર વિનાના મુનિજનો અનુપમ આનંદની મૂર્તિરૂપ પરમાત્માના સ્વરૂપને પ્રાપ્ત કરે છે, અને જે સ્થાનમાં ગયા પછી કામરૂપી મગરવાળા સંસારસિંધુમાં તેમજ અત્યંત દુર્ગંધી અને દુઃખદાયક એવા માતાના ઉદરમાં ફરીને જન્મ ધારણ કરતા નથી. ૨૮

તાત્પર્ય–પરબ્રહ્મના સ્વરૂપને પ્રાપ્ત થનારો, જન્મ-મરણના ફેરામાંથી મુક્ત થાય છે.

: वसन्ततिलकावृत्त :

ब्रह्मामृतं भज सदा सहजप्रकाशं
सर्वान्तरं निरवधि प्रथितप्रभावम् ।
यद्यस्ति ते जिगमिषा सहसा भवाब्धेः
पारे परे परमशर्मणि निष्कलंके ॥ २९ ॥

હે જીવ! તારે જો એકદમ સંસારરૂપી સાગરને તરી જઈને તેને પેલે તીર–કે જે સર્વ જાતના ક્લેશોથી રહિત અને પરમ કલ્યાણકારક છે, ત્યાં–જવાની ઇચ્છા હોય તો સ્વાભાવિક રીતેજ પ્રકાશરૂપ, સર્વના અંતઃકરણમાં બિરાજમાન, અનન્ત (છેડા વિનાના), મહા પ્રખ્યાત પ્રભાવવાળા અવિનાશી પરબ્રહ્મનું તું સદા ભજન કર. ૨૯

: शिखरिणीवृत्त :

चिदेव ध्यातव्या सततमनवद्या सुखतनु-
र्निराधारा नित्या निरवधिरविद्यादिरहिता ।
अनास्थामास्थाय भ्रमवपुषि सर्वत्र विषये
सदाशेषव्याख्यानिपुणमतिभिः ख्यातयतिभिः ॥ ३० ॥

નિત્ય ઉપનિષદોના સંપૂર્ણ વ્યાખ્યાનમાં નિપુણ બુદ્ધિવાળા અને પ્રખ્યાત બુદ્ધિવાળા સંન્યાસીઓએ 'આ પાંચભૌતિક શરીર અને સર્વ વિષયો માયાના વિલાસરૂપ છે', આમ માનીને તેઓના ઉપર અનાસ્થા ઊભી કરવી અને નિત્ય નિર્દોષ, સુખસ્વરૂપ, નિરાધાર, નિત્ય, છેડા વિનાના અને અવિદ્યા આદિકથી રહિત એવા ચૈતન્યનું જ ધ્યાન ધરવું. ૩૦

: शार्दूलविक्रीडितवृत्त :

यत्साक्षादभिधातुमक्षमतया शब्दाद्यनालिङ्गितं
कूटस्थं प्रतिपादयन्ति विलयद्वारा प्रपञ्चस्रजः ।
मोक्षाय श्रुतयो निरस्तविधयोऽज्ञानस्य चोच्छित्तये
तत्राद्वैतवने सदा विचरताच्चेतःकुरंगः सताम् ॥ ३१ ॥

કર્મમાર્ગનું ખંડન કરીને બ્રહ્મવિદ્યાનું મંડન કરનારી શ્રુતિઓ, અજ્ઞાનનો નાશ કરીને મોક્ષ આપવાને માટે પ્રપંચમાળાનો લય કરીને, જેમને અભિદાદિક શક્તિઓ પણ કહેવાને સમર્થ નથી તથા શ્રુતિ પણ જેમના સ્વરૂપનું વર્ણન કરવાને અસમર્થ છે, એવા અવિકારી કૂટસ્થ પરમાત્માનું પ્રતિપાદન કરે છે. તે અદ્વૈત બ્રહ્મરૂપી વનવિષે સત્પુરુષોનો ચિત્તરૂપી મૃગ સદાય વિહાર કરો. ૩૧

: स्रग्धरावृत्त : ('तत्त्वमसि' મહાવાક્યનો અર્થ.)

तुल्यार्थेन त्वमैक्यं त्रिभुवनजनकस्तत्पदार्थः प्रपद्य
प्रत्यक्षं मोहजन्म त्यजति भगवति त्वंपदार्थोऽपि जीवः ।
श्रुत्याचार्यप्रसादान्निरुपमविलसद्ब्रह्मविद्यस्तदैक्यं
प्राप्यानन्दप्रतिष्ठो भवति विगलितानाद्यविद्योनिरीहः ॥३२॥

त्वं પદનો અર્થ જીવ છે અને तत પદનો અર્થ ત્રણ ભુવનોને ઉત્પન્ન કરનારા પરમાત્મા છે. જે પુરુષ મોહથી ઉત્પન્ન થનારા અજ્ઞાનનો ત્યાગ કરી દઈ પરમાત્માની સાથે એકતાને પામવાની ઇચ્છા રાખે છે, તેણે શ્રુતિની એટલે વેદવચનોની તથા પોતાના આચાર્યની કૃપાથી અનુપમ એવી બ્રહ્મવિદ્યા સંપાદન કરવી. જીવ પરમાત્માની સાથે એકતાને પામે છે, કે તેની અનાદિ કાળની અવિદ્યા નાશ પામે છે. તે સર્વ જાતની સ્પૃહાઓથી પણ રહિત થાય છે અને આનંદરૂપ બ્રહ્મવિષે સ્થિતિ કરે છે. ૩૨

: शिखरिणीवृत्त :

अहं ब्रह्मास्मीति स्फुरदमलबोधो यदि भवे-
त्पुमान् पुण्योद्रेकादुपचितपरानर्थविरतिः ।
तदानीं काविद्या क्व च तवममेत्यल्पविषयो-
ऽभिमानः संसारः क्व च विविधदुःखैकवसतिः ॥ ३३ ॥

પુરુષને જ્યારે 'अहं ब्रह्मास्मि। હું બ્રહ્મરૂપ છું', આવું નિર્મળ જ્ઞાન થાય છે, ત્યારે પુણ્યની વૃદ્ધિ થવાથી તેનાં સર્વ પાપો શાંત પડી જાય છે; અને બ્રહ્મજ્ઞાન કરાવનારા ઉપનિષદના વિચારો મનમાં એકદમ આવવા માંડે છે, તેથી તેની અવિદ્યા પણ નાશી જાય છે. 'આ તારું, અને આ મારું' એવું તેનું અભિમાન લય પામે છે, અને અનેક જાતનાં દુઃખોના સ્થાનરૂપ આ સંસાર પણ કોણ જાણે ક્યાંએ નાશી જાય છે. ૩૩

: स्रग्धरावृत्त :

हित्वा विश्वाद्यवस्थाः प्रकृतिविलसिता जाग्रदाद्यैर्विशेषैः
सार्धं चैतन्यधातौ प्रकृतिमपि समं कार्यजातैरशेषैः ।
ज्ञानानन्दं तुरीयं विगलितगुणकं देशकालाद्यतीतं
स्वात्मानं वीतनिद्रः सततमधिकृतश्चिन्तयेदद्वितीयम् ॥ ३४ ॥

પ્રકૃતિના વિલાસરૂપ સ્થૂલ, સૂક્ષ્મ અને કારણ દેહો, તેની જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થાઓ તથા વિશ્વ, તૈજસ અને પ્રાજ્ઞ વગેરે અવસ્થાઓને સર્વના કારણરૂપ પ્રકૃતિની સાથે પરબ્રહ્મ વિષે લય કરી દેવા– અર્થાત્ પ્રકૃતિ તથા તેના જૂદા જૂદા વિલાસો એ બ્રહ્મરૂપ છે, તે જાણવું–અને સાધનચતુષ્ટયસંપન્ન થયેલા પુરુષે નિત્ય નિદ્રાનો ત્યાગ કરી જ્ઞાનસ્વરૂપ, આનંદમૂર્તિ, સત્ત્વ, રજ અને તમ આ ત્રણે ગુણથી રહિત, દેશ તથા કાલ આદિકથી રહિત તુરીય તત્ત્વ તરીકે ગણાતા અને સર્વના આત્મારૂપ અદ્વૈત એવા પરબ્રહ્મનું ચિંતન કરવું. ૩૪

शार्दूलविक्रीडितवृत्त :

संन्यासो विहितस्य केशवपदद्वन्द्वे व्यधायि श्रुता
वेदान्ता निरवद्यनिष्कलपरानन्दाः सुनिष्ठाश्चिरम् ।
संसारे वधबंधदुःखबहुले मायाविलासेऽव्ययं
ब्रह्मास्मीति विहाय नान्यदधुना कर्तव्यमास्ते क्वचित् ॥३५॥

શાસ્ત્રવિહિત સર્વ કર્મનો કેશવ પરમાત્માના ચરણ-યુગ્મમાં સંન્યાસ કરી દેવો–એટલે તેમનું જ યજન, પૂજન, ભજન વગેરે કરવું;– નિર્દોષ અને નિષ્કાલ એવા પરબ્રહ્મનું જેમાં વર્ણન છે, એવા ઉપનિષદોને વિષે નિત્ય ઉત્તમ પ્રતિની શ્રદ્ધા રાખવી; તથા આ સંસારમાં મરણનાં અને બંધનનાં અનેક દુઃખો ભોગવવાં પડે છે, અને જે માયાના એક ખેલ જેવો છે, તેને વિષે 'अव्ययं ब्रह्मास्मि । હું અવ્યય પરબ્રહ્મરૂપ છું' એવી ભાવના કરવી. તે સિવાય જીવનું આ સમયે બીજું કંઇ પણ કર્તવ્ય રહેતું નથી. ૩૫

: स्रग्धरावृत्त :

अग्रे पश्चादधस्तादुपरि च परितो दिक्षु चान्यास्वनादि
कूटस्था संविदेका सकलतनुभृतामन्तरात्मानियंत्री ।
यस्यानन्दस्वभावा स्फुरति शुभधियः प्रत्यहं निष्प्रपञ्चा
जीवन्मुक्तः स लोके जयति गतमहामोहविश्वप्रपञ्चः ॥ ३६ ॥

સર્વ પ્રાણીઓના અંતરાત્મારૂપ, પ્રાણી માત્રને નિયમમાં રાખનારા, અવિકારી, જ્ઞાનસ્વરૂપ એક પરમાત્મા જ આગળ, પાછળ, નીચે, ઉપર, ચોતરફ અને સર્વે દિશાઓમાં વ્યાપીને રહેલા છે. જે પવિત્ર બુદ્ધિવાળા પુરુષને એ આનંદસ્વરૂપ તથા પ્રપંચથી રહિત એવા પરમાત્માનું નિત્ય સ્મરણ થયા કરે છે, તેને મહામોહ તથા વિશ્વમાંનો પ્રપંચ મિથ્યા લાગે છે, અને તે જીવન્મુક્ત પુરુષ આખા જગતમાં વિજય પામે છે. ૩૬

: शार्दूलविक्रीडितवृत्त :

ते धन्या भुवने सुशिक्षितपरब्रह्मात्मविद्या जना
लोकानामनुरंजका हरिकथापीयूषपानप्रियाः ।
येषां नाकतरंगिणीतटशिलाबद्धासनानां सतां
प्राणा यान्ति लयं सुखेन मनसा श्रीरंगचिन्ताभृताम् ॥ ३७ ॥

હરિગુણ ગાઈને લોકોને પ્રસન્ન કરનારા, હરિકથારૂપી અમૃતનાં પાનને પ્રિય માનનારા, સંપૂર્ણ પરિશ્રમ કરીને આ જગતમાં બ્રહ્મવિદ્યાને સંપાદન કરનારા લોકો ખરેખર ભાગ્યશાળી છે. કારણ કે તે સત્પુરુષો ગંગા નદીના તીર ઉપર આવેલા શિલાતટો ઉપર આસન લગાવીને શ્રીકૃષ્ણ પરમાત્માનું મનમાં ધ્યાન કરતા કરતા સુખેથી પોતાના પ્રાણ તજે છે. ૩૭

: हरिणीवृत्त : (સ્રીચરિત્રનો વિજય.)

शिव शिव महाभ्रान्तिस्थानं सतां विदुषामपि
प्रकृतिचपला धात्रा सृष्टाः स्त्रियो हरिणीदृशः ।
विजहति धनं प्राणैः साकं यतस्तदवाप्तये
जगति मनुजा रागाकृष्टास्तदेकपरायणाः ॥ ३८ ॥

શિવ ! શિવ ! બ્રહ્માએ નિર્માણ કરેલી સ્વભાવથી જ ચપળ એવી હરિણનયના સ્રીઓ મહાત્મા એવા વિદ્વાનોને પણ મહામોહ ઉપજાવીને ભ્રમમાં નાખે છે. તો પછી આ જગતમાં રાગ–પ્રીતિથી આકર્ષાયલા અને રાતદહાડો સ્રી વિષેના વિચારોમાં જ મગ્ન રહેનારા કામી પુરુષો સ્રીઓને મેળવવા માટે પ્રાણ સાથે ધનનો ત્યાગ કરે છે, એમાં આશ્ચર્ય શું? ૩૮

: हरिणीवृत्त :

हरति वपुषः कान्तिं पुंसः करोति बलक्षतिं
जनयति भृशं भ्रांतिं नारी सुखाय निषेविता ।
विरतिविरसा भुक्ता यस्मात्ततो न विवेकिभि-
र्विषयविमुखैः सेव्या मायासमाश्रितविग्रहा ॥ ३९ ॥

સુખ મેળવવાની આશાથી પુરુષ સ્રીનું સેવન કરે છે. પરંતુ તે સેવન કરનારા પુરુષના શરીરની કાંતિનો નાશ કરે છે, બળને હરે છે, અત્યંત ભ્રાંતિ ઉત્પન્ન કરે છે, અને ભોગ પછી પરિણામે નીરસ થઈ પડે છે. માટે વિવેકી પુરુષોએ વિષયોથી દૂર રહેવું અને માયાવી શરીરને ધારણ કરનારી નારીને સેવવી નહિ. ૩૯

: हरिणीवृत्त :

कमलवदना पीनोत्तुङ्गं घटाकृति बिभ्रती
स्तनयुगमियं तन्वी श्यामा विशालदृगंचला ।
विशददशना मध्ये क्षामा वृथेति जनाः श्रम
विदधति मुधा रागादुच्चैरनीदृशवर्णने ॥ ४० ॥

સ્ત્રીનું મુખ કમળના જેવું છે. તેનાં બન્ને સ્તનો ભરાઉ, ઉન્નત અને ઘડાના જેવાં ગોળાકૃતિનાં છે, શરીર પાતળું અને સૂક્ષ્મ છે, શ્યામા (સોળ વર્ષની અથવા તો શિયાળામાં ઉષ્ણ અને ઉનાળામાં શીતળ અંગો ધરાવનારી તરુણી) છે. તેની આંખના છેડાઓ વિશાળ છે, દાંત મુક્તાની પંક્તિ જેવા સ્વચ્છ છે અને કટિનો ભાગ કૃશ છે; અત્યન્ત પ્રેમને લીધે સ્ત્રીના ઉપર આસક્ત થયેલા કામી પુરુષો સ્ત્રીઓનું આ રીતે વર્ણન કરવામાં વૃથા પરિશ્રમ કરે છે. ૪૦

: शार्दूलविक्रीडितवृत्त :

यद्येता मदनेषवो मृगदृशश्चेतःकुरंगारयो
धीराणामपि नो भवेयुरबलाः संसारमायापुरे।
को नामामृतसागरे न रमते धीरस्तदा निर्मले
पूर्णानन्दमहोर्मिरम्यनिकरे रागादिनक्रोज्झिते ॥ ४१ ॥

આ સંસારરૂપી માયાપુરીમાં (ગંધર્વ નગરીમાં) ડાહ્યા માણસોનાં મનરૂપી હરણોને હણવાને માટે સ્ત્રીઓરૂપી કામના બાણો જો ન હોત, તો પછી રાગ, દ્વેષરૂપી મગર-મચ્છોથી રહિત પૂર્ણાનંદરૂપી મોટીમોટી ઊર્મિઓના સમુદાયોથી સુંદર એવા નિર્મળ અમૃતસાગરમાં કયો ધીર પુરુષ વિહાર ન કરત? સૌ અમૃતસાગરમાં વિહાર કરત. ૪૧

: स्रग्धरावृत्त :

बालेयं नालभावं त्यजति न सुदती यत्कटाक्षैर्विशालै-
रस्मान्विभ्रामयन्ती लसदधरदलक्षिप्तचूतप्रवाला।
नेतुं वाञ्छत्यकामान् स्वसदनमधुना क्रीडितुं दत्तचित्तान्
पुष्यन्नीलोत्पलाभे मुरजिति कमलावल्लभे गोपलीले ॥४२॥

(પોતાની સ્ત્રીને ઉદ્દેશીને રાજા કહે છે) આ બાલા-જેના સુંદર દાંત છે અને આંબાની કોમળ કુંપળોનો પણ તિરસ્કાર કરે તેવા જેના ઓષ્ઠ છે, તે-પોતાની બાલિશતાનો ત્યાગ કરતી નથી; અને વિશાળ કટાક્ષો મારીને અમને મોહ ઉપજાવે છે, તથા ઉઘડતા શ્યામ કમળના જેવા શ્યામ રંગના લક્ષ્મીના પતિ અને ગોપીઓની સાથે રાસક્રીડા કરનારા શ્રી મુરારિ (શ્રીકૃષ્ણ) વિષે મનને અર્પણ કરીને અમે જે કામનારહિત થયા છીએ તેમને, પોતાની સાથે વિહાર કરવા માટે, અહીંથી ઘેર લઇ જવાની ઇચ્છા રાખે છે. ૪૨

: हरिणीवृत्त : (સાધ્વી સ્ત્રીઓની પ્રશંસા.)

जनयति सुतं कश्चिन्नारी सती कुलभूषणं
निरुपमगुणैः पुण्यात्मानं जगत्परिपालनम् ।
कथमपि न सा निन्द्या वन्द्या भवेन्महतां यतः
सुरसरिदिव ख्याता लोके पवित्रितभूतला ॥ ४३ ॥

પતિવ્રતા સ્ત્રી પોતાનાં પવિત્ર ચરિત્રોથી ગંગા નદીની પેઠે પૃથિવીને પવિત્ર કરે છે, એટલું જ નહિ પરંતુ અનુપમ ગુણવાળા અને કુલના ભૂષણરૂપ પુત્રને ઉત્પન્ન કરે છે, કે જે પવિત્ર ચરિત્રવાળો પુત્ર આખા જગતનું રક્ષણ કરે છે. આવી સાધ્વી સ્ત્રી કોઇ પણ રીતે નિંદા કરવા યોગ્ય નથી, પરંતુ મહાન્ પુરુષોને વંદન કરવા યોગ્ય હોય છે. ૪૩

: शार्दूलविक्रीडितवृत्त :

किं स्थानस्य निरीक्षणेन मुरजिद्ध्यानाय भूमण्डले
भ्रातश्चेद्विरतिर्भवेद्दृढतरा स्रक्चन्दनादौ सदा ।
सा चैषा यदि नास्ति हन्त सुतरां व्यर्थं तदन्वेषणं
स्थानस्यानधिकारिणः सुरधुनीतीराद्रिकुञ्जादिषु ॥ ४४ ॥

હે ભાઈ! જે અધિકારી પુરુષને પુષ્પોની માળાઓ ઉપર તથા ચંદનાદિક ઉપર જો અત્યંત વૈરાગ્ય આવી ગયો હોય તો પછી પરમાત્માનું ધ્યાન ધરવા માટે તેને આ પૃથ્વી-પર સ્થાનો શોધવાનું શું પ્રયોજન છે? (કંઈ જ નથી.) તેમજ જે પુરુષને દૃઢ વૈરાગ્ય થયો નથી તેવા અનધિકારી પુરુષે ગંગાનું તટ, પર્વતોની ગુફાઓ અથવા તો વનના કુંજાદિકોની પરમાત્માના ધ્યાનને માટે શોધ કરવી વ્યર્થ છે; કારણ કે અનધિકારીને કોઈ પણ સ્થળે ધ્યાનનું ફળ મળતું નથી. ૪૪

: શાર્દૂલવિક્રીડિતવૃત્ત : (જીવાત્મા જાણતાં છતાં સંસારમાં ફસાય છે.)

जानन्नेव करोति कर्म बहुलं दुःखात्मकं प्रेरितः
केनाप्यप्रतिवाच्यशक्तिमहिमा देवेन मुक्तात्मना ।
सर्वज्ञेन हृदि स्थितेन मनुजः संसाररङ्गाङ्गणे
मायद्बुद्धिनटीविनोदनिपुणो नृत्यत्यनंगप्रियः ॥ ४५ ॥

સંસારનાં કર્મો ઘણાં જ દુઃખ દેનારાં છે. આમ છતાં પણ હૃદયમાં વાસ કરનારા, સર્વજ્ઞ, મુક્તાત્મા, જેનો મહિમા તથા શક્તિ વાણીથી અવર્ણનીય છે, એવા અનિર્વચનીય પરમાત્માની પ્રેરણાથી, જીવાત્મા સંસારનાં કર્મો કરે છે. પરંતુ કામ ઉપર પ્રીતિ ધરાવનારો અજ્ઞાની જીવાત્મા મદમત્ત બુદ્ધિરૂપી નટીની સાથે વિનોદ કરતો સંસારરૂપી રંગભૂમિ પર નૃત્ય કર્યા કરે છે. ૪૫

: શાર્દૂલવિક્રીડિતવૃત્ત :

कर्तव्यं न करोति बन्धुभिरपि स्नेहात्मभिर्बोधितः
कामित्वादवमन्यते निजहितं धीरोऽप्यभीष्टं नरः ।
निष्कामस्य न विक्रिया तनुभृतो लोके क्वचिद्दृश्यते
यत्तस्मादिदमेव मूलमखिलानर्थस्य निर्धारितम् ॥ ४६ ॥

પુરુષ જાતે વિવેકી હોય છે અને સ્નેહીબંધુઓ પણ તેને બહુ બહુ ઉપદેશ કરે છે; તોપણ,કામને આધીન થઇ જવાથી, તે કર્તવ્ય કર્મનો ત્યાગ કરે છે અને પોતાનું હિત કરનારા એવા તેઓના સદુપદેશનો તિરસ્કાર કરે છે; પરંતુ કામનારહિત પુરુષને આ જગત્ વિષે સંસારના ભોગવિલાસો જોઇને જરા પણ વિકાર થતો નથી. આ ઉપરથી નિશ્ચય થાય છે, કે સંપૂર્ણ અનર્થનું મૂળ કામ જ છે. ૪૬

: शिखरिणीवृत्त :

यदा देवादीनामपि भवति जन्मादि नियतं
महारम्ये स्थाने ललितललनालोलमनसाम् ।
तदा कामार्तानां सुगतिरिह संसारजलधौ
निमग्नानामुच्चैरतिविषयशोकादिमकरे ॥ ४७ ॥

સુંદર લલનાઓની સાથે ભોગ ભોગવવાની ઇચ્છા થવાથી જેમનું ચિત્ત ચંચળ બની ગયેલું છે એવા, મહા રમણીય એવી હવેલીઓમાં રહેનારા કામાતુર દેવાદિકોને પણ મર્ત્ય લોકમાં અવશ્ય જન્મ લેવો પડે છે. તો પછી અતિ વિષયરૂપી અને શોકાદિકરૂપી મગરમચ્છોથી ભરપૂર સંસારસિંધુમાં સંપૂર્ણ રીતે ડૂબી ગયેલા કામાતુર પુરુષોની તો આ લોકમાં કેમ જ સદ્દગતિ થાય? ૪૭

: शिखरिणीवृत्त : (મનને શિખામણ.)

न जानीषे चेतः क्वचिदपि हितं लोकमहितं
भ्रमद्भोगाकांक्षाकलुषिततया मोहबहुले ।
जगत्यत्रारण्ये प्रतिपदमनेकापदि सदा
हरिध्याने व्यग्रं भव सकलतापैककदने ॥ ४८ ॥

હે મન! તું ભોગ ભોગવવાની આકાંક્ષાને લીધે મલિન થઇ ગયું છે. માટે પુષ્કળ મોહથી ભરેલા અને ડગલે

ને પગલે અનેક સંકટોવાળા જગતરૂપી આ ભયંકર અરણ્યમાં સદાય ભટકયા કરે છે. તેથી લોકમાં માન્ય ગણાતા એવા તારા પોતાના હિતની તને કિંચિત્ પણ ખબર નથી. પરંતુ તું તારા હિતને ધ્યાનમાં લઇને સર્વ આપત્તિનો નાશ કરનારા એવા શ્રીહરિના ધ્યાન વિષે પરાયણ થા! ૪૮

: शार्दूलविक्रीडितवृत्त : (લોભીને ઉપદેશ.)

सद्वंशो गुणवानहं सुचरितः श्लाघां करोत्यात्मनो
नीचानां विदधाति च प्रतिदिनं सेवां जनानां द्विजः।
यो वित्तस्य जिघृक्षया स च कुतो नो लज्जते सज्जना-
ल्लोभांधस्य नरस्य नो खलु सतां दृष्टं हि लज्जाभयम् ॥४९॥

'હું ઉત્તમ વંશમાં જન્મ્યો છું, ગુણવાન્ છું; મારા આચરણો ઉત્તમ છે,' આવી રીતે લોભી પુરુષ નિત્ય પોતાના વખાણ કર્યા કરે છે; અને પોતે દ્વિજ જાતિનો હોવા છતાં પણ, ધનસંપાદન કરવાની ઇચ્છાથી, પ્રતિદિન નીચ માણસોની સેવા કર્યા કરે છે. જે પુરુષ લોભથી આંધળો થયેલો હોય છે, તે પુરુષ સત્પુરુષોથી પણ લજાતો કે ભય પામતો નથી. ૪૯.

शार्दूलविक्रीडितवृत्त :

नान्नं जीर्यति किंचिदौषधबलं नालं स्वकार्योदये
शक्तिश्चंक्रमणे न हन्त जरया जीर्णीकृतायां तनौ।
अस्माकं त्वधुना न लोचनबलं पुत्रेति चिन्ताकुलो
ग्लायत्यर्थपरायणोऽतिकृपणो मिथ्याभिमानी गृही ॥ ५० ॥

અત્યંત કૃપણ એવો ગૃહસ્થાશ્રમી પુરુષ રાત દિવસ મિથ્યા અભિમાન કરવામાં તથા ધનસંપાદન કરવામાં તત્પર રહે છે, અને તેની જ ચિંતાથી વ્યાકુલ રહે છે; અને ધન

સંપાદન કરવાં કરતાં જ્યારે તેને વૃદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે, ત્યારે તે પુત્રને સંબોધીને કહે છે, કે "હે પુત્ર! હવે મને ખાધેલું અન્ન પચતું નથી, ઔષધ પણ પોતાનું પરાક્રમ કરવા સમર્થ નથી, હાલવા ચાલવામાં શક્તિ રહી નથી, આ શરીર જરાથી જીર્ણ થઇ ગયું છે, અને હવે મને આંખે પણ દેખાતું નથી." આમ બળાપો કરતાં કરતાં જ તે મરણ પામે છે, પરંતુ ઇશ્વરારાધના કરી શકતો નથી. ૫૦

: हरिणीवृत्त :

अद्य श्वो वा मरणमशिवं प्राणिनां कालपाशै-
राकृष्टानां जगति भवति नान्यथात्वं कदाचित् ।
यद्यप्येवं न खलु कुरुते हा तथाप्यर्थलोभं
हित्वा प्राणी हितमवहितो देवलोकानुकूलम् ॥ ५१ ॥

આ જગત્ વિશે પ્રાણીઓ કાળના પાશથી આકર્ષાયેલાં છે. તેઓનું આજે અથવા તો આવતી કાલે મૃત્યુ અથવા તો અશિવ (અકલ્યાણ) થવાનું છે. તેમાં કંઇ પણ ફેરફાર થવાનો નથી. આવી જાતની સ્થિતિ છે, તથાપિ ખેદની વાત એ છે, કે પ્રાણી ધનનો લોભ ત્યજી દઇ, મનને સાવધાન કરીને આત્માનું હિત કરવા માટે પરલોકમાં અનુકૂલ થઇ પડે તેવું સુકૃત સંપાદન કરવા માટે પ્રયત્ન કરતો નથી. ૫૧

: शार्दूलविक्रीडितवृत्त :

रे रे वित्तमदान्धमोहबधिरा मिथ्याभिमानोद्धता
व्यर्थेयं भवतां धनावनरतिः संसारकारागृहे ।
बद्धानां निगडेन गात्रममतासंज्ञेन यत्कर्हिचित्
देवब्राह्मणभिक्षुकादिषु धनं स्वप्नेऽपि न व्येति वः ॥ ५२ ॥

અરેરે! હે ધનના મદમાં આંધળા બની ગયેલા અને સંસારમાં મોહને લીધે બિલકુલ બહેરા થઇ ગયેલા તથા મિથ્યા અભિમાનથી ઉદ્ધત થઇ ગયેલા અજ્ઞાની જીવડાંઓ! તમે સંસારરૂપી કેદખાનામાં 'મારું અને તારું' એમ મમતા રૂપી બેડીવડે કેદી થઇ ગયા છો; અને દેવતા, બ્રાહ્મણ, ભિક્ષુક વગેરેને માટે સ્વપ્નામાં પણ ધનનો વ્યય કરતા નથી પરંતુ ધનનું રક્ષણ કર્યા કરો છો; પરંતુ ધનનું રક્ષણ કરવાની તમારી આ પ્રીતિ વ્યર્થ છે. ૫૨

તાત્પર્ય-લોકો ધારે છે કે અમે લક્ષ્મીનું રક્ષણ કરીએ છીએ. પરંતુ તે કોઇની થઇ નથી ને થશે પણ નહિ. માટે પરોપકારમાં તેનો ઉપયોગ કરવો કે જેથી તેનું અનંત ફળ મળે.

: स्रग्धरावृत्त :

नाभ्यस्तो धातुवादो न च युवतिवशीकारकः कोऽप्युपायो
नो वा पौराणिकत्वं न सरसकविता नापि नीतिर्न गीतिः।
तस्मादर्थार्थिनां या न भवति भवतश्चातुरी कापि विद्वन्
ज्ञात्वेत्थं चक्रपाणेरनुसर चरणाम्भोजयुग्मं विभूत्यै ॥ ५३ ॥

હે વિવેકી જીવડા! તું નથી ભણ્યો કીમિયાની વિદ્યા, તેમજ તરુણીને વશ કરવાની પણ એકે વિદ્યા ભણ્યો નથી; પુરાણવિદ્યા જાણતો નથી, તેમ જ સરસ કવિતા પણ કરી જાણતો નથી; નીતિ જાણતો નથી, તેમ જ સંગીતવિદ્યા પણ જાણતો નથી. આ રીતે ધન સંપાદન કરનારાઓમાં જે ચાતુરી છે, તેવી કોઇ પણ ચાતુરી તારામાં નથી. તો પછી એ સમજીને હવે તું દૈવી સંપત્તિ મેળવવા માટે ચક્રપાણિનાં ચરણકમળનું શરણ લે. ૫૩

: स्रग्धरावृत्त :

अर्थेभ्योऽनर्थजातं भवति तनुभृतां यौवनादिष्ववश्यं
पित्राद्यैरर्जितेभ्योऽनुपकृतिमतिभिः स्वात्मनाप्यर्जितेभ्यः ।
यस्माद्दुःखाकरेभ्यस्तमनुसर सदा भद्र ! लक्ष्मीविलासं
गोपालं गोपकान्ताकुचकलशतटीकुंकुमासंगरंगम् ॥ ५४ ॥

પિતા, પ્રપિતામહ વગેરેએ મેળવેલા અથવા તો પોતે જાતે મેળવેલા ધનથી અનર્થપરંપરા ઉદ્‌ભવે છે. આવું ધન પરોપકારમાં નહિ વાપરનારા પુરુષોને યૌવન આદિ અવસ્થાઓમાં અવશ્ય દુઃખો થાય છે. માટે હે ભલા માણસ! લક્ષ્મીની સાથે વિલાસ કરનારા, ગોપોનું પાલન કરનારા, ગોપીના કુચરૂપી કલશોની સાથે આલિંગન કરતાં લાગી ગયેલ કેસર વડે રંગાયલા શ્રી લક્ષ્મીપતિ વિષ્ણુની તું સદાય સેવા કર. ૫૪

: शार्दूलविक्रीडितवृत्त :

माद्यत्तार्किकतान्त्रिकद्विपघटासंघट्टपंचानन-
स्तद्वद्दृप्तकृतान्तवैद्यककलाकल्पोऽपि निष्किंचनः ।
यत्र क्वापि धनाशया कृशतनुर्भूपालसेवापरो
जीवन्नेव मृतायते किमपरं संसारदुःसागरे ॥ ५५ ॥

મદમત્ત તર્કશાસ્ત્રીઓરૂપી તથા તંત્રશાસ્ત્રીઓરૂપી ગજઘટાની સાથે યુદ્ધ કરવામાં સિંહસમાન હોય, અથવા તો ગર્વિષ્ઠ એવા કાળ જેવો પ્રચંડ હોય, અથવા તો વૈદ્યવિદ્યામાં કુશળ હોય, છતાં પણ કૃશ શરીરવાળો નિર્ધન પુરુષ (તેમ ન કરતાં) ધનની આશાથી હરકોઇ પણ સ્થળે જઇને રાજાની સેવા કરે છે, તથા સંસારરૂપી દુઃખસમુદ્રમાં જીવતાં જ મરણનું દુઃખ અનુભવે છે. અરેરે!! આના કરતાં વિશેષ દુઃખ તે કયું હોય? ૫૫

: शिखरिणीवृत्त :

जगाम व्यर्थं मे बहुदिनमथार्थार्थि तनयाः
कुभूमिपालानां निकटमतिदोषाकुलमतेः ।
हरिध्यानव्यग्रं भवितुमधुना वाञ्छति मनः
क्वचिद्गंगातीरे तरुणतुलसीसौरभभरे ॥ ५६ ॥

હે પુત્રો! મારી બુદ્ધિ મલિન કર્મના યોગથી વ્યાકુળ થઇ ગઇ હતી. તેથી મેં નાશવંત ધન સંપાદન કરવા માટે દુષ્ટ રાજાઓની સેવા કરવામાં ઘણા દિવસોને ફોગટ ગુમાવી દીધા. પરંતુ હવે મારા મનમાં એવી ઇચ્છા થઇ છે, કે નવ-પલ્લવ તુલસીઓના સુગંધથી મહેકી રહેલા ગંગા નદીના કોઇ તીર ઉપર બેસીને હું શ્રીહરિના ધ્યાનમાં પરાયણ થાઉં. ૫૬

: शार्दूलविक्रीडितवृत्त :

अन्नाशाय सदा रटन्ति पृथकाः क्षुत्क्षामकंठाः स्त्रियो
वासोभी रहिता बहिर्व्यवहृतौ निर्यान्ति नो लज्जया ।
गेहादंगणमार्जनेऽपि गृहिणो यस्येति दुर्जीवितं
यद्यप्यस्ति तथापि तस्य विरतिर्नोदेति चित्रं गृहे ॥ ५७ ॥

છોકરાંઓ 'અમને ખાવા આપો, ખાવા આપો', એમ કહીને રાત દહાડો અન્નને માટે ટળવળતાં હોય; અન્નના અભાવે સ્ત્રીનો કંઠ પણ દુર્બળ થઇ ગયો હોય, અને પહેરવાને માટે વસ્ત્ર પણ ન હોવાથી સગાંવહાલાંને મળવા માટે તેમ જ કોઇ વ્યાવહારિક કાર્યને માટે તથા ઘરનું આંગણું વાળવાને પણ લજ્જાની મારી ઘરની બહાર નિકળી શકતી ન હોય. આવું દુઃખી જીવિત ગાળ્યા છતાં પણ ગૃહસ્થાશ્રમી પુરુષને ઘર ઉપર વૈરાગ્ય આવતો નથી, એ આશ્ચર્યની વાત છે. ૫૭

: शार्दूलविक्रीडितवृत्त :

हिक्काकासभगंदरोदरमहामेदज्वरैराकुलः
श्लेष्माद्यैरपि निद्रया विरहितो मन्दानलोऽल्पाशनः।
तारुण्येऽपि विलोकयते बहुविधो जीवो दरिद्रेश्वरो
हा कष्टं कथमीदृशं भगवतः संसारदुःसागरे ॥ ५८ ॥

હેડકી, ઉધરસ, ભગંદર, ઉદરરોગ, મહામેદ, જ્વર (તાવ), વગેરે અનેક રોગોથી પીડા થાય છે, જઠરાગ્નિ મંદ પડી જાય છે, પેટ ભરીને ખાઈ શકાતું નથી, કફાદિ દોષોને લીધે પણ નિદ્રા આવતી નથી, નિર્ધન સ્થિતિ ભોગવવી પડે છે–આવી રીતે અનેક પ્રકારનાં દુઃખો તરુણાવસ્થામાં પણ જીવને ભોગવવાં પડે છે અને બહુ દુઃખો પોતાની દૃષ્ટિથી જુવે છે; છતાં પણ જીવ ભગવાનનાં ચરણનું સેવન કરતો નથી. અરેરે! આ સંસારરૂપી દુઃખદાયક સિંધુમાં શું આવું દુઃખ જ સમાયલું છે? ૫૮

: वसन्ततिलकावृत्त :

आरभ्य गर्भवसतिं मरणावसानं
यद्यस्ति जीवितुमदृष्टमनेककालम् ।
जन्तोस्तथापि न सुखं सुखविभ्रमोऽयं
यद्बालया रतिरनेकविभूतिभाजः ॥ ५९ ॥

આ જગતમાં ગર્ભાવાસથી માંડીને મરણ પર્યંત આખા જીવતરમાં પ્રાણીને લાંબા સમય સુધી લેશભર પણ અદૃષ્ટ સુખ મળતું નથી. જે કંઈ સુખ જેવું લાગે છે, તે સુખના ભ્રમરૂપ છે, પણ ખરું સુખ નથી. તેમજ સ્ત્રી સાથે સુરતાદિક સુખભોગો તથા વૈભવો પણ દેહનો પાત થાય ત્યાંસુધી રમણીય લાગે છે, પરંતુ પરિણામે તે દુઃખદાયક થઈ પડે છે. માટે જ્ઞાનીએ સંસારનો ત્યાગ કરી દેવો. ૫૯

: शार्दूलविक्रीडितवृत्त :

सन्त्यर्था मम सञ्चिताश्च बहुधाः पित्रादिभिः साम्प्रतं
वाणिज्यैः कृषिभिः कलाभिरपि तान्विस्तारयिष्यामि वः ।
हे पुत्रा इति भावयन्ननुदिनं संसारपाशावलिं
छेत्तायं नु कथं मनोरथमयीं जीवो निरालम्बनः ॥ ६० ॥

'હે પુત્રો! મારા પિતા, પિતામહ વગેરેએ હીરા માણેક, સુવર્ણ, રૂપું વગેરે અનેક ધન એકઠું કરીને મને સોંપ્યું છે, અને હવે હું પણ વ્યાપારો કરીને, ખેતીવાડી કરીને તથા બીજી કળાઓ વડે તમારા માટે તે ધનમાં મોટો વધારો કરીશ.' અજ્ઞાની જીવો રાતદહાડો આવા આવા વિચારો કર્યા કરે છે. પરંતુ તે નિરાધાર જીવ મનોરથરૂપ સંસારની ફાંસીને કેવી રીતે કાપશે? (કોઈ પણ રીતે કાપી શકે, એમ જણાતું નથી.) ૬૦

તાત્પર્ય-અજ્ઞાની જીવ પુત્રો તથા પૌત્રોને માટે રાત-દહાડો અનેક મનોરથો કર્યા કરે છે, અને વધારે ને વધારે સંસારના પાશમાં બંધાતો જાય છે; અને છેવટે તેમાંથી છૂટવા માટે તેની પાસે કોઈ પણ ઉપાય રહેતો નથી.

: वसन्ततिलकावृत्त :

माता मृता जनयितापि जगाम शीघ्रं
लोकान्तरं तव कलत्रसुतादयोऽपि ।
भ्रातस्तथापि न जहासि मृषाभिमानं
दुःखात्मके वपुषि मूत्रकुदर्पकूपे ॥ ६१ ॥

હે ભાઈ! તારી માતા મરી ગઈ, પિતા પણ સત્વર સ્વર્ગલોકમાં પધાર્યા, સ્ત્રી અને પુત્રો પણ સ્વર્ગ ગયાં; તેમ છતાં તું દુઃખથી ભરેલાં મૂત્ર, નરક, માંસ, રુધિર, લીંટ, લાળ વગેરે અપવિત્ર પદાર્થોના અને કુત્સિત ગર્વના એક કૂવા સમાન આ દેહને માટે મિથ્યા અભિમાન હજી પણ છોડતો નથી (એ બહુ આશ્ચર્યની વાત છે). ૬૧

: मन्दाक्रान्तावृत्त :

कामव्याघ्रे कुमतिफणिनि स्वान्तदुर्वारनीडे
मायासिंहीविहरणवने लोभभल्लूकभीमे ।
जन्मन्यस्मिन् भवति विरतिः सज्जनानां कदाचि-
त्तत्त्वज्ञानां विषयविषमाकण्टकाकीर्णपार्श्वे ॥ ६२ ॥

તત્ત્વજ્ઞાની એવા સત્પુરુષોને જન્મરૂપી ભયંકર અરણ્ય ઉપર કોઈ પણ દિવસ પ્રીતિ થતી જ નથી. કારણ કે તેમાં કામરૂપી વાઘ રહેલા છે, અંતઃકરણરૂપી દરમાં કુમતિરૂપ નાગણ નિવાસ કરે છે, માયારૂપી સિંહણ વિહાર કરતી હોય છે, અને લોભરૂપી રીંછોથી તે વન મહા ભયંકર હોય છે; તથા તે વનના પ્રાંતપ્રદેશો વિષયરૂપી વિષમ કંટકોથી ભરપૂર હોય છે. ૬૨

: शार्दूलविक्रीडितवृत्त :

स्वाधीने निकटस्थितेऽपि विमलज्ञानामृते मानसे
विख्याते मुनिसेवितेऽपि कुधियो न स्नान्ति तीर्थे द्विजाः ।
यत्तत्कष्टमहो विवेकरहितास्तीर्थार्थिनो दुःखिता
यत्र क्वाप्यटवीमटन्ति जलधौ मज्जन्ति दुःखाकरे ॥ ६३ ॥

વિખ્યાત વસિષ્ઠાદિક મુનિઓએ સેવેલાં નિર્મળ જ્ઞાનામૃતથી ભરપૂર, પવિત્ર માનસિક સરોવર પોતાની સમીપમાં સ્વાધીન હોવા છતાં પણ સારાસારના વિવેકથી રહિત બ્રાહ્મણો તથા બીજા તીર્થ મેળવવાની ઇચ્છાવાળા દુઃખી જનો પણ રણવગડામાં આડાઅવળા ભટકે છે, અને છેવટે દુઃખની ખાણરૂપ સંસારરૂપી સમુદ્રમાં ડૂબી મરે છે. અરેરે ! એ કેટલી બધી દુઃખની વાત છે ! ૬૩

: वसन्ततिलकावृत्त :

त्वत्साक्षिकं सकलमेतदवोचमित्थं
भ्रातर्विचार्य भवता करणीयमिष्टम्।
येनेदृशं न भवति भवतोऽपि कष्टं
शोकाकुलस्य भवसागरमग्नमूर्तेः ॥६४॥

હે ભાઈ! મેં તારા સમક્ષમાં જે સર્વ કહ્યું, તેનો વિચાર કરીને તારે એવાં ઉત્તમ ઇષ્ટ કર્મ કરવાં, કે જે કર્મ કરવાથી તને ભવસાગરમાં ડૂબી જઈને શોક કરવાનો દુઃખદાયક સમય ફરી આવે નહિ. (અર્થાત્ તું ઉત્તમ કર્મ કર, કે જેથી તને પરબ્રહ્મની પ્રાપ્તિ થાય.) ૬૪

: शार्दूलविक्रीडितवृत्त :

यत्प्रीत्यर्थमनेकधाऽलभि मया कष्टेन वस्तु प्रियं
स्वस्याशाकवलीकृतेन विकलीभावं दधानेन मे।
तत्सर्वं विलयं निनाय भगवान् यो लीलया निर्जरो
मां हित्वा जरयाकुलीकृततनुं कालाय तस्मै नमः ॥६५॥

મેં આ શરીરના સંતોષને માટે કષ્ટ સહન કરીને અનેક પ્રકારે પ્રિય વસ્તુઓ સંપાદન કરી હતી અને તે સમયે મેં મારી આશાનો પણ ભંગ કર્યો હતો, તથા હું પરિશ્રમને લીધે વિકલ થઈ ગયો હતો; પરંતુ જરારહિત ભગવાન્ કાળે રમત માત્રમાં તે સર્વનો નાશ કરી નાંખ્યો અને મારા શરીરને પણ જરાવસ્થાથી—વૃદ્ધાવસ્થાથી વ્યાકુળ કરી દીધું છે; માટે હું તે કાળરૂપી પરમાત્માને પ્રણામ કરું છું. ૬૫

: शार्दूलविक्रीडितवृत्त : (કાળ માહાત્મ્ય)

आयुर्वेदविदां रसाशनवतां पथ्याशिनां यत्नतो
वैद्यानामपि रोगजन्म वपुषो ह्यन्तर्यतो दृश्यते।
दुश्चक्षुःकवलीकृतत्रिभुवनो लीलाविहारस्थितः
सर्वोपायविनाशनैकचतुरः कालाय तस्मै नमः ॥६६॥

વૈદ્યો આયુર્વેદને જાણે છે, આરોગ્યને માટે રસાયણો ખાય છે અને યત્નપૂર્વક પથ્ય ભોજન કરે છે. આટલું કર્યા છતાં પણ તેઓનાં શરીરમાં રોગ જોવામાં આવે છે; અને તેના યોગે તેઓ અંતકાળના ભોગ થઈ પડે છે. લીલાવિહાર કરવા સ્થિત થયેલો જે કાળ ભયંકર દૃષ્ટિપાત કરીને ત્રણ ભુવનોનો રમત માત્રમાં કોળિયો કરી જાય છે, અને તેનાથી બચવા માટે લોકો અનેક ઉપાયો કરે છે; પરંતુ તેના સર્વે ઉપાયોનો નાશ કરવામાં જે મહાન ચતુર છે, તે કાળરૂપી પરમાત્માને હું નમસ્કાર કરું છું. ૬૬

: मन्दाक्रान्तावृत्त :

दष्टं प्रायो विकलमखिलं कालसर्पेण विश्वं
क्रूरेणेद शिवशिव मुने ब्रूहि रक्षाप्रकारम्।
अस्यास्त्येकं शृणु मुररिपोर्ध्यानपीयूषपानं
त्यक्त्वा नान्यत्किमपि भुवने दृश्यते शास्त्रदृष्ट्या॥ ६७॥

'હે મુનિ! કાળરૂપી ક્રૂર સર્પ ઘણે ભાગે આખા જગતને કરડ્યો છે; તેથી જગત્ વિકલ બની ગયું છે. શિવ! શિવ! હવે તેની રક્ષાનો ઉપાય મને કહો.' તેનો ઉત્તર આપતાં મુનિ બોલ્યા કેઃ 'શાસ્ત્રદૃષ્ટિથી વિચાર કરી જોતાં તો કાળરૂપી સર્પે કરડેલ પુરુષને બચવાનો શ્રીમુરારિનાં ધ્યાનરૂપી અમૃતનું પાન કરવારૂપી એક જ ઉપાય છે. તે છોડીને આ જગતમાં બીજું કોઈ પણ ઔષધ જોવામાં આવતું નથી.' ૬૭

: शार्दूलविक्रीडितवृत्त :

कश्चित्क्रन्दति कालकर्कशकराकृष्टं विनष्टं हठा-
दुत्कृष्टं तनयं विलोक्य पुरतः पुत्रेति हा ! हा ! क्वचित् ।
कश्चिन्नर्तकनर्तकीपरिवृतो नृत्यत्यहो कुत्रचि-
च्चित्र संसृतिपद्धतिः प्रथयति प्रीतिंच कष्टं च नः ॥ ६८ ॥

કોઇક ઠેકાણે કાળે ભયંકર હાથવડે બળાત્કારથી પોતાના ઉત્તમ પુત્રને હરી લીધેલો હોવાથી કોઇ પુરુષ પુત્રની સામે "હાય, દીકરા !" "હાય, દીકરા !" એમ બૂમ પાડીને રડે છે; ત્યારે કોઇક ઠેકાણે કોઇ પુરુષ નર્તકો અને નર્તકીઓથી વિંટાઈને આનંદમાં નૃત્ય કરે છે. આ રીતે સંસારની વિચિત્ર પદ્ધતિ અમને પ્રીતિ પણ ઉપજાવે છે અને ખિન્ન પણ કરે છે. ૬૮

: वसन्ततिलकावृत्त : (સ્ત્રીતિરસ્કાર.)

सा रोगिणी यदि भवेदथवा विवर्णा
बाला प्रिया शशिमुखी रसिकस्य पुंसः ।
शल्यायते हृदि तथामरणं कृशांगी
यत्तस्य सा विगतनिद्रसरोरुहाक्षी ॥ ६९ ॥

કોઇ રસિક પુરુષને ચંદ્રમુખી અને ઉઘડેલાં કમળના જેવાં નેત્રવાળી સુંદર પ્રિય સ્ત્રી હોય છે. તથાપિ તે સ્ત્રી જ્યારે માંદી પડે છે અથવા તો તેનું મુખ કરમાઈ જાય છે, ત્યારે તેના પતિના મનમાં ખેદ થાય છે. આ રીતે તેના પતિને પણ મરણ પર્યંત (આવી રોગીષ્ઠ) સ્ત્રી શલ્યસમાન થઈ પડે છે. ૬૯

: वसन्ततिलकावृत्त : (રાજ્યમાં સુખ નથી.)

निष्कंटकेऽपि न सुखं वसुधाधिपत्ये
कस्यापि राजतिलकस्य यदेष देवः ।
विश्वेश्वरो भुजगराजविभूतिभूषो
हित्वा तपस्यति चिरं सकला विभूतीः ॥ ७० ॥

આખી પૃથ્વીનું નિષ્કંટક–શત્રુરહિત રાજ્ય મેળવીને કોઇપણ રાજતિલક મહારાજાએ સુખ મેળવ્યું નથી. કારણ કે વૈભવોની પાછળ દુઃખો ઉભેલાં જ હોય છે. એટલા માટેજ આખા વિશ્વના ઇશ્વર એવા ભગવાન્ મહાદેવ સર્વ વિભૂતિ-ઓનો ત્યાગ કરી મોટા સર્પોને તથા વિભૂતિ-ભસ્મને આભૂષણો તરીકે ધારણ કરીને, ઘણા કાળ થયાં તપશ્ચરણ કરે છે. ૭૦

: शिखरिणीवृत्त : (સંપત્તિ ભાગ્યાધીન છે.)

कदाचित्कष्टेन द्रविणमधमाराधनवशा-
न्मया लब्धं स्तोकं निहितमवनौ तस्करभयात् ।
ततो नैजे कश्चित्क्वचिदपि तदाखुर्बिलगृहे
न यल्लब्धोऽप्यर्थो न भवति यदा कर्म विषमम् ॥ ७१ ॥

મેં અધમ પુરુષની સેવા કરીને દુઃખથી જે થોડું ધન મેળવ્યું હતું, તે ચોરના ભયથી પૃથ્વીમાં દાટયું હતું. પરંતુ કોઇ ઉંદર તે ધનને ત્યાંથી પોતાના દરમાં ઘસડી ગયો. માટે જ્યારે ભાગ્ય અવળું થાય છે, ત્યારે મેળવેલું ધન પણ નાશ પામે છે. ૭૧

: शिखरिणीवृत्त :

स्वयं भोक्ता दाता वसु सुबहु संपाद्य भविता
कुटुम्बानां पोष्टा गुणनिधिरशेषेप्सितनरः ।
इति प्रत्याशास्य प्रबलदुरितानीतविधुरं
शिरस्यस्याकस्मात्पतति निधनं येन भवति ॥ ७२ ॥

'હું ઘણું ધન એકઠું કરીને મોટો ધનાઢ્ય થઇશ, અનેક પ્રકારના ઉપભોગોને ભોગવનારો ભોક્તા થઇશ, દીન દુબળાં ગરીબ ગુરબાંને દાન દેનારો દાતા થઇશ, ધન વડે કુટુંબીઓનું પોષણ કરીશ, ગુણનો ભંડાર થઇને રહીશ અને સર્વે મનુષ્યો મને ચાહશે.' આવી અનેક આશા-

ઓમાં મનુષ્ય મદમત્ત થઈ જાય છે. પરંતુ એટલામાં તો તેનાં મહા પ્રબળ પાપોને લીધે તેના મસ્તક ઉપર અણચિંતવ્યો કાળ આવીને પડે છે, કે જેથી તેનું મરણ નિપજે છે અને મનના મનોરથો મનમાંજ રહી જાય છે. ૭૨

: शार्दूलविक्रीडितवृत्त :

भानुर्भूवलयप्रदक्षिणगतिः क्रीडारतिः सर्वदा
चन्द्रोऽप्येष कलानिधिः कवलितः स्वर्भानुना दुःखितः ।
ह्रासं गच्छति वर्धते च सततं गीर्वाणविश्रामभू-
स्तत्स्थानं खलु यत्र नास्त्यपहतिः क्लेशस्य संसारिणाम् ॥७३॥

ક્રીડાપરાયણ સૂર્યને પણ પૃથ્વીનાં મંડળની નિત્ય પ્રદક્ષિણા કરવી પડે છે, તથા રાહુ પર્વને દિવસે તેનો ગ્રાસ કરીને તેને દુઃખ દે છે. તેમજ કળાના નિધિરૂપ ચંદ્રને પણ રાહુ ગ્રાસ કરીને તેને દુઃખ દે છે. દેવોના વિશ્રાંતિભૂમિરૂપ સ્વર્ગનો પણ નિત્ય નાશ અને ઉત્પત્તિ થયા કરે છે. આ રીતે સંસારી પ્રાણીઓના કલેશનો નાશ કરીને સુખ આપે તેવું કોઇ પણ સ્થાન નથી. (માત્ર એક બ્રહ્મધામજ સુખદાયક છે.) ૭૩

: वसन्ततिलकावृत्त :

भूमण्डलं लयमुपैति भवत्यबाधं
लब्धात्मकं पुनरपि प्रलयं प्रयाति ।
आवर्तते सकलमेतदनंतवारं
ब्रह्मादिभिः सममहो न सुखं जनानाम् ॥ ७४ ॥

આ ભૂમંડળ અડચણ વગર લય પામે છે, ઉત્પન્ન થાય છે, અને પાછું લય પણ પામે છે. એટલુંજ નહિ, પરંતુ આખું બ્રહ્માંડ બ્રહ્માદિક દેવોની સાથે અનેકવાર ઉત્પન્ન થઇને પાછું નાશ પામે છે અને પાછું ઉત્પન્ન થાય છે. અરેરે! આ પૃથ્વી પર મનુષ્યોને બ્રહ્મધામ વિના કોઇ પણ ઠેકાણે સુખ નથી. ૭૪

અર્થની અનર્થતા

: शिखरिणीवृत्त :

अहोऽनर्थैऽप्यर्थे श्रुतिशतगुरुभ्यामवगते
निषिद्धत्वेनापि प्रतिदिवसमाधावति मनः ।
पिशाचस्तत्रैव स्थिररतिरसारेऽपि चपलो
न जाने केनास्य प्रतिकृतिरनार्यस्य भविता ॥ ७५ ॥

અરેરે ! અનર્થનું કારણ અર્થ છે, એમ સેંકડો શ્રુતિ-વચનોથી અને ગુરુવચનોથી જાણ્યું, તેનો નિષેધ કરનારાં વચનો પણ સાંભળ્યાં, છતાં પણ પ્રતિદિવસ મન અનર્થ-કારક ધનની પાછળજ દોડ્યા કરે છે. અને ચપળ એવા પુરુષ પિશાચ થઇને અસાર એવા તે ધનની ઉપર જ સ્થિર પ્રીતિ બાંધી બેસે છે. અરેરે ! મને ખબર પડતી નથી કે હવે અનાર્ય(નીચ) એવાં મનને અનર્થરૂપ અર્થથી પાછું વાળવાનો શો ઉપાય કરવો ? ૭૫

: शिखरिणीवृत्त :

अरे चेतश्चित्रं भ्रमसि यदपास्य प्रियतमं
मुकुन्दं पार्श्वस्थं पितरमपि मान्यं सुमनसाम् ।
बहिः शब्दाद्यर्थे प्रकृतिचपले क्लेशबहुले
न ते संसारेऽस्मिन्भवति सुखदायापि विरतिः ॥ ७६॥

હે મન ! આશ્ચર્યની વાત તો એ છે, કે તારા હૃદય-કમળમાં બિરાજમાન થયેલા, દેવોમાં પણ માન્ય, સર્વ જિગતના પ્રિયતમ પિતા એવા શ્રી મુકુંદનો ત્યાગ કરીને આ સંસારમાં સ્વભાવથી જ ચપળ, પુષ્કળ કલેશવાળા શબ્દ, સ્પર્શ, આદિ બાહ્ય વિષયોમાં જ તું ભટકયા કરે છે, અને સંસારમાં ભટકયા છતાં હજી સુધી તને સુખદાયક વિરતિ ઉપર પ્રીતિ થતી નથી. માટે હવે તું શાંત થા. ૭૬

: शिखरिणीवृत्त :

अहं श्रान्तोऽध्वानं बहुविधमतिक्रम्य विषमं
धनाकांक्षाक्षिप्तः कुनृपतिमुखालोकनपरः।
इदानीं केनापि स्थितिमुदरकूपस्य भरणे
कदन्नेनारण्ये क्वचिदपि समीहे स्थिरमतिः॥ ७७॥

મારે આજીવિકા માટે ધન સંપાદન કરવાની ઇચ્છાથી અનેક દુષ્ટ રાજાઓનાં મુખો જોવાં પડ્યાં અને તે રાજાઓને મળવા માટે અનેક દેશોમાં જવા માટે અનેક જાતના ભયંકર માર્ગો ઉલ્લંઘતાં ઉલ્લંઘતાં હું થાકી પણ ગયો. માટે હવે તો હું હરકોઇ ક્ષુદ્ર અન્નથી મારો આ ઉદરરૂપી કૂવો પૂરવા માટે મનને સ્થિર કરીને કોઇ પણ અરણ્યમાં નિવાસ કરવાની ઈચ્છા રાખું છું. ૭૭

: शार्दूलविक्रीडितवृत्त :

सा गोष्ठी सुहृदां निवारितसुधास्वादाधुना क्वागम-
त्ते धीरा धरणीधरोपकरणीभूता ययुः क्वापरे।
ते भूपा भवभीरवो भवरताः क्वागुर्निरस्तारयो
हा कष्टं क्व च गम्यते न हि सुखं क्वाप्यस्ति लोकत्रये॥७८॥

અમૃતના રસનો સ્વાદ પણ જેની આગળ તુચ્છ છે એવી સ્નેહી જનોની ગોઠડી પણ કોણ જાણે ક્યાંએ જતી રહી! રાજાઓપર પણ ઉપકાર કરનારા ધીર પુરુષો પણ કોણ જાણે ક્યાંએ જતા રહ્યા! શત્રુઓનો સંહાર કરનારા અને સંસારના ભયથી ડરીને શિવની ભક્તિ કરનારા રાજાઓ પણ કોણ જાણે ક્યાંએ ગયા! અરે રે!! આ કષ્ટ તો અસહ્ય છે. હવે હું ક્યાં જાઉં? વિચાર કરતાં ત્રણે લોકમાં કોઇ પણ ઠેકાણે સુખ જોવામાં આવતું નથી. ૭૮

: शिखरिणीवृत्त : (ભરતભૂમિને માટે ખેદ.)

उदासीनो देवो मदनमथनः सज्जनकुले
कलिक्रीडासक्तः कृतपरिजनः प्राकृतजनः ।
इयं म्लेच्छाक्रान्ता त्रिदशतटिनी चोभयतटे
कथं भ्रातः स्थाता कथय सुकृतिन् कुत्र विभयः ॥७९॥

હે ભાઇ! કામનો નાશ કરનારા ભગવાન્ શંકર હમણાં સત્પુરુષોના ઉપર ઉદાસ થઇ ગયા છે; મનુષ્યો પણ પ્રાકૃત બની જઇને પોતાના પરિવાર સાથે કલહજનક પાપકર્મમાં રચીપચી રહ્યા છે; અને ગંગાનદીના ઉભય તટો પણ મ્લેચ્છોથી ભરપૂર થઇ ગયા છે. આવી સ્થિતિ થવાથી, હે પુણ્યશીલ ભાઈ! કહે, હવે તું કયાં જઇશ? અને નિર્ભય થઇ કયા સ્થાનમાં નિવાસ કરીશ? ૭૯

: शार्दूलविक्रीडितवृत्त :

निस्सारा वसुधाधुना समजनि प्रौढप्रतापानल-
ज्वालाजालसमाकुला द्विपघटासंघट्टविक्षोभिता ।
म्लेच्छानां रथवाजिपत्तिनिवहैरुन्मूलिता कीदृशी-
यं विद्या भवितेति हन्त न सखे जानीमहे मोहिताः ॥८०॥

હમણાં આ આર્યભૂમિ મ્લેચ્છોના પ્રૌઢ પ્રતાપરૂપી અગ્નિજવાળાની જાળથી વ્યાકુળ થવાથી તથા મ્લેચ્છોના હાથીઓના સમૂહોના પરસ્પર અથડાવાથી થરથર કંપતી હોવાથી નિર્વીર્ય બની ગઇ છે; અને મ્લેચ્છોના રથો, ઘોડાઓ અને પાળાઓના સમૂહે પોતાના પગરવોથી ખોદી નાંખી છે. હે મિત્ર! આ બધું જોઇને અમે મુંઝવણમાં પડી ગયા છીએ અને અમારી બ્રહ્મવિદ્યાની હવે કેવી ગતિ થશે, તે અમે જાણી શકતા નથી. ૮૦

ः स्रग्धरावृत्त : (ગંગામાહાત્મ્ય)

वेदो निर्वेदमागादिह नमनभिया ब्राह्मणानां वियोगा-
द्वैयासिक्यो गिरोऽपि क्वचिदपि विरलाः साम्प्रतं सन्ति देशे।
इत्थं धर्मे विलीने यवनकुलपतौ शासति क्षोणिबिंबं
नित्यं गंगावगाहाद्भवति गतिरितः संसृतेरर्थसिद्धौ ॥ ८१ ॥

જ્યારથી યવન રાજાઓ આ ભરતભૂમિપર રાજ્ય કરવા લાગ્યા છે, ત્યારથી જ મારે 'યવનોને પ્રણામ કરવા પડશે', એવી બીકથી વેદોએ ખિન્ન થઈને સંન્યાસ ધારણ કર્યો છે. વિદ્વાન્ બ્રાહ્મણોને અભાવે વેદવ્યાસે રચેલાં પુરાણો પણ હમણાં કોઈક જ દેશમાં જોવામાં આવે છે. આવી રીતે યવન રાજાઓ પૃથ્વી ઉપર રાજ્ય કરવા લાગ્યા ત્યારથી ધર્મનો નાશ થયો છે. માટે હવે નિત્ય ગંગામાં સ્નાન કરવાથી આ સંસારમાંથી ઉદ્ધારરૂપ અને મોક્ષરૂપ સદ્ગતિની સિદ્ધિ થાય છે. ૮૧

ः स्रग्धरावृत्त :

गंगा गंगेति यस्याः श्रुतमपि पठितं केनचिन्नाममात्रं
दूरस्थस्यापि पुंसो दलयति दुरितं प्रौढमित्याहुरेके।
सा गंगा कस्य सेव्या न भवति भुवने सज्जनस्यातिभव्या
ब्रह्माण्डं प्लावयन्ती त्रिपुरहरजटामण्डलं मण्डयन्ती ॥८२॥

જે મનુષ્ય દૂર બેઠાં બેઠાં પણ 'गंगा गंगा' એમ ગંગાજીના નામનું શ્રવણ કરે અથવા તો મુખેથી ગંગાજીના નામનું ઉચ્ચારણ કરે તો પણ તેના પ્રચંડ પાપનો ગંગા નાશ કરે છે, આમ મુનિઓ કહે છે. શંકરની જટાજૂટને શોભા આપનારાં અને બ્રહ્માંડને આપ્લાવન કરનારાં તે મહા-મંગલમૂર્તિ ગંગાને જગતમાં કયો સત્પુરુષ સેવે નહિ? ૮૨

: शिखरिणीवृत्त :

कलौ गंगा काश्यां त्रिपुरहरपुर्यां भगवती
प्रशस्ता देवानामपि भवति सेव्यानुदिवसम् ।
इति व्यासो ब्रूते मुनिजनधुरीणो हरिकथा-
सुधापानस्वस्थो गलितभवबंधोऽतुलमतिः ॥ ८३ ॥

કલિયુગ વિષે શંકરની નગરી કાશીપુરીમાં વહેતાં ભગવતી ગંગા ઇંદ્રાદિક મહાન દેવોને પણ નિત્ય સેવવા યોગ્ય છે. આમ મુનિઓમાં મુખ્ય હરિકથારૂપી અમૃતનાં પાનથી નિવૃત્તિસુખને સંપાદન કરનારા, જેના ભવબંધનો તૂટી ગયાં છે, એવા મહાબુદ્ધિમાન્ વ્યાસજી કહે છે. ૮૩

: शार्दूलविक्रीडितवृत्त :

यस्याः संगतिरुन्नतिं वितनुते वारामभीषां जनै-
रुद्गीता कविभिर्महेश्वरमनोभीष्टा महीमण्डले ।
सा सन्तः शरदिन्दुसोदरपयःपूराभिरामा नद-
त्कोकश्रेणिमनोज्ञपुण्यपुलिना भागीरथी सेव्यताम् ॥८४॥

જે ગંગાનદીમાં સ્નાન કરવાથી મનુષ્યોની સદ્‌ગતિ થાય છે, કવિઓ પણ જેના પવિત્ર જળનું વર્ણન કરે છે; વળી આ પૃથ્વી પર બિરાજતાં જે ગંગા મહાદેવને ઘણાં જ પ્રિય છે, તે શરદ્‌ના ચંદ્રસમાન શ્વેત જળ-પ્રવાહવડે સુંદર દેખાતાં અને હારબંધ બેસીને શબ્દ કરતા કોક પક્ષીઓ વડે જેનાં પવિત્ર તીરો મનોહર લાગે છે, એવી ભાગીરથી (ગંગા) નદીને, હે સંત પુરુષો! તમે સેવો. ૮૪

: शिखरिणीवृत्त :

कदा भागीरथ्या भवजलधिसंसारतरणेः
स्खलद्वीचीमालाचपलतलविस्तारितमुदः ।
तमस्स्थाने कुञ्जे क्वचिदपि निविश्याहृतमना
भविष्याम्येकाकी नरकमथने ध्यानरसिकः ॥ ८५ ॥

સંસારરૂપી સમુદ્ર તરવામાં નૌકા સમાન અને ઉછળતા ચંચળ તરંગોની પરંપરાવડે આનંદ આપનારાં ગંગા નદીના કોઈ ગાઢ અંધકારવાળા નિકુંજ વિષે એકલો બેસી, મનને નિયમમાં રાખી નરકનો પરાજય કરવા માટે પ્રીતિપૂર્વક પરમાત્માના ધ્યાનમાં હું કયારે નિમગ્ન થઇશ? ૮૫

: शिखरिणीवृत्त :

कदा गोविन्देति प्रतिदिवसमुल्लासमिलिताः
सुधाधाराप्रायास्त्रिदशतटिनीवीचिमुखरे ।
भविष्यन्त्येकान्ते क्वचिदपि निकुञ्जे मम गिरो
मरालीचक्राणां श्रुतिसुखरवाक्रान्तपुलिने ॥ ८६ ॥

ગંગા નદીના તીર ઉપરના તરંગોના ખળભળાટથી શબ્દાયમાન તથા હંસીઓનાં ટોળાઓના કાનને સુખ આપનારા કલરવોથી ગાજી રહેલા કોઇક એકાંત નિકુંજમાં, 'હે ગોવિંદ! હે ગોવિંદ!' આવી રીતે ઉલ્લાસથી ભરપૂર અમૃતની ધારાને વર્ષાવતી વાણી હું પ્રતિ દિવસ કયારે બોલીશ? ૮૬

: मालिनीवृत्त :

भजत विबुधसिंधुं साधवो लोकबन्धुं
हरहसिततरंगं शंकराशीर्षसंगम् ।
दलितभवभुजङ्गं ख्यातमायाविभंगं
निखिलभुवनवन्द्यं सर्वतीर्थानवद्यम् ॥ ८७ ॥

હે સત્પુરુષો! તમે દેવતાની નદી એવાં ગંગાનું સેવન કરો. તે સંસારમાંથી લોકોનો ઉદ્ધાર કરનારાં હોવાથી લોકબંધુસમાન છે. શંકરના હાસ્ય જેવા તેના તરંગો શ્વેત છે. તે શંકરના જટાજૂટમાં બિરાજી રહ્યાં છે, સંસારરૂપી સર્પનો નાશ કરનારાં છે, માયાનો ભંગ કરનારાં છે, ત્રણે ભુવનને વંદન કરવા યોગ્ય છે અને સર્વ તીર્થોમાં શ્રેષ્ઠ છે. ૮૭

: मालिनीवृत्त :

यदमृतममृतानां भंगरंगप्रसंग-
प्रकटितरसवत्तावैभवं पीतमुच्चैः ।
दलयति कलिदोषांस्तां सुपर्वस्रवन्तीं
किमिति न भजतार्ता ब्रह्मलोकावतीर्णाम् ॥ ८८ ॥

જે ગંગા અમૃતોનું પણ અમૃત છે, જે ઉછળતા તરંગોથી પોતાના રસિક વૈભવોને પ્રકટ કરી રહ્યાં છે અને પાન કરવાથી જે કલિના દોષોનું દલન કરે છે, તે દેવનદી ગંગા બ્રહ્મલોકમાંથી આ મર્ત્યલોકમાં ઉતર્યાં છે. તે ગંગાનું હે આર્તજનો! તમે શા માટે સેવન કરતા નથી? (અર્થાત્ તેમાં સ્નાન તથા તેના જલનું પાન કરીને પાવન થાવ.) ૮૮

: शार्दूलविक्रीडितवृत्त :

यत्तीरे वसतां सतामपि जलैर्मूलैः फलैर्जीवतां
मुक्ताहंसमभावशुद्धमनसामाचारविद्यावताम् ।
कैवल्यं करबिल्वतुल्यममलं संपद्यते हेलया
सा गंगा ह्यतुलामलोर्मिपटला सद्भिः कुतो नेक्ष्यते ॥ ८९ ॥

સદાચારસંપન્ન અને વિદ્યાસંપન્ન વિવેકી સત્પુરુષો ગંગાના તીર ઉપર નિવાસ કરી, ગંગાજળના પાનથી તથા ફળ અને મૂળથી આજીવિકા કરે, તો તેઓની અહંતા મમતા છૂટી જાય છે, અંતઃકરણ શુદ્ધ થાય છે અને રમત માત્રમાં તેઓ હાથમાં રહેલાં બીલાંની પેઠે નિર્મળ એવા મોક્ષને મેળવે છે. આવા અનુપમ નિર્મળ તરંગોથી ભરપૂર ગંગાની સત્પુરુષો શા માટે સેવા કરતા નથી? ૮૯

: शार्दूलविक्रीडितवृत्त :

तीर्थानामवलोकने सुमनसामुत्कण्ठते मानसं
तावद्भूवलये सतां पुररिपुध्यानामृतास्वादिनाम् ।
यावत्ते न विलोकयन्ति सरितां रोचिष्णुमुक्तावलीं
श्रीमन्नाकतरंगिणीं हरजटाजूटाटवीविभ्रमाम् ॥ ९० ॥

શ્રીશંકરનાં ધ્યાનરૂપી અમૃતનું આસ્વાદન કરનારા મહાત્મા પુરુષો જ્યાંસુધી ભૂતળ ઉપર બિરાજતાં નદીઓના કંઠની ચળકતી મુક્તામાળાસમાન અને શ્રીશંકરના જટાજૂટરૂપી અરણ્ય વિષે વિહાર કરનારાં શ્રીગંગાદેવીનાં દર્શન કરતા નથી, ત્યાંસુધી તેઓના મનમાં પૃથ્વી ઉપરનાં તીર્થોને અવલોકન કરવાની ઉત્કણ્ઠા રહે છે. ૯૦

: शार्दूलविक्रीडितवृत्त :

संसारो विविधाधिबाधविधुरः सारायते मानसे
निस्सारोऽपि वपुष्मतां कलिवृकग्रासीकृतानां चिरम् ।
दृष्टायां घनसारपाथसि महापुण्येन यस्यां सतां
सा सेव्या न कुतो भवेत्सुरधुनी स्वर्गापवर्गोदया ॥ ९१ ॥

કલિરૂપી નહારથી ગળાયલા દેહધારી સત્પુરુષો પણ મોટા પુણ્યના યોગે કર્પૂરના જેવાં શ્વેત રંગનાં જલવાળાં ઇષ્ટ ગંગા દેવીનાં દર્શન કરીને, અનેક જાતની આધિ તથા વ્યાધિથી દુઃખદાયક અને તેટલા માટે જ નિસ્સાર એવા સંસારને પણ મનથી સારરૂપ માને છે. આવાં સ્વર્ગ તથા મોક્ષને આપનારાં ગંગાને સત્પુરુષોએ શા માટે ન સેવવાં? ૯૧

: शिखरिणीवृत्त :

क्वचिद्धंसश्रेणी सुखयति रिरंसुः श्रुतिसुखं
नदन्ती चेतो नो विपुलपुलिने मंथरगतिः ।
हरन्ती पापौघान् सुरतरुवृता नाकतटिनी
सदा सद्भिः सेव्या सकलपुरुषार्थाय कृतिभिः ॥ ९२ ॥

જેના વિશાળ તટ ઉપર વિહારની ઇચ્છાથી મંદ મંદ ગતિએ ચાલતી હંસોની પંક્તિઓ કોઇ ઠેકાણે કાનને સુખ ઉપજે તેવી રીતે શબ્દો કરી શ્રોતાઓનાં ચિત્તોને પ્રસન્ન કરે છે, તે પાપના પુંજોનો નાશ કરનારાં, દિવ્ય વૃક્ષોથી વિંટાયલાં ગંગાને સત્પુરુષોએ સમગ્ર પુરુષાર્થ સમ્પાદન કરવા માટે સદાય સેવવાં જોઇએ. ૯૨

: स्रग्धरावृत्त : કાશીમાહાત્મ્ય

यामासाद्य त्रिलोकीजनमहितशिवावल्लभारामभूमिं
ब्रह्मादीनां सुराणां सुखवसतिभुवां मण्डलं मण्डयन्ति ।
नो गर्भे व्यालुठन्ति क्वचिदपि मनुजा मातुरुत्क्रान्तिभाज-
स्तां काशीं नो भजन्ते किमिति सुमतयो दुःखभारं वहन्तः ॥९३॥

ત્રણે લોકોમાં જનોને પરમપૂજ્ય શ્રી ઉમાવલ્લભ એવા શંકરની વિશ્રામભૂમિરૂપ કાશીપુરીમાં જે મનુષ્યો નિવાસ કરે છે, તે મનુષ્યો બ્રહ્માદિક દેવતાઓનાં સુખકારક સ્થાનોને પણ અલંકૃત કરે છે. (અર્થાત્ તે તે પવિત્ર સ્થાનોના પણ એક આભૂષણભૂત થઇ પડે છે) એટલું જ નહિ, પરંતુ ઉત્ક્રાન્તિને પામનારા જનોને માતાના ગર્ભમાં કદી પણ આળોટવું પડતું નથી. તેઓ જન્મમરણના ફેરામાંથી મુક્ત થઇ જાય છે. માટે હે સુમતિસંપન્ન પુરુષો! તમે શા માટે સાંસારિક દુઃખના ભારને વહ્યા કરો છો? અને કાશીપુરીમાં શા માટે નિવાસ કરતા નથી? ૯૩

: स्रग्धरावृत्त :

विद्यन्ते द्वारकाद्या जगति बहुविधा देवताराजधान्यो
यद्यप्यन्यास्तथापि स्खलदमलजलावर्तगंगातरंगा ।
काश्येवारामकूजत्पिकशुकचटकाक्रान्तदिक्कामिनीनां
क्रीडाकासारशाला जयति मुनिजनानन्दकन्दैकभूमिः ॥९४॥

આ પૃથ્વી પર દ્વારકા, વગેરે ઘણા પ્રકારની દેવોની રાજધાનીઓ છે. પરંતુ પોતાના પ્રાંત પ્રદેશમાં ઘુમરીઓ અને તરંગો સાથે નિર્મળ જળને વહન કરનારી, કોયલો, પોપટો અને ચકલીઓના ધ્વનિઓથી બગીચાઓને મુખર કરી રહેલી, દિશારૂપી કામિનીઓના ક્રીડાસરોવરના પ્રાસાદસમાન અને મુનિજનોને આનંદના કંદરૂપ તો એક વિજયવંતી કાશીપુરી જ છે. ૯૪

: शार्दूलविक्रीडितवृत्त :

काशीयं समलंकृता निरुपमस्वर्गापगासंभव-
स्थूलोच्चारतरंगबिन्दुविलसन्मुक्ताफलश्रेणिभिः ।
चञ्चच्चञ्चलचञ्चरीकनिकरश्यामाम्बरा राजते
कासारस्थविनिद्रपद्मनयना विश्वेश्वरप्रेयसी ॥ ९५ ॥

શ્રીશંકરને અત્યંત પ્રિય એવી આ કાશીપુરી અલૌકિક છે, તે ગંગાનદીમાં ઉછળતા મોટા મોજાઓનાં બિંદુરૂપી શોભાયમાન મુક્તાફળની માળાઓથી શણગારેલી છે. તેણે દેદીપ્યમાન ચંચળ ભ્રમરમંડળરૂપી શ્યામ ઓઢણી ઓઢેલી છે; અને જ્યાં ત્યાં આવેલાં તળાવોમાં ખીલેલાં કમળો તેમનાં નેત્રોની શોભાને ધારણ કરી રહ્યાં છે. ૯૫

: स्रग्धरावृत्त :

वह्निप्राकारबुद्धिं जनयति वलभीवासिनां नागराणां
गन्धारण्यप्रसूतस्फुटकुसुमचयः किंशुकानां शुकानाम् ।
चञ्च्वाकारो वसन्ते परमपदपदं राजधानी पुरारेः
सा काश्यारामरम्या जयति मुनिजनानन्दकन्दैकभूमिः॥९६॥

જ્યાં વસંત ઋતુમાં ગન્ધારણ્ય વિશે પ્રફુલ્લિત થયેલા ખાખરાનાં પુષ્પોનો સમૂહ અગાસી પરના માળિયામાં નિવાસ કરનારા નાગરિક જનોને અગ્નિની જ્વાળાસમાન જણાય છે, અથવા પોપટોની ચાંચ સમાન જણાય છે, તે મુનિજનોને આનંદ આપનારી, ઉદ્યાનો વડે રમણીય લાગતી શ્રીશંકરની રાજધાની કાશીપુરી આ પૃથ્વી પર સર્વોત્કૃષ્ટતાથી જય પામે છે. ૯૬

: स्रग्धरावृत्त :-

किं कुर्मः कं भजामः किमिह समुदितं साधनं भो वयस्य !
संसारोन्मूलनाय प्रतिदिवसमिहानर्थशंकावतारः ।
भ्रातर्ज्ञातं निदानं भवभयदलने संगतं सज्जनानां
तांकाशीमाश्रयामो निरुपमयशसः स्वःस्रवन्त्या वयस्याम् ९७

હે મિત્ર! પરલોકને માટે શાં સાધન કરીએ? કોને ભજીએ? સંસારનો નાશ કરવા માટે આ જગત્ વિશે શાસ્ત્રોમાં ઉત્તમ સાધન કયું કહ્યું છે? આવી અનર્થકારક શંકાઓ મને પ્રતિ દિવસ થયા કરતી હતી; પરંતુ હે ભાઈ! સંસારનો નાશ કરનારું નિદાન હવે મારા જાણવામાં આવ્યું છે. આપણે અનુપમ યશવાળી ગંગા-નદીની બહેનપણી એવી કાશીનગરીનો આશ્રય કરીએ, કે જ્યાં વિવેકી સત્પુરુષોનો સહજ સમાગમ થાય છે. ૯૭

: शार्दूलविक्रीडितवृत्त :

भुक्तिः क्वापि न मुक्तिरस्त्यभिमता काप्यस्ति मुक्तिर्न सा
काश्यामस्ति विशेष एव सुतरां श्लाघ्यं यदेतद्द्वयम् ।
सर्वैरुत्तममध्यमाधमजनैरासाद्यतेऽनुग्रहा-
द्देवस्य त्रिपुरद्विषः सुरधुनीस्नानावदातव्ययैः ॥ ९८ ॥

કોઈ તીર્થમાં ભોગવિલાસ હોય છે, તો ત્યાં ઇચ્છિત એવી મુક્તિ હોતી નથી; અને કોઇ ઠેકાણે મુક્તિ મળે તેમ હોય છે, તો ત્યાં ભોગવિલાસ હોતો નથી. પરંતુ કાશીપુરીમાં તો શ્લાઘ્ય એવી તે બન્ને વસ્તુ સંપૂર્ણ રીતે છે. ઉત્તમ, મધ્યમ અથવા તો કનિષ્ઠ જાતિના પુરૂષો જો ગંગામાં સ્નાન કરે છે અને સુપાત્રને શુલ્ક વિશેષનું દાન કરે છે, તો ત્રિપુરારિ એવા શંકરના અનુગ્રહથી તેમને લૌકિક ભોગ અને મુક્તિ બન્ને મળે છે. ૯૮

: शार्दूलविक्रीडितवृत्त :

सन्त्यन्ये त्रिदशापगादिपतनात्पुण्याः प्रयागादयः
प्रालेयाचलसंभवा बहुफलाः सिद्धाश्रमाः सिद्धयः।
यत्राघौघदहा भवन्ति सुधियां ध्यानेश्वराणां चिरं
मुक्ताशेषभियां विनिद्रमनसां कन्दाम्बुपर्णाशिनाम् ॥ ९९ ॥

આ કાશીપુરી ઉપરાંત ગંગા, યમુના વગેરે પવિત્ર નદીઓના તટ ઉપર આવેલાં પ્રયાગ આદિ બીજાં પણ ઘણાંએ પુણ્યકારક તીર્થો છે; તેમ હિમાલયમાં પણ બહુ ફળ આપનારાં ઘણાં સિદ્ધાશ્રમો ને સિદ્ધિઓ છે. તે સિદ્ધાશ્રમો અને સિદ્ધિઓ કંદ, પાણી અને પાંદડાં ઉપર નિર્વાહ કરનારા, સર્વ જાતના ભયમાંથી મુક્ત થઈ ગયેલા, સાવધાન મનવાળા અને ઘણા કાળ સુધી પરમાત્માનું ધ્યાન ધરનારા બુદ્ધિમાન સિદ્ધ પુરુષોના પાપપુંજને બાળી નાંખે છે. ૯૯

: शार्दूलविक्रीडितवृत्त :

केदारस्थानमेकं रुचिरतरमुमानाट्यलीलावनीकं
प्रालेयाद्रिप्रदेशे प्रथितमतितरामस्ति गंगानिवेशे।
ख्यातं नारायणस्य त्रिजगति बदरीनाम सिद्धाश्रमस्य
तत्रैवानादिमूर्तेर्मुनिजनमनसामन्यदानन्दमूर्तेः ॥ १०० ॥

હિમાલયના પ્રદેશમાં જ્યાં ગંગા નદી વહે છે, ત્યાં કેદારનાથનું એક રમણીય અને અત્યંત પ્રસિદ્ધ તીર્થ છે; જે પવિત્ર વનસ્થલીમાં પાર્વતીએ શંકરને પ્રસન્ન કરવા માટે નાટ્યલીલા કરી હતી તે વનસ્થલી પણ ત્યાં છે. બીજું મુનિઓના મનમાં અલૌકિક આનંદ આપનારા અનાદિ મૂર્તિ ભગવાન્ નરનારાયણ દેવનો બદરી નામનો સિદ્ધાશ્રમ છે, તે પણ ત્રણ લોકમાં પ્રસિદ્ધ છે. ૧૦૦

॥ इति श्रीमद्राजर्षिप्रवरभर्तृहरिकृतं विज्ञानशतकं संपूर्णम् ॥

अमरयोगीन्द्रश्रीभर्तृहरिकृत

प्रास्ताविकश्लोकसंग्रहः*

મંગળાચરણ

સુખી કોણ ? — અનુष्टुम्वृत्त

अकिञ्चनस्य दान्तस्य शान्तस्य समचेतसः ।
सदा संतुष्टमनसः सर्वाः सुखमया दिशः ॥ १ ॥

અકિંચન, જિતેન્દ્રિય, શાન્ત, સમાનભાવવાળા અને સર્વદા સંતુષ્ટ મનના પુરુષને સર્વે દિશાઓ સુખમય-મંગલમય જ છે. ૧

તાત્પર્ય–જેની પાસે કંઇ હોય નહિ, જે જિતેન્દ્રિય હોય, સર્વ પ્રાણીઓના ઉપર જે સમાન દૃષ્ટિવાળો હોય અને જેનું મન સદા સંતોષી જ રહેતું હોય, તે નિઃસ્પૃહ પુરુષને જ્યાં જાય ત્યાં સુખ જ મળે છે.

વિટંબનાનું મૂળ — हरिणीवृत्त

अभिमतमहामानग्रन्थिप्रभेदपटीयसी
गुरुतरगुणग्रामाम्भोजस्फुटोज्ज्वलचन्द्रिका ।

---

* અમરયોગીન્દ્ર શ્રી ભર્તૃહરિ રાજર્ષિનાં ત્રણે શતકો ઉપરાંત વિજ્ઞાનશતક અને કેટલાક પ્રાસ્તાવિક શ્લોકો જુદી જુદી પ્રાચીન હાથ-પ્રતોમાં મળી આવે છે, તે સર્વ એકત્ર કરીને અત્ર આપેલા છે.

विपुलविलसल्लज्जावल्लीविदारकुठारिका
जठरपिठरी दुःपूरेयं करोति विडम्बनम् ॥ २ ॥

ઈચ્છિત એવી મોટાં માનરૂપી ગ્રન્થિને ભેદ કરવામાં કુશળ, મોંઘા ગુણરૂપ કમળ સમુદાયને પ્રસિદ્ધ રીતે ઉજ્જવલિત કરવામાં ચંદ્રિકારૂપ* અને મોટી તથા વિલસતી લજ્જા વેલને વિદારવામાં કુહાડી જેવી જઠરપિઠરી–હોજરી મહા દુઃખે પૂરાય તેવી છે અને તે જ મનુષ્યને વિટંબના કરાવે છે. ૨

તાત્પર્ય–માનખણ્ડન કરનાર, ગુણને ઝાંખા પાડનાર અને લાજને પણ મૂકાવનાર પેટ ભરવું, એ મહાદુસ્તર છે; અને તે જ મનુષ્યની ચેષ્ટા કરાવે છે.

શબ પ્રતિ ઉક્તિ.

દારિદ્રતા કરતાં મરણ સારૂં છે. शार्दूलविक्रीडितवृत्त

"उत्तिष्ठ क्षणमेकमुद्वह गुरुं दारिद्र्यभारं सखे !
श्रान्तस्तावदहं चिरं मरणजं सेवे त्वदीयं सुखम् ।"
इत्युक्तो धनवर्जितेन सहसा गत्वा स्मशाने शवो
दारिद्र्यान्मरणं वरं वरमिति ज्ञात्वैव तूष्णीं स्थितः ॥३॥

હે મિત્ર! હું થાકી ગયો છું માટે તું ઊઠ અને એક ક્ષણવાર મારો ભારે દારિદ્રયભાર ઉપાડી લે તથા મને તારું મરણથી ઉત્પન્ન થયેલું સુખ લાંબો વખત સેવવા દે. એકાએક સ્મશાનમાં જઇને એક ધનરહિતે, શબને આ પ્રમાણે કહ્યું; પરંતુ દારિદ્રયથી મરણ (હજાર વાર) સારું, એમ જાણીને શબ અબોલ જ રહ્યું. ૩

---

* દિવસે ખીલનાર કમળને ઉજ્જ્વલ ચન્દ્રિકા પણ બિડાવી દે છે; તેમ મોટા મોટા ગુણરૂપ કમળના સમુદાયને હોજરીરૂપ ચન્દ્રિકા ઝાંખા પાડી નાંખે છે.

તાત્પર્ય—એક ગરીબ માણસે સ્મશાનમાં જઇને શબને કહ્યું કે, હે શબ! તુ ઊઠ અને મારું દારિદ્રય લઈ તારું મરણસુખ મને આપ, પણ ભર્તૃહરિ કહે છે કે—દારિદ્રયથી મરણ હજારગણું સારું છે, એમ જાણીને જ શબે તેને કંઇ ઉત્તર આપ્યો નહિ.

જ્ઞાનનો વિજય — शिखरिणीवृत्त

उदन्वच्छन्ना भूः स च निधिरपां योजनशतं
सदा पान्थः पूषा गगनपरिमाणं कलयति ।
इति प्रायो भावाः स्फुरदवधिमुद्रामुकुलिताः
सतां प्रज्ञोन्मेषः पुनरयमसीमा विजयते ॥ ४ ॥

પૃથ્વી સમુદ્રથી વીંટળાયલી છે, સમુદ્ર સો યોજનોનો છે અને સૂર્ય પથિક થઇને સદા ગગનનું પણ પરિમાણ કાઢે છે; આ પ્રમાણે સૌનું માપ કરાયલું છે, પરંતુ સજ્જનોના જ્ઞાનનો ઉત્કર્ષ તો સીમાવિનાનો—અમાપ તથા અપરિમિત જ છે અને તે જ વિજય પામે છે. ૪

તાત્પર્ય—પૃથ્વી, સમુદ્ર અને ગગન, એ ત્રણ મોટામાં મોટાં ગણાય છે, તેમનું પણ પરિમાણ—માપ થાય છે, પરંતુ સંતજનોના જ્ઞાનનો અવધિ જ નથી અને તેમનું એવું અવધિરહિત જ્ઞાન જ સર્વત્ર સર્વોત્કૃષ્ટ વિજય પામે છે.

ખરાબ ચાલની સ્ત્રીનો ત્યાગ — वसन्ततिलकावृत्त

एता हसन्ति च रुदन्ति च कार्यहेतो-
र्विश्वासयन्ति च परं न च विश्वसन्ति ।
तस्मान्नरेण तु सुशीलसमन्वितेन
नार्यः स्मशानघटिका इव वर्जनीयाः ॥ ५ ॥

સ્ત્રીઓ કાર્યને અર્થે હાસ્ય કરે છે, વખતે રુદન કરે છે અને પારકાને વિશ્વાસ આપે છે; પરંતુ પોતે તેનો

પણ વિશ્વાસ કરતી નથી, તેટલા માટે સુશીલસંપન્ન પુરુષે શ્મશાનના ઘડાઓની પેઠે સ્ત્રીઓનો ત્યાગ કરવો જોઇએ. ૫

કાળને ક્ષીણ કરવાની પ્રાર્થના शिखरिणीवृत्त

> कदा वाराणस्याममरतटिनीरोधसि वस-
> न्वसानः कौपीनं शिरसि निदधानोऽञ्जलिपुटम् ।
> अये गौरीनाथ त्रिपुरहर शम्भो त्रिनयन
> प्रसीदेत्याक्रोशन्निमिषमिव नेष्यामि दिवसान् ॥ ६ ॥

અહો! કાશીમાં ગંગાના તટપર વસી તથા માત્ર લંગોટી ધારણ કરી, મસ્તક ઉપર બે હાથ જોડી, પગે લાગીને, હે ગૌરીનાથ! હે શંભો! હે ત્રિપુરહર! હે ત્રિનયન! તમે પ્રસન્ન થાવ, એમ કહેતાં કહેતાં ક્યારે હું ક્ષણની પેઠે દિવસો નિર્ગમન કરીશ? ૬

મોહ પમાડનારી સ્ત્રીની નિંદા शार्दूलविक्रीडितवृत्त

> कार्कश्यं स्तनयोर्दृशोस्तरलतालीकं मुखे श्लाघ्यते
> कौटिल्यं कचसञ्चये च वदने मांद्यं त्रिके स्थूलता ।
> भीरुत्वं हृदये सदैव कथितं मायाप्रयोगः प्रिये
> यासां दोषगणः सदा मृगदृशां ताः स्युःपशूनां प्रियाः॥७॥

જેમના સ્તનોમાં કાઠિન્ય, નેત્રોમાં ચંચળતા, મુખમાં અસત્ય, કેશના અંબોડામાં વક્રતા, વદન પર મંદતા, નિતંબપ્રદેશમાં સ્થૂલતા, હૃદયમાં બીકણપણું સદાય કહેલું છે, તથા જે પોતાના પ્રિય ઉપર માયાપ્રયોગ કરે છે, એવા એવા જેમનામાં સદા અવગુણોનો સમૂહ છે, એવી મૃગાક્ષીઓ પશુઓને જ પ્રિય હોવી જોઇએ. ૭

યુવાનને ચેતવણી वसन्ततिलकावृत्त

> गात्रैर्गिरा च विकलश्चटुमीश्वराणां
> कुर्वन्नयं प्रहसनस्य नटः कृतोसि ।

तं त्वां पुनः पलितकर्णकभाजमेनं
नाट्येन केन नटयिष्यति दीर्घमायुः ॥ ८ ॥

ગાત્રો અને વાણીથી ખોડવાળો થઇ ધનિકોની ખુશામત કરનાર તું, હમણાં પ્રહસનનો નટ બન્યો છે; પરંતુ હવે જ્યારે તારા વાળો ધોળા થઈ ગયા છે, ત્યારે આ વૃદ્ધ વય તને પુનઃ કયા નાટકનો નટ બનાવશે? અથવા કયા નાટકમાં નચાવશે?* ૮

ચલવસ્તુમાં જ ધર્મ અચળ છે. अनुष्टुभुवृत्त

चला लक्ष्मीश्चलाः प्राणाश्चले जीवितयौवने ।
चलाचले च संसारे धर्म एको हि निश्चलः ॥ ९ ॥

લક્ષ્મી ચંચલ છે, પ્રાણ ચંચલ છે તથા જીવિત અને યૌવન પણ ચંચલ છે; આ પ્રમાણે ચલાચલ એવા આ સંસારમાં માત્ર ધર્મ જ એકલો નિશ્ચલ છે. ૯

લક્ષ્મીથી લોભાવું નહિ. शार्दूलविक्रीडितवृत्त

चेतश्चिन्तय मा रमां सकृदिमामस्थायिनीमास्थया
भूपालभ्रुकुटीकुटीरविहरव्यापारपण्याङ्गनाम् ।
कन्थाकञ्चुकिताः प्रविश्य भवनद्वाराणि वाराणसी-
रथ्यापङ्क्तिषु पाणिपात्रपतितां भिक्षामपेक्षामहे ॥१०॥

હે ચિત્ત! રાજાઓની વાંકી ભ્રમરરૂપી ઓરડીમાં વિહાર-વ્યાપાર કરવામાં વેશ્યાસમાન આ અસ્થાયિની લક્ષ્મીને તું એકવખત પણ આસ્થાથી ચિન્તવીશ નહિ; કારણ કે તે અસ્થિર છે. અમે તો કંથાધારી બનીને કાશીની શેરીઓનાં ભવનદ્વારમાં પેસીને હાથરૂપી પાત્રમાં આવી પડેલી ભિક્ષાની અપેક્ષા રાખીએ છીએ. ૧૦

---

*આ શ્લોક મુરારિ કવિકૃત અનર્ઘ રાઘવના ત્રીજા અંકમાં પણ છે.

તાત્પર્ય-હે ચિત્ત! જ્યાં જ્યાં રાજાની દૃષ્ટિ જાય, ત્યાં ત્યાં જનાર ને નાચનાર વેશ્યાના જેવી લક્ષ્મીનું ચિન્તન કરવું તું છોડી દે; કારણ કે હવે અમે તો કાશીમાં જઇને રહેવાં માત્ર કંથાધારી અને બેએ જ ભિક્ષા માંગવાની અપેક્ષાવાળા છીએ; પણ ધનાદિ વૈભવની અમને સ્પૃહા નથી.

ધન્ય કોણ? शार्दूलविक्रीडितवृत्त

तुङ्गं वेश्म सुताः सतामभिमताः संख्यातिगाः संपदः
कल्याणी दयिता वयश्च नवमित्यज्ञानमूढो जनः ।
मत्वा विश्वमनश्वरं निविशते संसारकारागृहे
सदृश्य क्षणभंगुरं तदखिलं धन्यस्तु संन्यस्यति ॥११॥

મોટું મંદિર, સજ્જનોથી માન પામેલા પુત્રો, અપાર સંપત્તિ, કલ્યાણકારી સ્ત્રી અને ચઢતી વય છે, એમ જાણતો અજ્ઞાનથી મૂઢ બનેલો પુરુષ વિશ્વને અમર માનીને સંસાર-રૂપી કારાગૃહમાં પ્રવેશ કરે છે, તેને ધન્ય નથી; પરંતુ તે સર્વ ક્ષણભંગુર છે, એમ માનીને જે સંન્યાસ લે છે તેને જ ધન્ય છે. ૧૧

તાત્પર્ય-સંસારરૂપ કારાગૃહને સુખરૂપી અને નિત્ય માનીને તેમાં વૈભવ વિનોદ માનનારાઓને ધન્ય નથી, પણ સંસારજન્ય સર્વ ક્ષણભંગુર છે, એમ માનીને સંન્યાસ લેનાર જનોને જ ધન્ય છે-તે જનો જ સુખી છે.

નમવું કોને? મહાદેવને. शिखरिणीवृत्त

न भिक्षा दुष्प्रापा पथि मम महारामरचिते
फलैः संपूर्णा भूर्द्विपमृगसुचर्मापि वसनम् ।
सुखर्वा दुःखैर्वा सदृशपरिपाकः खलु तदा
त्रिनेत्रं कस्त्यक्त्वा धनलवमदान्धं प्रणमति ॥ १२ ॥

મોટ મોટા બાગબગીચાઓવાળા માર્ગમાં અને ભિક્ષા કંઇ દુષ્પ્રાપ્ય નથી, આખી પૃથ્વી ફળોથી સંપૂર્ણ છે અને વસ્ત્રને માટે પણ હસ્તીનું તથા મૃગનું સુંદર ચર્મ છે; આ પ્રમાણે જયારે સુખો વડે અથવા દુઃખો વડે સરખું પરિણામ આવે છે ત્યારે ત્રિનેત્ર મહાદેવનો ત્યાગ કરી, લગાર ધન મળવાથી મદાંધ થઇ ગયેલા ધનીને તે કોણ નમવા જશે? ૧૨

ધિક્કારને પાત્ર કોણ છે? शार्दूलविक्रीडितवृत्त

नो खड्गप्रविदारिताः करटिनो नोद्वेजिता वैरिण-
स्तन्वङ्ग्या विपुले निबद्धफलके न क्रीडितं लीलया।
नो जुष्टं गिरिराजनिर्झरझणज्झंकारकारं वयः
कालोऽयं परपिण्डलोलुपतया काकैरिव प्रेरितः ॥१३॥

હસ્તીઓને ખડ્ગથી ચીરી નાંખ્યા નહીં; વૈરીઓને હરાવ્યા નહીં; નાજુક અંગવાળી સ્ત્રીની સાથે વિશાળ હિંડોળા પર લીલાપૂર્વક ક્રીડા કરી નહીં તથા ગિરિરાજના ઝણકાર કરતા ઝરાઓના જેવું ઝણકારા કરતું ઉછળતું યૌવન પણ ન ભોગવ્યું; પણ કાગડાઓની પેઠે પરના આપેલા ભોજનપર આશા રાખતાં કાળ નિર્ગમન કર્યો. (આવા જીવિતને ધિક્કાર છે). ૧૩

લોભ કરવો નહિ, पृथ्वीवृत्त

परिभ्रमसि किं वृथा क्वचन चित्त विश्राम्यतां
स्वयं भवति यद्यथा भवति तत्तथा नान्यथा।
अतीतमपि न स्मरन्नपि च भाव्यसङ्कल्पय-
न्नतर्कितगमागमाननुभवस्व भोगानिह ॥१४॥

હે ચિત્ત! શું કરવા આમ વૃથા ભ્રમણ કરે છે? કોઇ પણ સ્થાને વિસામો લે. જે જેની મેળે થવાનું હોય છે

તે થયું જાય છે, તેથી ઊલટું થતુંજ નથી; માટે ગઈ વસ્તુને ન સંભારતાં અને ભાવ્ય વસ્તુનું ચિંતવન કર્યા વિના જેનું આગમન અને નિર્ગમન અતર્કિત છે એવા ભોગોનો અનુભવ કર. (અર્થાત્ યદૃચ્છાથી જે કંઇ ભોગ તને આવી મળે, તે ભોગવી સંતુષ્ટ રહે.) ૧૪

શિવપ્રસાદ–જ્ઞાનનો અધિકારી — शार्दूलविक्रीडितवृत्त

पाणिं पात्रयतां निसर्गशुचिना भैक्षेण संतुष्यतां
यत्र क्वापि निषीदतां बहुतृणं विश्वं मुहुः पश्यताम् ।
अत्यागेऽपि तनोरखण्डपरमानन्दावबोधस्पृहां
मर्त्यः कोऽपि शिवप्रसादसुलभां संपत्स्यते योगिनाम् ॥१५॥

હસ્તને પાત્ર કલ્પો, સ્વભાવ શુદ્ધ ભિક્ષાન્નથી સંતુષ્ટ થાઓ, હરકોઇ પણ સ્થાનમાં નિવાસ કરો અને આ વિશ્વને વારંવાર તૃણવત્ જુવો. કોઈક જ મનુષ્ય યોગીઓની પેઠે શરીરનો ત્યાગ કર્યા વિના પણ શિવના પ્રસાદથી સુલભ એવા અખંડ, પરમાનંદના જ્ઞાનની આકાંક્ષાને સંપાદન કરે છે. ૧૫

તાત્પર્ય–આત્મા અને શિવ એકજ રૂપ છે. વિષયોની નિવૃત્તિ થયા કેડે આત્મસ્વરૂપ જોવામાં આવે છે અને વિષયોનો રોધ કરવાનું સાધન યોગ છે. યોગીઓ યોગાભ્યાસથી સદૈહે અંતરાત્મા ચિદાનંદનાં દર્શન કરે છે; પરંતુ તે દર્શન સર્વને થવાં દુર્લભ છે, છતાં કોઇ ભાગ્યે જ શિવકૃપાથી તે અખંડ જ્ઞાન સંપાદન કરે છે; પરંતુ જ્યારે આ સંસારને તૃણવત્ જુવે છે ત્યારે તે જ્ઞાનનો અધિકારી થાય છે.

મિથ્યાભિમાનીને કપરો થાય — शार्दूलविक्रीडितवृत्त

पातालान्न विमोचितो बत बली नीतो न मृत्युः क्षयं
नो मृष्टं शशिलाञ्छनं च मलिनं नोन्मूलिता व्याधयः ।

शेषस्यापि धरां विधृत्य न कृतो भारावतारः क्षणं
चेतः सत्पुरुषाभिमानगणनां मिथ्या वहल्लज्जसे ॥१६॥

હે ચિત્ત! તેં પાતાળમાંથી બળીને છોડાવ્યો નથી, મૃત્યુનો નાશ પણ કર્યો નથી, ચંદ્રનો કાળો ડાઘ પણ તેં કઢાવ્યો નથી, વ્યાધિઓને પણ નિર્મૂળ કર્યો નથી, પૃથ્વીને ધારણ કરીને થોડીવાર સુધી પણ શેષનો ભાર ઉતાર્યો નથી, તો પણ સત્પુરુષમાં ગણાવાનું મિથ્યાભિમાન ધારણ કરતાં તને શરમ આવતી નથી? ૧૬

ધનવાનોનું અપમાન સહન કરવું નહિ. શિખરિણીવૃત્ત

फलं स्वेच्छालभ्यं प्रतिवनमखेदं क्षितिरुहां
पयः स्थाने स्थाने शिशिरमधुरं पुण्यसरिताम् ।
मृदुस्पर्शा शय्या सुललितलतापल्लवमयी
सहन्ते संतापं तदपि धनिनां द्वारि कृपणाः ॥१७॥

જો કે પ્રત્યેક વનમાં કંઇ પણ ખેદ વિના (સહજ) વૃક્ષોનાં ફળ, જ્યારે ઇચ્છા થાય ત્યારે મળે એમ છે. પુણ્ય સરિતાઓનું શીતળ અને મધુર જળ ઠામ ઠામ મળે છે, સારી રમણીય લતાપલ્લવની બનેલી કોમળ સ્પર્શવાળી શય્યા પણ છે, છતાં કૃપણ જનો પૈસાદારને બારણે સંતાપ સહન કરે છે. ૧૭

તાત્પર્ય-નિસર્ગથી ઉત્પન્ન થયેલી વસ્તુઓ વિપુલ હોવા છતાં કૃપણ પુરુષો શ્રીમાનોને બારણે ભિક્ષા માંગવા જાય છે અને અપમાન સહે છે.

નિઃસ્પૃહ જીવન અનુષ્ટુપ્‌વૃત્ત

भिक्षा कामदुघा धेनुः कन्था शीतनिवारिणी ।
अचला तु शिवे भक्तिर्विभवैः किं प्रयोजनम् ॥१८॥

કામદુધા ગાય જેવી ભિક્ષા છે, ટાઢને વારનારી કંથા છે અને શિવ ઉપર અચળ ભક્તિ છે, તો પછી વૈભવનું શું પ્રયોજન છે? ૧૮

કયા તપના ફળથી સુખ મળે છે? शार्दूलविक्रीडितवृत्त

सद्वक्त्रं मुहुरीक्षसे न धनिनां ब्रूषे न चाटुं मृषा
नैषां गर्वगिरः शृणोषि न पुनः प्रत्याशया धावसि
काले बालतृणानि खादसि सुखं निद्रासि निद्रागमे
तन्मे ब्रूहि कुरङ्ग कुत्र भवता किं नाम तप्तं तपः ॥१९॥

હે કુરંગ! તું ધનીઓનું મોં વારંવાર જોતો નથી, તેમની મિથ્યા ખુશામત કરતો નથી, તેમના અભિમાનના શબ્દો સાંભળતો નથી અને પુનઃ આશામાં ને આશામાં તું તેમના તરફ દોડતો નથી, પણ જયારે ભૂખ લાગે છે ત્યારે લીલું ઘાસ ખાય છે અને ઊંઘ આવે છે ત્યારે સુખથી ઊંઘે છે. તો તું મને કહે કે, તેં એવું કયાં અને શું તપ કર્યું કે જેનું આ ફળ તને પ્રાપ્ત થયું છે? ૧૯

સંતોષમાં સુખ છે, સંપત્તિમાં નહિ. शार्दूलविक्रीडितवृत्त

ये संतोषसुखप्रमोदमुदितास्तेषां न भिन्ना मुदो
ये त्वन्ये धनलोभसंकुलधियस्तेषां न तृष्णा हता ।
इत्थं कस्य कृते कृतः स विधिना तादृक्पदं संपदां
स्वात्मन्येव समाप्तहेममहिमा मेरुर्न मे रोचते ॥२०॥

જેઓ સંતોષસુખના આનંદથી ખુશી થાય છે, તેઓના આનંદો કોઈ દિવસ ખંડિત થતા નથી; પરંતુ બીજા કે જેઓની બુદ્ધિ ધનના લોભથી ઘેરાઈ ગયેલી છે, તેમની તૃષ્ણા કોઈ દિવસ મટતી નથી. ત્યારે સંપત્તિ (પૈસા)નું એવું મોટું સ્થાન વિધિએ કોને માટે બનાવ્યું હશે?

પોતામાં જ જેનો પોતાનો–સુવર્ણનો મહિમા સમાયલો છે તેવો મેરુ પર્વત મને તો ગમતો નથી. ૨૦

વૃદ્ધત્વનું દુઃખ — वसन्ततिलकावृत्त

वर्णं सितं शिरसि वीक्ष्य शिरोरुहाणां
स्थानं जरापरिभवस्य तदेव पुंसाम्।
आरोपितास्थिशकलं परिहृत्य यान्ति
चाण्डालकूपमिव दूरतरं तरुण्यः ॥२१॥

પુરુષોના માથાપરના વાળોનો ધોળો વર્ણ જોઇને, આ તો તેમનું જરાએ કરેલા પરાભવનું સ્થાન છે, એમ માનીને તરુણીઓ, જેના ઉપર હાડકાનો કડકો મૂકયો હોય એવા ચાણ્ડાલના કૂવાની પેઠે તેવા પુરુષોને છોડી દૂર જાય છે. ૨૧

અતૃપ્ત આશા — शिखरिणीवृत्त

समारम्भा भग्नाः कति न कतिवारांस्तव पशो !
पिपासोस्तुच्छेऽस्मिन्द्रविणमृगतृष्णार्णवजले ।
तथापि प्रत्याशा विरमति न तेऽद्यापि शतधा
न दीर्णं यच्चेतो नियतमशनिग्रावघटितम् ॥२२॥

હે પશુ! તુચ્છ એવા દ્રવ્યરૂપી મૃગતૃષ્ણારૂપ સમુદ્રનું જળ પીવાની ઇચ્છાવાળા તારા કેટલા અને કેટલીવાર સમારંભો શું ભાંગી પડયા નથી? તોપણ તારી આશા હજી સુધી પણ વિરામ પામતી નથી અને તારું હૃદય શતધા ફાટી જતું નથી, માટે તે ખરેખર વજ્રમય પત્થરમાંથી બનેલું હોય એમ જણાય છે. ૨૨

વિષયવાસનાનો હેતુ પ્રકૃતિ છે. — वसन्ततिलकावृत्त

सिंहो बली द्विरदशूकरमांसभोजी
संवत्सरेण रतिमेति किलैकवारम्

पारावतः खरशिलाकणमात्रभोजी
कामी भवत्यनुदिनं वद कोऽत्र हेतुः ॥२३॥

હાથી અને ડુક્કરના માંસનું ભોજન કરનારો બળવાન સિંહ વર્ષમાં એક વાર રતિ કરે છે ને કબુતર કઠણ એવા પત્થરના કણને ખાનારો છતાં દરરોજ કામી થાય છે. એનું શું કારણ? ૨૩

ભાવાર્થ–કામેચ્છા થવામાં ભોજન કારણ નથી, પરંતુ પ્રકૃતિ જ કારણ છે. કબુતરની પ્રકૃતિ કામવાસનાથી ભરપૂર હોવાથી તે પત્થરના કણો ખાય છે, છતાં તેને કામવાસના અત્યંત થયા કરે છે, અને સિંહ માંસનું ભોજન કરનારો છે તથાપિ તેની પ્રકૃતિ ઉચ્ચ ભાવનાવાળી હોવાથી તેને કામવાસના ઘણી જ ઓછી હોય છે. નૈતિક સિદ્ધાંત એ છે કે, ઉદાર મોટા પુરુષો કદી પણ વિષયવાસનાના ગુલામ થતા નથી.

ભગવાન શંકરનું નિવાસસ્થાન શાર્દૂલવિક્રીडितवृत्त

चूडोत्तंसितचारुचन्द्रकलिकाचञ्चच्छिखाभास्वरो
लीलादग्धविलोलकामशलभः श्रेयोदशाग्रे स्फुरन् ।
अन्तःस्फूर्जदपारमोहतिमिरप्राग्भारमुच्चाटयं-
श्चेतःसद्मनि योगिनां विजयते ज्ञानप्रदीपो हरः ॥२४॥

કેશપાશમાં આભૂષણ તરીકે ધારણ કરેલી ચંદ્રમાની સુંદર કળાની પ્રકાશમાન શિખા (કિરણસમુદાય) થી પ્રકાશમાન થનારા, જેમણે ગમ્મતમાં ચંચળ એવા કામરૂપી પતંગને બાળી નાખ્યો છે એવા કલ્યાણરૂપી દીવાની વાટના અગ્રભાગમાં સ્ફુરણ પામનારા તથા અંતઃકરણમાં ફેલાયલા અપાર મોહરૂપી અંધારાના સમુદાયનો નાશ કરનારા એવાઃ–જ્ઞાન પ્રદીપરૂપી હર-શંકર યોગીઓના

ચિત્તરૂપી મંદિરમાં વિજય કરે છે અર્થાત્ યોગીઓના ચિત્તમાં નિવાસ કરે છે. ૨૪

કલ્યાણનો માર્ગ — शार्दूलविक्रीडितवृत्त

भिक्षाहारमदैन्यमप्रतिसुखं भीतिच्छिदं सर्वदा
दुर्मात्सर्यमदाभिमानमथनं दुःखौघविध्वंसनम् ।
सर्वत्रान्वहमप्रयत्नसुलभं साधुप्रियं पावनं
शम्भोःसत्रमवार्यमक्षयनिधिं शंसन्ति योगीश्वराः ॥२५॥

શિવમાર્ગ કોઈથી પણ અટકાવી શકાય નહિ તેવો મોક્ષનો અક્ષય નિધિ છે, એમ યોગીશ્વરો કહે છે. કારણ કે આ માર્ગમાં ભિક્ષાન્નનો આહાર કરવાનો છે, આ માર્ગ દીનતાથી રહિત છે, અનુપમ સુખ આપનારો છે, સર્વદા ભયનો નાશ કરનારો છે, દુષ્ટ એવા માત્સર્ય, મદ, અને અભિમાનનો નાશ કરનાર છે, દુઃખોના પ્રવાહનો નાશ કરનારો છે, સર્વ ઠેકાણે દરરોજ પ્રયત્ન વિના સુલભ છે, મહાત્માઓને પ્રિય છે, અને પાવન(પવિત્ર) કરનારો છે. ૨૫

લોકાનુગ્રહ કરો. — शार्दूलविक्रीडितवृत्त

भोगास्तुङ्गतरङ्गभङ्गचपलाः प्राणाः क्षणध्वंसिनः
स्तोकान्येव दिनानि यौवनसुखं प्रीतिः प्रियेष्वस्थिरा ।
तत्संसारमसारमेव निखिलं बुद्ध्वा बुधा बोधका
लोकानुग्रहपेशलेन मनसा यत्नः समाधीयताम् ॥२६॥

હે વિદ્વાન્ ઉપદેશકો! વિષયોના ભોગો ઊંચા ઉછળતા પાણીના તરંગોની પેઠે નાશવંત છે. પ્રાણો ક્ષણમાં નાશ પામનારા છે. જુવાનીનું સુખ થોડા દિવસો જ રહે છે. પ્રિયજનોના ઉપર પ્રીતિ અસ્થિર છે. માટે આખા સંસારને અસાર જ જાણીને લોકોપર અનુગ્રહ કરવામાં કુશળ એવા મનવડે યત્ન (પરિશ્રમ) કરો. ૨૬

અલૌકિક ભોગ — શાર્દૂલવિક્રીડિતવૃત્ત

ब्रह्मेन्द्रादिमरुद्गणांस्तृणकणान्यत्र स्थितो मन्यते
यत्स्वादाद्विरसा भवन्ति विभवास्त्रैलोक्यराज्यादयः ।
भोगः कोऽपि स एक एव परमो नित्योदितो जृम्भते
भो साधो क्षणभङ्गुरे तदितरे भोगे रतिं मा कृथाः ॥२७॥

અનિર્વચનીય અને નિત્ય પ્રકાશનારો એવો એક જ ઉત્તમ ભોગ પ્રકાશી રહેલો છે, કે જે ભોગમાં સ્થિતિ કરનારો પુરુષ, બ્રહ્મા ઈંદ્ર આદિ દેવતાઓને તણખલા સમાન માને છે, અને જે ભોગનો આસ્વાદ કરવાથી ત્રણ લોકના રાજ્ય આદિ વૈભવો રસ વિનાના થઇ પડે છે. હે સત્પુરુષ! અલૌકિક ભોગથી બીજા ક્ષણભંગુર ભોગ ઉપર પ્રીતિ કર મા. ૨૭

કાળને નમસ્કાર — શાર્દૂલવિક્રીડિતવૃત્ત

सा रम्या नगरी महान्स नृपतिः सामन्तचक्रं च तत्
पार्श्वे तस्य च सा विदग्धपरिषत्ताश्चन्द्रबिम्बाननाः ।
उत्सिक्तः स च राजपुत्रनिवहस्ते बन्दिनस्ताः कथाः
सर्वं यस्य वशादगात्स्मृतिपथं कालाय तस्मै नमः ॥२८॥

તે રમણીય નગરી, તે મહારાજા, તે માંડલિક રાજાઓનો સમુદાય, તે રાજાની પાસે બેસનારી વિદ્વાનોની સભા, તે ચંદ્રબિંબમુખી સ્ત્રીઓ, રાજાના ગર્વિષ્ઠ કુમારોનો તે સમુદાય, તે બંદીજનો અને રાજાની તે કથાઓ, તે સર્વ જેને લીધે સંભારણા માત્ર થઇ પડયું છે, તે કાળને નમસ્કાર કરીએ છીએ. ૨૮.

ધનરૂપી મદિરા — मालिनीवृत्त

फलमलमशनाय स्वादु पानाय तोयं
शयनमवनिपृष्ठं वल्कले वाससी च ।

नवधनमधुपानभ्रान्तसर्वेन्द्रियाणा-
मविनयमनुमन्तुं नोत्सहे दुर्जनानाम् ॥२९॥

ભોજનને માટે પેટ પૂરતાં ફળો છે, પીવાને માટે સ્વાદિષ્ટ જળ છે, સૂવાને માટે પૃથ્વીની પીઠરૂપી બીછાનુ છે, અને પહેરવાને માટે વલ્કલ વસ્ત્રો છે, માટે નવીન એવા ધનરૂપી મદિરાનું પાન કરવાથી જેઓની સર્વ ઈંદ્રિયો ભમી ગયેલી છે, એવા દુર્જનોનો અવિનય સહન કરવાની હું ઇચ્છા રાખતો નથી. ૨૯

સંતોષ — अनुष्टुब्वृत्त

अशीमहि वयं भिक्षामाशावासो वसीमहि ।
शयीमहि महीपृष्ठे कुर्वीमहि किमीश्वरैः ॥३०॥

અમે ભિક્ષાનું ભોજન કરીએ છીએ, દિશારૂપી વસ્ત્રો પહેરીએ છીએ અને પૃથ્વી ઉપર શયન કરીએ છીએ, માટે અમારે રાજાઓનું શું કામ છે? ૩૦

સમદષ્ટિ પુરૂષની ઇચ્છા — शिखरीणीवृत्त

अहौ वा हारे वा बलवति रिपौ वा सुहृदि वा
मणौ वा लोष्टे वा कुसुमशयने वा दृषदि वा ।
तृणे वा स्त्रैणे वा मम समदृशो यान्तु दिवसाः
क्वचित्पुण्यारण्ये शिव शिव शिवेति प्रलपतः ॥३१॥

સર્પના વિશે અથવા તો હારને વિશે, બળવાન શત્રુના ઉપર અથવા તો સ્નેહીના ઉપર, મણિના ઉપર અથવા તો માટીના ઢેફા ઉપર, પુષ્પોની શય્યા ઉપર અથવા તો પત્થરની શિલા ઉપર, તૃણ ઉપર અથવા તો સ્ત્રીઓના સમુદાય ઉપર મારી સમદૃષ્ટિ થાય અને કોઇ એક પવિત્ર અરણ્યને વિશે શિવ, શિવ, શિવ એમ શિવના નામોને રટતાં મારા દિવસો જાય, એવી ઇચ્છા રાખું છું. ૩૧

પામર મનુષ્યને ઉપદેશ.

शिखरिणीवृत्त

अनावर्ती कालो व्रजति स वृथा तन्न गणितं
दशास्तास्ताः सोढा व्यसनशतसंपातविधुराः ।
कियद्वा वक्ष्यामः किमिव बत नात्मन्यपकृतं
त्वया यावत्तावत्पुनरपि तदेव व्यवसितम् ॥३२॥

પાછો ન આવે એવો કાળ વૃથા ચાલ્યો ગયો, તેની પણ તેં ગણના કરી નહિ. સેંકડો દુઃખોના આવવાથી દુઃખદાયક એવી જુદી જુદી અનેક દશાઓ પણ તેં સહન કરી. તને કેટલું કહીએ? તેં તારૂં પોતાનું જરા પણ ભલું કર્યું નહિ; પરંતુ ફરીથી પણ તું તે જ કાર્યનો આરંભ કરી રહ્યો છે. ૩૨

દુર્જનોનું દાન મालिनीवृत्त

ददतु ददतु गालीर्गालिमन्तो भवन्तो
वयमपि तदभावाद्गालिदानेऽसमर्थाः ।
जगति विदितमेतद्दीयते विद्यमानं
न हि शशकविषाणं कोऽपि कस्मै ददाति ॥३३॥

ભલે તમે ગાળો દો, કારણ કે તમારી પાસે ગાળો છે. પરંતુ અમારી પાસે ગાળો ન હોવાથી અમે ગાળોનું દાન દેવાને અસમર્થ છીએ. જેની પાસે જે હોય તેનું તે દાન કરે છે, આ વાત જગતમાં જાણીતી છે. કોઈ પણ મનુષ્ય સસલાનું શીંગડું કોઈને દાનમાં આપી શકશે નહિ. ૩૩

જે મળ્યું તેમાં સંતોષ स्रग्धरावृत्त

भक्ष्यं भक्तं ततः किं कदशनमथवा वासरान्ते ततः किं
कौपीनं वा ततः किं किमथ सितमहद्वाम्बरं वा ततः किम् ।
एका भार्या ततः किं शतगुणगुणिता कोटिरेका ततः किं
त्वेको भ्रान्तस्ततः किं करितुरगशतैर्वेष्टितो वा ततः किम् ३४

પ્રભાતમાં ખટરસવાળું ભોજન મળ્યું તેથી પણ શું અને છેક સાયંકાળે ખરાબ ભોજન મળ્યું, તો તેથી પણ શું? એક કોપીન મળી તો તેથી પણ શું અને શ્વેતરંગનું મોટું વસ્ત્ર મળ્યું તો તેથી પણ શું? એક ભાર્યા હોય તો પણ શું અને સોગણી એક કરોડ ભાર્યા હોય તો પણ શું? એકલા ભટકવું પડે તો પણ શું અને સેંકડો હાથીઓ અને ઘોડાઓથી વીંટાઈને ભટકવું પડે તો પણ શું? ૩૪

રાજા અને સંન્યાસી — मन्दाक्रान्तावृत्त

भूः पर्यङ्को निजभुजलता कन्दुकं खं वितानं
दीपश्चन्द्रो विरतिर्वनितालब्धसङ्गप्रमोदः ।
दिक्कान्ताभिः पवनचमरैर्वीज्यमानः समन्ता-
द्भिक्षुः शेते नृप इव भुवि त्यक्तसर्वस्पृहोऽपि ॥३५॥

સર્વે ઇચ્છાઓનો ત્યાગ કરેલો ભિક્ષુક (સંન્યાસી) પણ રાજાની પેઠે પૃથ્વી ઉપર શયન કરે છે. પૃથ્વી તેનો પલંગ છે, પોતાની ભુજાઓ તેનું ઓશીકું છે, આકાશ તેનો ચંદ્રવો છે, ચંદ્રમા તેનો દીવો છે, વૈરાગ્યરૂપી વનિતાના સંગનો આનંદ તેણે મેળવેલો છે અને દિશારૂપી સ્ત્રીઓ પવનરૂપી ચામરોવડે ચોતરફથી તેને પવન ઢોળે છે. ૩૫

વૈરાગીએ સ્ત્રીઓથી દૂર રહેવું — वसन्ततिलकावृत्त

संमोहयन्ति मदयन्ति विडम्बयन्ति
निर्भर्त्सयन्ति रमयन्ति विषादयन्ति ।
एताः प्रविश्य सदयं हृदयं नराणां
किं नाम वामनयना न समाचरन्ति ॥३६॥

સુંદર નેત્રવાળી સ્ત્રીઓ મનુષ્યોના દયાવાળા હૃદયમાં પ્રવેશ કરીને તેઓને મોહિત કરે છે, મદમત્ત કરે છે,

ઉપહાસને પાત્ર બનાવે છે, તિરસ્કાર કરે છે, રમાડે છે અને ખેદ કરાવે છે. આ સ્ત્રીઓ શું નથી કરતી વારુ? ૩૬

વનવાસીનું જીવન (માનસિક શાંતિ) शिखरिणीवृत्त

स्थितिः पुण्येऽरण्ये सह परिचयो हन्त हरिणैः
फलैर्मेध्या वृत्तिः प्रतिनदि च तल्पानि दृषदः।
इतीयं सामग्री भवति हरिभक्तिं स्पृहयतां
वनं वा गेहं वा सदृशमुपशान्त्यैव मनसाम् ॥३७॥

પવિત્ર અરણ્યમાં નિવાસ, હરિણોની સાથે પરિચય, ફળોથી પવિત્ર આજીવિકા અને પ્રત્યેક નદી ઉપરની શયનરૂપ શિલાઓ, આ રીતે શ્રી હરિની ભક્તિની ઇચ્છા કરનારા પુરુષોની સામગ્રી હોય છે, પરંતુ જેઓનું મન સર્વથા શાંત થયું છે, તેઓને તો વન અથવા તો ઘર સરખાં જ છે. ૩૭

શ્રુતિના ઉપદેશથી તૃપ્તિ शार्दूलविक्रीडितवृत्त

स्वादिष्ठं मधुनो घृताच्च रसवद्यत्प्रस्रवत्यक्षरं
दैवी वागमृतात्मनो रसवतस्तेनैव तृप्ता वयम्।
कुक्षौ यावदिमे भवन्ति धृतये भिक्षाहृताः सक्तव-
स्तावद्दास्यकृतार्जनैर्न हि धनैर्वृत्तिं समीहामहे ॥३८॥

દૈવીવાણી—વેદવાણી અમૃતરૂપ અને રસવાળા એવા મધના કરતાં પણ સ્વાદિષ્ઠ અને ઘીના કરતાં પણ રસવાળા અક્ષર બ્રહ્મને પ્રસવે છે (ઉપદેશે છે). તેનાથી જ અમે તૃપ્ત થયા છીએ અને ભિક્ષા માગીને આણેલા આ સાથવાઓ જ્યાં સુધી અમારા પેટમાં પડીને અમારા શરીરનું રક્ષણ કરે છે ત્યાં સુધી અમે દાસ્ય કરીને મેળવેલાં ધનોથી આજીવિકા કરવાની ઇચ્છા કરતા નથી. ૩૮

સમાપ્ત

"ગુજરાતી" પ્રિ. પ્રેસનો

ભર્તૃહરિકૃત શતકચતુષ્ટયસંગ્રહ

મૂળ સહિત શુદ્ધ સરળ ગુજરાતી ભાષાંતર

કિં. રૂ. ૩-૦-૦   રજી. ટ. ખ. રૂ. ૦-૧૪-૦

ભર્તૃહરિકૃત

નીતિશતક બાર આના

શૃંગારશતક બાર આના

વૈરાગ્યશતક બાર આના

વિજ્ઞાનશતક બાર આના

દરેક માટે ૧૪ આનાની ટપાલની ટીકીટ મોકલી મંગાવો.

વિદુરનીતિ	...	... ૮ આના
યક્ષપ્રશ્નોત્તર	...	... ૮ આના
ભગવદ્ગીતા	...	... ૧ રૂા.
પંચરત્નગીતા	...	... ૨ રૂા.

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ

૩૦૮, બજારગેટ સ્ટ્રીટ, રીઝર્વ બેંકની પાછળ

એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ, મુંબઇ ૧.